'શ્રીયમુનાષ્ટકમ્'નું રસપાન



પ્રા. રમેશભાઈ વિ. પરીખ

॥ શ્રીવલ્લભાધીશો વિજયતે ॥
॥ શ્રીયમુનાયૈ નમઃ ॥

શ્રીયમુનાષ્ટકમ્‌નું રસપાન

• લેખક •
પ્રા. રમેશભાઈ વિ. પરીખ

• પ્રકાશક •
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : +૯૧ ૭૭૭૭ ૯૧૬ ૯૪૦
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Śrīyamunāṣṭakam num Raspān
by Prof. Rameshbhai V. Parikh

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : +૯૧ ૭૭૭૭ ૯૧૬ ૯૪૦
  Email : shpct@hotmail.com
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪

પ્રથમ આવૃત્તિ : સં.૨૦૪૬, ઈ.સ. ૧૯૮૯ (પ્રત : ૮૦૦૦)
બીજી આવૃત્તિ : સં.૨૦૬૧, ઈ.સ. ૨૦૦૪ (પ્રત : ૨૦૦૦)
ત્રીજી આવૃત્તિ : સં.૨૦૭૫, ઈ.સ. ૨૦૧૯ (પ્રત : ૧૦૦૦)

પુસ્તક પ્રકાશન સહાય : રૂા.૯૦/-

અનુક્રમણિકા

સ્વામિનીવલ્લભં દ્વારકેશં ભજે

શ્રીશ્યામસુંદરી યમુનાજી અને

શ્રીશ્યામસુંદરયમુનાવલ્લભ

શ્રી દ્વારકાધીશજી!

આપ શ્રીયુગલસ્વરૂપોની કૃપાવૃષ્ટિનો

સતત રસાનુભવ થાય છે.

વાક્પતિ, પ્રાણવલ્લભ શ્રીમહાપ્રભુજી

અને

આપના અલૌકિક પરિવારની આ

વાક્પ્રસાદી તેમની અને આપની કૃપાથી

મને પ્રાપ્ત થઈ છે ત્યારે

આપના આ ગુણાનુવાદ

આપનાં યુગલ ચરણકમળોમાં

સદૈન્ય સમર્પિત કરું છું.

દાસાનુદાસ

રમેશનાં સદૈન્ય સાષ્ટાંગ દંડવત્પ્રણામ

સ્વામિનીવલ્લભં દ્વારકેશં ભજે

શ્રીશ્યામસુંદરી યમુનાજી અને

શ્રીશ્યામસુંદરયમુનાવલ્લભ

શ્રી દ્વારકાધીશજી!

આપ શ્રીયુગલસ્વરૂપોની કૃપાવૃષ્ટિનો

સતત રસાનુભવ થાય છે.

વાક્‌પતિ, પ્રાણવલ્લભ શ્રીમહાપ્રભુજી

અને

આપના અલૌકિક પરિવારની આ

વાક્‌પ્રસાદી તેમની અને આપની કૃપાથી

મને પ્રાપ્ત થઈ છે ત્યારે

આપના આ ગુણાનુવાદ

આપનાં યુગલ ચરણકમળોમાં

સદૈન્ય સમર્પિત કરું છું.

દાસાનુદાસ

રમેશનાં સદૈન્ય સાષ્ટાંગ દંડવત્‌પ્રણામ

પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

પાર નહિં પાવત તાહિ પાઓ

શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવની કૃપાથી અને આશીર્વાદથી ''વૈષ્ણવ-પરિવાર''નું પુનઃ પ્રકાશન ૧૯૮૭ના એપ્રિલથી આરંભાયું, ત્યારથી એક મનોરથ હતો કે તેના વાચક વૈષ્ણવને બાર મહિને લગભગ ૫૦૦ પાનાની વાચનસામગ્રીની સાથે એક ભેટ પુસ્તક પણ આપવું. ૧૯૮૭-૮૮ના વર્ષમાં શ્રીકૃષ્ણાર્પણ ટ્રસ્ટ અને શ્રીવિઠ્ઠલભાઈ ઝવેરીના સૌજન્યપૂર્ણ સહકારથી પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજની પ્રશ્નોત્તરીનું પુસ્તક 'અમૃતનું આચમન' ભેટ અપાયું. બીજા વર્ષે ૧૯૮૮-૮૯માં વાડાશિનોરના વતની અને મુંબઈમાં સ્થિરવાસ કરનાર શ્રીમધુબહેન નવનીતલાલ ઓચ્છવલાલ મોદી (ચૌધરી)ના પરિવારના મનોરથથી સેવાના સિદ્ધાંત અને રીતની વિસ્તૃત સમય આપતું પુસ્તક 'ભજનીયો વ્રજાધિપઃ' ભેટ અપાયું જેનો સમાદર પૂજ્ય ગોસ્વામી આચાર્યચરણોએ અને વૈષ્ણવોએ અતિ પ્રસન્નતાથી કર્યો. ૧૯૮૯-૯૦ના ત્રીજા વર્ષ માટે ભેટ પુસ્તક આપવાનો મનોરથ વાડાસિનોરનિવાસી અને મુંબઈમાં સ્થિરવાસ કરનાર શ્રી રમેશભાઈ મોહનલાલ દેસાઈ અને તેમના પરિવારે કર્યો. તેના ફળસ્વરૂપે **'શ્રીયમુનાષ્ટકમ્'નું રસપાન** પુસ્તક આજે લખાઈને પરિપૂર્ણ થયું. જે આગામી શ્રીગોકુલનાથજીના પ્રાકટ્ય મહોત્સવે પ્રકાશિત થશે.

આ પુસ્તક માટે વૈષ્ણવોની ઘણી માગ હતી. વૈષ્ણવો કહેતા. અમારા રોજના સત્સંગમાં સામાન્યતઃ ત્રણ ગ્રંથો છે : (૧) શિક્ષાપત્ર (૨) વાર્તાસાહિત્ય (૩) ષોડશ ગ્રંથો. તમે શિક્ષાપત્ર અને વાર્તા-સાહિત્ય વ્રજભાષામાં હોવાથી, મૂળ ગ્રંથો થોડા ય સમજાય છે. પણ 'ષોડશ ગ્રંથો' અને તેની ટીકાઓ સંસ્કૃતમાં હોવાથી એમાં અમારી ચાંચ ડૂબતી નથી. તેના જે ગુજરાતી અનુવાદો છે. તે પૂરા સમજાતા નથી.

બીજી બાજુ 'શિક્ષાપત્ર'માં શ્રીહરિરાયજીની આજ્ઞા છે કે ''માર્ગનિષ્ઠા માટે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો અભ્યાસ અતિ આવશ્યક છે.''

દરમ્યાન, 'ષોડશગ્રંથો' પૈકીના પ્રથમ ગ્રંથ ''શ્રીયમુનાષ્ટકમ્''ની શિક્ષણશિબિર પૂજ્ય ગોસ્વામી શ્રી ઈન્દિરા બેટીજીએ શ્રી વૈષ્ણવ મહિલા મંડળ,

અમદાવાદ દ્વારા શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલામાં ત્રણ દિવસ માટે યોજી, જેમાં મને અધ્યાપનનો લાભ મળ્યો, ત્યાર બાદ મુંબઈમાં બે ટુકડે જિજ્ઞાસુ વૈષ્ણવ ભાઈ-બહેનોના આગ્રહથી તેમને "શ્રીયમુનાષ્ટકમ્" શીખવવાનો લાભ મળ્યો. ત્રીજી વખત પૂજ્ય ગોસ્વામી શ્રીઈન્દિરા બેટીજીએ શ્રી વૈષ્ણવ મહિલા મંડળ, વડોદરા અને શ્રી અનુગ્રહ ટ્રસ્ટ, વડોદરાના સંયુક્ત ઉપક્રમે શ્રીમહાપ્રભુજીની બેઠક, ડાભા (તા. જંબુસર)માં "શ્રી યમુનાષ્ટકમ્"ની બીજી શિક્ષણ શિબિર યોજી. ત્યાં પણ શ્રીમહાપ્રભુજીના સાન્નિધ્યમાં મને અધ્યાપનનો લાભ મળ્યો.

આ ત્રણ અનુભવોથી લાગ્યું કે આ પ્રકારે સર્વ ષોડશગ્રંથો શીખવાય, તો વૈષ્ણવોને સ્વસિદ્ધાંતની સાચી સમજ આવે. જે વૈષ્ણવો આ શિબિરોનો લાભ ન લઈ શક્યા, તેમની માંગણી રહી કે અમને આ ગ્રંથ સરળ ગુજરાતીમાં આપો, મારા સ્વલ્પ સ્વાધ્યાયને ગ્રંથસ્થ કરી, શ્રીયુગલકિશોરનાં ગુણગાન ગાવાની તક મળી. તે દ્વારા શ્રીમહાપ્રભુજીની દિવ્ય રસાત્મિકા વાણીનું સેવન-પાન કરવાનો લાભ પણ મળ્યો. વિચાર આવ્યો કે, "વૈષ્ણવ પરિવાર"ના સૌ ગ્રાહક વૈષ્ણવોને આ પુસ્તક ભેટ અપાય તો? મનોરથી કોણ મળશે તેની ખબર ન હતી. ગ્રાહક સંખ્યા સાત હજારે પહોંચે તેવો સંભવ હતો; છતાં શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખી, "વૈષ્ણવ પરિવાર"માં છાપી દીધું કે આ પુસ્તક ભેટ આપવામાં આવશે. ભક્તમનોરથપૂરક શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજીએ તેમના કૃપાપાત્ર વૈષ્ણવ શ્રી રમેશભાઈ દેસાઈના અંતઃકરણમાં પ્રેરણા કરી. તેઓ અને તેમનાં પત્ની મને મળવા આવ્યાં. અર્ધી મિનિટની જ વાતમાં તેમણે આ પુસ્તકના મનોરથી બનવાનું સ્વીકાર્યું. પરિણામે આજે શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવોના મનોરથ સ્વરૂપે આ પુસ્તક પ્રકાશિત થાય છે.

ચતુર્થ શિક્ષાપત્ર સપ્તાહ માટે વડોદરા જવાનું થયું. ત્યાંના મુકામ દરમ્યાન શ્રીમહાપ્રભુજીની પ્રેરણા થતાં શ્રીમહાપ્રભુજીના ૫૧૧મા પ્રાકટ્યમહોત્સવના મંગલ દિને વડોદરાના 'શ્રીયમુનાવિહાર'માં આ પુસ્તકના લેખનનો પ્રારંભ થયો, દોઢ માસના સમયગાળામાં, ઉનાળાની રજાઓ હોવાથી આ પુસ્તક પરિપૂર્ણ થયું. એનાં અંતિમ પૃષ્ઠો અહીં 'વ્રજરજ'માં આજે સ્નાનયાત્રાના મંગલ દિને - શ્રીયમુનાજીના ઉત્સવના શુભ દિને - જ પરિપૂર્ણ થાય છે.

આ પુસ્તક લખાતું હતું તે દરમ્યાન મારે મારા જ્યેષ્ઠ પુત્રને ત્યાં વાલિયા (જિ. ભરુચ) જવાનું થયું. પૂજ્ય ગોસ્વામી શ્રીઈન્દિરા બેટીજીએ 'શ્રીયમુનાષ્ટકમ્' પર અમદાવાદમાં શ્રીનારાયણપુરા વૈષ્ણવ સમાજના ઉપક્રમે કથા-સપ્તાહ કરેલી, તેની કેસેટો આપશ્રીએ મને આપી. તે વાલિયામાં સાંભળતાં, તેની પ્રથમ કેસેટમાં

આપે શ્રીયમુનાજીનું સ્વરૂપ સુંદર રીતે સમજાવેલું. તે હૃદયને ખૂબ પ્રસન્ન કરી ગયું. આથી આપશ્રીની આજ્ઞાથી આપશ્રીનું એ નિરૂપણ કેસેટ પરથી લિપિબદ્ધ કરી. આ ગ્રંથના આમુખ તરીકે પ્રકાશિત કર્યું છે. તે માટે હું આપશ્રીનો અત્યંત ઋણી છું. આ ગ્રંથના મનોરથી શ્રી રમેશભાઈ મોહનલાલ દેસાઈ અને તેમના પરિવારનો પણ અત્યંત હાર્દિક આભાર માનું છું, જેમણે આ ગ્રંથ વૈષ્ણવોને ભેટ આપવાનો ઉત્તમ મનોરથ કર્યો છે.

આ ગ્રંથનું લેખન થયું તે દરમ્યાન, તબિયત સારા પ્રમાણમાં નાદુરસ્ત હતી. પ્રવાસ આદિ પર ડૉક્ટરોએ પ્રતિબંધ ફરમાવેલો. પરિણામે ઘરમાં બેઠાં બેઠાં આ પુસ્તક લખાયું. જમણા હાથના પંજા અને કાંડામાં સારો એવો દુખાવો થાય, છતાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી એ હાથે પણ સાથ આપ્યો. વધુ સાથ મળ્યો મારાં પત્ની અ.સૌ. વસંતલતાનો અને નાના પુત્ર ચિ. અમિતનો. તેમણે પુસ્તકના લહિયા બનવાથી લઈને, અનેક રીતે આ પુસ્તક પરિપૂર્ણ કરવામાં આત્મીયતાપૂર્ણ સહયોગ આપ્યો છે. તે સ્વજનોના સ્નેહનો પ્રેમપૂર્વક સ્વીકાર કરી. તેમને ધન્યવાદ આપું છું.

પુસ્તક માટે આવશ્યક કાગળો કિફાયત ભાવે મેળવી આપવામાં શ્રી સુનિલભાઈ પરીખ, કલ્યાણ પેપર માર્ટ (અમદાવાદ)વાળા શ્રી રમેશભાઈ પરીખ અને પ્રા. રાજનભાઈ કડિયાનો પણ આભારી છું.

પુસ્તકના પ્રુફરીડિંગથી લઈ, સુંદર બ્લોક બનાવવાથી માંડી, સુચારુ મુદ્રણ અને ગેટ-અપ સુધીની સર્વ જવાબદારી મિત્રભાવે વહન કરનાર મારા મિત્ર પ્રા. રાજનભાઈ કડિયા અને (ભાગ્યમુદ્રા પ્રિન્ટિંગ યુનિટ)ના યુવાન સંચાલક શ્રી દિલીપભાઈ કડિયાનો પણ હું આભારી છું.

આ પુસ્તકના પ્રકાશન માટે દોડાદોડી કરનાર, મારા સહકાર્યકર શ્રી વિજયભાઈ દેસાઈ (મુંબઈ)ના આભાર માનીશ, તો તેમને નહિ જ ગમે; છતાં તેમના પ્રત્યે મારી પ્રસન્નતા વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી.

અંતમાં, સૌ નાના-મોટા સહયોગીઓનું ઋણ સ્વીકારું છું.

રમેશ પરીખના
સદૈન્ય ભગવત્સ્મરણ

સ્નાન યાત્રા
જેઠ સુદ પૂનમ, સં. ૨૦૪૫
તા. ૧૮-૬-૧૯૮૯
'વ્રજરજ', મહેસાણા

॥ શ્રી યમુનાયૈ નમઃ ॥

બીજી આવૃત્તિ ટાણે

'શ્રીયમુનાષ્ટકમ્'નું રસપાન પુસ્તક પૂ. ગો. ૧૦૮ શ્રી ઇંદિરાબેટીજી મહોદયા દ્વારા આયોજિત શ્રીયમુનાષ્ટકમ્ સ્તોત્રની શિક્ષણ શિબિરોના શિક્ષણકાર્ય દરમ્યાન મળેલી પ્રેરણાથી અને આપશ્રીની કૃપાથી, એ શિબિરોનો લાભ ન લઈ શકનાર વૈષ્ણવોના લાભાર્થે શ્રી રમેશભાઈ દ્વારા લખાયું. આજથી ૧૫ વર્ષ પહેલાં ઈ.સ. ૧૯૮૯માં 'વૈષ્ણવ પરિવાર'ના સર્વ ગ્રાહકોને ભેટપુસ્તક તરીકે અપાયું. તે સમયે આ પુસ્તક વૈષ્ણવોનો ઘણો આદર પામ્યું.

આ પુસ્તકમાં શ્રીમહાપ્રભુજી વિરચિત ષોડશગ્રંથો અંતર્ગત પ્રથમ ગ્રંથ 'શ્રીયમુનાષ્ટકમ્'ને, તેના ઉપરની સર્વ ટીકાઓના અનુસંધાન સહિત, સરળ ભાષામાં સમજાવવામાં આવ્યો છે, તેમજ પૂ. ગો. શ્રી ઇંદિરાબેટીજી મહોદયાનો શ્રીયમુનાજીના સ્વરૂપને સમજાવવાનો સુંદર લેખ આપશ્રીની આજ્ઞાથી આમુખ તરીકે પ્રકાશિત થયો છે. ઉપરાંત પરિશિષ્ટમાં શ્રીયમુનાજી વિષયક અનેક સ્તોત્રો, નામાવલિ વગેરે પણ અપાયાં છે. પરિણામે વૈષ્ણવોને આ પુસ્તક શ્રીયમુનાષ્ટકમ્‌ને સમજવા માટે ઘણું ઉપયોગી બન્યું.

જે વૈષ્ણવો તે સમયે 'વૈષ્ણવ પરિવાર'ના મેમ્બર ન હતા, તેમના તરફથી પણ આ પુસ્તકની પ્રાપ્તિ માટે આગ્રહ રહ્યો અને પરિણામે થોડા સમયમાં જ ગ્રંથની સર્વ નકલો અપ્રાપ્ય બની. તેને પ્રાપ્ય બનાવવા વૈષ્ણવો તરફથી આગ્રહ થતો રહ્યો, પરંતુ કેટલીક પ્રતિકૂળતાઓને લઈને ગ્રંથનું પુનઃ પ્રકાશન શક્ય બની શક્યું નહિ.

આજે હવે પૂ. ગો. ૧૦૮ શ્રી ઇંદિરાબેટીજી મહોદયાની કૃપા અને આજ્ઞાથી આ ગ્રંથનું પુનઃપ્રકાશન શક્ય બન્યું છે. ઈ. સ. ૨૦૦૫ના જાન્યુઆરી માસની બીજી તારીખથી આપશ્રીની 'શ્રીયમુનાષ્ટકમ્' ગ્રંથ ઉપર શિક્ષણ શિબિરનું આયોજન થયું છે. વડોદરામાં વ્રજધામ ખાતે આયોજિત આ શિબિરના લાભાર્થીઓ માટે આ પુસ્તકની જરૂર છે, એવી આપશ્રીની આજ્ઞા થતાં તાત્કાલિક તેની બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે. વળી આ આવૃત્તિ 'શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિ ગ્રંથમાળા'ના ચતુર્થ પુષ્પ તરીકે પ્રકાશિત થઈ રહી છે, તે પણ આનંદની વાત છે.

શ્રી હરસાનીજી પ. ચે. ટ્રસ્ટ તરફથી પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિ 'નહિ નફો નહિ નુકસાન'ના ધોરણે થઈ રહી છે. શ્રી રમેશભાઈ લિખિત સર્વ અપ્રાપ્ય પુસ્તકો પ્રકાશિત કરી વૈષ્ણવો સુધી પહોંચાડવા માટે 'સ્મૃતિ ગ્રંથમાળા' યોજના શરૂ કરી છે. આ યોજનામાં મનોરથી બનનાર સર્વ વૈષ્ણવોનો ઋણસ્વીકાર કરી, તેમના પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરી વિરમું છું.

મહેસાણા, તા. ૨૬-૧૨-૦૪ **- વસંતબેન પરીખ**

શ્રીયમુના ભાવવંદના

- ગો. શ્રી ઈન્દિરાબેટીજી

જગતમાં જનક અને જનની બે સ્મરણીય અને સેવનીય છે. જનક શ્રીનાથજીબાવા અને જનની, મા શ્રીયમુના-આ બંને આપણું જીવન છે, આપણું ધન છે, આપણા પ્રાણ છે, આપણું સર્વસ્વ છે.

માનવજીવન કૃતાર્થ બને છે સ્મરણ અને સેવનથી. શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની' નામનો ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથમાં બે વાત કહી. "સેવાયામ્ વા કથાયામ્ વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્." "યાવજ્જીવમ્ તસ્ય નાશોઃ ન ક્વાપિ ઈતિ મતિર્મમ." જેની સેવા અને કથા બંનેમાં આસક્તિ છે, તેનું જીવન કદી પણ નાશ પામતું નથી એવો મારો અભિપ્રાય છે, એમ શ્રીમહાપ્રભુજી કહે છે.

માનવજીવનનો નાશ એટલે માનવમાંથી દાનવ બનવું. દૈવીમાંથી આસુરી બનવું. ગીતાજીમાં ગોવિંદજીએ માનવને બે વાત સમજાવી છે : ઓ માનવ! તારે તારા આત્માનો ઉદ્ધાર કરવાનો છે. તું તો ઉદ્ધાર કરી ન શકે તો કમસેકમ તેનું પતન તો ન જ થવું જોઈએ. "ઉદ્ધરેત્ આત્મના આત્માનમ્ । નાત્માનમ્ અવસાદયેત્ ॥" આત્માનો ઉદ્ધાર એટલે માનવજીનવને મધુર બનાવવું અને તે માટે મધુર એવા પ્રભુના રસ્તે જવું. માનવમાંથી દેવ બનવું તે ઉદ્ધાર અને માનવમાંથી દાનવ બનવું તે પતન. ભગવાન એમ સમજાવી રહ્યા છે કે તારાથી બીજુ કશું ન થાય તો કમસેકમ તું માનવ તો બની જ રહેજે; પણ કદાપિ દાનવ તો ન જ બનીશ. હા માનવમાંથી દેવ બની શકાય તો વધારે સારું.

આપણા આત્માના ઉદ્ધારનાં બે પગથિયાં શ્રીમહાપ્રભુજીએ પણ બતાવ્યાં, પહેલું પગથિયું તે માનવતા અને બીજું પગથિયું તે વૈષ્ણવતા, જેમ મેટ્રિક પાસ થયા વિના કોલેજમાં ન જવાય અને ગ્રેજ્યુએટ ન થવાય, તેમ માનવ બન્યા વિના વૈષ્ણવ ના બનાય. સમગ્ર વિશ્વથી માંડીને તેના એકએક અણુ સુધીના તત્ત્વને જે વહાલો હોય તે વૈષ્ણવ. વિશ્વમાં જે અણુરૂપે રહ્યા તે જ વિષ્ણુ અને આ વિષ્ણુનો બનેલો તે વૈષ્ણવ. ભગવાનનો બન્યો તે ભગવદીય.

આપણે રસ્તા ઉપર ચાલતા રહીએ તે બરોબર છે. પણ રસ્તે ચાલવાને બદલે ખાડામાં તો ન જ પડીએ. માટે શ્રીઆચાર્યચરણ સમજાવે છે કે હે વૈષ્ણવ, અગર તું સેવા અને સ્મરણ કરતો રહીશ, તો તારો નાશ નથી. તારો ઉદ્ધાર જરૂર થશે. એથી જ આપણે આપણાં મા એવાં શ્રીયમુનાના નામનું સ્મરણ અને હૃદયથી તેમનું સેવન કરવું જરૂરી છે.

ગોવિંદસ્વામીએ શ્રીયમુનાજીનું એક સુંદર કીર્તન ગાયું છે. તેમાં શ્રીયમુનાજીનાં ગુણગાન કરવાથી વૈષ્ણવને શો ફાયદો થાય તે બતાવ્યું છે. શ્રીયમુનાજીનાં ગુણગાન કરવાથી પહેલો ફાયદો એ થાય કે જગતનાં નાથ એ જીવને અધીન બને છે. "*શ્રીયમુનાજી જસ જગતમેં જોઈ ગાવે, તાકે અધીન વ્હે રહત હૈ પ્રાણપતિ.*" કોઈને પણ અધીન બનાવવા માટે સ્નેહ એ શક્તિ છે. પ્રેમ દ્વારા પરાધીનતા આવે છે. પરાધીનતા બે રીતે આવે : એક લાચારીને કારણે આવે અને બીજી પ્રેમને કારણે આવે. નબળો માણસ લાચારીથી પરાધીન બને છે; જ્યારે સબળો માણસ સ્નેહથી પરાધીન બને છે. લાચારીની પરાધીનતા કડવી છે, જ્યારે પ્રેમની પરાધીનતા મીઠી છે. શ્રીબાલકૃષ્ણલાલ જ્યારે યશોદામાના દામણે બંધાયા, ત્યારે એ પ્રેમની પરાધીનતા હતી. જ્યારે બાલકૃષ્ણલાલ ગોપીઓના આંગણે નાચ્યા ત્યારે એ પ્રેમની પરાધીનતા હતી. માટે કહ્યું, "*તાકે અધીન વ્હે રહત હૈં પ્રાણપતિ.*"

ગોવિંદસ્વામી પૂછે છે : "વૈષ્ણવ, તારા પ્રાણમાં સૂર કોનો છે? શબ્દ કોનો છે? ગીત કોનું છે?" જો તું સંસારી છે. તો તારા પ્રાણમાં સૂર માયાનો છે, તારા પ્રાણમાં શબ્દ માયાનો છે. તારા પ્રાણમાં ગીત માયાનું છે. જો તું સંસારી નથી, પણ મુરારિનો છે તો તારા પ્રાણમાં સ્વર શ્યામનો છે. તારા પ્રાણમાં શબ્દ અને ગીત શ્યામનાં છે.. એના પ્રાણપતિ ભગવાન બને છે. જે પ્રાણને વશમાં રાખે, તે પ્રાણપતિ. પતિ એટલે પાલન કરનાર. પ્રાણનું પાલન કરનાર તે પ્રાણપતિ. આપણા શરીરના પ્રાણ એ આપણી જીવનશક્તિ છે, Vitality છે. આખા શરીર પર કબજો જમાવે છે પ્રાણ. એ પ્રાણ ઉપર કબજો કરે છે પ્રભુ. એ પ્રભુ ઉપર પાછો કબજો જમાવે છે આવો વૈષ્ણવ.

ગોવિંદસ્વામીએ શ્રીયમુનાજીનાં સ્મરણ અને સેવનનો બીજો ફાયદો બતાવ્યો, "*નૈન અરુ બૈનમેં રસ જુ છાવે.*" શ્રીયમુનાજીનો ભક્ત એવો રસિક બની જાય છે કે તેની આંખમાં જમુના જળ ઊભરાય છે. જે જમુનાજળ ગોકુળ ગામના ગોંદરે વહે છે. એ જમુનાજળ એની આંખોમાંથી વહે છે. જમુનાજળ એ જળ નથી, પણ

રસ છે. આંખમાં આવતાં કેટલાંક આંસુ ખારાં છે, તો કેટલાંક મીઠાં છે. દુઃખને લીધે પડતાં આંસુ ખારાં છે અને પ્રણયને લીધે પડતાં આંસુ મીઠાં છે. દુઃખનાં આંસુ હૃદયને પીડે છે અને રડાવે છે. પ્રેમનાં આંસુ વિરહના દુઃખદર્દમાં પણ જિવાડે છે, આનંદ આપે છે. આવા વૈષ્ણવની વાણીમાં પણ રસ છવાય છે.

ગોવિંદસ્વામી કહે છે : "હે વૈષ્ણવ! વેદ પુરાન તે યહ બાત અગમ હૈ, પ્રેમ કો ભેદ કોઉ ન પાવે." શ્રીયમુના તો સાક્ષાત્ પ્રેમનાં દેવી છે, જગદંબા છે. તેમના રોમરોમમાં પ્રેમ ભરેલો છે. આવાં શ્રીયમુના જગત તરફ વહે છે, ત્યારે જનની બનીને વહે છે; અને જગદીશ્વર તરફ વહે છે, ત્યારે પ્રણયઘેલાં ગોપી બનીને વહે છે. તેમનામાં એક બાજુ વાત્સલ્ય રસ છે. તો બીજી બાજુ મધુર રસ છે. શ્રીયમુના એવાં જગદંબા છે કે જેઓ આપણો હાથ પકડી આપણને પ્રભુ પાસે લઈ જાય છે.

માટે ગોવિંદસ્વામી કહે છે કે "*કહત 'ગોવિંદ' શ્રીયમુના કી જા પર કૃપા સોઈ જીવ શ્રીવલ્લભ સરન આવે.*" જે જીવ ઉપર મા શ્રીયમુના કૃપા કરે છે, તે જ જીવ પ્રભુના શરણે જાય છે.

શરણે જવા માટે સદ્‌બુદ્ધિ જોઈએ અને તે માતા જ આપી શકે. માના સંસ્કાર અને માનું વાત્સલ્ય બાળકને ઘડે છે. માતા કુશળ મૂર્તિકાર છે. જે માતાને મૂર્તિકાર બનતાં ન આવડે એનું બાળક સુંદર મૂર્તિ નહીં બને. આજની માતાઓ માતા બને છે; પણ પથ્થરમાંથી પ્રભુ નથી બનાવી શકતી, એટલે એમનાં બાળકો પથરા જેવા રહી જાય છે. મા શ્રીયમુના એવાં જગદંબા-જગતજનની છે કે જે પથરાને પ્રભુ પાસે લઈ જાય છે. નદીના કિનારે પર્વતોની શિલાઓ પડેલી હોય, તેને નદી પોતાના જળથી ઘસીને સુંદર ગોળમટોળ ઘાટ આપે છે, તેમ આપણી મા શ્રીયમુના આપણને પ્રભુના શરણે જવાની સદ્‌બુદ્ધિ આપે છે. મા શ્રીયમુનાની જેમ તમે પણ તમારાં બાળકોની સાચી માતાઓ બની તેમને સદ્‌બુદ્ધિ આપજો. તેમને સારા આચાર-વિચાર શીખવજો.

આ શ્રીયમુનાશક્તિ એ આપણી જીવનશક્તિ છે. સૂર્યનાં બે બાળકો - એક શ્રીયમરાજા અને બીજા શ્રીયમુનાજી. યમરાજ એ શોષક તત્ત્વ છે. અને શ્રીયમુનાજી પોષક છે. જ્યારે સૂર્ય શોષક પણ છે અને સર્જક પણ છે. સૂર્ય પુષ્પમાં રસ ભરી પણ શકે છે અને પુષ્પને સૂકવી પણ શકે છે. સૂર્ય જીવન આપી શકે છે તો સૂર્ય જીવન લઈ પણ શકે છે. આમ, સૂર્ય નાશક છે અને ઉત્પાદક પણ છે. આવા સૂર્યની મારણશક્તિ એ યમરાજા છે અને સૂર્યની જીવનશક્તિ એ શ્રીયમુનાજી છે.

આ શ્રીયમુનાજીનું દર્શન કરવા આપણે ત્રણ આંખોનો ઉપયોગ કરીશું. કોઈ પણ વસ્તુને જોવા માટે આંખરૂપી દૃષ્ટિ જોઈએ. એક દૃષ્ટિનું નામ છે ભૌતિક, બીજીનું નામ છે આધ્યાત્મિક અને ત્રીજીનું નામ છે આધિદૈવિક. ભૌતિક દૃષ્ટિએ શ્રીયમુનાજી જળસ્વરૂપે દેખાય છે-નદી સ્વરૂપે દેખાય છે. આપણને એમ થાય કે આ જળના અને નદીના આટલા બધા જશ શા માટે ગાવાના? મોટામોટા આચાર્યોએ પણ શ્રીયમુનાજીના જશ ગાયા છે. આદિ શંકરાયચાર્યથી માંડીને આદ્યવધિ શ્રીયમુનાજીના જશ ગવાયા છે. શ્રીશંકરાચાર્યે બે સ્તોત્રમાં કાલિન્દીના ગુણ ગાયા. સૂરદાસજી, ગોવિંદસ્વામી, છીતસ્વામી, કૃષ્ણદાસ આદિ ભગવદીયોએ શ્રીયમુનાજીના ગુણ ગાયા.

ઘણાંને એમ થાય છે કે આ નદી-સ્વરૂપના ગુણ શા માટે ગાવાના? એનો જવાબ મેળવવા આપણે આપણી દૃષ્ટિ અધિક સૂક્ષ્મ બનાવવી પડશે. જમુનાજળ અન્ય નદીઓનાં જળ જેવું સામાન્ય જળ નથી. જળથી કંઈક અધિક છે. ભૌતિક રીતે જગતનાં અન્ય જળ કરતાં ગંગા-જમુનાનાં જળ જુદા છે. વર્ષો સુધી લોટી કે ગાગરમાં રાખેલાં જમુનાજળમાં જરાય વાસ આવતી નથી. કદાચ એનું કારણ લોકોને એવું લાગે કે તેમાં હિમાલયની જડીબુટ્ટીઓ હશે. પણ હિમાલયમાંથી નીકળતાં યમુનાજી કરતાં ગોકુળ ગામના ગોંદરે એવાં શ્રીયમુનાજીનું વિશેષ મહત્ત્વ છે; કારણ કે ગોકુળમાં આવી તેઓ ગોવિંદની ચરણરજથી ખરડાયાં, વ્રજની રજમાં પણ અદ્‌ભુત વિશેષતાઓ છે. તેમાંય તે રજ જમુનાજળમાં મળે ત્યારે ઓર વિશેષતા આવે છે.

શ્રી હરિરાયજી મહાપ્રભુએ શ્રીમહાપ્રભુને વિનંતી કરી કે "મહારાજ, આપનાં ચરણકમળ મારા મસ્તક ઉપર ક્યારે પધરાવશો? આપના ચરણકમળ વૃંદાવનની રજથી ખરડાયેલાં છે અને યમુનાજળમાં ઝબોળાયેલાં છે." જ્યારે માટી અને પાણી એક બને ત્યારે ચોંટી જાય. એકલું પાણી હોય તો સુકાઈ જાય અને એકલી માટી હોય તો સરી જાય. **"વૃંદાવને રજોયુક્તમ્ યમુનાજલપંકિલમ્ । કદા પદતલમ્ મૂર્ધ્નિ શ્રીવલ્લભ મે ધાર્યતામ્ ।।"** આ યમુનાજળ કંઈક વિશેષ છે. ભૌતિક રીતે પણ વિશેષ છે.

હવે આપણે આધ્યાત્મિક દૃષ્ટિથી શ્રીયમુનાજીનું દર્શન કરીએ. યમુના તીર્થસ્વરૂપા છે. પાપનાશિની છે, પાવનકારિણી છે. યમુનાજીના તટ ઉપર જે વસે છે એનાં પાપ, તાપ અને સંતાપ ધોવાય છે; એવું આપણને શાસ્ત્રો અને સંતો કહે છે. શાસ્ત્રોની અને સંતોની વાણી સત્ય હોય છે. વિશ્વાસ મૂકવા જેવી

હોય છે, એ અનુભવની વાણી છે, એ જીવન-સિદ્ધ વાણી છે. આંખ મીંચીને આ બે વાણી ઉપર વિશ્વાસ મૂકી શકાય; કારણ કે તેમણે તેમના આચારમાંથી આ વાણી વીણેલી છે. કેટલીક વાણી હવામાંથી પકડાય છે, જેમાં શબ્દોનાં ખાલી હવાતિયાં હોય છે; જ્યારે કેટલીક વાણી જીવનના આચાર નામના બગીચામાંથી જડે છે, અનુભવમાંથી મળે છે. આચાર્યો, સંતો અને શાસ્ત્રોની વાણી આવી અનુભવની વાણી છે.

પાપનાશિની, સંતાપ-તાપહારિણી અને પાવનકારિણી એવાં શ્રીયમુના આધ્યાત્મિક રીતે અનંત શક્તિઓવાળાં છે.

આપણે આપણી દૃષ્ટિને હજી વધારે સૂક્ષ્મ બનાવીએ. જમુનાજળમાં અતિસૂક્ષ્મ દૃષ્ટિથી જુઓ. એના બુંદબુંદમાં એક અનોખો રસ છે. આ અનંત રસસાગરમાં એક રસિકા, જે રસિકેન્દ્રશેખરનાં પરમ આરાધિકા છે; જે લાવણ્યમયી, પુણ્યમયી, સુખમયી, શાંતિદાતા છે - એવાં શ્રીયમુનાજીનું એક અદ્‌ભુત સ્વરૂપ બિરાજે છે. જેમનો વર્ણ શ્યામ છે, કમળ જેવાં લોચન છે, મોરમુકુટ અને કાછનીનો શૃંગાર ધર્યો છે; તેમના વદનારવિંદ પર હાસ્ય રમી રહ્યું છે. તેમના પગલે પગલે સૂરજનાં તેજ ઝળકે છે. તેમની વાણીએ વાણીમાંથી હાસ્યના ફુવારા ઊડે છે. તેમના અંતરમાં અને આંખમાં અનુરાગ છે. આવાં મા યમુના છે. આ શ્રીયમુનાજીનું આધિદૈવિક સ્વરૂપ છે.

આમ પણ શ્રીમહાપ્રભુજીએ પ્રત્યેક વસ્તુને જોવા માટે આપણને ત્રણ દૃષ્ટિ આપી છે. છેલ્લે એ દૃષ્ટિમાં આપણને ચૈતન્યયુક્ત સાકાર સ્વરૂપનાં દર્શન થશે. આજના વિજ્ઞાને પણ આ વાત સિદ્ધ કરી છે કે એકએક અણુ ઈલેક્ટ્રોન, ન્યુટ્રોન અને પ્રોટોનનો બનેલો છે. તેમાં શક્તિ અને સંચારણ સમાયેલાં છે. આ બધાં તત્ત્વો શક્તિ-સંચારવાળાં જીવંત છે. આથી, વિશ્વનું દેખાતું કણ કણ આંતરિક રીતે જીવંત છે. તેમાં સાકાર આનંદમય સ્વરૂપ છુપાયેલું છે.

આવાં શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપનું વર્ણન શ્રીમહાપ્રભુજીએ "શ્રીયમુનાષ્ટક"માં કર્યું છે. એમના આધિદૈવિક સ્વરૂપને ઓળખ્યા પછી, એનાં શક્તિ અને સામર્થ્ય જીવને અનંત આનંદનો અનુભવ કરાવે છે.

સૂરદાસજીને પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપનાં દર્શન થતાં તેમણે ગાયું કે ***"શ્રીયમુનાજી તિહારો દરસ મોહી ભાવે."*** જેમ કોઈ નારી અનેક આભૂષણોથી વધુ સુંદર લાગે, તેમ શ્રીજમુનાજળમાં જાગતી લહેરો શ્રીયમુનાજીનાં આભૂષણો છે. શ્રીમહાપ્રભુજીને તો આ

લહેરોમાં કંકણ દેખાય છે. એ લહેરોમાંથી ઊઠતા તરંગોનાં બુંદોમાં કંકણનાં મોતી દેખાય છે.

શાસ્ત્રોમાં 'ગંગાસ્નાને અને યમુનાપાને' કહ્યું છે. ગંગાજીમાં સ્નાન કરવાનું મહત્ત્વ છે; જ્યારે શ્રીયમુનાજીનાં પાન કરવાનું મહત્ત્વ છે. અષ્ટસખાઓમાં બે સખા એવા થઈ ગયા કે જેમણે કોઈ દિવસ શ્રીયમુનાજીમાં સ્નાન નથી કર્યું. એક છે કુંભનદાસ અને બીજા છે ગોવિંદસ્વામી. શ્રીયમુનાજીનું આધિદૈવિક સ્વરૂપ સતત એમના હૃદયમાં રમતું હતું. આવાં અલૌકિક શ્રીયમુનાજીના જળમાં પોતાનું ભૌતિક અને મલિન શરીર કેવી રીતે ઝબોળાય? આવો ભાવ રાખીને તેમણે કદી પણ શ્રીયમુનાસ્નાન કર્યું નથી.

એક વાર શ્રીગોકુલનાથજી અને શ્રીગિરિધરજીએ ગોવિંદસ્વામીના હાથ પકડી તેમને જમુનાજળમાં ડુબાડવાની તૈયારી કરી. ગોવિંદસ્વામી હાથ જોડીને કહે છે, "કૃપાનાથ! આ શ્રીયમુનાજીના સ્વરૂપને હું જાણું છું. મને આ જળના બુંદબુંદમાં રસરૂપિણી કૃષ્ણપ્રિયા શ્રીયમુના મહારાણીજી દેખાય છે. હું રહ્યો હાડ-માંસ-ચામનું બનેલું પૂતળું. સંસારની વાસનાથી ભરેલો જીવ. શ્રીયમુનાજીને સ્પર્શ કરવા યોગ્ય આ શરીર નથી. તે વખતે શ્રીગોકુલનાથજી અને શ્રીગિરિધરજીને પણ શ્રીયમુનાજીનાં અલૌકિક દર્શન થયાં. આમેય પુષ્ટિમાર્ગમાં શ્રીગોકુલેશપ્રભુ શ્રીયમુનાજીનું સ્વરૂપ છે અને તેથી શ્રીગોકુલનાથજીનાં ઘરમાં તિલક તરીકે બે ઊભી લીટી કરવાનો પ્રકાર છે. આ બંને ઊભી લીટી શ્રીયમુનાજીના બે કિનારાનો ભાવ છે. વચ્ચેનો ખાલી ભાગ તે યમુનાજીની ધારા છે.

આવાં શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપોનાં દર્શન કરી, શ્રીહરિરાય મહાપ્રભુ પણ આનંદમાં ઝૂમી રહ્યા છે, *"પિય સંગ રંગ ભરી કરી કલોલે, સબનકો સુખ દેને પિય સંગ કરત સેન, ચિત્તમેં તબ પરત ચૈન જબ હી બોલે."* 'રસિકપ્રીતમ' શ્રીહરિરાયજીને લાગે છે કે શ્રીયમુનાજીની એકએક લહેર શ્રીજીબાવા સાથે રમી રહી છે. શ્રીયમુનાજીનાં જળ ઘેરા શ્યામ રંગનાં છે. એમનાં દર્શન કરતાં એવો ભાવ જાગે છે કે શ્યામસુંદર સાથે શ્રીયમુનાજી જાણે એકરૂપ, એકરસ બની ગયાં છે. શ્રીયમુનાજીના કિનારા પરની રજ શ્યામ હોવાથી એ રજને લઈને શ્રીયમુનાજીનું જળ પણ શ્યામ લાગે છે. આવાં શ્રીયમુનાજી શ્રીજીબાવાને જાણે વિનંતી કરી રહ્યાં છે કે "હે પ્રભુ! મારાં બાળક જેવા મારા સેવકોનો આપ ઉદ્ધાર કરો." પુષ્ટિજીવોની બધી વાત શ્રીયમુનાજીના હાથમાં

છે, કારણ કે શ્રીયમુનાજી પુષ્ટિજીવોનાં ભાગ્યવિધાતા છે. શ્રીયમુનાજી પુષ્ટિજીવોનાં જીવનદાતા છે. તેઓ પુષ્ટિજીવો ઉપર અતુલ કૃપા કરનારાં છે. તેઓ અનંત પાપોથી અપરાધી જીવોને પણ પ્રભુને યોગ્ય બનાવે છે.

આપણે શ્રીજમુનાજળનું ભાવપૂર્વક દર્શન કરીએ અને પાન કરીએ, તો શ્રીજમુનાજળમાં ખેલતા શ્રીયોશોદાનંદનનાં આપણને પણ દર્શન થશે. શ્રીહરિરાયજી કહે છે, "હે વૈષ્ણવો! આવાં કૃપામય મા તમને મળ્યાં છે. શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રાપ્ત થયેલાં શ્રીયમુનાજીનાં તમે ગુણગાન ગાવ. એમનાં ગુણગાન વિના તમે એમના ઉપકારનો બદલો કેવી રીતે વાળશો? કેટલાક ઉપકારો એવા હોય છે કે એમનો બદલો અનંત જન્મો સુધી વાળી શકાતો નથી. મા બાળકને માટે જેટલાં કષ્ટો ભોગવે છે, એના બદલામાં બાળક માને શું આપે છે? માંના ઉપકાર-સ્મરણ સિવાય તે બીજું શું કરી શકે? માટે શ્રી હરિરાયજી કહે છે, ***"ઐસી શ્રીયમુને જાન તુમ કરો ગુણગાન રસિકપ્રીતમ પાયે નગઅમોલે."***

આમ, શ્રીયમુના-નામ આપણા જીવનનું અમૂલ્ય ધન છે. વીરલો હીરો છે. જો જો, આ નામ આપણાં મોંમાંથી ખોવાઈ ન જાય, આપણી બુદ્ધિ બગડે નહીં; આપણી જીભ અને આપણું જીવન બગડે નહીં. જેની જીભ અને બુદ્ધિ બગડે છે, વાણી વ્યર્થ, વિલાસવાળી કે વાંકી બોલીએ કે વાણી ખોટા વૈભવવાળી બોલીએ, તો તે આપણા જીવનને બગાડે છે. શ્રીયમુના-નામ આપણી બુદ્ધિ અને વાણીને સુધારે છે. જેમ મકાનમાં દીવો હોય એમ શ્રીયમુના-નામ વૈષ્ણવના જીવનમાં દીવારૂપ છે. જે સદા 'શ્રીયમુના' 'શ્રીયમુના' એમ રટે છે, એના જીવનમાં અને જીભ પર હંમેશાં પ્રકાશ પથરાય છે.

સામાન્ય રીતે જગતમાં જીભ પર બે બાબતો સળવળે છે : વાદ અને સ્વાદ. આપણી જીભને ચટકો વધારે છે. તેથી તે લટકો પણ ઘણો કરે છે અને પરિણામે ફટકો પણ ઘણો ખાય છે. આપણે કોઈને થોડી વાર માટે મૂંગા રહેવાનું કહીએ, તો તે કહેશે, અમારાથી મૂંગા નહી રહેવાય. આમ, સ્વાદ અને વાદ જીવનના સંવાદને તોડી નાંખી, જીવનમાં વિવાદ પેદા કરે છે. માટે સૌ આચાર્યોએ, સંતોએ, ભક્તોએ અને શાસ્ત્રોએ આપણને એક જ સલાહ આપી કે તમારાથી બીજું કંઈ ન થાય, તો પણ તમે સતત શ્રીયમુનાજીનું નામ લેતા રહો. શ્રીયમુનાજી-સ્વરૂપનું હૃદયમાં ધ્યાન ધરતા રહો. શ્રીયમુનાજીનાં દર્શન અને પાન કરતા રહો. શ્રીયમુનાજીનું સતત સેવન કરો.

આવાં શ્રીયમુનાજીની સ્તુતિ શ્રીમહાપ્રભુજીએ ષોડશ ગ્રંથો પૈકીના પ્રથમ ગ્રંથ શ્રીયમુનાષ્ટકમાં કરી છે. આ ગ્રંથને સમજાવવા માટે પાંચ ટીકાકારોની ટીકાઓ છે. તે જાણે શ્રીયમુનાષ્ટકનું પંચામૃત છે. પંચામૃતમાં અમૃત તુલ્ય પાંચ પદાર્થો છે. દૂધ, દહીં, ઘી, ખાંડ અને મધ. આ પંચામૃત ખૂબ જ શક્તિદાયક છે, એમ આ પાંચ ટીકાઓ આપણા હૃદયમાં 'શ્રીયમુનાષ્ટક'ના ભાવને મજબૂત કરે છે.

શ્રીયમુનાષ્ટકના એક ટીકાકાર શ્રીદ્વારકેશજી મહારાજના મતે 'ષોડશગ્રંથો'માં 'શ્રીયમુનાષ્ટક'ને પ્રથમ સ્થાન આપવાનું ખાસ કારણ છે. શ્રીયમુનાજીનો સ્વભાવ છે જીવોના દોષો દૂર કરવાનો અને ભગવાનમાં પ્રેમ વધારવાનો. શ્રીયમુનાષ્ટકના પાઠથી આ ફળ મળે છે. શ્રીયમુનાષ્ટકને પ્રથમ સ્થાન આપવાનું બીજું કારણ છે, જીવને અધિકારી બનાવવાનું. જીવને ભગવદ્‌ભક્તિનો અધિકાર આપવાનો. જેમ ઘરમાં આવતી વહુને એની સાસુ ઘરનો અધિકાર આપે છે, એમ સેવાના માર્ગે વળતા જીવને શ્રીયમુનાજી સેવાનો અધિકાર આપે છે. *"બ્રહ્મસંબંધ જબ હોત યા જીવ કો તબ ઈનકી ભૂજા વામ ફરકે; દોર કર, સોર કર જાય પિય સો કહે અતિ હી આતુર મન જુ હરખે."* શ્રીયમુનાજી પ્રાણનાથને કહે છે, આપનાથી ખોવાઈ ગયેલો જીવ પાછો આવ્યો છે. યુગો સુધી ખોવાઈ ગયેલો, ભૂલો પડી ભટકતો જીવ પોતાને ઘેર પાછો આવ્યો છે. ત્યારે આ શ્રીયમુનાજી આવાં ઉલ્લાસમય બને છે.

'શ્રીયમુનાષ્ટક'ની શરૂઆત 'નમામિ' શબ્દથી થાય છે. 'ષોડશ ગ્રંથ' પૈકીના કુલ ચાર ગ્રંથોની શરૂઆત નમનથી થાય છે. તે છે 'શ્રીયમુનાષ્ટક', 'બાલબોધ', 'સિદ્ધાંતમુક્તાવલિ' અને 'જલભેદ'. ભક્તિમાર્ગમાં પ્રવેશ કરવાની ડોકાબારી એટલે નમન. આપણને નમન કરતાં આવડે એટલે ભક્તિમાર્ગમાં પેસવાનો અધિકાર મળે. શ્રીમહાપ્રભુજી જીવાત્માને કહે છે. 'હે જીવાત્મા! તારા પર પ્રભુના અનંત અનંત ઉપકારો છે. એના બદલામાં તારા બે હાથ અને મસ્તક દ્વારા તું પ્રભુને શું આપી શકીશ? જીવાત્મા જાણે જવાબ આપે છે. : 'હે મહારાજ! હું એ પ્રભુનાં ભવ્ય મંદિરો બંધાવું છું. એમને છપ્પનભોગની સામગ્રીઓ ધરાવું છું, એના માટે વાઘા-વસ્ત્રો સીવડાવું છું, એમના માટે કિંમતી આભૂષણો તૈયાર કરાવું છું. હું એમની ઘણી સેવા કરું છું.' શ્રીવલ્લભ પૂછે છે, "ઓ જીવાત્મા! શું આ બધી વસ્તુઓની પ્રભુને અપેક્ષા છે? એના દ્વારા ભગવાનને ફાયદો છે કે તને ફાયદો છે? તું સામગ્રી આરોગાવીને તારા અન્નને શુદ્ધ કરે છે, તું શૃંગાર ધરીને તારી સંપત્તિને શુદ્ધ કરે છે, તું ઘરમાં મંદિર બનાવીને તારા ઘરને શુદ્ધ કરે છે. તું

તેમની સેવા કરીને તારા હાથને શુદ્ધ કરે છે. તું તારા મનમાં ભગવાનનું સ્મરણ કરીને તારી બુદ્ધિને શુદ્ધ કરે છે. આમ, આ ભગવત્‌સેવાથી પ્રભુને કોઈ ફાયદો નથી, ફાયદો તો તને જ છે. પ્રભુ તો નિરપેક્ષ છે. તું જન્મ્યો ન હતો, ત્યારેય પ્રભુની સેવા થતી હતી અને તારા મૃત્યુ પછી ય પ્રભુની સેવા તો થતી રહેશે. કૃષ્ણ એટલો બધો નિરપેક્ષ છે કે તેને કોઈની પરવા નથી અને છતાંય તે પરવા કરતો હોય તેવું નાટક કરે છે.

ગોપીઓને એમ લાગે છે કે ગોપાલને અમારાં દૂધ, દહીં, માખણ, મિસરીની જરૂર છે અને ગોપાલ પણ છેલછબીલા બની, હાથમાં નાનકડી લોટી લઈ, થોડી સરખી છાશ માટે ગોપીના આંગણામાં આવી ઠુમક-ઠુમક નાચે છે. આથી કંઈ કૃષ્ણનું પેટ ભરાય છે? એ તો ગોપીઓના ભાવનું પોષણ કરવા પરાધીન બન્યો હોય તેવું બતાવે છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં સ્થિતપ્રજ્ઞનું એક લક્ષણ બતાવ્યું, નિરપેક્ષતા. જે નિરપેક્ષ હોય તેની જ બુદ્ધિ સ્થિર હોય, જેને અપેક્ષા છે તેની બુદ્ધિ હાલક-ડોલક થયા કરે છે. જેમ ભમરડો પોતાની ધરી ઉપર ફરે છે; છતાં તે સ્થિર લાગે છે, તેમ પ્રભુ ભક્ત પર વશ બનવા છતાં પોતાના સ્વરૂપથી સ્થિર છે.

આમ, આપણા અધિકારની સિદ્ધિ માટે શ્રીયમુનાષ્ટક છે અને આ અધિકાર નમનથી મળે છે.

જેમ લૌકિક-વૈદિક કાર્યોમાં સૌ પ્રથમ ગણપતિજીને યાદકરીએ છીએ, તેમ આપણાં પુષ્ટિકાર્યોમાં સૌ પ્રથમ શ્રીયમુનાજીને યાદ કરવાં જોઈએ. ગણેશની જેમ શ્રીયમુનાજી પણ વિઘ્ન હરનારાં છે. ગણેશની જેમ શ્રીયમુનાજી પણ અભયપદ આપનારાં છે. ભક્તિમાર્ગમાં ભાગ્ય લખાય છે શ્રીયમુનાજીની કલમે. શ્રીયમુનાજી જેના ઉપર કૃપા કરે છે તેને જ ભક્તિમાર્ગ મળે. ભક્તિમાર્ગ ઉપર આગળ વધવામાં પણ શ્રીયમુનાજીની સહાયની જરૂર પડે છે. શ્રીયમુનાજી પુષ્ટિભાગ્યવિધાતા પણ છે.

શ્રીયમુનાજીએ અદ્‌ભુત વ્રજધામની સૃષ્ટિ રચી છે. રાસવિલાસ માટે વૃંદાવનધામની એમણે રચના કરી છે. ગોપીઓને શણગારનારાં શ્રીયમુનાજી છે. તેઓ શ્રીકૃષ્ણના ચરણથી મસ્તક સુધીના શૃંગાર કરે છે. શ્રીયમુનાજી વ્રજના એકએક ફૂલઝાડમાં રસ ભરે છે. શ્રીયમુનાજી વાતાવરણમાં ઠંડક પ્રસરાવે છે. શ્રીયમુનાજી સમગ્ર વ્રજધામમાં, સુગંધ ફેલાવે છે. શ્રીયમુનાજી પુષ્ટિ-સૃષ્ટિનાં કર્તા અને પોષક છે. વિશ્વકર્મા તો કેવળ વિશ્વની રચના કરી જાણે, પણ એનું

પોષણ કરવા વિષ્ણુને આવવું પડે અને બગડી ગયેલાને દૂર કરવા મહાદેવજીને મથવું પડે. આ ત્રણે કાર્ય પુષ્ટિજગતમાં એકલાં શ્રીયમુનાજી કરે છે. આમ, પુષ્ટિજીવના સમગ્ર જીવનમાં શ્રીયમુનાજી છવાઈ જાય છે.

આપણું તન જળથી શુદ્ધ થાય અને મન શ્રીયમુનાજીની કૃપાથી શુદ્ધ થાય. જ્યાં સુધી આપણું મન શુદ્ધ ન થાય, ત્યાં સુધી સેવા રસવતી અને બલવતી બનતી નથી. સેવા કરીએ છીએ, પણ સેવામા આપણું મન લાગતું નથી, એ લગાડનાર શ્રીયમુનાજી છે. તેઓ પુષ્ટિમાર્ગનાં ગૌરી છે. લગ્ન માટે છોકરીઓ ગૌરી પૂજા કરે. કૃષ્ણને વરવું હોય તો શ્રીયમુનાપૂજન કરવું પડે, તો વરરૂપે કૃષ્ણ મળે. કારતક વદ ૧ થી માગશર સુદ ૧૫ સુધીના વ્રતચર્યાના દિવસો એ કાત્યાયની વ્રતના દિવસો છે. એ આપણા માર્ગના ગૌરીપૂજનના દિવસો છે. કુમારિકા ગોપીઓએ યમુનાતટની વાલુકામાંથી શ્રીયમુનાજીનું સ્વરૂપ બનાવ્યું. એમનું પૂજન કર્યું. તેઓ રોજ શ્રીયમુનાજીને વિનંતી કરે 'કાત્યાયની મહા ભાગે, મહાયોગિન્યધીશ્વરી । નંદગોપસુતમ્ દેવિ પતિમ્ મે કુરુ તે નમઃ ॥ હે મહાભાગે કાત્યાયની, નંદબાવાના પુત્ર મારા વર થાય, એવી કૃપા કરો. કાત્યાયની વ્રત કરીએ ત્યારે આ મંત્રનો જપ થાય છે. આપણે શ્રીયમુનાજીના પાઠ કરીએ, શ્રીયમુનાજીનાં પદ બોલીએ, શ્રીયમુનાજીનું પૂજન કરીએ : એ બધું કાત્યાયની વ્રત છે. આપણાં શ્રીયમુનાજી આપણા માટે ગૌરીરૂપા છે, કૃષ્ણવરદાયિની છે. એક પદમાં સખી શ્રીરાધિકાજીને પૂછે છે : 'કૌન ગૌર તેં પૂજી રાધિકા' તેના જવાબમાં શ્રી રાધિકાજી કહે છે. ''મૈં યમુને ગૌર તેં પૂજી.''

શ્રીયમુનાજી પુષ્ટિરસદાતા છે, પ્રેમરસદાતા છે. લગ્ન પહેલાં કન્યાને શણગારવામાં આવે અને શણગાર્યા પછી તેને ચોરીમાં લઈ જવામાં આવે, એવી રીતે શ્રીયમુનાજી જીવન શણગારે છે. શ્રીયમુનાજી વૈષ્ણવને સૌભાગ્યવતીના શણગાર સજાવે છે. પછી તેને ઠાકોરજી પાસે લઈ જઈ લગ્ન કરાવે છે અને ઠાકોરજી સાથે રાસ-વિલાસ કરાવે છે. આમ, શ્રીયમુનાજી રસસાગર છે. આવાં શ્રીયમુનાજી પુષ્ટિ જીવ ઉપર અનન્ય કૃપા કરનારાં છે.

શ્રીગોકુનાથજીએ પોતાના હાસ્યપ્રસંગોમાં એક સુંદર વાત કરી છે. પ્રેમ એ દેવતા છે. એ જડ નથી, જાગૃત છે. જે કોઈ પ્રેમની પ્રાર્થના કરે, પ્રેમની વાર્તા કરે તેના ઉપર પ્રેમદેવ પ્રસન્ન થાય છે અને તેને પ્રાપ્ત થાય છે. શ્રીયમુનાજી આવાં પ્રેમદેવી છે. તેઓ નખશિખ અલૌકિક પ્રેમનું સ્વરૂપ છે. શ્રીયમુનાજી જ્યારે જીવ ઉપર કૃપા કરે, ત્યારે તેની આંખ અને અંતઃકરણમાં સાક્ષાત્ પ્રેમદેવી આવીને વસી

જાય છે. સંસારના જીવડા શુદ્ધ પ્રેમને જાણતા નથી. જે કોઈ શુદ્ધ પ્રેમને જાણે, તે પ્રભુમય બની જાય છે.

કવિ ન્હાનાલાલ કહે છે, 'પરમ પ્રેમ પરબ્રહ્મ' ઓ પ્રેમદેવતા! તું કોઈ સામાન્ય દેવ નથી; પણ સાક્ષાત્ પરબ્રહ્મ છે. ક્યાંય પણ સાચો પ્રેમ દેખાય, તો તે પરમાત્માનું સ્વરૂપ છે એમ સમજવું. પ્રેમી જેવો દુનિયામાં બીજો કોઈ સંન્યાસી નથી. ભગવાં પહેરનારે ત્યાગ કરતાં દસ વખત વિચારવું પડે છે, જ્યારે પ્રેમી તો એક ઝાટકે ત્યાગ કરી દે છે. લોકો પ્રેમના ખૂબ ઢંઢેરા પીટતા હોય છે, પણ મોટા ભાગે એ પ્રેમ નથી હોતા, પ્રેમના નામે મોહ હોય છે. તેથી આપણો હૃદયનો ઘડો ખાલી ને ખાલી હોય છે. માનવી જન્મ્યો ત્યારથી પ્રેમ શોધતો આવ્યો છે અને મરે છે ત્યાં સુધી શોધે છે. મરતાં મરતાં પણ તેને અધૂરપ લાગે છે કે મને જિંદગીમાં સાચો પ્રેમ ન મળ્યો.

આવો સાચો પ્રેમ આપનારાં પ્રેમદેવી શ્રીયમુનાજીના ગુણગાનનું અષ્ટક એટલે શ્રીયમુનાષ્ટક. શ્રીયમુનાષ્ટક એ સ્તોત્ર છે. આખું શ્રીયમુનાષ્ટક એક મંત્ર પણ છે. મંત્રમાં છ વસ્તુ જોઈએ : (૧) ઋષિ, (૨) છંદ, (૩) દેવતા, (૪) બીજ, (૫) વિનિયોગ અને (૬) સિદ્ધિ.

આ શ્રીયમુનાષ્ટકરૂપી મંત્રના ઋષિ શ્રીમહાપ્રભુજી છે. જેને અલૌકિક અને આર્ષ દર્શન થાય તે ઋષિ બને. શ્રીયમુનાષ્ટક એ શ્રીમહાપ્રભુજીને શ્રીયમુનાજીનું થયેલું અલૌકિક દર્શન છે. અન્ય કોઈ આચાર્યોને ન થયું હોય એવું દર્શન છે.

શ્રીયમુનાષ્ટકનો છંદ પૃથ્વી છે. પૃથ્વી છંદમાં આઠ અક્ષરે અટકવાનું અને પછી બાકીના નવ અક્ષરે અટકવાનું. તેનો છંદ પૃથ્વી છે; કારણ કે પૃથ્વીમાં પધારેલાં શ્રીયમુનાજીનું તેમાં વર્ણન છે. આ વર્ણનથી પૃથ્વીના જીવોનું કલ્યાણ થાય છે. વળી પૃથ્વીમાં રહેલા અલૌકિક ભાવનું દાન કરવા માટે વર્ણન કર્યું છે.

એના દેવતા હરિપ્રિયા કાલિન્દી છે. શ્રીયમુનાજી પોતે જ આ સ્તોત્રનાં દેવતા છે. એનું બીજુ રસો વૈ સઃ એવા રસરૂપ પ્રભુ છે. એનો વિનિયોગ મુરારિ પ્રભુની પ્રાપ્તિ માટે છે. એની સિદ્ધિ પ્રભુના સ્મરશ્રમજલની પ્રાપ્તિરૂપ તનુનવત્વ છે. આમ, શ્રીયમુનાષ્ટક મંત્ર દ્વારા શ્રીયમુનાજી વૈષ્ણવને ભગવદીય બનાવે છે. ભગવદીય બનવું એમાં જ વૈષ્ણવતાના સર્વ પુરુષાર્થો સમાઈ જાય છે. ''ભગવદીયત્વેનૈવ પરિસમાપ્તાઃ સર્વાર્થાઃ''

આવાં રાસરસસાગર, સુખસાગર શ્રીયમુનાજીનાં ચરણકમળોમાં આપણે દીનતાપૂર્વક, ભાવપૂર્વક અને પ્રેમપૂર્વક દંડવત્ પ્રણામ કરીએ. ▩

॥ શ્રી વલ્લભાધીશો વિજયતે ॥
॥ શ્રીયમુનાયૈ નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

"શ્રીયમુનાષ્ટકમ્"ની ભાવભૂમિકા

૧. તિહારો દરસ મોહિ ભાવૈ

['શ્રીયમુનાષ્ટકમ્'નું પ્રાકટ્ય]

સલૂણી સંધ્યાનો સુખદ સમય હતો. આખો દિવસ ઝરમર-ઝરમર વરસાદ વરસી, હમણાં જ બંધ રહ્યો હતો. હવામાં સ્વચ્છતા અને શીતળતા હતી. ધરતીની ભીની મ્હેંક મનને અધિક પ્રસન્ન બનાવતી હતી. શ્રીગોકુળના ઠકુરાની ઘાટ પર, બંને તટપ્રદેશ પર પોતાના તરંગો રૂપી ભુજાઓને લંબાવતાં શ્રીયમુનાજી ભરપૂર સ્વરૂપે કિલ્લોલતાં હતાં. સંધ્યાના સોનેરી, નારંગી, ગુલાબી રંગોની ઝાંયથી શ્રીયમુનાજી અધિક શોભતાં હતાં. જાણે પચરંગી લહેરિયાની સાડી-ચોળી ધારણ કરી, મુખ પર ગુલાબી શરમના શેરડાની આભા ધરી, એ શ્યામા શ્યામના અભિસારે પધાર્યાં હતાં. જળ પરનાં નાનકડાં વલયોમાં પુરાતા સંધ્યાના લાલ-ગુલાબી રંગ શ્રીહસ્તમાં ધારણ કરેલી ગુલાબી કમળોની માળાનું દર્શન કરાવતા હતા. જળના વહેણના કલરવમાં શ્યામસુંદરનાં યશોગાનનો ઘોષ હતો.

મુંબઈ-વડોદરાનાં શ્રીયમુના સત્સંગ મંડળનાં વૈષ્ણવો વિશિષ્ટ મનોરથ લઈને શ્રીગોકુલ આવ્યાં હતાં. ઠકુરાની ત્રીજથી પ્રારંભી નવ દિવસ શ્રીયમુનાજીનાં પદો અને શ્રીયમુનાજી વિષયક સર્વ સ્તોત્રોની સંગતિ સાથે 'શ્રીયમુનાષ્ટક'નું રસપાન કરવું અને તે પણ શ્રીઠકુરાની ઘાટે; જ્યાં શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી યુગલ સ્વરૂપે માન-મિલાપ કરીને બિરાજે છે, જ્યાં શ્રીયમુના મહારાણીજી પણ પ્રસન્નતામાં બિરાજે છે, અને જ્યાં શ્રીહરસાનીજી પણ શ્રીવલ્લભના ચરણાશ્રિત થઈ બિરાજે છે; જ્યાં શ્રીપ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશ્વરજી પણ બિરાજે છે.

ઠકુરાની ઘાટ એટલે શ્રીયમુનાજી - શ્રીસ્વામિનીજીની નિકુંજનું દ્વાર. અહીં જ આજથી ૪૯૬ વર્ષો પૂર્વે 'શ્રીયમુનાષ્ટક' પ્રકટ થયું હતું. ત્યારથી આજ સુધી

શ્રીકૃષ્ણમુખારવિંદ સ્વરૂપ, વૈશ્વાનર વિભુ શ્રીવલ્લભની એ રસાત્મક વેદવાણી અહીં સતત ગૂંજે છે. અહીં જ શ્રીવલ્લભે પોતાના કૃપાપાત્ર શ્રીપરમાનંદદાસજીને 'શ્રીયમુનાષ્ટક' શીખવતાં, શ્રીવલ્લભના કૃપાપ્રસાદે વાણીસ્વરૂપે બિરાજતાં શ્રીમહારાણીજીએ શ્યામ-વલ્લભા-સ્વરૂપે શ્રીપરમાનંદદાસજીને દૃષ્ટિગોચર થઈ, અલૌકિક અષ્ટસિદ્ધિ અને અષ્ટ ઐશ્વર્યોનું મહાદાન કર્યું હતું. અહીં જ પ્રતિદિન સાયંકાલે બિરાજી શ્રીગુસાંઈજી મહારાજે અને શ્રીગોકુલેશ પ્રભુએ પોતાના સેવકોને 'શ્રીયમુનાષ્ટક'નો રસાત્મક ભાવ સમજાવી, પોતાની 'વિવૃત્તિ' દ્વારા એનું રસપાન કરાવ્યું હતું. અહીં આવતા અનેક ભગવદીયોએ 'શ્રીયમુનાષ્ટક' અને 'શ્રીયમુનાજીનાં પદો'નાં ગુણગાન દ્વારા 'સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયાંભોજ-વિષ્ટર' શ્રીવલ્લભ અને શ્રીવલ્લભા-શ્રીયમુનાજીને પ્રસન્ન કર્યાં છે.

આવા અલૌકિક સ્થળે અને અલૌકિક દિવસે શ્રીવલ્લભવાણી-નિષ્ઠ, શ્રીયમુના-પ્રીતિ-પાત્ર વૈષ્ણવોની મંડળી અહીં એકત્ર થઈ હતી. શ્રીયમુનાજીની સંધ્યા-આરતીનો સમય થયો હતો. આરતી બાદ ભગવદ્‌વાર્તાનો મંગલ પ્રારંભ થવાનો હતો. ઠકુરાની ઘાટ પરના ગવાક્ષમાં શ્રીશ્યામસુંદર સાથે શ્રીયમુના મહારાણી ગાદી-તકિયે બિરાજમાન હતાં. સૌ આરતીનાં દર્શન કરવા અધીરાં બન્યાં હતાં. ત્યાં આરતીનો મંગલ પ્રારંભ થયો. ઘંટારવના મંજુલ નિનાદના તાલે આરતીનાં તેજવલયો શ્રીયુગલ-સ્વરૂપનાં શ્રીઅંગોને જાણે પરિક્રમા કરતાં હતાં. વૈષ્ણવો પણ અત્યંત ભાવપૂર્વક રોમાંચિત બની, શ્રીયમુનાજીની આરતી સુસ્વરે સમૂહમાં ગાતાં હતાં.

આરતી પૂરી થઈ. વિજયભાઈની નજર પાછળ ગઈ.

'ઓહ, કિશોરભાઈ જ ને?'

'હા, જયશ્રીકૃષ્ણ.'

'તમે તો...'

'અમેરિકા જ છું, લોસ એન્જેલસમાં. આપણે પરીક્ષાનો છેલ્લો પેપર આપી છૂટા પડ્યા, તે જ રાતે અમેરિકા જવા ઊપડી ગયો. આજે પાછો આવ્યો!'

'એ વાતને તો વીસ વર્ષ થયાં, નહીં?'

'હા. આવો, મારા કુટુંબનો પરિચય કરાવું. આ શ્રીમતી ઉષા. અમે અમેરિકામાં જ મળ્યાં અને પરણ્યાં. હું આર્કિટેક્ટ-એન્જિનિયર. એ હાર્ટસ્પેશિયાલિસ્ટ ડૉક્ટર. એના સંગે મને વૈષ્ણવતાનો રંગ લાગ્યો.'

Please, કિશોર! અહીં તો ઠાકુરજીની જ પ્રશંસા થાય!' ઉષાબહેન ટહૂક્યાં - મલકાયાં : 'વિજયભાઈ, જયશ્રીકૃષ્ણ. તમે તો કિશોરના લંગોટિયા મિત્ર છો. એ દિવસમાં એક વખત તો તમને યાદ કરે જ કરે. તમે તો એને રોમરોમ ઓળખો, એની મીઠાશ જાણો; એટલે મારા વિષે એ આવું મીઠું બોલે એટલું જ!'

'O.K. હવે તારાં વખાણ નહિ કરું, પણ વાત તો કરું ને? આ અમારી માનસી. માનસી સેવા તો અધિકારીને જ મળે, પણ અમને દિવસમાં સો વાર 'માનસી' શબ્દ આ દીકરી બોલાવે છે. એની મમ્મીની જ 'મિનિએચર' છે!'

'અંકલ, જયશ્રીકૃષ્ણ.'

'અને આ અમારો ચિંતન... ચિંતુ! પ્રભુના ચિંતનમાં તત્પર બની, નામને સાર્થક કર્યું છે!'

'પપ્પા...! અંકલ, જયશ્રીકૃષ્ણ.'

માનસી અને ચિંતનને વિજયભાઈએ વાત્સલ્યથી પોતાના બે પડખે દબાવ્યાં.

'કિશોર, ઇન્ડિયા અનાયાસ જ આવવાનું થયું?'

'ના રે, ઉષાએ અમને સૌને શ્રીયમુનાષ્ટકનું ખૂબ ઘેલું લગાડ્યું. અમારી અઢાર વર્ષની માનસી ને સોળ વર્ષનો ચિંતન બોલતાં શીખ્યાં, ત્યારથી શ્રીયમુનાષ્ટક શીખ્યાં. મોટાં-સમજણાં થયાં ત્યારથી એક જ વાત કરે - ઇન્ડિયા ચાલો, મહારાણીનાં દર્શન-પાન કરાવો. અમે બંને અમારા કામમાં ગળાડૂબ. નીકળી ન શકાય. પણ આ વર્ષે મારે કંપનીના કામે ઇન્ડિયા આવવાનું થયું. છોકરાંને પણ વેકેશન હતું. શ્રીમહારાણીમાએ મેળ પાડી દીધો. ઠકુરાની ત્રીજે જ એમનાં દર્શન થયાં, પાન થયાં! પણ તારી વાત કરને! તું અહીં ક્યાંથી? એકલો આવ્યો છે?'

'હોય કંઈ,... એય ગીતા....!'

ગીતાબહેન દૂર બીજાં વૈષ્ણવબહેન સાથે વાત કરતાં હતાં, એ નજીક આવ્યાં.

'આ ગીતા-તારી ભાભી. ગીતા, આ કિશોર - નામથી તું એને સારી રીતે ઓળખે છે.'

'કિશોરભાઈ, જયશ્રીકૃષ્ણ. તમને તો તમારા ભાઈ ઘડીભર ભૂલતા નથી.

હું કહું, આટલા યાદ કરો છો, તો પત્ર લખો, ફોન કરો. તો કહે, ના રે, એને ફુરસદ નથી; તો હું શા માટે ફુરસદ કાઢું?'

'આ ઉષાભાભી, ને આ એમનાં માનસી અને ચિંતન.'

ગીતાબહેન ઉષાબહેનને ભેટી પડ્યાં. માનસી-ચિંતનને બાથમાં લઈ, તેમનાં ભાલ વાત્સલ્યથી ચૂમ્યાં.

'મમ્મી...'

'રાધિકા, આમ આવ. આ અમારી રાધિકા. ચિંતન અને રાધિકા ઉંમરમાં સરખાં.'

ઉષાબેને રાધિકાને વહાલ કરતાં કહ્યું : 'રાધારાણીની જ સખી છે! How sweet!'

વિજયભાઈએ કહ્યું : 'શ્રીયમુનાષ્ટકની ભગવદ્‌વાર્તાનો મનોરથ છે; એટલે અમે આવ્યાં છીએ. નવ દિવસ રોકાઈશું. તમે ક્યાં ઊતર્યાં છો? અમારી સાથે ચાલો. અમારાં બાએ અહીં એક ઘર વસાવ્યું છે. અમારી સાથે જ રહો.'

'કિશોર, આપણા ઉપર પણ શ્રીયમુનાજીની કૃપા થઈ છે. અનાયાસ શ્રીયમુનાષ્ટકનું રસપાન કરવાનો લાભ મળે છે, તો આપણે પણ રોકાઈ જઈએ.'

'હા મમ્મી. અમારે પણ શ્રીયમુનાષ્ટક સમજવું છે. હવે તો આપણને સરસ કંપની મળી છે. તમને અંકલ-આંટીની કંપની અને અમને રાધિકાની.' માનસીએ કહ્યું.

'ભલે, આપણે પણ આ ભગવદ્‌વાર્તાનો લાભ લઈએ. પણ વિજય, આ ભગવદ્‌વાર્તા કરવાનું કોણ?'

'દિનેશભાઈ....'

'જેમનાં સુંદર પુસ્તકો છે એ જ!'

'હા.'

'પપ્પા, એમનાં પુસ્તકો વાંચતાં એમ થતું કે એમને એક વાર મળીએ તો આનંદ આવે. અંકલ, એમને મેળવી આપશો?'

'એ તો અમારા સ્વજન છે. આપણે ત્યાં જ મુકામ છે. બેટા, પેટ ભરીને એમનો લાભ લેજો. રાધિકા ઉપર તો એમના ચાર હાથ છે. રાધિકા નામ જ એમણે પાડ્યું છે. તમને ખૂબ મજા આવશે.' ગીતાબહેને ચિંતનને કહ્યું.

'ગીતા, ચાલો. સૌ બેસી ગયાં છે. આપણે પણ બેસીએ.'

'ચાલો.'

સૌ દિનેશભાઈની સામે ભગવદ્‌વાર્તાના શ્રવણ માટે બેઠાં.

શ્રીઠકુરાની ઘાટ પરના ગવાક્ષમાં ફૂલની કલાત્મક ગૂંથણીવાળી પિછવાઈની રચના કરી હતી મધ્યમાં સુખડનાં સાંગા-માંચી પધરાવ્યાં હતાં. ગવાક્ષના ભૂમિતલ પર પુષ્પોની રમ્ય ભાતવાળી સાંજીનો ગાલીચો બિછાવ્યો હતો.

સાંગા-માંચી પર શ્વેત ચાદરવાળા ગાદી-તકિયા અને બગલ-તકિયા મૂક્યા હતા. તે પર શ્યામા-શ્યામ બિરાજતાં હતાં. શ્રીયમુનાજીએ લીલી ચૂંદડીનાં ચણિયા-ચોળી અને લાલ ચૂંદડીની સાડી ધરી હતી. શ્રીઅંગ પર હીરાનાં ષોડશ આભૂષણો શોભતાં હતાં. બકુલ અને મોગરાનાં પુષ્પોની માળાઓ શ્રીઅંગની શોભાને વધારતી હતી. મુખારવિંદ પર 'પિય સંગ રંગભરી' વિલસવા અને કલ્લોલવાનો પ્રસન્ન ભાવ મધુર સ્મિતરૂપે વ્યક્ત થતો હતો. શ્રીયમુનાજીના જમણા શ્રીહસ્તે શ્રીગોવર્ધનધરણ બિરાજતા હતા. લાલ ચૂંદડીનો બડો પિછોડા અને લાલ ચૂંદડીના પટકા શ્યામ શ્રીઅંગ પર શોભતા હતા. મસ્તકે લાલ ચૂંદડીની કુલેહ પર વિવિધ ચંદ્રિકા, કતરા ધારણ કર્યાં હતા. શ્રીઅંગ પર હૃદયના ગૂઢ સ્ત્રીભાવને પ્રગટ કરતા હીરાના ષોડશ શૃંગારો નખથી શિખ પર્યન્ત ધર્યા હતા. શ્રીયમુનાજીએ શ્રીકંઠમાં ધરાવેલી ગુલાબી કમળોની માળા શ્રીવૃષભાન-કિશોરીજીના પ્રસન્ન હાસ્ય-સ્વરૂપને પ્રગટ કરતી બિરાજતી હતી. મુખારવિંદ પર સર્વ વ્રજભક્તોના મનોરથ પૂર્ણ કરવાની પ્રસન્નતા ઝળકતી હતી. સાક્ષાત્ શ્રીયુગલ-સ્વરૂપ ત્યાં બિરાજી રહ્યાં હોય, એવી સૌના મનમાં સ્ફુરણા થતી હતી. પાછળ જલસ્વરૂપે શ્રીમહારાણીજી પ્રગટ બિરાજતાં હતાં. સામે વાક્પતિ શ્રીવલ્લભ લાલ કિનારના ધોતી-ઉપરણામાં વિભૂષિત બની શ્રીમહારાણીજીની સ્તુતિ કરતા જાણે બિરાજતા હતા. આપશ્રીની સન્મુખ શ્રીગુસાંઈજી મહારાજ, ચતુર્થ કુમાર શ્રીગોકુલેશજી પ્રભુ, શ્રીહરિરાયચરણ, શ્રીપુરુષોત્તમજી મહારાજ અને શ્રીદ્વારકેશજી મહારાજ બિરાજતા હોવાનો સૌને ભાસ થઈ રહ્યો હતો. જાણે શ્રીમહાપ્રભુજી મધુર સ્વરથી પૃથ્વી છંદમાં શ્રીયમુનાષ્ટકનું ગાન કરી રહ્યા હતા. એ શ્રીયમુના-રસસાગરની સન્મુખ બિરાજેલાં સર્વ વલ્લભ સ્વરૂપો પાન કરતાં-કરતાં પોતાના હૃદયમાં પ્રગટતી અલૌકિક રસાનુભૂતિ શ્રીતાતચરણો સમક્ષ નિવેદિત કરી રહ્યાં હતાં. એ શ્રીયમુના-રસવાર્તાનું પાન કરવા સૌ વૈષ્ણવજનો પણ લાલાયિત થયાં હતાં.

મુંબઈથી આવેલા શ્રીબચુભાઈએ તંબૂરના સૂર સાથે પોતાનો સ્વર મેળવી પદગાન આરંભ્યું :

શ્રીયમુનાજી તિહારો દરસ મોહિ ભાવે,
શ્રીગોકુલ કે નિકટ બહત હો લહરનકી છબિ આવૈ. (૧)
દુઃખહરની સુખકરની શ્રીયમુનાજી, જો જન પ્રાત ઉઠ ગાવૈ,
મદનમોહનજુ કી ખરી યે પ્યારી પટરાનીજી કહાવૈ. (૨)
વૃન્દાવન મેં રાસ રચ્યો હૈ, મોહન મુરલી બજાવૈ,
'સૂરદાસ' પ્રભુ તિહારે મિલન કો, બેદ બિમલ જસ ગાવૈ. (૩)

શ્રીબચુભાઈના ભક્તિભાવપૂર્ણ હૃદયમાંથી ઊઠેલા સૂરતરંગોમાં સૌ ડૂબી ગયાં. ત્યાં ભાવની મીઠાશથી પૂર્ણ સ્ત્રીકંઠમાંથી પદાવલી પ્રગટી. વેણુબહેન ભાવવિભોર બની ગાઈ રહ્યાં હતાં :

શ્રીયમુને રસખાનિકો સીસ નાઊં,
ઐસી મહિમા જાન ભક્તકો સુખદાન.
જોઈ માગૌં સોઈ જુ પાઊં,
પતિત પાવન કરન નામ લીનો તરન
દૃઢ કરિ ગ્રહી ચરન કહું ન જાઊં.
'કુંભનદાસ' લાલ ગિરિધરન મુખ નિરખત
યહી ચાહત નહીં પલક લાઊં.

ઉષાબહેને ગીતાબહેનના કાનમાં પૂછ્યું : આવું સુંદર કીર્તન ગાનાર આ બહેન કોણ છે?

'એમનું નામ વેણુબહેન. દિનેશભાઈનાં પત્ની.'

'ઠાકોરજીએ પોતાની જેમ જ એમની એ જુગલજોડી બનાવી હોય એવું લાગે છે.'

દિનેશભાઈએ શ્રીમહાપ્રભુજીનો ત્રણ વખત જયઘોષ કરાવ્યો. જયઘોષના પડઘા છેક યમુના પાર સુધી પહોચ્યા. સૌએ ઉત્સાહથી સ્વયં શ્યામસુંદર શ્રીયમુનાજીનો જયઘોષ કર્યો. દિનેશભાઈએ ટટાર થઈ, બે હાથ જોડી, આંખો મીંચી મંગલાચરણનું ગાન આરંભ્યું. એમના મુખમાંથી ધીરગંભીર ઘોષ પ્રગટ્યો. શ્રીવાક્‌પતિ વિબુધેશ્વર

શ્રીવલ્લભને એમણે મન, વાણી અને નમન સાથે વંદન કર્યાં. એમના સેવ્ય પ્રભુનું સ્મરણ કરી, એમનાં ચરણોમાં શીશ નમાવ્યું અને શ્રીમહારાણીજીને પણ મનોમન સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એમના મુખ પર ભગવદ્-ગુણગાનની કૃપા પ્રાપ્ત થયાની સૌમ્ય પ્રસન્નતા હતી. એમણે ભગવદ્‌વાર્તાનો પ્રારંભ કર્યો.

આજે અતિ પ્રસન્નતાનો વિષય છે કે શ્રીમહાપ્રભુજીની કૃપાથી આજના દિવસે, આજથી ૪૯૬ વર્ષ પૂર્વે, એમના મુખમાંથી પ્રગટેલા શ્રીયમુનાષ્ટકને, શ્રીયમુનાષ્ટકના પ્રાગટ્યસ્થાને જ વિચારવાની આપે આપણને અનુકૂળતા કરી આપી છે.

ચિંતને કહ્યું : શ્રીયમુનાષ્ટક પ્રગટ થવાનો શું કોઈ વિશિષ્ટ પ્રસંગ બન્યો હતો? મારા વાંચવામાં તો એવું આવેલું છે કે કવિઓના હૃદયમાં જ્યારે કોઈ કલ્પના જાગે, ત્યારે એ શબ્દોમાં અવતરે છે. કોઈક પ્રસંગે કાંઈક સંવેદન જાગી જાય, તો તેમાંથી કાવ્ય સરજાય છે. એવું અમારા અમેરિકાનો કવિ 'ઈલિયટ' કહે છે. આનાથી કોઈ જુદો અનુભવ શ્રીમહાપ્રભુજીને થયેલો?

હા! દીકરા. 'ઇલિયટ' જેવા કવિઓના અનુભવ કલ્પનાના અનુભવો છે. આપણા ભારતીય ઋષિ-મુનિઓને હૃદયમાં પ્રભુના સ્વરૂપની થયેલી અનુભૂતિમાંથી એમના મુખેથી કાવ્યસરિતા વહી છે. વેદ-વ્યાસજીને સમાધિમાં શ્રીભાગવતજીની લીલાઓનાં પ્રત્યક્ષ દર્શન થયાં. એ લીલાઓ શબ્દોનું સ્વરૂપ ધારણ કરીને ખૂબ સહજ રીતે તેમના મુખમાંથી પ્રગટ થઈ. આવી વાણી આપણે ત્યાં પ્રભુનું નામ-સ્વરૂપ કહેવાય છે; અને તેથી 'શબ્દને આપણા ઋષિઓએ 'બ્રહ્મ' એટલે ભગવાનનું નામ-સ્વરૂપ કહ્યું છે. મહામના વાલ્મીકિજીને તમસા નદીના કિનારે સવારે સ્નાન કરતાં પારધિના બાણથી વીંધાયેલ ક્રૌંચ (સારસ) નામના નરપક્ષીના મૃત્યુથી વિરહિણી બનેલી માદાના શોકનો અનુભવ થયો. એ લૌકિક શોક એમના કોમળ હૃદયને શ્રીરામચંદ્રજી અને સીતાજીના અલૌકિક શોકની અનુભૂતિ કરાવનારો બન્યો અને એમાંથી અનાયાસે જ રામાયણ રચાયું.

'શ્રીમહાપ્રભુજીને એવો કયો અનુભવ થયો કે જેમાંથી શ્રીયમુનાષ્ટક રચાયું?'

'સર્વ ઋષિઓ તો ભગવદ્‌ભક્તો હતા. જ્યારે ભગવાને સ્વયં જે વાણી ઉચ્ચારી એ વેદવાણી કહેવાય છે. શ્રીમહાપ્રભુજીએ સ્વયં ભાગવત પર 'શ્રીસુબોધિની' નામની ટીકા લખતાં એની શરૂઆતમાં જ પોતાનું દિવ્ય સ્વરૂપ શું છે તે પોતે જ જણાવી દીધું છે.'

'શ્રીમહાપ્રભુજીએ પોતાનું શું સ્વરૂપ જણાવ્યું?'

'શ્રીમહાપ્રભુજી કહે છે : અલૌકિક અગ્નિ એ પ્રભુનું મુખારવિંદ સ્વરૂપ છે, જેને સંસ્કૃતમાં વૈશ્વાનર કહેવામાં આવે છે. હું એ હરિવદન વૈશ્વાનર છું. આમ, શ્રીમહાપ્રભુજી પ્રભુનું મુખારવિંદ છે; એટલે એમના મુખમાંથી પ્રગટેલી વાણી વેદરૂપા છે. જગતમાં જન્મેલા અને પ્રભુકૃપાનો અનુભવ મેળવનાર ભક્ત કે ઋષિની વાણી કરતાં આ વાણી અનોખી છે, વેદરૂપ છે.'

'એમાં કોઈ કલ્પના નથી. એમાં પોતાના જ સ્વરૂપનું પોતે કરેલું નિરૂપણ છે; તેથી તે સત્ય છે, સ્વરૂપાત્મક છે.'

'આ બધું જાણ્યા પછી, શ્રીમહાપ્રભુજીના મુખમાંથી શ્રીયમુનાષ્ટક કેવી રીતે પ્રગટ થયું એ જાણવાની અધીરાઈ વધતી જાય છે. કૃપા કરીને એ પ્રસંગ જ કહો.'

વિક્રમ સંવત ૧૫૪૯ની સાલ હતી. શ્રીમહાપ્રભુજીની ઉંમર ત્યારે ચૌદ વર્ષની હતી. અગિયાર વર્ષની વયે પરિવાર અને ઘર છોડી, ખુલ્લાં ચરણથી ભારતયાત્રાએ તેઓ નીકળ્યા હતા. ત્રણ વર્ષની ભારત યાત્રા કરતાં કરતાં ૧૫૪૯ના શ્રાવણ સુદ ત્રીજની સવારે તેઓ આ સ્થળે પધાર્યા. સાથે એમના અનન્ય સેવકો દામોદરદાસ હરસાની અને કૃષ્ણદાસ મેઘન પણ હતા. કિશોર વયના શ્રીવલ્લભ મધુરાકૃતિ હતા. ઘેરો ઘઉંવર્ણો શ્રીઅંગનો વર્ણ, સરખી મધ્યમ ઊંચાઈ, પ્રથમ નજરે જ આંખો સ્થિર થઈ જાય એવી દેહાકૃતિ, ગુલાબી ઝાંયવાળું કોમળ ભાવોથી ભર્યુંભર્યું મધુર મુખારવિંદ, શ્યામને શોધતાં અનુરાગસભર કમલદલ લોચન, શુકને શરમાવે એવી તીવ્ર નાસિકા, ખંજનયુક્ત ગલદલ અને મધુર રસપૂર્ણ અધરોષ્ઠ, વિશાળ તેજસ્વી લલાટ પર પવનના સંગે ઊડીને લપટાતી અલકલટોની વચ્ચે શોભતું કુમકુમ તિલક. એમનાં દર્શન ભક્તોને પુરુષોત્તમ સ્વરૂપે થતાં. પંડિતોને સાક્ષાત્ જ્ઞાનરૂપે થતાં અને આસુરીઓને બાળતા અગ્નિરૂપે થતાં. આવા શ્રીવલ્લભ આ સ્થાન પર પધાર્યા ત્યારે અહીં નિર્જન વન હતું. ગોકુલ ગામ તિરોધાન થયું હતું. વનની ગાઢ શાંતિમાં પક્ષીઓના કલરવ સિવાય કોઈ સ્વર ન હતો. શ્રીવલ્લભે પોતાના અંતરંગ સેવક દામોદરદાસજીને પૂછ્યું :

'દમલા! યહાં અપન કો કૌન બતાવે કિ ગોવિંદ ઘાટ કહાં હૈ? ઠકુરાની ઘાટ કહાં હૈ?' દામોદરદાસજી તો શો જવાબ આપે? આપશ્રીના પ્રશ્ન, શબ્દોની પાંખ બનીને પ્રશ્નનો જવાબ મેળવવા શ્રીયમુનાજી સુધી પહોંચ્યા, અને ત્યાં જ એક અદ્‌ભુત ઘટના બની.

શ્રીયમુનાજળના ઊછળતા તરંગોની ભીતરથી એક ષોડશી સુંદરી પ્રકટ થયાં. મેઘશ્યામ વર્ણનાં એ શ્યામાના અંગ-અંગમાં અદ્‌ભુત રૂપ અને તેજ હતું. પીળી ચૂંદડીનું સૂથન, લાલ-લીલી ચૂંદડીની કાછની અને પીળી ચૂંદડીના પટકા ધારણ કર્યા હતા. મસ્તકે હીરા-માણેક જડિત મનોહર મુકુટ હતો. કર્ણમાં નીલમનાં મયૂરાકૃતિ કુંડળો ઝૂલતાં હતાં. કંઠમાં હીરા-માણેક-પન્નાના હાર હતા. ચરણમાં અણવટ, વીંછિયા, ઝાંઝર ઝમકતાં હતાં. હસ્તમાં કડાં-કંકણ-બાજુબંધનો રણકાર હતો. મુખ પર મધુરતા હતી. હોઠ પર હાસ્ય હતું. નયનોમાં નેહ હતો. ગાલ પર ગુલાબની ગરવાઈ હતી. લોલ-વિલોલ ગજગતિ હતી. સ્ત્રીરૂપ હતું; પુરુષભાવનાં વસ્ત્ર-આભૂષણ હતાં.

આવાં રમણીય રૂપરાશિનાં દર્શને હરસાનીજી આદિ ભક્તો વિસ્મિત ભાવે હરખાયા, અપલક નેત્રે નયનાભિરામ શ્યામાને નીરખી રહ્યા. એમના પદે પદે ગુલાબી કમળો પ્રકટી શ્રીયમુનાજળ પર પુલ રૂપ બની ગયાં હતાં. કમલદલ-લોચના પદ્મપથે પદ ધરતાં તદ્દન નજીક પધાર્યાં.

શ્રીમહાપ્રભુજીના અંગ-અંગમાં આનંદસાગર ઊમટ્યો. રોમેરોમ શ્રીગિરિ-વરધરણ ઝળક્યા. શ્યામસુખધામ શ્યામસુંદરીને બે હસ્તની અંજલિથી નમન કર્યું. હૃદયની ભાવભૂમિ આંદોલિત બનતાં, મુખમાંથી ધીરગંભીર પૃથ્વી છંદ પ્રકટ્યો. અપલક નેત્રે નીરખતાં સ્તુતિગાન અનાયાસ આરંભાયું : ''નમામિ યમુનામહં...''

સૌએ આ લીલાનું સ્મરણ-રમણ કરતાં દિનેશભાઈની સાથે-સાથે 'શ્રીયમુનાષ્ટક'નું ગાન કર્યું. માનસી, ચિંતન અને રાધિકા આમ તો રોજ 'શ્રીયમુનાષ્ટક' ગાતાં, પણ આજે 'શ્રીયમુનાષ્ટક'નું ગાન ગાતાં એ સૌ અત્યંત રોમાંચિત થયાં. માનસીનો રોમાંચ તેની આંખોની પાંપણો પર હર્ષાશ્રુરૂપી મોતીનાં તોરણ બની, પોતાની ચક્ષુનિકુંજમાં શ્રીયમુનાજીને પધરાવવા ઝૂલવા લાગ્યો.

'અંકલ, શ્રીયમુનાજી જ સાક્ષાત્ પધાર્યાં, એમ ને?'

'હા.'

'અંકલ, શ્રીમહાપ્રભુજીના મુખની વાણી આજે અહીં સંભળાય ખરી?'

'હા, બેટા. જેના પર એમની કૃપા થાય એમને આજેય એમની વાણી અવશ્ય સંભળાય! આપણે 'શ્રીયમુનાષ્ટક' ગાઈએ, ત્યારે એવો ભાવ રાખીને ગાવું કે આપણા હૃદયમાં બિરાજી શ્રીમહાપ્રભુજી જ આપણને ગવડાવી રહ્યા છે.'

'શ્રીયમુનાષ્ટક'નું પ્રાકટ્ય તો બહુ અદ્ભુત રીતે થયું!'

'અંકલ, ચૌદ વર્ષની ઉંમરે આટલી સુંદર રચના...?'

'બેટા, હમણાં જ આપણે જોયું-વિચાર્યું. શ્રીમહાપ્રભુજીના સ્વયંના શબ્દો સાંભળ્યા : હું 'વૈશ્વાનર ભગવન્મુખારવિંદ સ્વરૂપ છું.' માટે એમને આપણા સૌ મનુષ્યોની જેમ ઉંમરનો બાધ ન નડે.'

'ચિંતન, આપણે તો એવાય કિસ્સા સાંભળીએ છીએ કે પાંચ વર્ષની છોકરી ગણિતના કૂટપ્રશ્નો ચપટી વગાડતાં મોઢેથી ઉકેલે છે. એક સામાન્ય બાળકમાંય પ્રભુની કૃપાથી આવી અપૂર્વ શક્તિ પ્રગટે છે; તો શ્રીવલ્લભ તો સાક્ષાત્ પ્રભુ છે - વિભુ છે, એમના માટે આવો વિચાર ન કરાય.'

'Sorry, પપ્પા. મારી ભૂલ થઈ.'

'શ્રીવલ્લભ પ્રભુના મુખારવિંદ સ્વરૂપ છે, માટે જ એમની આ કૃતિની તુલનામાં બીજા કોઈની કૃતિ ટકી શકતી નથી.'

'તો શું બીજા કોઈએ પણ શ્રીયમુનાજીની સ્તુતિ કરી છે?'

'હા, વેદકાળથી લઈ આજ સુધી શ્રીયમુનાજીની સ્તુતિ થતી રહી છે. સંસ્કૃત સાહિત્યમાં 'શ્રીયમુનાષ્ટક' પણ એકથી વધુ છે.'

'અંકલ, એ સર્વ શ્રીયમુના-સ્તુતિ વિષે વિસ્તારથી કહો ને! એ સર્વ સ્તોત્રોમાં શ્રીમહાપ્રભુજી રચિત સ્તોત્ર સર્વોત્તમ છે, એ જાણતાં અમારો શ્રીમહાપ્રભુજીમાં અને શ્રીયમુનાજીમાં ભાવ વધારે વધશે.'

'તમારી જિજ્ઞાસા જાણીને ખૂબ આનંદ થયો છે, પણ આજે ખૂબ આનંદ થયો છે, પણ આજે આપણો સમય થાય છે. આવતી કાલે તમારા પ્રશ્નનો જવાબ મળશે.'

દિનેશભાઈના નેત્રસંકેતે વેણુબેને પદગાન આરંભ્યું :

શરણ પ્રતિપાલ ગોપાલ રતિવર્ધિની,
દેત પતિપંથ, પ્રિય કંથ સન્મુખ કરત,
અતુલ કરુણામયી નાથ અંગઅર્ધિની.

... ...

ઉભય કર જોર કૃષ્ણદાસ બિનતી કરૈ,
કરો અબ કૃપા કલિંદ-ગિરિ-નંદિની.

વેણુબહેનના ભાવભીના સ્વરોમાં છેલ્લી પંક્તિ વારંવાર ગવાતી રહી : 'કરો અબ કૃપા કલિંદ-ગિરિ-નંદિની.'

સૌ શ્રીયમુનાજીને-શ્રીનાથજીને-શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીને દંડવત્ પ્રણામ કરી, પરસ્પરને ભગવત્સ્મરણ કરી, પોતપોતાના મુકામે જવા છૂટાં પડ્યાં.



૨. બારબાર શ્રીયમુને ગુણગાન કીજૈ

[શ્રીયમુનાજી વિષયક સ્તુતિસાહિત્ય]

બીજા દિવસ-શ્રાવણ સુદ ચોથની સાંજે સૌ વૈષ્ણવો 'શ્રીયમુનાષ્ટક'ના રસપાન માટે શ્રીઠકુરાણી ઘાટે આવી ગયાં. દિનેશભાઈની વિનંતી સ્વીકારી, સમસ્ત પુરુષવર્ગ ધોતી-બંડીમાં સજ્જ હતો. સ્ત્રીવર્ગ પણ સાડીમાં સજ્જ હતો. ચિંતનને ધોતી-બંડીમાં જોઈ દિનેશભાઈએ તેને પાસે બોલાવી, પ્રસન્નતા વ્યક્ત કરી : 'બેટા, સેવા કરતાં રોજ આ ધોતી-બંડી પહેરજે. આમાં તારું વૈષ્ણવી વ્યક્તિત્વ કેટલું સુંદર લાગે છે!'

'ચોક્કસ, અંકલ. મને પણ આ પોશાકમાં કંઈક જુદો જ આનંદ આવે છે. મમ્મી દયા ભવૈયા નામના વૈષ્ણવની વાત કરતી હતી. મને આજે ધોતી-બંડી પહેરતાં એમની યાદ આવી ગઈ. મને ય મનમાં એમના જેવું જ Feel થાય છે - આ પોશાક પહેર્યો ત્યારથી દુનિયાના વિચારો જ જાણે ગાયબ થઈ ગયા છે.'

'બહુ સરસ.'

'અંકલ, જયશ્રીકૃષ્ણ.' 'કાકા, જય જય શ્રીગોકુલેશ.'

'જયશ્રીકૃષ્ણ, જય જય શ્રીગોકુલેશ. અરે વાહ, આ બેય ઢીંગલીઓ સાડીમાં તો ઓળખાતી જ નથી! માનસી, રાધુ, તમને સાડીમાં જોતાં ગોપીજનોનું સ્મરણ થઈ આવે છે! આપણે વ્રજમાં છીએ ને? એટલે આપણે પણ વ્રજવાસી જ છીએ. Be a Roman in Rome. વ્રજમાં પોશાક પણ વ્રજવાસીનો પહેરવો અને ભાષા પણ વ્રજની બોલવી. વ્રજરાજકુંવર શ્રીવ્રજેશને પ્રિય છે વ્રજની જ સર્વ બાબતો. 'ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું તું ગણી લેજે.' કેવું લાગે છે આ સાડીમાં?'

'અંકલ, મને તો એમ જ લાગે છે, હું પૂર્વજન્મમાં આ ગોકુળની ગોવાળણ હોઈશ.'

'કાકા, કાલથી અમે અહીંની ગોપીઓની સ્ટાઈલથી જ સાડી પહેરીશું.'

'બહુ સરસ. વિજયભાઈ, ગીતાભાભી! આપણી આ રાધિકા સાડીમાં હવે જલદી પરણાવવી પડે એટલી મોટી લાગે છે ને?'

'ના કાકા, હું તો પરણવાની જ નથી. જેનું નામ રાધિકા, એ તો નંદનંદનની જ હોય. મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ.'

'બસ હવે, અહીં બધાં સાંભળે છે!' ગીતાભાભીએ મીઠો છણકો કર્યો.

'ભાઈ, ફૂલના બંગલાની સજાવટ થઈ ગઈ છે. આપ દર્શન કરી લો, તો તેમાં ઠાકોરજીને પધરાવીએ.' મહેશભાઈએ કહ્યું.

'ચાલો.'

શ્રીઠકુરાણી ઘાટ પર જાળી-ઝરૂખાવાળા ફૂલની કલાત્મક ગૂંથણીથી શોભતા ફૂલના બંગલા સિદ્ધ થયા હતા. તેમાં શ્રીઠાકોરજી-શ્રીયમુનાજીને પધરાવ્યાં. દૂધઘરની સામગ્રીઓ સૌએ ભોગ ધરી. પછી સૌ દંડવત્ પ્રણામ કરી ભગવદ્-વાર્તા માટે બેઠાં.

ભાવનગરથી અનાયાસ આવેલા પ્રભુના લાડીલા કીર્તનકાર શ્રીવિઠ્ઠલદાસ-ભાઈએ પદગાન આરંભ્યું :

શ્રીગોકુલચંદ્ર રમન મન હરની,
હેરી શ્રીજમુને મહારાની!
શ્યામસુંદર સંગ સાંવરી બિલસત,
સુંદર રતિ રસ દાની! ૧.
શુક પિક મોર નચાવત ભાવત,
સંગ પિયા દિન રેની!
પદ અંબુજ રસ રૂપ માધુરી,
પાય કાટની છેની! ૨.
કરત કૃપા નિજજન કો પૂરન,
સકલ સિદ્ધિ કરિ લેની!
નિસદિન કેલિ કરત શ્રીબૃંદાવન,
સુંદર શ્યામ રીઝેની! ૩.

સૌ શ્યામસુંદર શ્રીયમુનામહારાણીના ગુણગાનમાં તન્મય બન્યાં હતાં. વેણુબહેને તંબૂરના તાર સાથે પોતાનો તાર-સ્વર મેળવી મંગલાચરણનો પ્રારંભ કર્યો :

વારવાર શ્રીયમુને ગુનગાન કીજૈ,
રસના તેં ભજો નામ રસ અમૃત,
ભાગ્ય જાકે હૈં સોઈ જુ પીજૈ. ૧.

ભાનુતનયા દયા અતિહિ કરુણામય,
ઈનકી કરી આસ સબ સદા હિ જીજૈ. ૨.

ચતુર્ભૂજદાસ કહે સોઈ પિય પાસ રહે,
જોઈ શ્રીજમુનાજી કે રસ જુ ભીંજે. ૩.

દિનેશભાઈએ મંગલાચરણ કર્યું :

'પ્રિય વૈષ્ણવો, કાલે આપણી સામે એક પ્રશ્ન મુકાયો હતો. યાદ છે?'

'હા, શ્રીમહાપ્રભુજીની પહેલાં અને પછી કોણે કોણે શ્રીયમુનાજીનાં સ્તોત્રો રચ્યાં છે?'

'બરાબર. સમયના ક્રમમાં જોઈએ, તો સૌ પ્રથમ વેદોમાં શ્રીયમુનાજીના સ્વરૂપનું નિરૂપણ મળે છે. જેમકે વેદની એક શ્રુતિ છે - **'ઈદં વિષ્ણુર્વિચક્રમે.'**

'એનો અર્થ શો થાય?'

'એનો અર્થ છે : શ્રીયમુનાજી જગતના પરમાત્મારૂપ ચૈતન્યનાં સૂક્ષ્મ કિરણોરૂપ છે. વેદમાં અન્ય સરિતાઓની સાથે શ્રીયમુનાજીનો ઉલ્લેખ છે. જેમકે 'ઈમં મે ગંગે યમુને સરસ્વતિ શુતુદ્રિ સ્તોમં...' (ઋગ્વેદ ૧૦-૭-૫)

'પછી અન્ય કયા સાહિત્યમાં શ્રીયમુનાજીનું વર્ણન છે?'

'પુરાણોમાં શ્રીયમુનાજીના પ્રાકટ્યનું, સ્વરૂપનું અને ગુણોનું વર્ણન છે. જેમકે 'માર્કંડેય પુરાણ'માં શ્રીયમુનાજીના પ્રાકટ્યનું વર્ણન છે. એમના પરિવારનું વર્ણન છે. એ જ પ્રમાણે પદ્મપુરાણમાં પણ છે. 'ગર્ગસંહિતા'માં તો ખૂબ વિગતવાર વર્ણન છે. ગોલોકમાં શ્રીયમુનાજી કેવી રીતે પ્રકટ થયાં, પૃથ્વી પર કેવી રીતે પધાર્યાં, શ્રીયમુનાજીનાં એક હજાર નામો વગેરે તેમાં છે. માંધાતા નામના રાજાને સૌભરિ નામના ઋષિએ શ્રીયમુના-પંચાંગ આપ્યું.

'શ્રીયમુના-પંચાંગ એટલે શું?'

'પંચાંગ એટલે પાંચ અંગોથી - પાંચ પ્રકારે નિરૂપણ. આ પંચાંગમાં (૧) શ્રીયમુના સ્તવન (૨) શ્રીયમુના સહસ્ર નામ (૩) શ્રીયમુના પટલ (૪) શ્રીયમુના કવચ અને (૫) શ્રીયમુના - પદ્ધતિનો સમાવેશ થાય છે. 'ગર્ગસંહિતા'નો ચોથો

ખંડ 'માધુર્ય ખંડ' છે. તેના પંદરમાંથી ઓગણીસમા અધ્યાય સુધીના પાંચ અધ્યાયોની આ પંચાધ્યાયીમાં શ્રીયમુનાજીના માહાત્મ્યનું, સ્વરૂપનું અને નામનું નિરૂપણ છે.'

'ધર્મસાહિત્ય સિવાય કાવ્યસાહિત્યમાં શ્રીયમુનાજીનું વર્ણન થયું હશે ખરું?'

'હા, સંસ્કૃત સાહિત્યના મહાકવિ ગણાતા કાલિદાસે 'રઘુવંશ'માં ગંગા-યમુનાના સંગમનું સુંદર વર્ણન કર્યું છે. શ્રીભાગવતજીમાં, હરિવંશ-પુરાણમાં પણ શ્રીયમુનાજીના તટપ્રદેશ પરની શ્રીઠાકોરજીની લીલાઓના વર્ણનમાં શ્રીયમુનાજીનું વર્ણન છે જ.'

'પુરાણકાળ પછીના સમયમાં શ્રીયમુનાજીની સ્તુતિ સૌ પ્રથમ કોણે કરી?'

'આદિ શંકરાચાર્યજીએ. એમણે શ્રીયમુનાજીની સ્તુતિ કરતાં બે સ્તોત્રો રચ્યાં છે. એ બંને સ્તોત્રો 'શ્રીયમુનાષ્ટક'ના નામે જ પ્રસિદ્ધ પણ છે. એ પૈકીના એક સ્તોત્રના આરંભમાં તેઓ શ્રીયમુનાજીને ભાવપૂર્વક વીનવે છે :

મુરારિકાયકાલિમાલલામવારિધારિણી
તૃણીકૃત ત્રિવિષ્ટપા ત્રિલોકશોકહારિણી ।
મનોઽનુકૂલ કૂલકુંજ પુંજ ધૂત દુર્મદા
ધુનોતુ મે મનોમલં કલિંદનંદિની સદા ।।'

'એનો અર્થ શો થાય?'

'ભગવાન શ્રીકૃષ્ણના જેવું મેઘશ્યામવર્ણનું સુંદર જળ ધારણ કરનારાં, સ્વર્ગને તણખલા સમાન બનાવી દેનારાં, ત્રણેય લોકના શોકનો નાશ કરનારાં, મનને અનુકૂળ એવા કિનારા પરના કુંજોના સમૂહથી અનિષ્ટ દૂર કરનારાં, અહંકારને ધોઈ નાખનારાં એવાં હે કલિંદનાં પુત્રી શ્રીયમુનાજી! મારા મનની મલિનતાને સદા માટે દૂર કરો.'

વૃંદાવનમાં રહેતા શ્રીકૃષ્ણચૈતન્યજીના અનુયાયી એવા એક ગોસ્વામીજી રચિત 'શ્રીયમુનાષ્ટક' પણ છે. મથુરાવાસી તૈલંગ બ્રાહ્મણ શ્રીરમેશસૂરિ નામના વિદ્વાનના પુત્રે પણ 'શ્રીયમુનાષ્ટક'ની રચના કરી છે. 'ગંગાલહરી'ના કવિ પંડિત જગન્નાથ, જેઓ શ્રીગુસાંઈજીનાં બેટીજીના વંશજ હતા, તેમણે પણ 'કલિંદનંદિની સ્તોત્ર' રચ્યું છે. આ સ્તોત્રો શ્રીમહાપ્રભુજીની પછીના સમયમાં રચાયેલાં છે.'

'શ્રીમહાપ્રભુજીના વંશજોએ શ્રીયમુનાજીનાં સ્તોત્રો રચ્યાં છે?'

'હા, શ્રીગુસાંઈજીથી લઈને ગોસ્વામી શ્રીઇન્દિરાબેટીજી સુધીનાં શ્રીવલ્લભ-વંશજોનાં વિવિધ સ્તોત્રો મળે છે, જે આ પ્રમાણે છે :

(૧) શ્રીગુસાંઈજી વિરચિત **'શ્રીયમુનાષ્ટપદી.'**

(૨) શ્રીગુસાંઈજીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજી-રચિત **'શ્રીયમુનાષ્ટક.'**

(૩) શ્રીરઘુનાથજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીદેવકીનંદનજી-રચિત **'શ્રીયમુનાષ્ટક.'**

(૪) શ્રીગુસાંઈજીના દ્વિતીય પુત્ર શ્રીગોવિંદરાયજીના પૌત્ર શ્રીહરિરાયજી રચિત **'શ્રીયમુનાવિજ્ઞપ્તિ.'**

(૫) શ્રીવલ્લભવંશજ શ્રીજીવણજી-રચિત **'શ્રીયમુનાચતુષ્પદી.'**

(૬) વર્તમાન સમયમાં શ્રીઈન્દિરાબેટીજી-રચિત **'શ્રીયમુનાષ્ટક.'**

'ઓહો, શ્રીયમુનાજીની સ્તુતિ આટલા બધા મહાનુભાવોએ, આટલાં બધાં સ્તોત્રોથી કરી છે! અમે તો આજે જ આ વાત જાણી!'

'અંકલ! તમારી વાત પરથી એવી ગણતરી થાય છે કે પુષ્ટિમાર્ગમાં ચાર 'શ્રીયમુનાષ્ટક' છે અને તે સિવાયનાં બીજાં ચાર 'શ્રીયમુનાષ્ટક' મળી સંસ્કૃત સાહિત્યમાં કુલ આઠ 'શ્રીયમુનાષ્ટક' છે.'

'હા, આપણે આટલી સંખ્યા તો જાણીએ છીએ. એ સિવાયનાં પણ કદાચ હશે. પુષ્ટિમાર્ગીય વિદ્વાનોની પણ શ્રીયમુના-સ્તુતિઓ છે, જેમકે (૧) શ્રીગદાધર પંડિત રચિત - 'શ્રીયમુનાષોડશપદી.' (૨) પંડિત ગિરિધર શર્મા રચિત - શ્રીયમુનાવિંશતી.'

'આ બધું સાહિત્ય તો સંસ્કૃતમાં જ છે ને?'

'હા. પણ ઘણા ભક્તકવિઓએ વ્રજભાષામાં, હિન્દીમાં અને ગુજરાતીમાં પણ શ્રીયમુનાજીની સ્તુતિ કરતાં પદો, ધોળ, ગરબા, ગરબી, ગઝલ વગેરેની રચના કરી છે. આ બધામાં વ્રજભાષામાં લખાયેલ 'શ્રીયમુનાજી કે ૪૧ પદ' અને ગુજરાતીમાં લખાયેલ 'શ્રીયમુનાજીની આરતી' વૈષ્ણવ પ્રેમથી રોજ ગાય છે. આ ઉપરાંત, જેમ શ્રીવલ્લભનું વર્ણન કરતાં 'શ્રીવલ્લભાખ્યાન'માં નવ આખ્યાન પ્રસિદ્ધ છે, તેમ શ્રીયમુનાજીનાં પણ નવાખ્યાન છે.'

'શ્રીયમુનાજી વિષયક આટલું બધું સાહિત્ય પ્રસિદ્ધ છે, તે પરથી એમ લાગે છે કે સૌને શ્રીયમુનાજી કેટલાં પ્રિય છે!'

'અવશ્ય.'

'અંકલ, આ બધાં સ્તોત્રો અમને મળે?'

'જરૂર. તમને છાપેલા અર્થ સાથે મેળવી આપીશ.' (આ ગ્રંથના અંતે તે આપ્યાં છે.'

'દિનેશભાઈ, એક બીજી વાત. આ બધા સાહિત્યમાં શ્રીમહાપ્રભુજી રચિત 'શ્રીયમુનાષ્ટક' સર્વોત્તમ છે, એમ તમે કાલે કહેલું, એ કેવી રીતે?'

'બહુ સરસ પ્રશ્ન કર્યો, સ્મિતાબહેન તમે. એનું કારણ એ છે કે આ સર્વ મહાનુભાવોમાં શ્રીમહાપ્રભુજી ભગવન્મુખારવિંદ સ્વરૂપ છે, તેથી વેદવાણીની જેમ તેમની વાણી પણ વેદરૂપા છે. વેદની સર્વ ઋચાઓ મંત્રાત્મક છે, તેમ શ્રીમહાપ્રભુજીના મુખમાંથી થયેલ 'શ્રીયમુનાષ્ટક' પણ વેદમંત્રરૂપ છે.'

'એ કેવી રીતે?'

'મંત્રના ઋષિ, છંદ, બીજ, વિનિયોગ આદિ હોય. 'શ્રીયમુનાષ્ટક'ના ઋષિ શ્રીમહાપ્રભુજી છે, છંદ પૃથ્વી છે, દેવતા શ્રીયમુનાજી છે, બીજ રસાત્મક પ્રભુ છે અને તેનો વિનિયોગ ભક્તિમાં આવતા પ્રતિબંધો દૂર કરી, પ્રભુપ્રાપ્તિ માટે છે. મંત્રની સિદ્ધિ તનુનવત્વની પ્રાપ્તિ છે. માટે, જેમ વેદમંત્રોચ્ચારથી અલૌકિક સિદ્ધિઓ મળે, તેમ શ્રીયમુનાષ્ટકના પાઠથી પણ અલૌકિક સિદ્ધિઓ અવશ્ય પ્રાપ્ત થાય. શ્રીમહાપ્રભુજી પોતે 'શ્રીયમુનાષ્ટક'ના નવમા શ્લોકમાં એના પાઠનાં પાંચ ફળો બતાવે છે જે આપણે તે શ્લોક સમજીશું ત્યારે વિચારીશું.'

'આ સ્તોત્રનું રહસ્ય કોઈએ સમજાવ્યું છે ખરું? કે પછી આપણે આપણી જાતે જ વિચારવાનું?'

'આ સ્તોત્ર પર પાંચ મહાનુભાવોની ચાર ટીકાઓ છે. એમાં જે રહસ્ય પ્રકટ કર્યું છે, તે જ આપણે સમજવાનું છે.'

'પાંચ લેખક અને ટીકા ચાર? એ કેવી રીતે?'

'સાંભળો. શ્રીગુસાંઈજીએ 'શ્રીયમુનાષ્ટક' પર મુખ્ય ટીકા લખવા માંડી. તેમણે છ શ્લોકની ટીકા લખી. બાકીના ત્રણ શ્લોકની ટીકા તેમની આજ્ઞાથી તેમના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજીએ લખી. આમ, મુખ્ય ટીકાના બે ટીકાકાર. તેને 'શ્રીયમુનાષ્ટક વિવૃત્તિ' નામ આપવામાં આવ્યું છે. આ ટીકા પણ રહસ્યયુક્ત છે, તેથી તેને વધારે વિસ્તારથી સમજાવવા આ મુખ્ય ટીકા પર બીજી ત્રણ પ્રટીકાઓ રચાઈ; જેમાંની એક શ્રીહરિરાયજી રચિત 'વિવૃત્તિ ટિપ્પણમ્' છે, બીજી શ્રીપુરુષોત્તમજી રચિત 'વિવૃત્તિ-વિવૃત્તિ' છે, ત્રીજી શ્રીદ્વારકેશજી (સં. ૧૮૫૨)ની

રચેલી 'વિવૃત્તિ' અથવા 'અન્વયાર્થબોધિની' છે. આ ઉપરાંત, આપણા સંપ્રદાયમાં એક વિદ્વાન થયા શ્રીબાલકૃષ્ણજી ભટ્ટ, જેઓ લાલુ ભટ્ટના નામે પ્રસિદ્ધ છે. તેમણે 'નિર્ણયાર્ણવ' નામનો ગ્રંથ લખ્યો છે; તેમાં તેમણે શ્રીમહાપ્રભુજીના વિવિધ ગ્રંથોના જે અર્થ તેમના મનમાં સ્ફુર્યા તે બતાવ્યા છે. તેમાં 'શ્રીયમુનાષ્ટક' વિષે પણ છે. અર્વાચીન સમયમાં ગો. શ્રીશ્યામમનોહરજી અને કેદારનાથ મિશ્રજીએ 'શ્રીયમુનાષ્ટક' પર સર્વ ટીકાઓના સમન્વયરૂપ હિન્દીમાં 'વિવરણ' લખ્યું છે. પં. આર. કલાધર ભટ્ટે પણ હિન્દીમાં 'વ્યાખ્યા' લખી છે. મહાનુભાવ ભક્તકવિઓએ તેમનાં પદોમાં 'શ્રીયમુનાષ્ટક'ના જ ભાવો વર્ણવ્યા છે. આપણે આ સર્વ સાહિત્યને સામે રાખીને જ 'શ્રીયમુનાષ્ટક' સમજવું છે.'

'શ્રીયમુનાષ્ટક'નો હિન્દી કે ગુજરાતીમાં પદ્યાનુવાદ થયો છે?'

'હા. હિન્દીમાં શ્રી આર. કે. ભટ્ટનો હૃદયંગમ પદ્યાનુવાદ છે. ગુજરાતીમાં ગુજરાતી સાહિત્યના મહાકવિ ન્હાનાલાલ કે જેઓ સ્વામીનારાયણ ધર્માનુયાયી હતા, તેમનો સમશ્લોકી પદ્યાનુવાદ મળે છે. આ સિવાયના પદ્યાત્મક ભાવાનુવાદો થયા છે.'

'તો તો આ સર્વની સહાયથી 'શ્રીયમુનાષ્ટક' સમજવાનું સરળ અને રસપ્રદ બને.'

'હા. આજે આપણો સમય થાય છે - કાલે શ્રીમહાપ્રભુજી જેમ પ્રેરણા કરશે, તેમ આગળ વિચારીશું.'

શ્રીયમુનાજીની આરતીનો સમય થયો હતો. સૌ આરતીનાં દર્શન કરવા ઊભાં થયાં. આરતીના નર્તન સાથે 'આરતી'ની સુરાવલીઓનું નર્તન પ્રસર્યું :

'જય જય શ્રીયમુના મા, જય જય શ્રીયમુના મા....,
સાંવલડી સૂરત મા, માધુરી મૂરત મા, માધુરી મૂરત....'

■

૩. નામ મહિમા ઐસો જુ જાનો

[શ્રીયમુનાજીના નામનો ભાવાર્થ]

આજે શ્રીયમુનાષ્ટક શિબિરનો ત્રીજો દિવસ હતો. શ્રીઠકુરાની ઘાટ પરના ગવાક્ષમાં પુષ્પવિતાનની અદ્‌ભુત સજાવટ થઈ હતી. જુઈ, ચમેલી, ગુલાબનાં પુષ્પોથી પુષ્પવિતાનની રચના કરવામાં આવી હતી. પિછવાઈ, ચંદરવા પણ ફૂલની કલાત્મક કારીગરીથી સિદ્ધ થયા હતા. શ્રીશ્યામસુંદરલાલ શ્રીશ્યામા-યમુનાજીને વામ ભાગે પધરાવી બિરાજ્યા હતા. આજે શ્રીયુગલ-સ્વરૂપે કેસરી ચૂંદડીનાં વસ્ત્રો અને શહેરાનો શૃંગાર ધર્યો હતો. 'માનો નવ દુલહનિ આઈ ગોનેં'નાં દિવ્ય દર્શન થતાં હતાં.

સૌ વૈષ્ણવો દંડવત્ પ્રણામ કરી, ભગવદ્‌વાર્તા માટે બેસી ગયાં. સૌથી આગલી હરોળમાં રાધિકા, ચિંતન, માનસી ગોઠવાઈ ગયાં હતાં. શ્રીબચુભાઈએ તંબૂરના તાર મેળવ્યા. મહેશભાઈએ તબલાંની સંગત આપી. વિઠ્ઠલભાઈની આંગળીઓ હાર્મોનિયમ પર ફરવા લાગી. શ્રીબચુભાઈએ મંગલાચરણ કર્યું :

ગુણ અપાર, મુખ એક, કહાં લૌ કહિયે?
તજો સાધન, ભજો નામ શ્રીયમુનાજી કો;
લાલ ગિરિધરનવર તબહિ પૈયે. ૧.

પરમ પુનિત પ્રીત કી, રીત સબ જાન કે,
દૃઢ કરિ ચરન-કમલ જુ ગ્રહિયે;
'છીતસ્વામી' ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
ઐસી નિધિ છાંડિ અબ કહાં જુ જઈએ? ૨.

વેણુબહેનના કોમળ કંઠમાંથી શ્રીયમુનાગાન પ્રકટ્યું :

કાલિન્દી, તું કૃષ્ણ જુ કી પ્યારી,
જૈસી કૃપા કરત હરિ હમ પર,
વૈસી હુ તુમ રાખત હો, ન્યારી. ૧.

જમુનાજલ વિલાસ ચહુ દિસ તેં
જિમિ બેઠી સબકી મહતારી;
'સૂરદાસ' હિલગન મન કી કહા કહૈં,
કુલ પ્રકૃતિ નિહારી." ૨.

દિનેશભાઈએ મેઘગંભીર સ્વરે મંગલાચરણ કરી, આંખો ખોલી. રાધિકાએ દિનેશભાઈની આંખો સાથે આંખો જોડી પૂછ્યું : 'અંકલ, આજનાં આ બંને કીર્તનમાં બે નામ આવ્યાં - ૧. યમુના, ૨. કાલિંદી. આ ઉપરાંત શ્રીયમુનાજીનાં અન્ય નામ ખરાં? આ નામોનો અર્થ સમજાવો ને.'

'તારી જિજ્ઞાસાથી આનંદ થાય છે. આજે આપણે શ્રીયમુનાજીનાં નામ, પ્રાકટ્ય, રૂપ, લીલા, ગુણોનો વિચાર કરવો છે. દુનિયાદારીમાં પણ બને છે કે પ્રથમ નજરે પ્રીત થાય. આપણે કોઈને પહેલી વાર મળીએ અને તે વ્યક્તિ આપણને ખૂબ જ ગમી જાય, એની સાથે સંબંધ વધારવાનું મન થાય; એટલે આપણે તેના વિષે વિશેષ જાણકારી મેળવીએ. જેમ જેમ એની સારી વાતો વધુ જાણવા મળે, તેમ તેમ તેના માટેનો આપણો સ્નેહ વધે. સ્નેહ વધવામાં શક્તિની સમજ મહત્ત્વનો ભાગ ભજવે છે.'

'વેણુભાભી! દિનેશભાઈનો આ અનુભવ બોલે છે?' મશ્કરા સ્વભાવના મહેશભાઈએ મમરો મૂક્યો.

અનુભવી બિના અનુભવ કહા જાન હિ,
જાકે પિયા નહિ ચિત્ત ચોરે.
પ્રેમ કે સિંધુ કો મરમ જાન્યો નહિ,
'સૂર' કહે, કહા ભયો દેહ બોરે?

વેણુભાભીએ મર્મપૂર્ણ જવાબ આપતાં સૌ હસી પડ્યાં. અપરિણીત મહેશભાઈ નીચું જોઈ ગયા.

દિનેશભાઈએ વાત આગળ ચલાવી :

'મારા-તમારા, સૌના જીવનમાં આમ જ બને છે. જે લૌકિકમાં બને છે, તે અલૌકિકમાં પણ બને છે. બે મહામના મુનિઓ અનાયાસ ભેગા થઈ ગયા. એક હતા શાંડિલ્ય, બીજા હતા નારદ. બંને ભક્તિની વાત કરવા લાગ્યા. ભક્તિ એટલે શું? શાંડિલ્ય મુનિએ કહ્યું : 'ભક્તિ એટલે ભગવાન પ્રત્યેનો પૂર્ણ પ્રેમ.' નારદજીએ કહ્યું : 'આ પ્રેમ જન્મ-સાધ્ય, પણ પ્રયત્નથી વૃદ્ધિ પામે. માટે હું એમ

કહીશ કે માહાત્મ્ય-જ્ઞાનપૂર્વક, સુદૃઢ અને સર્વથી અધિક એવો પ્રેમ પ્રભુને થાય, તેનું નામ ભક્તિ.' શ્રીમહાપ્રભુજીએ પણ ભક્તિની આ વ્યાખ્યા સ્વીકારી. પ્રભુને પ્રેમ કરવા પ્રભુના માહાત્મ્યજ્ઞાનને જાણવું જરૂરી છે. માટે શ્રીમહાપ્રભુજીએ ભજન અર્થાત્ સેવાની સાથે સ્મરણની આજ્ઞા કરી - 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્.' સેવાની સાથે કથાનો આગ્રહ આપ્યો - 'સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્.' એકલી સેવાથી પ્રભુ પ્રત્યેનો પ્રેમ પૂર્ણ ન બને. એકલી કથાથી પણ પૂર્ણ પ્રેમની પ્રાપ્તિ ન થાય. કથા-સેવાનું જીવનચક્ર ચાલતું રહે એ ખૂબ જરૂરી છે. આથી તો શ્રીકુંભનદાસજીએ સેવા-સત્સંગ બંને કરનારને આખો દીકરો કહ્યો.'

'ભાઈ, માહાત્મ્યજ્ઞાન એટલે શું?'

'માહાત્મ્ય એટલે મહાનતા. મહાનતાને જાણવી એનું નામ જ માહાત્મ્યજ્ઞાન.'

'મહાનતા કેવી રીતે જણાય?'

'જેમ ટેબલ-ખુરશીના ચાર પાયા, પવન માટેની ચાર દિશાઓ, તેમ મહાનતાનાં દર્શન કરવાનાં ચાર દ્વાર : (૧) નામ, (૨) રૂપ, (૩) ગુણ, (૪) લીલા. આ ચારને જાણવાથી એની મહાનતા સમજાય. જેમકે શ્રીકૃષ્ણની મહાનતા જાણવી છે, તો સૌ પ્રથમ 'કૃષ્ણ' નામનો અર્થ જાણવો પડે.'

'પણ અંકલ, નામ પ્રમાણે ગુણ ક્યાં હોય છે? આ ચિંતનને જ લો! એને ને.વિચારને બાર ગાઉનું છેટું!'

'એય, માનસી!'

'ચિંતન, માનસીએ મારી વાત કરવી જોઈતી હતી. મારું નામ દિનેશ. પણ હું સૂર્ય છું? રાતના અંધારામાં મને ઊભો કરો તો પ્રકાશ મળશે? દુનિયામાં માણસોનાં નામકરણ જ્યારે થાય છે, ત્યારે એ વ્યક્તિ આગળ જતાં કેવી બનશે એની કોઈને ખબર નથી હોતી; એટલે આપણને જે નામ ગમે, તે રાખી લઈએ. કવિ દલપતરામે ઠાવકાઈથી કહ્યું છે : 'નયનસુખને નયન નહિ, હસમુખને હસવું નહિ.' પણ પ્રભુ માટે આવું નથી. પ્રભુનાં ગુણ, રૂપ, લીલાના આધારે પ્રભુનું નામકરણ થયું છે. માટે 'યથા નામાઃ તથા ગુણાઃ' - એ પ્રભુ માટે સો ટકા સાચું છે. 'કૃષ્ણ' શબ્દ લો. કૃષ્+ણ. 'કૃષ્' એટલે સર્વસત્તાધીશ અને 'ણ' એટલે પૂર્ણાનંદ. જે સર્વસત્તાધીશ અને પૂર્ણાનંદ છે, તે કૃષ્ણ. આ અર્થ તેમના ગુણ

બતાવે છે. 'કૃષ્ણ' એટલે શ્યામવર્ણવાળા. આ અર્થ તેમનું રૂપ બતાવે છે. 'કૃષ્ણ' એટલે સૌના ચિત્તનું આકર્ષણ કરનારા. આ અર્થ તેમની લીલાઓની યાદ અપાવે છે. આમ, 'કૃષ્ણ' શબ્દ ઉચ્ચારતાં આપણાં અંતઃકરણની આંખ સામે કૃષ્ણનાં રૂપ, ગુણ, લીલા પ્રકટ થઈ જાય છે. એમની મહાનતા સમજાય છે. એના કારણે આપણને થાય છે કે આવા અલૌકિક પૂર્ણપુરુષોત્તમ મને સ્વામી તરીકે મળ્યા. આથી હવે મારે બીજું કંઈ મેળવવાનું બાકી રહેતું નથી. હું કૃતાર્થ છું. તેથી આપણે જપીએ છીએ : શ્રીકૃષ્ણઃ શરણં મમ. આ મંત્ર જપતાં શ્રીકૃષ્ણના માહાત્મ્યનું ચિંતન થાય; તેથી શ્રીકૃષ્ણમાં પ્રેમ વધે. પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણની સેવા કરતાં પ્રેમ દૃઢ થાય. માટે જેમને સેવવા છે, સ્નેહ કરવો છે; તેનો મહિમા જાણવો ખૂબ જરૂરી છે.'

'હવે સમજાય છે કે શ્રીચતુર્ભૂજદાસજીએ કેમ ગાયું કે,

વારવાર શ્રીયમુને ગુણગાન કીજે,
યેહી રસના તેં ભજો નામ-રસ-અમૃત,
ભાગ્ય જાકે હૈં સોઈ જુ પીજે.

'બરાબર, શ્રીચતુર્ભૂજદાસજીએ ભગવદ્‌નામને 'અમૃતરસ' કહ્યો. ગોપિકાઓએ પણ 'ગોપીગીત'માં ભગવત્‌કથાને 'અમૃત' કહી. ત્યાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જેમ ભગવાનમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવા છ અલૌકિક ગુણો છે, તે જ છ અલૌકિક ગુણો છે, તે જ છ અલૌકિક ગુણો ભગવત્‌કથામાં પણ છે. ભગવદ્‌નામ ભગવાનનું જ દ્રવીભૂત રસાત્મક સ્વરૂપ છે. તે કાનરૂપી પાત્રમાં ઝીલી, હૃદયમાં પધરાવાય છે. માટે લૌકિક નામોની જેમ ભગવદ્‌નામ નિરર્થક અને નાશવંત નથી, તે સાર્થક અને શાશ્વત છે.'

'ભાઈ, પહેલાં 'યમુના' નામનો અર્થ સમજાવો ને!'

'જરૂર. 'કૃષ્ણ' નામની જેમ જ 'યમુના' નામ પણ તેમના રૂપ, ગુણ અને લીલાને પ્રકટ કરનારું છે. 'યમુના' શબ્દ બે શબ્દોનો બનેલો છે. યમ + ઊના. 'યમ્' એટલે યમદેવ. આપણને સૌથી વધુ બીક 'યમદેવ'ની લાગે છે ને? 'ઊન' = ઓછું. સંસ્કૃતમાં વીસમાં એક ઓછું એટલે ઓગણીસ કહેવા માટે 'એકોનવિંશ' કહેવાય. આ 'ઊન' પરથી શબ્દ બન્યો 'ન્યૂન'. અહીં 'ઊન' શબ્દ 'નાનું'ના અર્થમાં છે. યમદેવથી વયમાં નાનાં એવાં જે છે તે યમુના. આમ, 'યમુના' નામ શ્રીયમુનાજીનું સ્વરૂપ બતાવનાર છે.

'અંકલ, શ્રીયમુનાજી અને યમદેવ વચ્ચે શો સંબંધ? યમદેવનું તો નામ પણ ડરાવનારું છે, જ્યારે શ્રીયમુનામા તો ખૂબ જ વહાલાં લાગે છે!'

'શ્રીયમુનાજી યમદેવનાં નાનાં બહેન થાય. એ વાત આપણે પછી સમજીશું. હવે તેમના ગુણ અને લીલા સૂચવનાર બીજા અર્થ સમજીએ. સંસ્કૃતમાં 'યમ્' ધાતુનો એક અર્થ છે મેળવી આપવું - નજીક લઈ જવું. જે જીવોને પ્રભુની નજીક લઈ જઈ, પ્રભુને મેળવી આપે તે શ્રીયમુનાજી. માટે શ્રીહરિરાયજીએ ગાયું : 'બ્રહ્મસંબંધ જબ હોત યા જીવકો તબ ઈનકી ભુજા વામ ફરકે, દોર કર, સોર કર, જાય પિયસોં કહે, અતિ હી આતુર મન જુ હરખે.' જ્યારે પૃથ્વી પર કોઈ પણ જીવ બ્રહ્મસંબંધ લઈ પ્રભુનો બને છે, ત્યારે શ્રીયમુનાજીનો ડાબો હસ્ત ફરકે છે. સ્ત્રીનું ડાબું અંગ ફરકવું એ આનંદ-મંગલ ઘટના સૂચવનારું છે. તેઓ નિત્યલીલામાં જ્યાં બિરાજતાં હોય ત્યાંથી દોડતાં પોતાના પ્રિયતમ પ્રભુ પાસે પહોંચી જાય છે અને આનંદપૂર્વક ઉચ્ચ સ્વરે વિનંતી કરે છે કે હજારો વર્ષોથી વિખૂટો પડી, ભૂલો પડી ભટકતો તમારો પ્યારો જીવ ફરી તમારા ચરણના શરણમાં આવ્યો છે. તેને હવે આપ કૃપા કરી સ્વીકારો. આવો શ્રીયમુનાજીનો પરમ ઉદાર કૃપાળુ સ્વભાવ છે.'

બચુભાઈએ કહ્યું : 'શ્રીયમુનાજીના આવા અલૌકિક સ્વભાવનું વર્ણન શ્રીસૂરદાસજી કરે છે. સાંભળો :

શ્રીયમુનાજી પતિત પાવન કરે,
પ્રથમ હી જબ દિયો દરસન, સકલ પાતક હરે. ૧.

એમનાં દર્શન થતાં જ આપણાં પાપ નાશ પામે છે અને પછી-

જબ તરંગના પરસ કર, પય પાન સોં મુખ ભરે,
નામ સુમિરત ગઈ દુર્મતિ, કૃષ્ણ યસ વિસ્તરે. ૨.

જે તેમના જલનો સ્પર્શ કરી, પયપાન કરી તેમનું નામસ્મરણ કરે છે તેની બુદ્ધિ શુદ્ધ બને છે. તે શ્રીકૃષ્ણનાં યશોગાન ગાતો થાય છે. આવું કોને થયું, એનો જવાબ શ્રીસૂરદાસજી છેલ્લી કડીમાં આપે છે :

ગોપ કન્યા કિયો મજ્જન, લાલ ગિરિધર વરે,
'સૂર' શ્રીગોપાલ સ્મરત, સકલ કાર્ય સરે. ૩.

કુમારિકાઓએ શ્રીયમુના-સ્નાન કરી, કાત્યાયની વ્રત કર્યું તો નંદકુમાર તેમને પતિરૂપે પ્રાપ્ત થયા.'

'પણ બચુભાઈ, શ્રીયમુનાજીની કૃપા વિના એમનું નામ પણ આપણી જીભે આવતું નથી. એટલે તો શ્રીકૃષ્ણદાસજી શ્રીયમુનાજીને વિનંતી કરે છે : *'ઐસી કૃપા કીજિયે, લીજિયે નામ, શ્રીયમુને જગવંદની, ગુન ન જાત કાહુ ગિની.'*

'પ્રભુનાં અન્ય સ્વામિનીઓથી શ્રીયમુનાજીનો સ્વભાવ સાવ જુદો છે, એ પણ આ 'યમુના' નામમાંથી સમજાય છે. અન્ય સ્વામિનીઓ તો સદૈવ એવું ઇચ્છે છે કે પ્રભુ કેવળ અમારા જ બનીને રહે - 'અનત ન જૈયે પિય, રહિયે હમારે હી મહલ.' પણ શ્રીયમુનાજી તો પ્રભુને વિનંતી કરે છે કે આપ મુક્તિદાતા મુકુંદ ન બની રહો. ભક્તિદાતા ભગવાન બનો. આપ સૌ શરણાગત જીવોને આપના સ્વરૂપાનંદનો સદા અનુભવ કરાવો.'

હેત કરિ દેત શ્રીયમુને વાસ કુંજે,
જહાં નિસવાસર, રાસ મેં રસિકવર,
કહો લોં બરનિયે પ્રેમપુંજે!

'માટે 'શ્રીયમુના' નામમાં રહેલા તેમના આ અદ્‌ભુત સ્વરૂપ, લીલા અને ગુણોનું ચિંતન કરતાં કરતાં શ્રીયમુનાજીનું નામ-સ્મરણ કરવું, તેમનાં પદ ગાવાં, તેમના સ્તોત્રનો પાઠ કરવો.'

'અંકલ, શ્રીયમુનાજીને 'કાલિંદી' કેમ કહ્યાં?'

'હિમાલયની ગિરિમાળાઓમાંની એક ગિરિમાળા પ્રાચીન સમયમાં 'બંદરપુચ્છ'ના નામથી જાણીતી હતી. એવી લોકકથા છે કે શ્રીહનુમાનજીએ લંકાદહન માટે સળગાવેલું તેમનું પુચ્છ સમુદ્રજળથી પણ ન હોલવાયું, ત્યારે તે હોલવવા તેઓ અહીં સુધી આવેલા. અહીંના શીતળ જળમાં તેમનું સળગતું પુચ્છ હોલવાયું, તેથી આ પ્રદેશ 'બંદરપુચ્છ' તરીકે જાણીતો થયો. આ પ્રદેશની ગિરિમાળા પુરાણમાં 'કલિંદ' પર્વત તરીકે પ્રસિદ્ધ છે.'

'એ પર્વત હાલ પણ આ જ નામથી પ્રસિદ્ધ છે!'

'ના, અત્યારના નકશામાં કલિંદ નામ જોવા મળતું નથી!'

'હિમાલય તો ખૂબ વિશાળ છે. એમાં કલિંદ પર્વત ક્યાં હશે?'

'જ્યાં આજે 'યમુનોત્રી' છે, એ જ પર્વતમાળા પ્રાચીન સમયમાં કલિંદ પર્વત કહેવાતી હશે, એમ મારું માનવું છે. શ્રીયમુનાજી આજે 'યમુનોત્રી'માંથી પ્રકટ થતાં જણાય છે.'

'એને કલિંદ કેમ કહ્યો હશે?'

'આપણાં શાસ્ત્રો કોઈ પદાર્થને જડ માનતાં જ નથી. જે જડરૂપે દેખાય છે, તેમનું પણ અલૌકિક ચેતન સ્વરૂપ છે. જેને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થાય, તેને આ અલૌકિક ચેતન સ્વરૂપનાં દર્શન થાય. કલિંદ પર્વતનું પણ અલૌકિક ચેતન રૂપ છે. એ રૂપથી કલિંદે પ્રભુની પ્રાપ્તિ માટે ઉગ્ર તપ કર્યું. તેના તપથી પ્રસન્ન થયેલા પ્રભુએ દર્શન આપી, વરદાન આપ્યું : તને કલિયુગ બાધા નહિ કરે. તારા મસ્તકે શ્રીયમુના ગોલોકમાંથી અવતરશે. તેથી તું પોતે વિશુદ્ધ રહીશ અને સૌને કલિયુગના દોષોથી વિશુદ્ધ કરવા શક્તિમાન બનીશ. તારું કલિંદ નામ સાર્થક થશે.'

'કલિંદનો અર્થ શો થાય?'

'કલિં ઘતિ-ખંડયતિ. 'ઘતિ' એટલે નાશ કરે છે. જે કલિયુગના દોષોનો નાશ કરે તે કલિંદ. શ્રીયમુનાજી ગોલોકમાંથી કલિંદના મસ્તકે થઈ પૃથ્વી પર પધાર્યાં, તેઓ કલિંદગિરિનંદિની કાલિંદી કહેવાયાં. આથી શ્રીપરમાનંદદાસજી ગાય છે :

'કાલિંદી કલિ કલમસ હરણી,
યમ અનુજા સ્યામા, મહા સુંદરી, ગોવિંદ ધરણી.
જય યમુના જય કૃષ્ણવલ્લભા, પતિતન કોં પાવન ભવતરણી.'

શ્રીસૂરદાસજી પણ ગાય છે :

નમો નમો જયતિ શ્રીયમુને,
જય કાલિંદી પુલિન મનોહર,
સ્યામા સ્યામ કરત હૈં રમને.

આમ, 'કાલિંદી' નામ બતાવે છે કે જેના મસ્તકે શ્રીયમુનાજી બિરાજે તેને કલિયુગના દોષોમાંથી મુક્તિ મળે. કલિયુગમાં કલિના દોષોમાંથી મુક્ત થવું અને સદા માટે મુક્ત રહેવું એ કાલિંદીજીની કૃપાથી જ બને. જેનું તન-મન શુદ્ધ થાય, તે જ વિશુદ્ધ પ્રભુને પામે.'

'ભાઈ, તમારી વાતમાંથી મને એક બીજી વાત સ્ફુરે છે. પ્રભુને પૃથ્વી પર પ્રકટવા ઉત્તમ કુળ જોઈએ. તેથી શ્રીકૃષ્ણ નંદ અને વસુદેવ ગૃહે પ્રકટ્યા. શ્રીરામ દશરથનંદન બન્યા. શ્રીમહાપ્રભુજી સો સોમયજ્ઞો પૂર્ણ કરનાર શ્રીલક્ષ્મણ ભટ્ટજીને ત્યાં પ્રકટ્યા. તેમ યમુનાજી કલિંદ પર્વત કે જે તપથી શુદ્ધ બની, ભક્ત બન્યા હતા, તેમના મસ્તકે પધાર્યા. આથી કલિંદ શુદ્ધ હતો, તે વિશુદ્ધ બન્યો.'

'ખૂબ સાચું જે પોતાના મનરૂપી પર્વતને - અહંકાર ઓગાળી શુદ્ધ બનાવે, તેના મનપર્વત પર શ્રીયમુનાજી પધારે. ત્યારે એ મન 'કલિંદ' બને. પર્વતની જેમ મન અડગ રહે. લૌકિક વિષયવાસનાના ટાઢ-તડકા સહન કરી, આંધી-વંટોળ-વર્ષામાં અડીખમ રહે તે પર્વત જેવા બને. તે જ શ્રીયમુનાજીને પામે. આવા બનવું આપણાં શક્તિ-સામર્થ્ય બહારનું છે. પણ શ્રીયમુનાજી જેને અપનાવે, તે આવા બની જાય. માટે તેઓ કાલિન્દી કહેવાયાં, કલિના દોષોનો નાશ કરનારાં. આમ, દુષ્ટસાધન અને નિ:સાધન જીવો માટે ભૂતળ પર પધારવાની અને કૃપા કરવાની એમની લીલા અને ગુણો બતાવનારું આ કાલિન્દી નામ છે.'

'અંકલ, તમે કહેતા હતા કે શ્રીયમુનાજીનાં બીજાં પણ અનેક નામો છે, તો તે પણ કહોને. ભગવાન માટે તો એક કવિએ ગાયું કે હરિ તારાં નામ છે હજાર, કયા નામે લખવી કંકોતરી? એમ શ્રીયમુનાજીનાં પણ હજાર નામ હશે?'

'હા, 'ગર્ગસંહિતા'માં 'શ્રીયમુના સહસ્રનામાવલિ' છે. શ્રીમહાપ્રભુજી તેમને 'સૂરસુતા', 'પદ્મબંધોઃસુતા', 'કમલજા સપત્ની' જેવાં નામોથી 'શ્રીયમુનાષ્ટક'માં સંબોધે છે. આજે પણ શ્રીયમુનાજીનું નામ-કીર્તન કર્યું. આજનો સમય થાય છે. બોલો શ્રીશ્યામસુંદર શ્રીયમુને મહારાણીકી જય.'

સૌ શ્રીયમુનાજીની આરતી ગાવા લાગ્યાં.



૪. નૈન ભર દેખ અબ ભાનુતનયા

[શ્રીયમુનાજીનાં ત્રિવિધ સ્વરૂપો]

સાયંકાલની સુરખી શ્રીઠકુરાણી ઘાટ પર ઊતરી આવી હતી. ઘાટ પર કદલીવૃક્ષોની લતા-પતાથી મઢેલી નિકુંજ સિદ્ધ કરવામાં આવી હતી. શ્રીયમુનાજીનાં શીતળ જળ પરથી સરતો સમીર નિકુંજનાં પુષ્પોની પરિમલથી ભીનો બની સુખદતાનો અનુભવ કરાવતો હતો. નિકુંજની મધ્યમાં ફૂલનો કલાત્મક ઝૂલો સિદ્ધ થયો હતો. ઝૂલા પર શ્રીભાનુતનયા સાથે શ્રીનટવરનાગર બિરાજ્યા હતા. શ્રીયુગલ સ્વરૂપે પુષ્પનાં વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં હતાં. શ્રીછબીલાજી મલ્લકાછ ટિપારામાં શોભતા હતા. શ્રીયમુનાજીએ પુષ્પકળીનાં સાડી, ચોળી ધારણ કર્યાં હતાં.

આજે મથુરાથી અનાયાસ હવેલી સંગીતના ખ્યાતનામ કીર્તનકાર મુરલીધરજી આવ્યા હતા. એમણે મંગલાચરણનો મંગલ પ્રારંભ કર્યો. એમની સાથે પદગાનમાં બચુભાઈ અને વિઠ્ઠલભાઈ પણ જોડાયા. વાયોલીન, વેણુ, સારંગીના સૂરો રામકલી રાગની જમાવટ કરતા હતા.

તિહારો દરસ હૌં પાઉં શ્રીયમુનાજી,
શ્રીગોવર્ધન શ્રીવૃંદાવન બ્રજરજ અંગ લગાઉં. ૧.
દિન દસપાંચ રહૌં શ્રીગોકુલ, શ્રીઠકુરાની ઘાટ ન્હાઉં;
દાસનકે ઉપર કરો કૃપા, સંતન કે સંગ આઉં. ૨.

શ્રીમુરલીધરજીની મીઠી બ્રજબાનીમાં શ્રીયમુનાજીનાં દર્શનનો વિરહ ઘૂંટાતો હતો. સૌ પદગાનમાં ભાવવિભોર બની ગયાં. વેણુભાભીની બંધ આંખોમાંથી પણ વિરહનાં અશ્રુકણ સરવા લાગ્યાં. વિરહજલથી ધોવાયેલાં આંતરચક્ષુઓને શ્રીમહારાણીજીની મધુર ઝાંખી થઈ હોય તેમ એમના હોઠ ગાવા લાગ્યા :

નૈન ભર અબ દેખ ભાનુતનયા,
કેલિ પિય સોં કરે, ભ્રમર તબ હી પરે,
શ્રમ જલ ભરત આનંદ મનયા. ૧.

ચલત ટેઢિ હોય, લેત પિય કો મોહી,
ઈન બિના રહત નહીં એક છિનવા
'રસિક'પ્રીતમ રાસ કરત શ્રીયમુના પાસ,
માનો નિર્ધનન કી હૈ જુ ધનયા. ૨.

વેણુભાભીના ભાવગંભીર કંઠથી 'નૈન ભર અબ દેખ ભાનુતનયા'નું આવર્તન થતું રહ્યું. જાણે સૌ શ્રીયમુનાજીની ઝાંખી કરતાં રહ્યાં!

આ ભાવ-સભર વાતાવરણમાં દિનેશભાઈએ મંગલાચરણ કર્યું.

'અંકલ, કાલે શ્રીયમુનાજીનાં નામો જાણ્યા પછી, મનમાં પ્રશ્નોનો એક મહાસાગર જાગ્યો છે. શ્રીકૃષ્ણ મથુરામાં પ્રકટ્યા. વસુદેવ-દેવકી એમનાં માતા-પિતા બન્યાં. એમ શ્રીયમુનાજી ક્યાં પ્રકટ્યાં? એમનાં માતા-પિતા કોણ? એ જળરૂપ કેમ થયાં? એ સ્રીરૂપ છે, તો વસ્રો શ્રીજીબાવાનાં કેમ પહેરે છે? સાડી-ચોળી કેમ પહેરતાં નથી? એમનું રૂપ-સ્વરૂપ કેવું હશે?'

'માનસી, તેં તો મશીનગનની જેમ એકસામટો પ્રશ્નોનો મારો ચલાવી દીધો ને!'

'શું કરું, સ્મિતા આન્ટી? કાલ રાતથી આ પ્રશ્નો મને પજવે છે. એમાં આજે શ્રીયમુનાજીના સ્વરૂપ-વર્ણનનું પદ સાંભળ્યા પછી તો ધીરજ જ ખૂટી ગઈ!'

'દીકરી, પ્રશ્નો જાગવા એ ય પ્રભુની કૃપાનું કારણ છે. કાલે શ્રીયમુનાજીના નામનો વિચાર કર્યો. આજે શ્રીયમુના રૂપનો વિચાર કરીએ. આજનો વિષય વધુ ધ્યાનથી સાંભળવા-સમજવા જેવો છે.

અત્યારે સંધ્યાકાળે આપણે પશ્ચિમ દિશામાં આથમતો સૂર્ય જોઈએ છીએ. એ સૂર્ય શું છે? જાણો છો?'

'અતિ પ્રકાશિત સળગતો અગ્નિનો પૃથ્વીથી અનેકગણો મોટો ગોળો.'

'શાબાશ. આપણી આંખે દેખાય છે એ અગનગોળો સૂર્યનું ભૌતિક સ્વરૂપ છે. આ સૂર્યનો આપણને કેવી રીતે અનુભવ થાય છે?'

'એનાં કિરણો દ્વારા એનાં પ્રકાશ અને ગરમીનો અનુભવ થાય છે.'

'તદ્દન સાચું. સૂર્ય અને સૂર્યકિરણો એક કે જુદાં?'

'એક જ.'

'સૂર્ય દેખાય છે, સૂર્યકિરણો દેખાય છે?'

'ના, અનુભવાય છે.'

'જેમ આપણા શરીરમાં રહેલા આત્માને આપણે જોઈ શકતા નથી, પણ તેના ચેતનનો અનુભવ કરી શકીએ છીએ.'

'બરાબર. વ્યક્તિ કે પદાર્થનાં આ શક્તિ-સામર્થ્ય એનું આધ્યાત્મિક સ્વરૂપ છે. તમે કોણાર્ક કે મોઢેરા ગયાં છો? ત્યાંનાં મંદિરોમાં તમને સૂર્યદેવની મૂર્તિ જોવા મળશે. સાકાર સ્વરૂપનું ચિત્ર કે મૂર્તિ બને. આથી એમ સમજાય છે કે અગનગોળા રૂપે આપણી આંખે દેખાતા સૂર્યનું દેવસ્વરૂપ પણ છે, જે એમના ભક્તોને દર્શન આપે છે. સૂર્યદેવનું આ દિવ્ય-રૂપ એ એમનું આધિદૈવિક સ્વરૂપ કહેવાય.'

'અંકલ, દુનિયાના બધા જડ-ચેતન પદાર્થોનાં આવાં ત્રણ સ્વરૂપો હોય? આપણાં પણ?'

'હા, આપણું આ દેખાતું શરીર આપણું ભૌતિક સ્વરૂપ, એમાં રહેલી વૈષ્ણવતાની શક્તિ આપણું આધ્યાત્મિક સ્વરૂપ અને શ્રીઠાકોરજીની નિત્યલીલામાં આપણું જે સ્વરૂપ, તે આપણું આધિદૈવિક સ્વરૂપ.'

'આ વાત સમજમાં આવી. જુઓ, નાથદ્વારામાં શ્રીજીબાવાનાં દર્શન થાય. તે એક સ્વરૂપ. ગિરિરાજ ધારણ કરવાની શક્તિ એ એમનું બીજું સ્વરૂપ અને સખાઓ સાથે વ્રજમાં સાક્ષાત્ ખેલે એ એમનું જ ત્રીજું સ્વરૂપ. આમ, શ્રીજીબાવા એક, પણ ત્રણ દૃષ્ટિથી દર્શન આપે, તેમનો ત્રણ રીતે અનુભવ થાય. એવું જ શ્રીમહારાણીમાનું સમજવાનું?'

'હા, આપણી આ ભૌતિક આંખોથી આપણને શ્રીયમુનાજીનાં જળ-સ્વરૂપે, ચિત્ર સ્વરૂપે કે મૂર્તિ સ્વરૂપે દર્શન થાય છે. આપણે આ ત્રણે રૂપોને જડ કે કાલ્પનિક નથી માનતા. જેમ આપણા ભૌતિક શરીરની અંદર આત્મા રહેલો છે - ભલે આપણે તેને જોઈ શકતા નથી, તેમ જળમાં, ચિત્રમાં અને મૂર્તિમાં - એની ભીતર મહારાણી-સ્વરૂપે સાક્ષાત્ શ્રીયમુનાજી બિરાજે છે. શ્રીજીબાવાના જે સ્વરૂપનાં આપણે દર્શન કરી, દંડવત્ પ્રણામ કરીએ છીએ તે સ્વરૂપની ભીતર સાક્ષાત્ હસતા-બોલતા શ્રીજીબાવા બિરાજે છે, એવી આપણને દૃઢ શ્રદ્ધા છે જ.'

'મને કવિ સુંદરમ્‌ની પંક્તિઓ યાદ આવે છે' : તેઓ મંદિરે દર્શન કરવા ગયા છે. બિરાજમાન મૂર્તિને પૂછે છે :

'તને પથ્થર તણી મૂર્તિને નમું?
નહિ, નહિ, શ્રદ્ધા તણા આસનને નમું હું નમું!'

'આમ, આપણી ભૌતિક આંખોથી દર્શન થતા સ્વરૂપની અંદર એમનાં અન્ય બે સ્વરૂપો બિરાજમાન હોવાથી, આપણે તેમનાં સેવા-સ્મરણ કરીએ છીએ, દર્શન-દંડવત્ પ્રણામ કરીએ છીએ, ખરું ને?'

'ચોક્કસ. શ્રીયમુનાજી મથુરામાં વિશ્રામઘાટે અને અહીં શ્રીગોકુલમાં ગોવિંદઘાટ-ઠકુરાનીઘાટે તથા વ્રજમંડળમાં જળ-સ્વરૂપે સૌને દર્શન આપતાં બિરાજ્યાં છે. શ્રીયમુનાજીનું પયપાન કરવાથી દુષ્ટમાં દુષ્ટ જીવને પણ યમયાતના ભોગવવી પડતી નથી. શ્રીમહાપ્રભુજી આ વાત સ્વયં બતાવે છે : 'ન જાતુ યમયાતના ભવતિ તે પયઃપાનતઃ।' આ યમુનાજીનું અલૌકિક સામર્થ્ય છે, શક્તિ છે. તે તેમનું તીર્થરૂપ સ્વરૂપ કહેવાય. શ્રીયમુનાજીનું આવું તીર્થરૂપ સ્વરૂપ પણ મથુરા-વ્રજ મંડળમાં જળસ્વરૂપની ભીતર બિરાજે છે. તે તેમનું આધ્યાત્મિક સ્વરૂપ છે.'

'ભાઈ, આપણે ત્યાં એમ કહેવાય છે કે તીર્થક્ષેત્રની યાત્રા કરવા ગયા. તો તીર્થક્ષેત્ર એટલે શું?'

'જે જળ પવિત્ર હોય તે તીર્થ કહેવાય. જ્યાંના પવિત્ર જલાશયોનો મહિમા વધારે હોય તે સ્થળ તીર્થ કહેવાય. જે ભૂમિ પવિત્ર હોય તે ક્ષેત્ર કહેવાય. જ્યાં ભૂમિની પવિત્રતા વધારે તે સ્થળ ક્ષેત્ર કહેવાય. જ્યાં જળ અને ભૂમિ બંને પવિત્ર હોય તે સ્થળ તીર્થક્ષેત્ર કહેવાય. જેમકે અહીં શ્રીગોકુળમાં જળ અને ભૂમિ બંને પવિત્ર છે, તો શ્રીગોકુળ તીર્થક્ષેત્ર કહેવાય.'

'હવે શ્રીયમુનાજીનું ત્રીજું સ્વરૂપ સમજાવો.'

'શ્રીયમુનાજીનું ત્રીજું સ્વરૂપ તે શ્રીસ્વામિની સ્વરૂપ, શ્રીમહારાણી સ્વરૂપ, સોળ વર્ષનાં નવયૌવના સ્વરૂપે નિત્યલીલામાં સદા બિરાજમાન સ્વરૂપ, જે સ્વરૂપે પોતાના જળ-સ્વરૂપની ભીતર પણ હમેશાં બિરાજે છે અને જેમના પર કૃપા કરે, તેમને આ આધિદૈવિક સ્વરૂપે દર્શન આપે છે.'

'અંકલ, હું ફરીથી કહી જઉં? શ્રીયમુનાજી જળ સ્વરૂપે, તીર્થ સ્વરૂપે અને સ્વામિની સ્વરૂપે બિરાજે છે. જળ અને સ્વામિની સ્વરૂપનાં દર્શન થાય, તીર્થ સ્વરૂપનાં દર્શન ન થાય. અનુભવ થાય. બરાબરને?'

'હા.'

'આ ત્રણે સ્વરૂપનાં યશોગાન આપણા ભગવદીય કવિઓએ ગાયાં છે. આજ્ઞા હોય તો રજૂ કરું.' બચુભાઈએ કહ્યું.

'જરૂર સંભળાવો.'

'સાંભળો. રાગ બિભાસમાં હરિદાસજી ગાય છે :

શ્રીયમુનાજી નિરખ સુખ ઉપજત,
સન્મુખ વૃંદા બિપિન સુહાયે.
શ્રી વિશ્રાંત શ્રીવલ્લભ જુ કી બેઠક,
નિર્મલ જલ યમુના કે નાહાયે. ૧.

ભુજ તરંગ સોહત અતિ નીકે,
ભવર કંકણ સુહાયે,
વ્રજપતિ કેલિ કહા કવિ બરને,
શેષ સહસ્ર મુખ પાર ન પાયે. ૨.

રવિ મંડલ દ્વારા હોય પ્રકટ,
ગિરિ કલિંદ સિર તે બ્રજ ધાયે,
'હરિદાસ' પ્રભુ સોભા નિરખત,
મન કર્મ બચન ઈનકે ગુન ગાયે. ૩.

'આ પદમાં શ્રીયમુનાજીના જલ-સ્વરૂપનું ગાન છે. શ્રીયમુનાજલ સામાન્ય નદીઓના જળ જેવું નથી. તે જળ દિવ્ય રસરૂપ છે; કારણ રાસલીલા પછી શ્રીપ્રભુએ વ્રજભક્તો સાથે જલવિહાર કર્યો ત્યારે તેમનાં ઘનીભૂત રસાત્મક સ્વરૂપ દ્રવીભૂત થતાં, એ સ્વરૂપોનો દિવ્ય રસ આ જળમાં સંમિલિત થયો છે. શ્રીમહાપ્રભુજીએ આ જળને 'સ્મર-શ્રમ-જલ' કહ્યું છે. આ જળની અલૌકિકતાનો સૌને અનુભવ છે. ગમે તેટલાં વર્ષો થાય, પણ આ જળ બગડતું નથી. આ જળ, જળરૂપે દેખાય છે, પણ તેના બુંદબુંદમાં સાક્ષાત્ શ્રીમહારાણીજી બિરાજે છે. આ ભાવ શ્રીસૂરદાસજીએ તેમના એક પદમાં આ પ્રમાણે સમજાવ્યો છે :

'પ્રેમ કે સિંધુ કો મરમ જાન્યો નહીં,
સૂર કહે કહા ભયો દેહ બોરે?'

અર્થાત્ પ્રેમરસસાગર શ્રીયમુનાજીના સ્વરૂપને સમજ્યા વિના, તેમને સામાન્ય જળ રૂપ જાણી, જેઓ તેમાં સ્નાન કરે છે, તેઓને કોઈ અલૌકિક અનુભવ થતો નથી. માટે શ્રીસૂરદાસજી કહે છે : 'ફલ ફલિત હોય, ફલરૂપ જાને.'

'ભાઈ, શ્રીયમુનાજળનું સ્વરૂપ જાણતાં એક પ્રશ્ન થાય છે કે આપણાથી શ્રીયમુનાજીમાં સ્નાન થાય? ઘણા કહે છે થાય અને કેટલાક કહે છે ન થાય. તો સાચું શું?'

'શાસ્ત્રોએ તીર્થરૂપા શ્રીયમુનાજીના માહાત્મ્યનું નિરૂપણ કરતાં એમ કહ્યું કે ગંગાજીમાં સ્નાન કરવાથી અને યમુનાજીનાં પાન કરવાથી જીવમાત્રનાં સર્વ પાપો નાશ પામે છે. શ્રીમહાપ્રભુજીએ પણ શ્રીયમુનાપાનનો જ મહિમા વર્ણવ્યો છે, સ્નાનનો નહિ. શ્રીયમુનાજીમાં બે ભગવદીયોએ કદી સ્નાન નથી કર્યું. એમના વાર્તાપ્રસંગ પરથી એમના મનનું કારણ સમજાય છે. શ્રીયમુનાજીનું જળ એ કેવળ જળ નથી, પણ જળરૂપે બિરાજમાન સાક્ષાત્ શ્રીયમુના મહારાણીજી છે. એ અલૌકિક સ્વરૂપા શ્રીમહારાણીજીને આપણો પગ કેવી રીતે અડકાડાય? લોહી, માંસ, ચામનું આ અશુદ્ધ શરીર છે. તેનો સ્પર્શ વિશુદ્ધ, અલૌકિક રસ-સ્વરૂપા શ્રીયમુનાજીને કેવી રીતે કરાવાય? માટે એ માતાનું પયપાન જ કરાય. આથી શ્રીસૂરદાસજીએ કહ્યું : 'કહા ભયો દેહ બોરે?' તો કેટલાક વૈષ્ણવો શુદ્ધ રીતે સ્નાન કર્યા પછી, શ્રીયમુનાસ્નાન કરતાં એવો ભાવ સેવે છે કે શ્રીયમુનાજી અમારાં માતા છે. માની ગોદમાં બેસવાનો બાળકનો અધિકાર છે. જે જીવો કેવળ મહાત્મી છે, એવા જીવો પાપમુક્ત થવાના સ્વાર્થથી પ્રેરાઈને ભાઈબીજે શ્રીયમુનાસ્નાન કરવા દોડે છે. સૌને સૌના ભાવ પ્રમાણે શ્રીયમુનાજી અપનાવે છે.'

'અંકલ, તમે કહ્યું કે બે ભગવદીયોએ શ્રીયમુનાજીમાં કદી પણ સ્નાન નથી કર્યું, એ કોણ? એમની વાર્તા કહો ને.'

'સાંભળો. એમાંના એક છે શ્રીકુંભનદાસજી અને બીજા છે શ્રીગોવિંદસ્વામી. શ્રીકુંભનદાસજી શ્રીમહાપ્રભુજીના સેવક અને શ્રીગોવિંદસ્વામી શ્રીગુસાંઈજીના સેવક. શ્રીકુંભનદાસજી સદા શ્રીગિરિરાજજીમાં જ રહ્યા. તેમણે કદી શ્રીયમુનાપાર ગોકુળમાં નાવમાં બેસીને પણ જવાનું મન કર્યું નહીં. એક વખત શ્રીગિરિધરજી અને શ્રીગોકુલનાથજીએ તેમને ગોકુલ લઈ જવા પાછલી રાતે સત્સંગ કરવા બોલાવ્યા. ચાલતાં ચાલતાં સત્સંગમાં શ્રીકુંભનદાસજી રસમગ્ન થઈ ગયા. તેમને ન તો તેમના દેહનું ભાન રહ્યું, ન સ્થળનું કે ન સમયનું. ભગવદ્‌વાર્તામાં રાત વીતી ગઈ. સવારનો પ્રકાશ થયો. સામે શ્રીયમુનાજીનાં દર્શન થતાં, શરીરનું ભાન આવ્યું. શ્રીગિરિધરજી અને શ્રીગોકુલનાથજીનો હસ્ત છોડાવી, શ્રીગિરિરાજ તરફ ભાગ્યા. તેઓ શ્રીયમુનાજીનું સ્મરણ કરી ગાતા ગયા :

શ્રીયમુને રસખાન કો સીસ નાઉં,
ઐસી મહિમા જાન, ભક્ત કો સુખદાન,
જોઈ માંગો સોઈ જુ પાઉં. ૧.

પતિત પાવન કરન, નામ લીનો તરન,
દૃઢ કરિ ગહિ ચરન, કહું ન જાઉં. ૨.

'કુંભનદાસ' લાલ ગિરિધરન મુખ નિરખત,
યહી ચાહત, નહિ પલક લાઉં. ૩.

શ્રીગોવિંદસ્વામીની પણ શ્રીયમુનાજીના સ્વરૂપમાં આવી પરમ આસક્તિ. એ કદી શ્રીયમુનાજીમાં સ્નાન ન કરે. એક વખત શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલ-નાથજી તેમનો બળજબરીથી હાથ પકડી શ્રીયમુનાજીના કિનારે લઈ ગયા અને જળમાં ડુબાડવા લાગ્યા, ત્યારે શ્રીગોવિંદસ્વામી પણ બળ કરી, હાથ છોડાવી ત્યાંથી ભાગ્યા. તેમણે શ્રીયમુનાજીના સ્વરૂપનો પોતાને થતો અનુભવ ગાયો :

સ્યામ સંગ સ્યામ વ્હૈ રહી શ્રીયમુને,
સુરતિ શ્રમ બિંદુ તેં, સિંધુ સી બહી ચલી,
માનો આતુર અલી રહત ભવને. ૧.

કોટિ કામહિ વારૌં, રૂપ નેનન નિહારૌં
લાલ ગિરિધરન સંગ કરત રમને.
હરખી 'ગોવિંદ' પ્રભુ નિરખ ઇનકી ઓર,
માનો નવ દુલહનિ આઈ ગમને. ૨.

આથી આપણે જેમ શ્રીજીબાવાના ચિત્ર અને મૂર્તિને સાક્ષાત્ સ્વરૂપ ગણી, તેમની સેવા કરીએ છીએ, તેમ શ્રીયમુનાજીનાં જળનાં લોટી કે ગાગર અથવા શ્રીયમુના-રજની પણ સેવા કરવામાં આવે છે. શ્રીયમુનાજીના જળમાં પણ આવો સાક્ષાત્ સ્વરૂપભાવ રાખવાનું આ ભગવદીયોએ શીખવ્યું છે. બચુભાઈ, હવે તીર્થરૂપા શ્રીયમુનાજીના માહાત્મ્યનું પદ સંભળાવો.'

'સાંભળો.'

જગત મેં શ્રીયમુનાજી પરમ કૃપાલ,
બિનતી કરત, તુરત સુન લીની, ભયે મો પે નિહાલ. ૧.

જો કોઉ મજ્જન કરત નિરંતર, ડરપત હૈ યમકાલ,
'વ્રજપતિ' કી અતિ પ્યારી, કાલિંદી સુમિરત હોત નિકાલ. ૨.

શ્રીસૂરદાસજી એક પદમાં આમ કહે છે :

શ્રીયમુનાજી બલવાન,
બ્રહ્મા જાકો ધ્યાન ધરત હૈ, પંડિત બાંચત બેદ પુરાન,
જોગી, જતિ, સતી, સંન્યાસી મગ્ન ભયે, તિહારે ગુનગાન.

પણ આપણે શ્રીનંદદાસજીની વાત યાદ રાખવા જેવી છે. આપણે તો પુષ્ટિસ્વરૂપા શ્રીયમુનાજીને સેવવાનાં છે, યમયાતનામાંથી છોડાવનાર મર્યાદા તીર્થસ્વરૂપાને નહિ. પુષ્ટિસ્વરૂપા શ્રીયમુનાજી પ્રાપ્ત થઈ જાય, તો તેમની કૃપાથી શ્રીપ્રભુ પ્રાપ્ત થાય. પછી તો એ ભક્તને મોક્ષ પણ નિરર્થક લાગે છે, ત્યાં તેને યમયાતનાનો તો ડર જ ક્યાંથી હોય? માટે શ્રીનંદદાસજી કહે છે :

ભાગ્ય સૌભાગ્ય શ્રીયમુને જુ દેઈ,
બાત લૌકિક તજો, પુષ્ટિ યમુને ભજો,
લાલ ગિરિધરનવર તબ મિલેઈ.

શ્રીપરમાનંદદાસજી ગાય છે :

યમુના યમુના ગોપાલ હી ભાવે,
યમુના યમુના કો નામ ઉચ્ચારત, ધર્મરાજ તાકી ન ચલાવે,
જે યમુના કો જાન મહાતમ, વારંવાર પ્રનામ કરે,
તે અવગાહન મજ્જન, ચિંતત તાપ તનકે હરે.
પદ્મ પુરાન કથા યહ પાવન, ધરની પ્રતિ વારાહ કરે,
તીર્થ માહાતમ જાન જગત, ગુરુસોં 'પરમાનંદદાસ' લહે.

એક પદમાં શ્રીયમુનાજીના માહાત્મ્યનું સુંદર વર્ણન છે :

હતો એક પાપી, હરિનામકો નિજાપી,
સદા કો શ્રાપી, દેહ દુલના તો પુલકી.
પર્યો હૈ અનાથ, કોઈ સગો નહિ સાથ.
જીવન મેં ઓછ રહી, સાત પાંચ પલકી.
ગોકુલ બિહારી જુ કી, કૃપા હોત ન્યારી,
નારી એક ગગરી લે આઈ, ભર તાકી છીંટ ચલકી.
દેખી જમદૂત સબે, ગયે નરપતિ પાસ,
જાકે સિર બુંદ પરી, શ્રીયમુનાજી કે જલકી.

'શ્રીકૃષ્ણનાં તુર્યપ્રિયા શ્રીયમુના મહારાણીજીનું ગાન તો પુષ્ટિભક્તોએ પેટ ભરીને કર્યું છે. સાંભળો,

કેલિ કલ્લોલન દેખં યમુને,
નંદનંદન કે કુંવર કે કેલિ રસમત્ત હી,
સુંદરી સંગ લે સુગમ ભવને. ૧.

અધર મધુપાન કર સુરત રસદાન,
કર પિય પ્યારી નિત કરત રવને.
તાહિ સમે રસભરી ભાનુતનયા ખરી,
પ્રેમ આનંદ મેં કરત ગવને. ૨.

પુણ્ય પૂર્ણ ફલે સકલ જન કે સરે,
તાહિ હિત ભૂતલ જમુને અપને,
જુગલ જોડી સોભા 'હરિદાસ' નિરખ,
દુહું કર જોર કરત નમનેં. ૩.

વેણુભાભીએ ગુજરાતી ધોળ ઉપાડ્યું, સૌએ ઝીલ્યું.

'મેં તો જુગલ સ્વરૂપે જોયાં, જે જમુનાજી રે,
મારા ભવનાં દુખડાં ખોયાં, જે જમુનાજી રે. ૧.
પહેરી ચોળી, કસુંબી સાડી, જે જમુનાજી રે,
એવાં સ્વરૂપ નિરખવાં દહાડી, જે જમુનાજી રે. ૨.
નેપૂર ઘુઘરી વાગે ચરણે, જે જમુનાજી રે.
મારું મન તમારે શરણે, જે જમુનાજી રે. ૩.
માજી, તમ પાસે મારું મન, જે જમુનાજી રે,
ઘર બેઠે તપે મારું તન, જે જમુનાજી રે. ૪.
સુંદર રૂપે શ્યામ સ્વરૂપ, જે જમુનાજી રે,
તમને મોહ્યા છે વ્રજભૂપ, જે જમુનાજી રે. ૫.
સદા બિરાજો શ્રીવ્રજમાંય, જે જમુનાજી રે,
પુષ્ટિ ભક્તની કરવા સહાય, જે જમુનાજી રે. ૬.
શોભા જોઈ કહે હરિદાસ, જે જમુનાજી રે,
અમને આપજો વ્રજમાં વાસ, જે જમુનાજી રે. ૭.
માજી, હું તો તમારો દાસ, જે જમુનાજી રે,
રાખો ચરણ કમળની પાસ, જે જમુનાજી રે. ૮.

આપણા સંપ્રદાયમાં નજીકના ભૂતકાળમાં જ પરમ ભગવદીય શ્રીવ્રજરત્નદાસભાઈ નામના મહાનુભાવ વૈષ્ણવ થઈ ગયા. તેમણે શ્રીયમુનાજીનો રસાનુભાવ વર્ણવ્યો છે, તે તેમના જ શબ્દોમાં સાંભળીએ :

સર્વ સિદ્ધિઓનું પ્રદાન કરનાર, ભક્તોના ક્લેશને હરનારાં, શ્રીકૃષ્ણસમાન સૌન્દર્ય અને ગુણધર્મ-વર્ણ-વિભૂષિત, શ્રીહરિનાં ચતુર્થપ્રિયા શ્રીયમુનામહારાણીજીને હું હર્ષપૂર્વક વંદન કરું છું. મા! મારા પર કૃપા કરો, મારું લાલન કરો. મારા મનમાં નિરંતર બિરાજો. મનને સુખ થાય તેવું કરો. આપની સ્તુતિ તો હું શું કરું! ખાલી કાલાવાલા કરું છું.

શ્રીયમુનાજી ઉભયરૂપે શોભી રહ્યાં છે, સરિતા સ્વરૂપ તેમજ પ્રિયાજી સ્વરૂપે. એ સૂર્યસુતા સરિતારૂપે હિમાલયના કલિન્દ શિખર પર પડે છે ત્યારે ત્યાં જળઘોધની કેવી અપૂર્વ શોભા થાય છે! અગાધ ફીણ ઊડતાં જળશિખરો અને પરપોટા વળી મોટો ઘોષધ્વનિ ઉત્પન્ન થાય છે.

ત્યાંથી પર્વતના વાંકા-ચૂંકા માર્ગમાં થઈને, ભૂમિને પાવન કરવા માટે નીચે પધારે છે, ત્યારે કેવું નયનરમ્ય દૃશ્ય ખડું થાય છે!

આગળ વધતાં વધતાં પધારે છે. શ્રીવ્રજમંડળમાં-ગોકુળ-મથુરાના રમણીય તટો, ઠકુરાણીઘાટ, વિશ્રામઘાટ અને એવા તો કેટલાય!

જેને અલૌકિક દૃષ્ટિનું દાન થાય, તેને આ બધું કેવું દેખાય છે?

"જ્યાં સરિતા ચામીકર મણિગણ, ઉત્તમબદ્ધ સોપાન,
કમલ કુમુદ નાના અતિ સુંદર, મધુર કરે ત્યાં ગાન."

(વલ્લભાખ્યાન-ગોપાલદાસજી)

સુવર્ણ અને મણિજડિત પગથિયાં! જળમાં ખીલેલાં કમળો અને કુમુદોની શોભા. તટ પર વન-ઉપવનો! ત્યાં વૃક્ષો પર ખીલેલાં સુગંધ-યુક્ત પુષ્પો ઉપર ભ્રમરોનો ગુંજારવ! એ પુષ્પો લઈને વ્રજભક્તો પ્રભુનાં શૃંગારાદિ કરે છે. કેવી બધી શોભા!

અને વળી કિનારા પરની શ્વેત ચમકતી રેતીમાં જ્યારે જળતરંગો વાંકા-ચૂંકા પ્રસરે છે; ત્યારે તો જાણે જળ નીચે મોતી ન ચળકી રહ્યાં હોય, એવું ભાસે છે! શી શોભા ને શો સાજ!

અરે, પણ આ કોઈ લૌકિક સરિતા થોડી જ છે! પ્રત્યેક પદાર્થનું આધિદૈવિક સ્વરૂપ હોય છે. એ સ્વરૂપે તો શ્રીયમુનાજી શ્રીકૃષ્ણનાં ચતુર્થ પ્રિયાજી છે.

શ્રીરાધાજી, શ્રીરાધાસહચરીજી, શ્રીચંદ્રાવલીજી અને ચોથાં શ્રીયમુનાજી! કેવું અનુપમ સૌભાગ્ય!

કૃપાપાત્ર ભગવદીયોને તો આપ પ્રિયાજીરૂપે દર્શન પણ આપે છે, અનુભવો જણાવે છે. અનુભવીઓએ એ સ્વરૂપ ચિત્રજીમાં ઉતાર્યું છે. એનાં તો આપણે સૌ કોઈ દર્શન કરી શકીએ છીએ. કેવું મનોહર સ્વરૂપ!

કોટિ કંદર્પ-લાવણ્ય શ્રીકૃષ્ણના જેવો જ. શ્રીયમુનાજીનો મુકુટ કાછનીનો શૃંગાર! મધુર હાસ્યયુક્ત મુખારવિંદ, ગોળ કપોલ, દાડિમશી દંતપંક્તિ, અંગ અંગમાં સુવર્ણ, હીરા, મણિ, માણેક, મુક્તાનાં નયનરમ્ય આભૂષણો; કરમાં કંકણ, ચરણમાં નૂપુરો, નાકમાં નકવેસર અને કાનમાં કર્ણફૂલ. વળી, શ્રીજીના જેવી જ કમળકુસુમોની મનોહર માળા ઉપરાંત પ્રિયતમને સમર્પવા માટે, પોતાના જળનાં કમળોની છડીઓ અને માળા શ્રીહસ્તમાં ધારણ કરેલી! કેવી બધી શોભા!

નવાઈની વાત એ છે કે આ સ્વરૂપનાં દર્શન, મહાનુભાવોને તો જળ-સ્વરૂપમાં પણ થાય છે. શ્રીવલ્લભને એવાં દર્શન થયાં છે. એનું શ્રીયમુનાષ્ટકમાં વર્ણન કર્યું છે.

કલિન્દગિરિનન્દિની શ્રીયમુનાજી વાંકી ટેઢી મલપતી રમતિયાળ ચાલે ચાલતાં, પર્વત પરથી નીચે પધારી રહ્યાં છે. પોતાના પ્રિયતમ કૃપાસાગર શ્રીકૃષ્ણને મળવા આતુર છે. ધસમસતાં જઈ રહ્યાં છે. ઉમંગ, ઉત્સાહ માતો નથી. હર્ષનું જાણે ઉરમાં પૂર ચઢ્યું છે!

ગોકુલ-મથુરા પાસે આવતાં, પ્રિયતમનું મિલન થતાં ફૂલ્યાં-ફાલ્યાં ફરે છે. મનોહર દર્શન આપે છે. જાણે તરંગરૂપી હસ્ત છે... એ હસ્તમાં ચળકતી રજનાં કણોરૂપી મોતીનાં કંકણો ધર્યાં છે.

હવે તો યુવાવસ્થામાં છે; અંગ-પ્રત્યંગ હૃષ્ટપુષ્ટ બન્યાં છે. ઉભય તટરૂપી નિતંબોથી નિતંબિની સુંદરીરૂપે, પ્રિયતમને જાણે લોભાવી રહ્યાં છે. જાણે કોઈ નવદુલહનિ પ્રથમ આણે આવી હોય!

સુરતિ શ્રમ બિંદુતેં સિંધુ સી બહી ચલી...
માનો નવ દુલહનિ આઈ ગમને.

પ્રિયતમનાં પ્યારાં ગોપગોપીઓ તો એમને વીંટળાએલાં જ રહે છે, એમની સાથે પ્રભુ ત્યાં અનેક લીલાઓ કરે છે. કુમારિકાઓએ કાત્યાયની વ્રત કર્યું. ક્યાં? શ્રીયમુનાજી સમીપે. ચીરહરણ લીલા પણ ત્યાં જ, રાસવિલાસ પણ

યમુના તટે, પનઘટ લીલા, નૌકાવિહાર પણ ત્યાં જ. અને બીજું શું શું નહિ? સર્વત્ર શ્રીયમુનાજીનો સંબંધ!

મર્યાદા-ભક્તોને શ્રીયમુનાજી મર્યાદાફળ પણ આપે છે; માટે તો શિવ, બ્રહ્માદિ દેવો; ધ્રુવજી જેવા ભક્તો આપની સ્તુતિ કરે છે. પરાશર જેવા મુનિઓને ઇચ્છિત વરદાન આપે છે. ગર્ગાચાર્ય જેવા ગર્ગસંહિતામાં સહસ્રનામોથી શ્રીયમુનાજીનાં ગુણગાન ગાય છે.

કેવળ મર્યાદાભક્તોને સિદ્ધિઓ આપનાર દેવી શ્રીગંગાજી ક્યાં અને પુષ્ટિભક્તોને પ્રભુનું મિલનસુખ અપાવનારાં શ્રીયમુનાજી ક્યાં! તુલના જ કેમ થઈ શકે...? છતાં થઈ શકે! ગંગાયમુનાનો સંગમ સમાગમ થાય છે માટે, નહિ તો ન થાત. ગંગાજીની કીર્તિ વસ્તુતઃ તો શ્રીયમુનાજીના સંગમને લીધે જ છે. પુષ્ટિભક્તો તો આ સિવાય શ્રીગંગાજીના ગુણ જ ન ગાત!

અરે! શ્રીલક્ષ્મીજીની જ વાત કરો ને! શ્રી અને સૌંદર્યની દેવી-પ્રભુની પ્રિયા, લક્ષ્મી! અને શ્રીયમુનાજી પણ શ્રી સૌંદર્ય-પરિપૂર્ણ પ્રભુનાં પરમ પ્રિયા પણ ખરાં! એટલે લક્ષ્મીજી સાથે સરખાવીએ ખરા; પણ છતાં, સમાનતા કરતાં ચઢિયાતાપણું શ્રીયમુનાજીનું સ્વીકારવું પડશે.

શ્રીયમુનાજીના વિશિષ્ટ ગુણો તો જુઓ - સર્વાત્મભાવ, 'લીલાના જીવોને પ્રભુનું મિલન હું ક્યારે કરાવું?' એવી તમન્ના, નિજજનના ક્લેશોને તો સહન જ ન કરી શકે. પાપ-ક્લેશ તુરત જ દૂર કરી દે! ભગવદીયના હૃદયમાં પ્રભુ પ્રતિ પ્રીતિ પ્રકટાવે; તનુનવત્વ આપી સેવા કરાવે અને લીલામાં બોલાવી લે.

છેવટના સમયે, શ્રીયમુનાજીની સખીઓ જીવને લેવા આવે છે. ત્યાં લઈ શ્રીયમુનાજીની વાલુકાથી એને નૂતન દેહ આપે છે; ત્યારે જ લીલામાં પ્રવેશ થાય છે.

શ્રીયમુનાજીનું કેવું અદ્‌ભુત ચરિત્ર! યમુનાજળમાં સ્નાનપાનાદિ કરનાર જીવ યમયાતનાથી તો બચી જાય છે. તે ગમે તેવો દોષવાળો હોય તો પણ કહ્યું છે કે, 'ચિત્રગુપ્ત ત્યાં પાનું ફાડે!' આ દુઃખનિવૃત્તિ.

યમ, પોતાની બહેન યમુનાનું પયપાન કરનાર પોતાના ભાણેજને દુઃખ આપે જ કેમ? એટલો ગુણ તો એનામાં હોય કે નહિ?

અને એ જીવની સુખપ્રાપ્તિની તો વાત જ શી! લક્ષ્મી સહિત નારાયણની સેવાથી મુક્તિફળ મળે. ભક્તો એને તુચ્છ ગણે છે. શ્રીયમુનાજી સહિત કૃષ્ણની સેવાથી તો પ્રિયા-પ્રિયતમના રાસ-રસનો. ભક્તનાં અંગ અંગમાં સંગમ થાય

છે; પરમ ફળરૂપ રમણસુખ પ્રાપ્ત થાય છે. શ્રીયમુનાજીની કૃપાની આ વિશિષ્ટતા!

અહો! આવાં શ્રીયમુનાજીની, યમુનાષ્ટક દ્વારા સ્તુતિ જેઓ નિત્ય કરે છે તેમને શ્રીકૃષ્ણમાં રતિ-પ્રીતિ થાય, સર્વ સિદ્ધિઓ મળે, સ્વભાવવિજય સુલભ થઈ જાય! ધન્ય ધન્ય!

'અંકલ, જ્યારે અહીં શ્રીકૃષ્ણ ભગવાન સાક્ષાત્ બિરાજતા હશે, ત્યારે શ્રીયમુનાજીના આ સ્થળની શોભા કેવી હશે?'

'બેટા, એનું વર્ણન શ્રીગોપાળદાસભાઈએ શ્રીવલ્લભાખ્યાનમાં કર્યું છે. તમારાં વેણુ આંટીના મુખેથી સાંભળો.'

જ્યાં સરિતા ચામીકર, મણિગણ, ઉભય બદ્ધ સોપાન,
કમળ, કુમુદ, નાના અલિ સુંદર, મધુપ કરે ત્યાં ગાન.

શ્રીયમુનાજીના ઉભય કિનારે સુંદર સુવર્ણમાં મણિજડિત ઘાટ અને એનાં પગથિયાં છે. ત્યાં જળમાં દિવસે વિવિધરંગી કમળો અને રાત્રિએ પોયણાં ખીલે છે. તેના પર ભમરા મધુર-મધુર ગણગણાટ કરતા ગૂંજે છે.

'કનકલતા, માલતી, મલ્લિકા, વિવિધ કુસુમ મકરંદ;
શીતલ પવન ઝકોરે લહેરે, પરસે અતિ આનંદ.'

ત્યાં ચોમેર સુંદર વનોમાં વિવિધ વૃક્ષો-લતાઓ પર સુગંધી પુષ્પો ખીલ્યાં છે. તેની સુગંધ લઈ શીતળ પવન, જાણે જમુનાજળમાં ઝબોળાઈને વહે છે. તેનો સ્પર્શ અતિ આનંદકારી છે.

'આજનો આપણો સમય થાય છે.'

'આજે તો સમય ક્યાં વહી ગયો, એની ખબર જ ન પડી.'

'સાચી વાત. 'કથા'ને ઊલટાવીએ તો 'થાક' શબ્દ મળે. જેમાં તન-મનને જરાય થાક ન લાગે, તે જ સાચી ભગવત્કથા.'

શ્રીમુરલીધરજીએ આશરાનું પદ ગાયું :

યહ પ્રસાદ હૌં પાઉં શ્રીયમુનાજી,
તુમ્હારે નિકટ રહૌં નિસવાસર, રામકૃષ્ણ ગુન ગાઊં. ૧.
મજ્જન કરૌં બિમલ જલ પાવન, ચિંતા કલુષ બહાઊં.
તિહારી કૃપા તેં ભાનુકી તનયા, હરિપદ પ્રીત બઢાઊં. ૨.
બિનતી કરૌં યહ વર માંગૌ, અધમ સંગ બિસરાઊં.
'પરમાનંદ' પ્રભુ સબ સુખદાતા, મદનગોપાલ લડાઊં. ૩.

૫. શ્રીયમુના મોહન કો મન મોહે

[શ્રીયમુનાજીનું પ્રાકટ્ય]

શ્રીયમુના ગુણગાનનો આજે પાંચમો દિવસ હતો. સૌનાં મન શ્રીયમુનારંગથી રંગાયાં હતાં, તન શ્રીયમુના-રસથી ભીંજાયાં હતાં. ચિંતન, રાધિકા અને માનસી તો હવે વહેલી સવારથી જ શ્રીઠકુરાણીઘાટે પહોંચી જઈ, બ્રાહ્મમુહૂર્તમાં શ્રીયમુનાજીને નીરખતાં, શ્રીયમુનાજીનાં સ્વરૂપનું ભાવન કરતાં, પ્રસન્નતાથી શ્રીયમુનાષ્ટકના લયબદ્ધ સ્વરે પાઠ કરતાં કરતાં, શ્રીયમુના-રસમાં મહાલતાં હતાં. વિજયભાઈ અને ગીતાભાભી, સ્મિતાબહેન અને રાધાભાભી મોડી રાત સુધી ઘાટ પર બેઠાં બેઠાં શ્રીયમુનાજીનાં પદો ગાયા કરતાં. બાકીનાં સૌ પોતપોતાની રીતે શ્રીયમુનાજીનું સ્મરણ કરતાં. ગિરીશભાઈ અને મહેશભાઈ સાંભળતી વખતે ટપકાવેલી નોંધોને, સ્મૃતિના સથવારે વિગતવાર લખવામાં મોડી રાત સુધી જાગતા, તો રેખાબહેન કાનમાં ઈયરફોન લગાવી, આગલા દિવસોની કેસેટો વારંવાર ધ્યાનથી સાંભળ્યા કરતાં. દિનેશભાઈ અને વેણુભાભી સવારથી જ શ્રીજશોદાઘાટ ચાલ્યાં જતાં. ત્યાંના રમણીય એકાંતમાં, મખમલશી મુલાયમ શ્રીયમુના-રજમાં વૃક્ષની છાયામાં બેસી, શ્રીયમુનાષ્ટકની ટીકાઓનું એકચિત્તે અવગાહન કરતાં. પાંચ દિવસથી સૌ દેહ-ગેહને જ જાણે ભૂલી ગયાં છે!

આજે શ્રીઠકુરાણી ઘાટ પર મુંબઈના કલારસિક યુવાનોએ રાસલીલાના મનોરથની સજાવટ કરી હતી. શ્વેત પિછવાઈ, ચંદરવા, દીવાલ-ગીરીઓ પર ફૂલના અછોડાઓની સુંદર ભાત ઊપસી હતી. ભૂમિ પર ધવલ બિછાત હતી. વચમાં ચાંદીના સાંગામાંચી ઉપર શ્વેત ગાદી-તકિયા અને બગલ તકિયા શોભતા હતા. ચોપાસ વર્તુળાકારે રાસની વિવિધ મુદ્રાઓમાં વ્રજભક્તો ઠાડા હતા. આગળ બંને બંને બાજુ વિવિધ વાજિંત્રો બજાવતાં ગોપિકાઓ બેઠાં હતાં. શ્રીરાસવિહારીલાલે આજે લાલ સૂથન, શ્યામ ચોળી, સફેદ કાછની અને પીળા પટકા ધારણ કર્યા હતા. શ્રીરાસરસેશ્વરી યમુનાજીએ પણ એ જ પ્રકારનાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. ઉભય સ્વરૂપોએ હીરા-માણેકનાં આભૂષણો અને મસ્તકે મુકુટ ધર્યા હતા, જાણે વ્રજભક્તોના યૂથની મધ્યમાં યુગલ સ્વરૂપ રાસ-રસ-સાગરમાં મગ્ન હતાં!

ભગવદ્વાર્તાનો પ્રારંભ થયો. વિઠ્ઠલભાઈએ પખાવજ પર થાપ મારી, ઘોર મેઘગર્જનાનો અનુભવ કરાવ્યો અને પછી રાસના નૃત્યના તાલ બજાવ્યા. શ્રીબચુભાઈએ કેદાર રાગ આલાપ્યો. ઝાંઝના તાલે, સારંગીના સથવારે તેમણે પદગાન આરંભ્યું :

રાસ-રસ-સાગર શ્રીયમુને જુ જાની,
બહત ધારા તન પ્રતિ છિન નૌતન,
રાખત અપને ઉર મેં જુ ઠાની. ૧.

ભક્તકોં સહે ભાર, દેત જુ પ્રાણ આધાર,
અતિ હી બોલત મધુર-મધુર બાની. ૨.

'શ્રીવિઠ્ઠલ' ગિરિધરનવર બસ કિયે,
કોન પેં જાત મહિમા બખાની? ૩.

દિનેશભાઈનો નેત્ર સંકેત ઝીલી વેણુભાભીએ પદગાન આરંભ્યું :

શ્રીયમુને સુખકારની પ્રાણપતિકે,
જિન્હેં ભૂલી જાત પિય, તિન્હેં સુધિ કરી દેત;
કહાં લૌં કહિયે ઈનકે જુ હિત કે? ૧.

પિય સંગ ગાન કરેં, ઉમગી જ્યોં રસ ભરેં,
દેત તારી કર, લેત ઝટકે,
'દાસ પરમાનંદ' પાયે અબ બ્રજચંદ,
યેહી જાનત અબ પ્રેમ ગતિ કે. ૨.

દિનેશભાઈએ મંગલાચરણ કરી, સૌ સ્વરૂપોને મનોમન દંડવત્ પ્રણામ કર્યાં. પછી કહેવા લાગ્યા :

'પ્રિય વૈષ્ણવો, કાલે આપણે શ્રીયમુનાજીના સ્વરૂપનો ત્રણ પ્રકારે થતો અનુભવ વિચાર્યો. આજે આપણે એમની લીલાનું ચિંતન કરીશું. સૌ પ્રથમ એમની પ્રાકટ્યલીલાને સમજીશું.'

શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજી સર્વ બાબતોમાં સમાન છે. એમ કહેવાય છે કે એક સિક્કાની બે બાજુઓ છે. શ્રીઠાકોરજી અનાદિ, અજન્મા, શાશ્વત છે. તેમનું સ્વરૂપ અપ્રાકૃત, આનંદમય છે. તેઓ સ્વતંત્ર છે. તેવી જ રીતે શ્રીયમુનાજી પણ અનાદિ, અજન્મા, શાશ્વત છે. તેમનું સ્વરૂપ પણ અપ્રાકૃત આનંદમય છે.

તેઓ પણ સર્વતંત્ર સ્વતંત્ર છે. રસાત્મક પ્રભુ પોતાના અલૌકિક રસનો બે પ્રકારે અનુભવ કરાવે છે - ઘનાત્મક રસસ્વરૂપે અને દ્રવીભૂત સ્વરૂપે.'

'અંકલ, આ ઘનાત્મક અને દ્રવીભૂત રસમાં સમજણ ન પડી.'

'સમજાવું. તમે પાણી જુઓ છો, એ જમીન પર વહે છે અર્થાત્ દ્રવે છે. તો પાણી દ્રવીભૂત કહેવાય. એ જ પાણીનો તમારા ઘરના ફ્રીઝરમાં બરફ બનાવો છો. એ બરફનો ગાંગડો વહેતો નથી, સ્થિર રહે છે. પાણીને પોતાનો કોઈ આકાર નથી. જે પાત્રમાં ભરો તેનો આકાર ધારણ કરે છે, જ્યારે બરફના ગાંગડાને પોતાનો આકાર હોય છે. બરફનો ગાંગડો ઘનીભૂત કહેવાય. એમ આનંદ સ્વરૂપ પ્રભુ જ્યારે શ્રીકૃષ્ણ સ્વરૂપ ધારણ કરે, કે અન્ય સ્વરૂપ ધારણ કરે ત્યારે તે ઘનીભૂત સ્વરૂપ કહેવાય છે. પ્રભુનો આનંદરસ ભગવદ્-વાર્તાના રૂપે વહે, ત્યારે તે દ્રવીભૂત સ્વરૂપ કહેવાય. રાસલીલાના પ્રસંગમાં શ્રીપ્રભુના શ્રીઅંગમાંથી પ્રકટેલી રસની ધારાઓ દ્રવીભૂત સ્વરૂપ છે. આ જ પ્રમાણે શ્રીપ્રભુ સાથે રાસમાં નૃત્ય કરતાં શ્રીયમુનાજી ઘનીભૂત સ્વરૂપ છે. જ્યારે અહીં વહેતાં શ્રીયમુનાજી દ્રવીભૂત સ્વરૂપે બિરાજે છે.'

'શ્રીયમુનાજીનું પ્રાકટ્ય કેવી રીતે થયું?'

'એ જ કહું છું. શ્રીપ્રભુએ પોતાના આનંદ માટે પોતાનામાંથી જ પ્રકટ કરી! વેદની શ્રુતિઓએ એનું રસમય વર્ણન કર્યું છે. સ એકાકી ન રમતે. આ ચિંતન એકલો પડી જાય તો શું થાય?'

'મને જરાય ન ગમે. હું સાવ કંટાળી જાઉં. ગમે તેની કંપની શોધી કાઢું.'

'પ્રભુએ પણ પોતાના આનંદને પ્રકટ કરવા, માણવા સૃષ્ટિને પ્રકટ કરી. જેમ કરોળિયો પોતાના મોંમાથી લાળ કાઢી, પોતાનું ઘર-જાળું બનાવે, તેમ પ્રભુ પણ પોતાની ક્રીડા માટેના સાથીદાર ઈચ્છતા હતા - સ દ્વિતીયમૈચ્છત. એટલે તેમણે પોતાના જ સ્વરૂપમાંથી પોતાના જ સ્ત્રીભાવનું સ્વરૂપ પ્રકટ કર્યુ અને તે શ્રીરાધિકાજી. જે બીજાને આનંદ આપે તે રાધા. શ્રીરાધિકાજી, આમ, પ્રભુનું જ અવર રૂપ. તેથી ભગવદીયોએ કહ્યું : 'દો વપુ, પ્રાન એક.' શ્રીરાધિકાજીએ શ્રીપ્રભુને વિનંતી કરી : આપણી ક્રીડાને યોગ્ય સૃષ્ટિ રચો. શ્રીપ્રભુએ પોતાના જ હૃદયમાંથી પોતાના સ્ત્રીભાવનું બીજું સ્વરૂપ પ્રકટ કર્યું તે શ્રીયમુનાજી. શ્રીયમુનાજીને આજ્ઞા કરી : હે યમુને, હું ગોલોકધામ પ્રકટ કરું છું. તેમાં ગિરિગોવર્ધનની તળેટીમાં તમે દ્રવીભૂત સ્વરૂપે સદા બિરાજો. આપના તટ

પ્રદેશ પર હું લીલાવિહાર કરીશ. શ્રીપ્રભુએ બાર વન અને બાર ઉપવનોવાળા ગોલોકધામને અહીં પ્રકટ કર્યું. એના મધ્યમાં ગિરિ ગોવર્ધન પ્રકટ થઈ, બિરાજ્યા. તેમની તળેટીમાં શ્રીયમુનાજી અલૌકિક દ્રવીભૂત સ્વરૂપે બિરાજ્યાં. તેમના તટપ્રદેશ પર વિવિધ સુંદર નિકુંજો પ્રકટ થઈ. છએ ઋતુઓ પણ ત્યાં એક સાથે પ્રકટ થઈ. શ્રીયુગલ સ્વરૂપની સેવામાં ગોપિકાઓનાં યૂથો, પશુઓ, પક્ષીઓ આદિ પ્રકટ થયાં. આમ, ગોલોકધામ શ્રીપ્રભુએ પોતાના જ શ્રીઅંગમાંથી પ્રકટ કર્યું. શ્રીગોપાલદાસભાઈએ શ્રીવલ્લભાખ્યાનમાં આ લીલા ગાઈ છે. વેણુ સંભળાવજે.'

વેણુભાભીએ મીઠી હલકથી ગાવા માંડ્યું :

જ્યાં વૃંદાવન આદિ અચલ શશી, શરદ રેણ બહુ વેશ;
વનદેવી પદ કુમકુમ મુખ સુખ, પરસે રંગ વિશેષ.
જ્યાં સરિતા ચામીકર મણિ ગણ, ઉભય બદ્ધ સોપાન;
કમલ, કુમુદ, નાના અલિ સુંદર, મધુર કરે ત્યાં ગાન.
કનકલતા, માલતી, મલ્લિકા, વિવિધ કુસુમ મકરંદ;
શીતલ પવન ઝકોરે લહેરે, પરસે અતિ આનંદ.
પદ્મરાગ, મરકત મણિ, સ્ફાટિક, શ્રીગોવર્ધન સોહે;
બ્રહ્મા, રુદ્ર ત્યાં કોણ બાપડા, શ્રીહરિનાં મન મોહે.
નાના પક્ષીની શબ્દ માધુરી, શોભા તણો નહિ પાર;
વિવિધ પ્રકારે જૂજવા કહેતાં, ગ્રંથ થાય વિસ્તાર.
શ્યામા શતદલ નયન સુંદરી, જૂથ તણો નહિ પાર;
અનેક રાસ-મંડલ રચના રચી, ખેલે શ્રીનંદકુમાર.
એણી પેરે નિત્ય નવલી લીલા, ઘોષ વાદ્ય ઝંકાર;
અંગ-સ્વેદ મકરંદે મોહ્યા, મધુપ કરે ગુંજાર.

'આવા નિત્ય લીલાધામ શ્રીગોલોકમાં શ્રીપ્રભુની સાથે, શ્રીપ્રભુના હૃદય પ્રદેશમાંથી પ્રકટ થયેલાં શ્રીયમુનાજી ઘનાત્મક સ્વરૂપે ષોડશી-સોળ વર્ષની વયનાં-બની બિરાજ્યાં અને દ્રવીભૂત સ્વરૂપે શ્રીપ્રભુની ક્રીડા માટે સરિતારૂપ બની બિરાજ્યાં. આમ નિત્યલીલામાં શ્રીયમુનાજીનું પ્રાકટ્ય થયું. આ પ્રાકટ્યનું રસમય વર્ણન 'ગર્ગસંહિતા'માં છે.'

'શ્રીયમુનાજી નિત્યલીલામાંથી પૃથ્વી પર કેમ પધાર્યાં? કેવી રીતે પધાર્યા?'

'હા, હવે એ પ્રકાર સાંભળીએ.'

'એક વખત શ્રીપ્રભુ શ્રીરાધિકાજી અને શ્રીયમુનાજીને સાથે લઈને લીલાવિહાર કરતા હતા. ત્યારે આપ એકાએક ઉદાસ થઈ ગયા. શ્રીરાધિકાજીએ આનંદરૂપ પ્રભુની ઉદાસીનું કારણ પૂછ્યું. આપે આજ્ઞા કરી : રાધિકે, આપણી નિત્યલીલાના ઘણા જીવો, અપરાધવશ મનુષ્ય, પ્રાણી, પક્ષીના રૂપે પૃથ્વી પર ગયા છે. ભવસાગરમાં ભટકતા આ જીવોની મને યાદ આવતાં ઉદાસ થઈ ગયો છું.'

'પ્રાણનાથ, એમના ઉદ્ધારનો ઉપાય કરો.'

'એ માટે મારે જ પૃથ્વી પર પ્રકટ થવું પડે.'

'આપના વિના અમે અહીં એક ક્ષણ પણ ન રહી શકીએ.'

'તો આપણે સૌ પૃથ્વી પર પ્રકટ થઈએ.'

'પણ આ ગોલોકધામ વિના પૃથ્વી પર બિરાજવું આપણને કેમ રુચશે!'

'એ વાત પણ સાચી. આપણે સમગ્ર ગોલોકધામને જ પૃથ્વી પર લઈ જઈએ.'

શ્રીરાધિકાજી ખૂબ પ્રસન્ન થયાં. શ્રીપ્રભુએ શ્રીયમુનાજીને આજ્ઞા કરી : 'હે યમુને! તમે મારાં કૃપાશક્તિ છો, તેથી તમે નિત્યધામ સહિત પૃથ્વી પર પ્રથમ પધારી, આપણા વિખૂટા પડેલા જીવો પર કૃપા કરો. મથુરામંડળમાં ગોલોકધામ પ્રકટ કરો. તે પ્રદેશ વ્રજ કહેવાશે. આપણે વ્રજવાસી બનીશું.'

શ્રીયમુનાજી તો સદાસર્વદા પોતાના આનંદકંદ સ્વામી શ્રીપ્રભુનું સુખ વિચારનારાં છે, તેથી શ્રીપ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરી, પૃથ્વી પર પધારવા તત્પર થયાં. આ લીલાનું પદ શ્રીનંદદાસજીએ ગાયું છે 'નેહ કારન શ્રીયમુને પ્રથમ આઈ.' શ્રીબચુભાઈ, અમને આ પદ સંભળાવો.

નેહ કારન શ્રીયમુને પ્રથમ આઈ,
ભક્ત કે ચિત્ત કી વૃત્તિ સબ જાન કે,
તહાં તે અતિ હી આતુર જુ ધાઈ. ૧.

જાકે મન જૈસી ઇચ્છા હતી તાહિકી,
તૈસી હી આય સાધ જુ પૂજાઈ;
'નંદદાસ' પ્રભુ તા પર રિઝિ રહે,
જોઈ શ્રીયમુનાજી કો જસ જુ ગાઈ. ૨.

'જેમ સારસ્વતકલ્પમાં શ્રીપ્રભુ પૃથ્વી પર એક સાથે બે સ્વરૂપે મથુરા અને ગોકુલમાં પ્રકટ થયા, તેમ શ્રીયમુનાજી પણ તે સમયમાં બે સ્વરૂપે કલિંદ પર્વત પર અને વ્રજમાં પ્રકટ થયાં. બંનેનું પ્રાકટ્ય અદ્ભુત અને અલૌકિકરૂપે થયું છે.'

'શ્રીઠાકોરજી તો મથુરામાં પ્રકટ થઈને ગોકુળ પધાર્યા. ગોકુળમાં ક્યાં પ્રકટ થયાં છે?'

'તમારી અને બીજાં ઘણાંની આ સમજ બરાબર નથી. શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતના દશમ સ્કંધના જન્મ પ્રકરણનાં 'સુબોધિની'માં આ વાત સ્પષ્ટ કરી છે. જો શ્રીકૃષ્ણ મથુરામાં વસુદેવજીનાં ત્યાં જ પ્રકટ થયા હોય, તો સમાધિમાં સાક્ષાત્ અનુભવ કરનાર વ્યાસજી અને શુકદેવજી દશમ સ્કંધના પાંચમા અધ્યાયના પ્રારંભમાં 'નંદસ્ત્વાત્મજ' શબ્દનો પ્રયોગ કરે? ત્યાં શ્રીનંદબાવાના પોતાના પુત્રના પ્રાકટ્યથી શ્રીનંદબાવાને આનંદ થયાનું વર્ણન છે.'

'એમને ત્યાં પ્રાકટ્ય ક્યારે અને કેવી રીતે થયું?'

'શ્રીપ્રભુ સારસ્વતકલ્પમાં વિવિધ હેતુઓસર પ્રકટ થયા. તેમાં અસુરોનો સંહાર કરવો, પૃથ્વીનો ભાર હળવો કરવો, ભક્તોનું અસુરોના ત્રાસથી રક્ષણ કરવું અને પૃથ્વી પર ધર્મનું સ્થાપન કરવું - આ ચાર ધર્મવિષયક કાર્યો હતાં. આ કાર્યો સિદ્ધ કરવા શ્રીપ્રભુએ પોતાનું ધર્મ-સ્વરૂપ-પુરુષોત્તમ સ્વરૂપ મથુરામાં-વસુદેવગૃહે પ્રકટ કર્યું. આ સ્વરૂપની સાથે શ્રીપ્રભુના ત્રણ વ્યૂહ અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ પણ ત્યાં પ્રકટ થયા. શ્રીપ્રભુ પોતાના વિખૂટા પડેલા દૈવી જીવોને શરણે લેવા ભૂતળ પર પધારવાના હતા. ભક્તોને પોતાની આનંદમયી લીલાઓનો રસાસ્વાદ કરાવી, સ્વરૂપાનંદનું દાન કરવા અને પૃથ્વી પર ગોલોકધામની લીલા પ્રકટ કરવા શ્રીપ્રભુ-સ્વયં ધર્મી સ્વરૂપ ગોકુલમાં શ્રીનંદરાયજીને ત્યાં પ્રકટ થયા. શ્રીપ્રભુનું ધર્મ-સ્વરૂપ પાત્ર રૂપ છે, જ્યારે ધર્મી સ્વરૂપ રસરૂપ છે. શ્રીગોકુળમાં પ્રભુના ધર્મી સ્વરૂપના પ્રાકટ્યની સાથે જ માયાનું પણ પુત્રી રૂપે પ્રાકટ્ય થયું. માયાના પ્રભાવથી શ્રીયશોદાજીથી લઈને સકલ ગોકુલવાસીઓ યોગનિદ્રાને અધીન થઈ ગયાં. તેથી શ્રીપ્રભુના પ્રાકટ્યની જાણ શ્રીયશોદાજીને પણ ન થઈ. જ્યારે શ્રીવસુદેવજી પોતાનાં ત્યાં પ્રકટ થયેલા પુરુષોત્તમ-ધર્મ-સ્વરૂપને ગોકુલમાં પધરાવી, માયા રૂપી પુત્રીને લઈ ગયા, ત્યારે મથુરાથી પધારેલા પુરુષોત્તમ-ધર્મ-સ્વરૂપમાં, ગોકુલમાં પ્રકટ થયેલા પૂર્ણપુરુષોત્તમ-ધર્મી-સ્વરૂપ બિરાજી ગયા,

જેમ પાત્રમાં રસ સમાઈ જાય તેમ. આથી માયાનું આવરણ ખસતાં શ્રીયશોદાજી અને સકલ ગોકુલવાસીઓને એક જ સ્વરૂપનાં દર્શન થયાં.

અગિયાર વર્ષ અને એકાવન દિવસ સુધી વ્રજમાં પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપ અને પુરુષોત્તમ સ્વરૂપ સાથે બિરાજ્યાં. ધર્મ-વિષયક લીલાઓ પુરુષોત્તમ-સ્વરૂપ કરી અને આનંદાત્મક લીલાઓ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપે કરી.

જ્યારે અક્રૂરજી મથુરાથી પધરાવવા આવ્યા, ત્યારે મથુરાથી પધારેલું પુરુષોત્તમ સ્વરૂપ પાછું મથુરા પધાર્યું. ગોકુળમાં પ્રકટેલું પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપ ગોપીજનોના હૃદયમાં ભાવાત્મક રીતે બિરાજી ગયું.

'વાહ! આ વાત તો આજે જ સમજાઈ.' કિશોરભાઈએ કહ્યું.

'આવી જ રીતે શ્રીયમુનાજીનું પણ પૃથ્વી પર ધર્મ અને ધર્મી સ્વરૂપે પ્રાકટ્ય થયું. શ્રીયમુનાજી પૃથ્વી પર જળ અને સ્વામિની બંને સ્વરૂપે પધાર્યાં.'

'શ્રીયમુનાજીના ધર્મ-સ્વરૂપના પ્રાકટ્યનો પ્રસંગ પહેલાં કહો.'

'સાંભળો. પદ્મપુરાણમાં એની કથા છે. ભૌતિક નદીઓની ઉત્પત્તિ જેવો જ પ્રકાર આપણી ભૌતિક દૃષ્ટિ અને સ્થૂળ બુદ્ધિથી લાગવા છતાં, એમનું પ્રાકટ્ય ભૌતિક નદીની જેમ નથી થયું એ ખાસ યાદ રાખજો. સાગરનું જળ વાદળ બની આકાશમાંથી પર્વત પર વરસે, ત્યાંથી ઝરણું બની નીચે આવે. સપાટ મેદાનમાં આવતાં વિશાળ નદીનું રૂપ લે અને પછી સાગરને જઈને મળે. શ્રીયમુનાજીનું પણ આ રીતે પ્રાકટ્ય થયાનું આપણને પહેલી નજરે લાગે, પણ તેવું નથી; કારણ પ્રભુ અજન્મા છે, તેઓ લૌકિક મનુષ્યોના પેટે લૌકિક બાળકની જેમ ગર્ભ બની, પ્રકટતા નથી. વસુદેવ, દેવકીજીની સન્મુખ ચતુર્ભૂજ સ્વરૂપે પ્રકટ થયા અને પછી દ્વિભુજ બાળક બન્યા. શ્રીયશોદાજીની સોડમાં બાલસ્વરૂપ ધારણ કરી પોઢી ગયા. ભૌતિક બાળકની જેમ જન્મ્યા નથી. માટે પ્રભુનો જન્મ થતો નથી, પ્રાકટ્ય થાય છે - પ્રભુ પ્રકટ થાય છે.'

'એ સાચું, પણ જેમ વસુદેવ-દેવકીજી દુનિયામાં પ્રભુનાં માતા-પિતા કહેવાયાં, બલરામજી પ્રભુના મોટાભાઈ કહેવાયા, તેમ શ્રીયમુનાજીનાં માતા-પિતા કોણ બન્યાં?'

'શ્રીયમુનાજી પણ બે પિતાનાં દીકરી બની ભૂતળ પર પધાર્યાં. તેથી તેમનાં બે નામ મળે છે : કલિંદતનયા અને ભાનુતનયા. તેમના પહેલા પિતા ભાનુ. એટલે સૂર્ય. આપણે આગળ જોઈ ગયા - આકાશમાં દેખાતો સૂર્ય તો ભૌતિક છે.

ભૌતિક નદીઓને જન્મ આપનારો છે. પણ અલૌકિક શ્રીયમુનાજીના પિતા પણ અલૌકિક જ હોય. તેથી શ્રીયમુનાજીને 'સૂર્યપુત્રી' કહીએ ત્યારે આકાશમાં દેખાતા સૂર્યનાં પુત્રી એમ નહિ સમજવાનું.'

'તો અલૌકિક સૂર્ય કયો?'

'અલૌકિક સૂર્ય એટલે રસાત્મક, દિવ્ય પ્રકાશાત્મક પ્રભુ-નારાયણ. એમની જ સ્તુતિ ગાયત્રી મંત્રમાં કરવામાં આવી. એ મંત્રરૂપી બીજમાંથી વેદરૂપી વૃક્ષ થયું. વેદ મનુષ્ય-રચિત નથી, પણ પ્રભુના મુખારવિંદમાંથી પ્રકટ થવાથી ભગવદ્રૂપ છે. વેદમાં નામરૂપે પ્રભુનું જ સ્વરૂપ બિરાજે છે. તેથી તેઓ 'વેદનારાયણ' કહેવાય છે. 'વેદનારાયણ' અલૌકિક સૂર્ય રૂપ, દિવ્ય તેજવાળા છે. આ વેદત્રયી રૂપ અલૌકિક આદિત્ય શ્રીયમુનાજીના પિતા છે.'

'વેદ તો ચાર છે. તમે વેદત્રયી કેમ કહી?'

'વેદ પ્રકટ થયા ત્યારે તે ત્રણ સંહિતાઓમાં પ્રસિદ્ધ હતા : (૧) ઋક્ (૨) યજુર (૩) સામ. અથર્વવેદનો સ્વીકાર પાછળથી થયાનું કહેવાય છે. તેથી પ્રાચીન સમયમાં વેદત્રયી પ્રસિદ્ધ હતી. વેદના મંત્રોમાં રહેલું ભગવત્સ્વરૂપનું જ્ઞાન, આપણી બુદ્ધિમાં ઊતરવું ખૂબ જરૂરી ગણાય. જ્ઞાનનું પ્રાથમિક રૂપ માહિતી છે. માહિતીનો વિશેષ વિચાર કરતાં તે બુદ્ધિમાં ઊતરે ત્યારે 'સમજ' કેળવાય. 'સમજ' માટે સંસ્કૃતમાં 'સંજ્ઞા' શબ્દ છે. 'સમજ'માંથી ઉપયોગ કરવાની આવડત વિકસે. આમ, જ્ઞાન વર્તનમાં આવે ત્યારે જ પરિપૂર્ણ થાય. જેમકે રસોઈમાં રોટલી બનાવવી છે, તો તે અંગેની માહિતી છે કે ઘઉંનો લોટ જોઈશે, અટામણ જોઈશે, કણક બનાવવી પડશે વગેરે; પણ આટલી માહિતીથી રોટલી બની જતી નથી. લોટમાં કેટલું પાણી રેડવું, કણકને કેવી રીતે ટૂંપવી, લુઆ પાડી કેવી રીતે વણવા, સગડી પર કેવી રીતે શેકવી એની સમજ મેળવવી પડે. પછી જાતે પ્રેકટીસ કરવી પડે. એમ કરતાં કરતાં રોટલી વણવાનું જ્ઞાન થાય. આ જ રીતે, વેદત્રયીમાં રહેલા ભગવત્સ્વરૂપની માહિતી મળે, પછી એ સ્વરૂપની 'સંજ્ઞા' - સમજ-પ્રાપ્ત થાય કે મારે આ સ્વરૂપનો અનુભવ કરવો છે. તો તે માટે યમ-નિયમપૂર્વક ધર્મનું પાલન કરવું પડે. ધર્મપાલન જીવસાધ્ય નથી, પરંતુ પ્રભુકૃપા-સાધ્ય છે, તેથી ધર્મ-પાલન માટે પ્રભુકૃપા પ્રાપ્ત થતાં તે દ્વારા ભગવત્પ્રાપ્તિ થાય. આપણે અગાઉ જોઈ ગયા છીએ કે દરેક પદાર્થનાં દિવ્ય આધિદૈવિક સ્વરૂપ છે. તે પ્રમાણે વેદત્રયીનું આધિદૈવિક સ્વરૂપ દિવ્ય તેજવાળા, રસાત્મક અલૌકિક સૂર્ય સ્વરૂપ નારાયણ

ભગવાન. વેદની સમજ એટલે 'સંજ્ઞા'નું આધિદૈવિક દેવી સ્વરૂપ 'સંજ્ઞા' એ નારાયણ ભગવાનનાં પત્ની. નારાયણ અને સંજ્ઞાથી અલૌકિક ધર્મદેવ પ્રકટ થયા. ધર્મ પળાવવા યમ-નિયમ ખૂબ જરૂરી. તે ન પાળે તેને દંડ દેવો પણ જરૂરી. માટે ધર્મદેવ યમરાજના નામે પ્રસિદ્ધ થયા. ધર્મપાલન માટે આવશ્યક પ્રભુ કૃપા સ્ત્રીસ્વરૂપે નારાયણ ભગવાન અને સંજ્ઞા દ્વારા પ્રકટી - તે શ્રીયમુનાજી. ધર્મદેવ પછી તેમનું પ્રાકટ્ય થયું. માટે તેઓ 'યમભગિની' 'યમુના' કહેવાય.'

'ટૂંકમાં ફરી કહી જઉં તો, શ્રીયમુનાજીના પિતા અલૌકિક વેદત્રયી સૂર્યરૂપ નારાયણ. સંજ્ઞાદેવી એમનાં માતા. યમરાજ ધર્મદેવ એમના મોટાભાઈ. સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ પ્રભુ એમના સ્વામી, બરાબર ને?'

'હા. શ્રીયમુનાજીના અલૌકિક પરિવારનું વર્ણન એક પદમાં છે. તે વેણુ પાસેથી સાંભળીએ. 'સૂરશ્યામ' છાપની રચનાવાળું આ પદ શ્રીસૂરદાસજીનું છે. શ્રીસૂરદાસજીનો સવા લાખ પદો રચવાનો મનોરથ પૂરો કરવા, સ્વયં ઠાકોરજીએ ૨૫ હજાર પદો 'સૂરશ્યામ'ની છાપથી રચ્યાનું કહેવાય છે. આમાં સ્વયં શ્રીઠાકોરજીએ આ પદમાં શ્રીયમુનાજીના પરિવારનો પરિચય કરાવ્યો છે.'

"હમ લઈ સ્યામ સરન યમુના કી,
તિહારે ચરન, મૈયા, લાગો રી ધ્યાન,
માતા તિહારી સંઝયા તારન,
પિતા તિહારે સૂરજ ભાન.
ધર્મરાજ સે બંધુ તિહારે,
પતિ તિહારે શ્રીભગવાન."

'શ્રીયમુનાજીના આ પ્રાકટ્યની વધાઈ ઈચ્છારામજી નામના ભગવદીયે ગાઈ છે. આસાવરી રાગમાં છે. સાંભળો.' બચુભાઈએ કહ્યું.

"દિનકર ઘર આનંદ ઉદિત બઢ્યો અતિ,
ચલી સખી આજ બધાયે;
પ્રકટ ભઈ જમુના જગતારન સબ મિલિ મંગલ ગાવે. ૧.
ધનિ કુખ્ય સંઝા-રાનીકી એસી સુતા જો જાઈ,
કૃષ્ણ પ્રિય પટરાની જન્મ સુન જિત તિત બજત બધાઈ. ૨.
ચૈત્ર માસ સુભ લગ્ન મુહુરત છઠ ગુરુવાર ઉજેરી,
સુરત નિસાત નાચત નરનારી, ગાવત દે દે હેરી. ૩.

ઘર ઘર મંગલ મુદિત માનિની, મોતિન ચોક પુરાવે,
ધ્વજા પતાકા કદલી રોપત, બંદનબાર બંધાવે. ૪.
અધમ ઉદ્ધારન કારન ભૂ પર ભાગ્યન દે દરસાઈ,
મહિમા અપરંપાર કહા કહૌં, બેદ પુરાનન ગાઈ. ૫.

'આમ, અલૌકિક ભાનુસુતા સ્વરૂપે શ્રીયમુનાજીનું પ્રાકટ્ય ચૈત્ર સુદ છઠ ને ગુરુવારે થયું. તેથી આજે પણ તે દિવસે આપણે શ્રીયમુનાજીનો ઉત્સવ મનાવીએ છીએ. આમ, ભાનુસુતા રૂપે પ્રકટ થતાં જ શ્રીયમુનાજી ષોડશ વર્ષનું વય-રૂપ ધારણ કરી, પોતાના અલૌકિક સ્વામી શ્રીકૃષ્ણચંદ્રને મળવા સીધાં પધાર્યાં. આ શ્રીયમુનાજીનું અલૌકિક રસાત્મક ઘનીભૂત સ્વરૂપ.'

'તો કલિંદતનયા એ કયું સ્વરૂપ છે?'

'શ્રીગોલોકધામમાં બિરાજતું દ્રવીભૂત સ્વરૂપ. શ્રીપ્રભુની આજ્ઞાથી એ દ્રવીભૂત સ્વરૂપ ગોલોકમાંથી કલિંદ પર્વતના મસ્તકે જળધોધરૂપે પધાર્યું. જેનું વર્ણન શ્રીમહાપ્રભુજીએ 'શ્રીયમુનાષ્ટક'માં કર્યું છે. એ દ્રવીભૂત ધર્મ-સ્વરૂપ કલિંદ પર્વત પરથી પૃથ્વી પર પધાર્યું. સ્થૂળ દૃષ્ટિએ વાત કરીએ તો, શ્રીયમુના નદી યમુનોત્રીના હિમપ્રવાહમાંથી નીકળી, પ્રયાગમાં ગંગા નદીને મળે, ત્યાં સુધી એની લંબાઈ ૧૩૭૬ કિલોમીટર છે. હિમાલયના બંદરપુચ્છ નામના શિખરની પશ્ચિમે દસ કિલોમીટર દૂર આવેલા યમુનોત્રી નામના હિમપ્રવાહમાંથી તેમનો ઉદ્‌ગમ થાય છે. યમુનોત્રીના હિમપ્રવાહથી પણ ઉપરવાસમાં છ કિલોમીટર દૂરથી યમુનાના પ્રવાહની મૂળ શરૂઆત થાય છે. પ્રાચીન વિશ્વપ્રવાસીઓ ટોલેમી અને પ્લીનીએ યમુનોત્રીથી આગળના સ્થળની મુલાકાત લીધી હતી. 'યમુના' ઉચ્ચાર ન ફાવતાં ટોલેમીએ તેને 'ડાયમોના' કહી અને પ્લીનીએ 'જોમેનીસ' કહી.

હિમાલય પ્રદેશના તેહરી-ગઢવાલ વિસ્તારમાંથી યમુના આગળ વધે ત્યારે પહેલું ગામ ખરસાલી અને બીજું ગામ બીફા આવે. તે માર્કંડેય ક્ષેત્ર છે. હિમાલયના જંગલ-પ્રદેશનો પંચોતેર કિલોમીટરનો આંટીઘૂંટીવાળો માર્ગ વીંધી, શિવાલિકના ડુંગરોને ઓળંગતી યમુના કાલસી ગામ નજીક આવે. આ હિમાલયનો ખીણપ્રદેશ છે. ત્યાંથી આગળ જતાં ટોણ નદીની સાથે જ પાંવન્ટા ગામ પાસે, ઉત્તર પ્રદેશમાં પ્રવેશે. ત્યાંથી ફૈઝાબાદ પાસે આવતાં તેનો પટ વિસ્તરે છે. ત્યાંથી ૧૦૪ કિલોમીટર આગળ વધતાં ડાંકાવર નજીક હિન્દાન નદી તેને મળે છે. ત્યાંથી ૮૦૦ કિલોમીટર

સુધી તે ગંગાને સમાંતર વહેતી, સહરાનપુર થઈ દિલ્હી આવે છે. ત્યાંથી મથુરા થઈ વ્રજમંડલમાં બિરાજે છે; ત્યાંથી આગ્રા થઈ ફિરોજનગર, ઈટવાહ થઈ, આગળ વધતાં ચંબલ નદીનો સંગમ થાય છે. પછી હમીરપુર પાસે બેટવા નદીનો અને પછી કેન નદીનો સંગમ થાય છે. ત્યાંથી પ્રયાગ આવી ગંગાનો સંગમ થાય છે. યમુના સાગરને મળી નથી.'

'શ્રીયમુનાજીનું આ દ્રવીભૂત ધર્મ સ્વરૂપ છે – જે પાપ સંહારી, યમયાતના-માંથી પાપીઓને છોડાવનાર છે. આ દ્રવીભૂત ધર્મ સ્વરૂપના તટે રાસલીલા પછી જલવિહાર કરતાં શ્રીપ્રભુના સ્મર-શ્રમ-જલની ધારાઓ રૂપી દ્રવીભૂત-રસાત્મક સ્વરૂપ, દ્રવીભૂત ધર્મ સ્વરૂપમાં બિરાજી ગયું. એ સ્વરૂપ સદાસર્વદા વ્રજમાં જ બિરાજ્યું, દ્રવીભૂત ધર્મ સ્વરૂપ આગળ પધાર્યું. માટે આપણે શ્રીયમુના-પાન-સેવન વ્રજમાં કરીએ છીએ, દિલ્હી કે આગ્રામાં નહિ.'

'દિનેશભાઈ, તમે શ્રીયમુનાજીનાં દ્રવીભૂત ધર્મ સ્વરૂપ અને ધર્મી સ્વરૂપ સમજાવ્યાં. શ્રીયમુનાજીનું ઘનીભૂત ધર્મી સ્વરૂપ પણ સમજાવ્યું; તો શ્રીયમુનાજીનું ઘનીભૂત ધર્મ-સ્વરૂપ કયું?'

'દ્વારકાલીલામાં પ્રભુનાં ચોથાં પટરાણી કાલિંદીજી શ્રીયમુનાજીનું ઘનીભૂત ધર્મસ્વરૂપ છે. વ્રજલીલામાં પ્રભુનાં ચતુર્થ પ્રિયા શ્રીયમુનાજી ઘનીભૂત ધર્મીસ્વરૂપ છે. પત્ની કદાચ પ્રિયા ન હોય, પણ પ્રિયા પત્ની બને ત્યારે સોનામાં સુગંધ મળે.'

'આમ, આપણે આજે શ્રીયમુનાજીનાં ધર્મ-ધર્મી ઘનીભૂત સ્વરૂપ અને ધર્મ-ધર્મી દ્રવીભૂત સ્વરૂપ જાણ્યાં. ધર્મ સ્વરૂપ ગુપ્ત રીતે બિરાજમાન છે. તેથી વ્રજમાં શ્રીયમુનાજીના જળ રૂપમાં ધર્મી સ્વરૂપ-દ્રવીભૂત અને ઘનીભૂત બંને બિરાજે છે.' શ્રીયમુનાજીના વિવિધ સ્વરૂપોના પ્રાકટ્યના લીલા આજે શ્રવણ કરી. આપણો સમય થાય છે. આજે અહીં વિરામ કરીશું. શ્રીયમુનાજીની આરતી ગાવ.'

સૌ સાથે ભાવવિભોર બની શ્રીયમુનાજીની આરતી ગાવા લાગ્યાં.

૬. કૃષ્ણલીલામયી કૃષ્ણસુખકંદની

[શ્રીયમુનાજીનું લીલાવર્ણન]

શ્રીયમુના ગુણગાન મંડળ, મુંબઈ-વડોદરાના ઉત્સાહી વૈષ્ણવો આજે બપોરથી સજાવટમાં તત્પર બન્યા હતા. એકાવન ફૂલમંડળીઓ જૂઈની કળીઓથી સિદ્ધ થતી હતી. કળીઓની કલાત્મક જાળીઓ ગૂંથવામાં આવી હતી. ફૂલમંડળીઓના જાળી-ઝરુખા પણ ફૂલોથી સિદ્ધ કર્યા હતા. ગુલાબી વસ્ત્રોની ઘટા હતી. ૫૧ ફૂલમંડળીઓની નવનિકુંજ રચાઈ હતી. આગળ જળના ફુવારા ઊડતા હતા. શ્રીનંદનંદને આજે ગુલાબી ધોતી-ઉપરણા ધર્યા હતા. મસ્તકે ગુલાબી લચીલી પાઘમાં ગુલાબી ચંદ્રિકા-કતરાનો શૃંગાર હતો. શ્રીઅંગ પર માણેકનાં આભૂષણો હતાં. શ્રીરવિસુતાએ લીલાં ચણિયા-ચોલી ઉપર ગુલાબી લહેરિયાની ગુજરાતી ઢબની સાડી ધરી હતી. આપે પણ શ્રીઅંગ પર માણેકનાં આભૂષણો ધર્યાં હતાં. શ્રીકંઠમાં યુગલ સ્વરૂપે ગુલાબી ગુલાબની કળીઓની છડી ધારણ કરી હતી.

સૌ પુલકિત નેત્રે દર્શન કરી, ભગવદ્‌વાર્તા માટે બેઠાં. વેણુ ભાભીએ કહ્યું, 'આજે ઉષાબહેન પદગાન કરી મંગલાચરણ કરશે. કિશોરભાઈ એમની સંગત કરશે. બંને સુંદર કીર્તન ગાય છે. અત્યાર સુધી બંને મૌન રહ્યાં છે. કાલ રાતે જ મેં એમને ગાતાં સાંભળ્યાં. ખૂબ સુંદર ગાય છે. શ્રીયમુનાજીની કૃપા છે.'

'બસ હવે, ભાભી. શ્રીહરિ-ગુરુ-વૈષ્ણવ સામે જીવનાં વખાણ ન કરશો. તમારી આજ્ઞા છે, તો હૃદયમાં શ્રીરૂપા પોળિયાનું સ્મરણ કરીને કાલાવાલા કરીશું. બાકી ગાતાં તો શ્રીગોવિંદસ્વામીને જ આવડે.'

'ભલે, આ માર્ગમાં રીતથી પ્રીત ચઢિયાતી છે. રીત ન આવડે તો રસેશને વાંધો નથી પડતો, પણ પ્રીત ન પાળે તો એ અનમના થઈ જાય છે. માટે પ્રેમથી કીર્તન ગાવ.'

ઉષાબહેને પ્રારંભ કર્યો, કિશોરભાઈએ સાથ આપ્યો.

'યહ રસ રૂપ હે ભાનકી નંદની,
કંજ રસ રૂપ કે મિત્રકી યહ સુતા,
દેત રસદાન કરિ દૂર દુઃખ દ્વંદ્વની. ૧.

ગૂઢ રસ રીત કે ભાવ કૈસે કહોં?
નંદનંદન બિરહ તાપ નિકંદની;
નિરખ સોભા 'હરિદાસ' નયન સદા,
રાખિયેં નિકટ મોહિ જગતકી વંદની. ૨.

'રાખિયે નિકટ મોહિ જગત કી વંદની' પંક્તિ વિનંતીપૂર્ણ સ્વરોમાં ગાતાં ગાતાં એ દંપતીનો કંઠ ભરાઈ આવ્યો, ગળે જાણે ડૂમો બાઝી ગયો. સ્વર અને સૂર અટકી ગયા.

દિનેશભાઈએ મંગલાચરણ કર્યું. પછી તેમણે ભગવદ્‌વાર્તાની શરૂઆત કરતાં કહ્યું : 'આજે મને અનાયાસ અલીખાનજી અને એમની લાડલી બેટી પિરજાદીની યાદ આવી ગઈ. તે બંને રોજ શ્રીગુસાંઈજીની કથા સાંભળવા સાંજે અહીં શ્રીઠકુરાણી ઘાટે આવે. મુસલમાન હોઈને સૌથી છેલ્લા થોડા દૂર બેસે. એકાગ્ર ચિત્તથી સાંભળે. એક દિવસ તેમને આવવામાં વિલંબ થયો. શ્રીગુસાંઈજી તેમની રાહ જોતા હતા, એ અન્ય વૈષ્ણવોને કઠ્યું. એમના આવતાં શ્રીગુસાંઈજીએ સૌને સંબોધીને પૂછયું : 'કાલની કથામાં કયો પ્રસંગ આવ્યો હતો?' કોઈ ઉત્તર ન આપી શક્યું. અલીખાનજી અને પીરજાદીએ હાથ જોડી કહ્યું : આજ્ઞા કરો તો કાલનો પ્રસંગ કહીએ અને આજ્ઞા કરો તો અમે જે દિવસથી આવીએ છીએ, તે દિવસથી શરૂ કરીને બધા પ્રસંગ કહીએ. આનું નામ ભગવદ્‌વાર્તાનું શ્રવણ.

'કાલે આપણે શ્રીયમુનાજીનાં વિવિધ સ્વરૂપે પ્રાકટ્યનો પ્રકાર વિચાર્યો હતો, એને પહેલાં ફરીથી યાદ કરી લઈએ. કોણ કહેશે?'


'અંકલ, સ્મિતા આંટીની મેમરી પાવરફૂલ છે.'

સ્મિતાબહેને વહાલથી માનસી તરફ આંખો કાઢી.

'હા અંકલ, એમણે તો એનો ચાર્ટ પણ રાતે બનાવ્યો છે.' ચિંતને ટેકો આપ્યો.

'તો આપણે સ્મિતા આંટીને જ પૂછીએ. ચાલો, સ્મિતા આંટી, તમે જ બતાવો.'

'મને બોલતાં નહીં ફાવે. પણ આ ચાર્ટ જુઓ.' સ્મિતાબહેને ચાર્ટ રજૂ કર્યો.



'વાહ, સુંદર ચાર્ટ બનાવ્યો છે. યાદ રાખવાની આ ઉત્તમ રીત છે. હવે આજથી આપણે શ્રીયમુનાજીના ઘનાત્મક અને દ્રવીભૂત ધર્મી સ્વરૂપનું જ ચિંતન કરીશું. શ્રીમહાપ્રભુજી અને મહાનુભાવ ભગવદીયોએ તેમનું જ ગાન કર્યું છે. તેમના અલૌકિક સ્વરૂપ અને લીલાને શ્રીકૃષ્ણદાસજીએ થોડા શબ્દોમાં જ કહી-જાણે ગાગરમાં સાગર ભરી દીધો! 'કૃષ્ણ-તન-વર્ણ, ગુણ-ધર્મ-શ્રીકૃષ્ણ કે; કૃષ્ણ-લીલામયી, કૃષ્ણ સુખકંદની.' શ્રીયમુનાજી પણ શ્રીઠાકોરજીની જેમ મેઘશ્યામવર્ણનાં છે. શ્યામ વર્ણ શૃંગાર રસનો વર્ણ છે. ઉભય સ્વરૂપો શૃંગારરસમાં સદા તત્પર છે. શ્રીઠાકોરજી શ્રીયમુનાજીના તટ પર જ પધારી, સર્વ લીલા કરે છે, તો શ્રીયમુનાજી પણ ગોકુળમાં શ્રીઠાકોરજી પાસે દોડતાં પધાર્યાં છે. પરસ્પરનો આ નિરોધ છે, તેથી ઉભય શ્યામ વર્ણનાં છે.

મેઘ ભૌતિક કૃપાનું સ્વરૂપ છે. તે પૃથ્વી પર જળ વરસાવે છે, ત્યારે પાત્રનો વિચાર કરતો નથી. રણમાં અને દરિયામાં, ખેતરમાં ને રસ્તામાં બધે વરસે છે, વગર માગે વરસે છે. મેઘ માટે એક કવિએ કહ્યું : 'આપી ખૂબ વદે નહિ શબદ યે, એવા દીસે છે વીરલા.' મેઘનો વર્ણ ધારણ કરનારાં શ્રીયમુનાજી અલૌકિક કૃપાનું સાક્ષાત્ સ્વરૂપ છે. તેઓ સ્વસુખાર્થે શ્રીપ્રભુ પાસે નથી બિરાજતાં કે નથી લીલાવિહારમાં પધારતાં. તેઓ શ્રીપ્રભુના અને શ્રીપ્રભુના જીવોના સુખાર્થે જ સર્વ લીલામાં સંમિલિત થાય છે. શ્રીપ્રભુના સુખાર્થે જલરૂપ બની વહે છે, પોતાના તટ પર રમણીય નિકુંજોની રચના કરે છે - ત્રિવિધ સુખદ શીતળ વાયુ ઢોળે છે. રાસમંડળની રચના કરે છે.'

શ્રીહરિરાયજી પોતાના પદમાં આ વાત સમજાવે છે, સાંભળો :

પિય સંગ રંગ ભરિ કરિ કલોલેં,
સબનકોં સુખ દેન, પિય સંગ કરત સેન;
ચિત્તમેં તબ પરત ચેન, જબ હી બોલે. ૧.

શ્રીવ્રજપતિજી પણ આ જ ભાવનું પદ ગાય છે :

પિય સંગ રંગ ભર કરિ વિલાસે,
સુરત રસ સિંધુમેં અતિ હી હરખિત ભઈ;
કમલ જ્યોં ફૂલતે રવિ પ્રકાસે. ૧.
તન તેં મન તેં પ્રાણ તેં સર્વદા કરત હેં,
હરિસંગ મૃદુલ હાસે,
કહત 'બ્રજપતિ' તુમ સબન કો સમુઝાય,
મિટે ભ્રમ ત્રાસ ઈન હી ઉપાસે. ૨.

'આમ, શ્રીયમુનાજી પ્રભુના સુખ મા... ભુની સેવામાં સદા સર્વદા તત્પર છે. તેઓ સાથે સાથે દૈવી જીવો કે જે પ્રભુના શ્રીઅંગમાંથી પ્રકટ થવા છતાં, હજારો વર્ષોથી ભવસાગરમાં ભૂલ્યા-ભટકતા હતા, તેમણે પોતાની પાસે ખેંચી, પ્રભુના ચરણના શરણાગત બનાવવામાં પણ સદા તત્પર છે. આવા જીવોને શરણાગત બનાવી શ્રીયમુનાજી સંતોષ માનતાં નથી. એમને પ્રભુની રસરૂપિણી લીલાઓનો અનુભવ કરાવે છે. આવા જીવોનો અંગીકાર કરવા પ્રભુને વિનંતી કરી સમજાવે છે. મોક્ષદાતા મુકુંદનો સ્નેહથી સ્વભાવ બદલી એમને ભક્તિદાતા બનાવ્યા છે, તે પણ આ જીવોને માટે જ. શ્રીયમુનાજી જીવોના ઉદ્ધારની આવી કૃપા કોઈ સ્વાર્થથી નહિ, કેવળ સ્નેહથી અને કરુણાથી કરે છે. શ્રીયમુનાજીના આ અદેયદાન સ્વભાવ અને મહોદારચરિત્રનું ગાન પણ ભગવદીયોએ સ્વાનુભવમાંથી કર્યું છે. શ્રીપરમાનંદદાસજી કહે છે :

'શ્રીયમુને સુખકારની પ્રાનપતિ કે,
જિન્હેં ભૂલી જાત પિય, તિન્હેં સુધિ કરિ દેત,
કહાં લૌ કહિયે ઈન કે જુ હિત કે?'

શ્રીકૃષ્ણદાસજી કહે છે :

'દેત સંયોગ રસ, ઐસે પિયુ હે જુ બસ,
સુનત તિહારો સુજસ, પૂરે સબ કામ;

'કૃષ્ણદાસનિ' કહે, ભક્ત હિત કારને,
શ્રીયમુને એક છિન નહીં કરે વિશ્રામ.'

શ્રીગંગાબાઈ ગાય છે :

ભક્ત પ્રતિપાલ જંજાલ ટારે,
અપને રસ રંગ મેં સંગ રાખત સદા,
સર્વદા જોઈ શ્રીયમુને નામ ઉચ્ચારે,
ઈનકી કૃપા અબ કહાં લગ બરનિયે,
જેસેં રાખત જનની પુત્ર બારે;
'શ્રીવિઠ્ઠલ' ગિરિધરન સંગ બિહરત,
ભક્ત કો એક છિન ના બિસારે.'

શ્રીકુંભનદાસજીનો પણ આ જ અનુભવ છે :

'ભક્ત કી ઈચ્છા પૂરન શ્રીયમુને જુ કરતા,
બિના માંગેહુ દેત, કહાં લૌં કહૌં હેત,
જૈસે કાહુકો કોઊ હોય ધરતા.'

શ્રીનંદદાસજીનો નિજાનુભવ આનાથી જુદો નથી :

'ભક્ત પર કરિ કૃપા શ્રીયમુને જુ ઐસી,
છાંડિ નિજ ધામ, વિશ્રામ ભૂતલ કિયો;
પ્રકટ લીલા દિખાઈ જુ તૈસી.
પરમ પરમારથ કરત હેં સબન કોં,
દેત અદ્ભુત રૂપ આપ જૈસી.'

શ્રીદ્વારકેશજી મહારાજ શ્રીયમુનાજીને 'પ્રકટ કલ્પલતા' કહે છે :

'જયતિ શ્રીયમુને પ્રકટ કલ્પલતિકે,
અષ્ટવિધ સિદ્ધિ અદ્ભુત વૈભવ સકલ,
સ્વજન વિખ્યાત સ્વાધીન પતિ કે.'

'આવાં શ્રીયમુનાજી અન્ય સ્વામિનીઓથી સ્વભાવમાં વિલક્ષણ છે. સ્નેહનો સ્વભાવ છે, સ્નેહીને કેવળ પોતાના જ બનાવી રાખવાનો. અન્ય સ્વામિનીઓ અને ગોપિકાઓ શ્રીનંદકુંવર પોતાના જ પતિ બની, પોતાની પાસે જ બિરાજે એવો મનોરથ સેવે છે, ત્યારે શ્રીયમુનાજી એ સૌ વ્રજભક્તોને શ્રીનંદકુંવર તેમના પતિ બને એવું દુર્લભ વરદાન આપી, પોતાના પરમ પ્રાણપ્રેષ્ઠ પ્રભુ તેમને સોંપે છે અને

પોતાના જ તટ પર, એ વ્રજભક્તોના સર્વ મનોરથ પૂરા કરવા તેઓ જ પ્રભુને રીઝવે છે. આવી પરમ ઉદારતા અને સ્વસુખનો ત્યાગ શ્રીયમુનાજી સિવાય અન્ય કોઈ કરી શકતું નથી. માટે શ્રીછીતસ્વામીજી ગાય છે:

'પ્રેમ કે પુંજમેં, રાસ-રસ-કુંજમેં,
તાહી રાખત રસ-રંગ ભારી,
ધન્ય શ્રીયમુને નિધિ દેન હારી.'

આવાં શ્રીયમુનાજી પાસે આપણે માગીએ :

"દીન જાન મોહે દીજૈ શ્રીયમુનાજી,
નંદકુમાર સદા વર માંગોં,
ગોપિન કી દાસી મોહે કીજૈ.
તુમ તો પરમ ઉદાર કૃપા નિધિ,
ચરન સરન સુખકારી,
તિહારે બસ સદા લાડીલી બર્તત,
તુવ તટ ક્રીડત ગિરિધારી.
સબ બ્રજજન બિહરત સંગ મિલ,
અદ્‌ભુત રાસ વિલાસી."

'શ્રીયમુનાજી નિર્ગુણ ભક્તોનાં યૂથાધિપતિ છે.'

'નિર્ગુણ એટલે કેવાં?'

'જે સ્વસુખના સ્વાર્થનો ત્યાગ કરી, સ્વામીના અને સેવકોના સુખ માટે જીવન જીવે તે નિર્ગુણ. સ્વામી અને સેવકોની પ્રસન્નતા જોઈ, જેમને પ્રસન્નતા થાય એ નિર્ગુણ. માટે વ્રજલીલામાં શ્રીયમુનાજી સૌને અતિ પ્રિય છે. 'ત્યાગીને ભોગવી જાણો.' એ ઈશાવાસ્ય ઉપનિષદની વાત શ્રીયમુનાજીમાં ચરમ કક્ષાએ અનુભવાય છે. બાકી કઈ સ્ત્રી પોતાના પતિને શોક્યના હાથમાં જાતે સોંપે?'

'અંકલ, શ્રીયમુનાજી સ્વામિની છે; છતાં તેમનાં ચિત્રોમાં તો તેમણે શ્રીઠાકોરજીનો મુકુટ-કાછનીનો જ શૃંગાર ધરેલો છે, એનું કારણ શું?' માનસીએ પૂછ્યું.

'કેમ, તમે છોકરીઓ અમારા છોકરાઓનો પહેરવેશ નથી પહેરતાં? તેં જ આજે જીન્સ-શર્ટ પહેર્યાં છે ને?' ચબરાક ચિંતને કહ્યું.

સૌ હસી પડ્યાં. દિનેશભાઈ પણ મલકાયા. તેમણે કહ્યું,

'ચિંતન, આપણે તો આપણા શોખ માટે પહેરીએ છીએ. શ્રીયમુનાજી પોતાના શોખ કે આનંદ માટે કશું કરતાં નથી. સર્વ કંઈ પ્રભુના સુખ માટે જ કરે છે. મુકુટ-કાછનીનો શૃંગાર પણ એ જ હેતુથી ધર્યાના બે પ્રસંગો ભગવદીયો પાસેથી જાણવા મળે છે.'

'અમને એ કહો. પ્રભુની રસમય લીલાઓ સાંભળવામાં વિશેષ આનંદ આવે છે.'

'એક પ્રસંગ એવો છે કે જ્યારે શ્રીપ્રભુએ રાસ માટે સૌ પ્રથમ વખત વેણુનાદ કરી, સૌ વ્રજભક્તોને બોલાવ્યાં, ત્યારે પરમ રાસસ્થળી ચંદ્રસરોવર, જે સારસ્વતકલ્પના વૃંદાવનનું સ્થાન છે, ત્યાં સૌ વ્રજભક્તો આવ્યાં. ત્યારે ત્યાં શ્રીયમુનાજી જળરૂપે બિરાજતાં હતાં. પાછળથી તેમનો પ્રવાહ બદલાયો. શ્રીપ્રભુએ વિચાર કર્યો કે જ્યાં સુધી મારાં વસ્ત્રાભૂષણોરૂપે મારી પ્રભુતા ધારણ કરીશ, ત્યાં સુધી રાસનો આનંદ નહિ આવે; કારણ કે રસ સમાનતામાં પ્રકટે. માટે પ્રભુતારૂપ આ વસ્ત્રાભૂષણો કોઈ સાચવે, તો હું રાસનો આનંદ લઉં. આમ વિચારી શ્રીપ્રભુએ સૌ વ્રજભક્તોને આ વાત કરી. સૌ વિચારવા લાગ્યાં, રાસનો રસાનંદ માણવા તો કુલકાન, લોકલાજ છોડીને આવ્યાં અને પછી એનાથી વંચિત કેમ રહેવાય? માટે કોઈ સ્વેચ્છાએ તૈયાર ન થયું. આ સમયે શ્રીયમુનાજી પધાર્યાં. તેમણે સ્વામી અને સેવકોના સુખનો વિચાર કરી, વિનંતી કરી : ''આપ આજ્ઞા આપો તો આપનાં વસ્ત્રાભૂષણ હું સાચવીશ.'' તેમના તત્સુખના આવા ભાવથી શ્રીપ્રભુ પ્રસન્ન થયા અને સ્વહસ્તે શ્રીયમુનાજીને પોતાનો મુકુટ-કાછનીનો શૃંગાર ધરાવ્યો. આ શૃંગારમાં શ્રીયમુનાજી સાક્ષાત્ કૃષ્ણ-રૂપા જણાતાં, શ્રીપ્રભુએ આજ્ઞા કરી : ''આપ આ જ શૃંગાર ધરી, મારી પાસે પધારો અને બિરાજો.'' શ્રીપ્રભુની આજ્ઞા શ્રીયમુનાજીએ શિરોધાર્ય કરી, તેથી શ્રીયમુનાજી પણ ત્યારથી મુકુટ-કાછનીનો શૃંગાર ધારણ કરે છે.'

'અંકલ, બીજો પ્રસંગ પણ કહો.'

'એક વખત શ્રીઠાકોરજી અને રાધિકાજી બિરાજ્યાં હતાં. શ્રીરાધિકાજીએ શ્રીઠાકોરજીને વિનંતી કરી : ''કૃપાનાથ, હું રોજ માન કરું છું અને આપ મને મનાવો છો. આજે આપણે વિપરીત લીલા કરીએ. આપ માન કરો અને હું આપને મનાવું.''

'પ્રિયાજી, આપ માન કરો તે યોગ્ય છે; કારણ કે આપ સ્ત્રી છો. માન કરવું એ સ્ત્રીનો સ્વભાવ છે, માન છોડાવવું એ પુરુષનો સ્વભાવ છે. પણ પુરુષને માન

કરતાં ન આવડે અને છતાં કરે તો સ્ત્રી જલદી છોડાવી ન શકે. માટે આવી વિપરીત લીલાની હઠ ન કરો.'

છતાં શ્રીરાધિકાજી ન માન્યાં. તેમની હઠ પર અડી ગયાં. ત્યારે શ્રીઠાકોરજી ત્યાંથી ઊઠ્યા. માન કરી બીજી નિકુંજમાં જઈ બિરાજ્યા. શ્રીરાધિકાજીએ ઘણા-ઘણા પ્રયત્નો કર્યા, પણ માન છૂટ્યું નહીં. આથી તેઓ ચિંતાતુર થયાં. તે જ વખતે શ્રીયમુનાજી ત્યાં પધાર્યાં. શ્રીરાધિકાજીએ શ્રીયમુનાજીને કોઈ ઉપાય કરવા વિનંતી કરી. ત્યારે શ્રીયમુનાજીએ કહ્યું : 'મને શ્રીઠાકોરજીનાં વસ્ત્રાભૂષણ ધરાવો. એ વિપરીત રૂપમાં જોઈ આપ જરૂર પ્રસન્ન થઈ, માન છોડશે.'

આથી શ્રીરાધિકાજીએ સ્વહસ્તે શ્રીયમુનાજીને મુકુટ-કાછનીના શૃંગાર કર્યા. પછી શ્રીયમુનાજી શ્રીઠાકોરજી પાસે પધારતાં, આ સ્વરૂપમાં શ્રીયમુનાજીને જોઈને શ્રીઠાકોરજી પ્રસન્નતાથી હસી ગયા અને માન છોડ્યું. શ્રીઠાકોરજી અને શ્રીરાધિકાજીએ શ્રીયમુનાજીને એ શૃંગાર સદા માટે ધારણ કરવાની આજ્ઞા કરી. આથી શ્રીયુગલ-સ્વરૂપની પ્રસન્નતા માટે શ્રીયમુનાજીએ મુકુટ-કાછનીનો શૃંગાર ધારણ કર્યો છે.

શ્રીયમુનાજીને આ શૃંગાર ધારણ કરાવી, શ્રીઠાકોરજીએ તેમનામાં પોતાનો પુંભાવ પ્રકટ કર્યો અને પોતે સ્ત્રીભાવ અંગીકાર કરી, ભોગ્ય બન્યા. આવી રસરૂપા લીલામાં શ્રીયમુનાજી તત્પર છે. આવાં શ્રીયમુનાજી શ્રીઠાકોરજીનાં પત્ની અને પ્રિયા બંને છે. આથી શ્રીઠાકોરજી તેમના પર વિશેષ પ્રસન્ન છે.

આજે અહીં વિરામ કરીએ. વેણુ, એક પદ ગા.

'જય જય શ્રીસૂરજા કલિંદનંદિની,
ગુલ્મલતા તરુ સુવાસ કુંજ કુસુમ મોહમત્ત,
ગુંજત અલિ સુભગ પુલિન વાયુ મંદિની. ૧.
હરિ સમાન ધર્મ-શીલ-કાંતિ મંજુલ જલદ નીલ,
કટિ નિતંબ ભેદત નિત ગતિ ઉત્તંગિની. ૨.
સિકતા જનુ મુક્તા ફલ કંકણ યુત ભુજ તરંગ,
કમલ ઉપહાર લેત પિયા ચરણ વંદિની. ૩.
શ્રીગોપેન્દ્ર ગોપી સંગમ શ્રમ જલકન સિક્ત અંગ,
અતિ તરંગ નિરખ રસ સુફંદિની. ૪.
'છીતસ્વામી' શ્રીગિરિવરધર, નંદનંદન આનંદકંદ,
શ્રીયમુને જન દુરિત હરન, દુઃખ નિકંદિની. ૫.

■

૭. શ્રીયમુનાજી કો નામ લે સોઈ સુહાગી

[શ્રીયમુનાષ્ટકમ્‌થી લાભાન્વિત વૈષ્ણવો]

શ્રીયમુના-ગુણગાનના સાતમા દિવસે શ્રીઠકુરાણીઘાટ પર જલવિહારના મનોરથની સજાવટ થઈ હતી. શ્રીયમુના-જલના ભાવથી કુંડ બનાવ્યો હતો. કુંડ વિમલ જલથી ભર્યો હતો. કુંડમાં કાષ્ઠનું ગુલાબી રંગનું મોટું શતદલ કમલ પધરાવ્યું હતું. તે પર ગાદી-તકિયાની બિછાત હતી. ચોપાસ સુગંધી પુષ્પગુચ્છોનાં કુંડાંની કલાત્મક ગોઠવણી કરી હતી. તટ પર કદંબનાં વૃક્ષોની છાયા હતી. ઘાટનાં સોપાન પર પોપટ, મોર આદિ બેઠાં હતાં. જલમાં વ્રજભક્તો વિહાર કરતાં હતાં. શ્રીશ્યામસુંદરલાલે લાલ ચૂંદડીનો બડો પિછોરા અને પીત ચૂંદડીનો પટકો ધારણ કર્યો હતો. વનમાલા સુધીના મણિગ્રંથિત મોતીના શૃંગાર હતા. શ્રીમસ્તકે કસુંબી પાઘ પર મોરચંદ્રિકાનો શૃંગાર હતો. શ્રીશ્યામજીએ પીત ચણિયા-ચોળી પર સુરંગી સાડી ધરી હતી. મણિગ્રથિત મોતીનાં આભૂષણો શ્રીઅંગે શોભતાં હતાં. 'લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્''નાં દર્શને સૌ આનંદવિભોર બન્યાં હતાં.

ભગવદ્‌વાર્તાનો પ્રારંભ શ્રી બચુભાઈ અને શ્રી વિઠ્ઠલભાઈના યુગલગાનથી થયા, તેમણે શ્રીગુસાંઈજીના અનન્ય કૃપાપાત્ર શ્રીગંગાબાઈ રચિત પદ ગાયું :

'શ્રીયમુનાજી કો નામ લે કોઈ સુહાગી,
ઈનકે સ્વરૂપ કો સદા ચિંતન કરત,
કલ ન પરત, જાય લેહ લાગી. ૧.

પુષ્ટિ મારગ મરમ, અતિ હી દુર્લભ,
કરમ છાંડ સગરે, પરમ પ્રેમ પાગી,
'શ્રીવિઠ્ઠલ' - ગિરિધરન ઐસી નિધિ,
ભક્ત કો દેત હૈં બિના માગી. ૨.'

દિનેશભાઈએ મંગલાચરણ કરી, ભગવદ્‌વાર્તાનો પ્રારંભ કર્યો :

''વૈષ્ણવો, શ્રીમહાપ્રભુજીની કૃપાથી શ્રીયમુનાજીના ગુણગાનનું શ્રવણ-કીર્તન-સ્મરણ કરવાનું સૌભાગ્ય આપણને સાંપડ્યું છે. આજે સાતમો દિવસ છે.

આગળના છ દિવસોમાં આપણે શ્રીયમુનાજીના દિવ્ય ચરિત્રને કાન દ્વારા હૃદયમાં પધરાવવાનો યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. 'શ્રીયમુનાષ્ટક'ને સમજવાની ભૂમિકા સવિસ્તર વિચારી છે. 'શ્રીયમુનાષ્ટક'નો પાઠ કરતાં પ્રારંભમાં જ્યારે આપણે 'નમામિ યમુનામહમ્'' કહીશું, ત્યારે કયાં શ્રીયમુનાને નમન કરીએ છીએ, તે યાદ આવી જશે. શ્રીયમુનાજીના સ્વરૂપને યાદ કરી, નમન કરતાં વિશેષ આનંદ થાય, માટે આપણે શ્રીયમુનાજીનાં નામ, પ્રાકટ્ય, સ્વરૂપ, રૂપલીલા, ગુણને યાદ કર્યાં. હવે આપણે 'શ્રીયમુનાષ્ટક' સમજવાનો પ્રારંભ કરવો જોઈએ.'

''એક મિનિટ અંકલ, 'શ્રીયમુનાષ્ટક' સ્તોત્ર શ્રીમહાપ્રભુજીએ કોને શીખવ્યું? એના પાઠથી તેમને શું ફળ મળ્યું? પહેલાં એ પણ કહી દોને! અમે પણ એ ભગવદીયની આડીથી પાઠ કરીએ.''

'ભલે. મારી ઈચ્છા એ વાત છેલ્લે કરવાની હતી. નવમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ પાઠ કરવાની આજ્ઞા કરી છે ત્યાં, તેને સમજતી વખતે. પણ મને લાગે છે કે તારા હૃદયમાં બિરાજમાન એ ભગવદીયોની ઈચ્છા છે કે તેમનું સ્મરણ પ્રથમ થાય, જેમ શ્રીભાગવતના દશમ સ્કંધમાં શ્રીપ્રભુની લીલાઓ ગવાઈ, તે પહેલાં નવમા સ્કંધમાં શ્રીપ્રભુના ભક્તોનાં ચરિત્રો કહેવાયાં. ભક્તો દ્વારા ભગવાન કૃપા કરે છે, તેથી જ આપણા વાર્તાસાહિત્ય પરના 'ભાવપ્રકાશ'માં શ્રીહરિરાયજી વારંવાર આજ્ઞા કરે છે કે ''વૈષ્ણવોપરાંત ઔર કછુ પદારથ નાહિ હૈ. યહ પુષ્ટિમાર્ગ હૈ, સો વૈષ્ણવ દ્વારા ફલિત હોઈગો, તાતે વૈષ્ણવન કી વાર્તા હૈં, સો સર્વોપરી જાનિયો.'' શ્રીગોકુલનાથજીએ પણ આ જ ભાવની આજ્ઞા કરી છે : ''વૈષ્ણવન કી વાર્તા મેં સગરો ફલ જાનિયો.'' એટલે આ વાત પરથી એવું સમજાય છે કે વૈષ્ણવોના હૃદયમાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે. અને શ્રીમહાપ્રભુજીના હૃદયમાં સકલ વ્રજલીલા સહિત શ્રીઠાકોરજી બિરાજે છે; માટે શ્રીયમુનાષ્ટક પણ વૈષ્ણવોની કૃપાથી જ સમજાશે.

સૌ પ્રથમ શ્રીયમુનાષ્ટક ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ કોને શીખવ્યો એનો ઉલ્લેખ ચોર્યાસી વૈષ્ણવની વાર્તા પૈકી અષ્ટછાપ મહાનુભાવ શ્રીપરમાનંદદાસજીની વાર્તામાં મળે છે.

''એ પ્રસંગ અમને વિગતવાર કહો.''

''પરમાનંદદાસજી શ્રીમહાપ્રભુજીના સેવક થયા. તે પછી એક દિવસ તેમણે શ્રીમહાપ્રભુજીની વધાઈનું એક પદ ગાયું. પદની પ્રથમ પંક્તિ હતી 'હરિ તેરી

લીલા કી સુધિ આવે.' આ પદ સાંભળતાં શ્રીમહાપ્રભુજી ત્રણ દિવસ અને રાત વિપ્રયોગ અવસ્થામાં પ્રભુની લીલામાં ડૂબેલા રહ્યા. જ્યારે આપશ્રીએ નેત્રો ખોલ્યાં, ત્યારે સૌ વૈષ્ણવોના જીવમાં જીવ આવ્યા. પરમાનંદદાસજીએ શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી, "મહારાજ! મારા ઉપર પણ આપ એવી કૃપા કરો કે મને વ્રજલીલાનો સાક્ષાત્ અનુભવ થાય." પરમકૃપાળુ શ્રીમહાપ્રભુજી પરમાનંદદાસજીને લઈને ત્યાંથી ગોકુળ પધાર્યા ગોકુળમાં અહીં શ્રીઠકુરાણી ઘાટે આપશ્રીએ પરમાનંદ-દાસજીને પોતે રચેલું 'શ્રીયમુનાષ્ટક' સ્તોત્ર શીખવ્યું. શ્રીમહાપ્રભુજીની કૃપાથી પરમાનંદદાસજીને આ સ્તોત્રનો પાઠ કરતાં, શ્રીયમુનાજીનાં સાક્ષાત્ અલૌકિક દર્શન થયાં અને તેમની અંતઃકરણની આંખો ખૂલી ગઈ. શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજીની કૃપાથી તેમને સમસ્ત વ્રજલીલાનો પણ અનુભવ થવા લાગ્યો.'

'વાહ! શ્રીપરમાનંદદાસજી ઉપર શ્રીમહાપ્રભુજીએ કેટલી અદ્‌ભુત કૃપા કરી! આવી કૃપા આપણા ઉપર ક્યારે થશે?'

'આવી કૃપાને માટે આપણે પાત્ર બનવું પડે. બાકી કૃપા માટે કોઈ કારણ જરૂરી તો નથી જ; છતાં જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞામાં દૃઢ વિશ્વાસ રાખી તેને અનુસરે છે, તેના ઉપર શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી અને શ્રીઠાકોરજી સૌ અવશ્ય કૃપા કરે જ છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે જે કોઈ વૈષ્ણવ આ 'શ્રીયમુનાષ્ટક' સ્તોત્રનો આનંદપૂર્વક સદા પાઠ કરશે તેને આ અલૌકિક ફળ શ્રીયમુનાજી અવશ્ય આપશે. ભૂતકાળમાં શ્રીયમુનાજીએ આવું અલૌકિક ફળ એક બીજા વૈષ્ણવને પણ આપ્યું છે.'

'એ વૈષ્ણવ કોણ છે? અમારે એમની વાર્તા પણ સાંભળવી છે.'

'તે વૈષ્ણવનું નામ છે, કિશોરીબાઈ. તેઓ શ્રીગુસાંઈજીનાં સેવક હતાં. તેમનાં માતા-પિતા શ્રીમહાપ્રભુજીનાં સેવક હતાં. એમના પિતાને 'શ્રીયમુનાષ્ટક'નો પાઠ કરવા ઉપર ઘણો પ્રેમ હતો. કિશોરીબાઈ જ્યારે નાનાં બાળક હતાં ત્યારે તેમના પિતા તેમને ખોળામાં સુવાડી રમાડતાં-રમાડતાં 'શ્રીયમુનાષ્ટક'નો પાઠ કરતા. કિશોરીબાઈ બોલતાં થયાં ત્યારથી તેમના પિતાએ તેમને 'શ્રીયમુનાષ્ટક' શીખવવા માંડ્યું. આથી કિશોરીબાઈને બાળપણથી 'શ્રીયમુનાષ્ટક'નો પાઠ કરવાની સુંદર ટેવ પડી. જેમ જેમ તેઓ 'શ્રીયમુનાષ્ટક'નો પાઠ કરતાં ગયાં, તેમ તેમ શ્રીયમુનાજીમાં તેમનો પ્રેમ પણ વધતો જ ગયો. આથી તેમને લાગવા માંડ્યું કે મારું સર્વસ્વ શ્રીયમુનાજી જ છે. તેઓ સતત શ્રીયમુનાષ્ટકનો પાઠ કરતાં, શ્રીયમુનારસમાં

ડૂબેલાં રહેતાં. બાળપણથી જ તેમના મનની એવી સ્થિતિ થઈ કે તેમને શ્રીયમુનાજી સિવાય બીજી કોઈ સમજણ જ ન પડે.'

કિશોરીબાઈની ઉંમર આઠ-દશ વર્ષની થતાં, તે જમાનાના રિવાજ મુજબ તેમનું લગ્ન થઈ ગયું. સંસારની બાબતોમાં અબુધ કિશોરીને એની કંઈ સમજ ન હતી. તેમનાં લગ્ન પછી થોડા જ સમયમાં તેમનાં માતા-પિતા હરિશરણ થયાં. ઘરમાં હવે એક માત્ર એમનાં મોટાં બહેન હતાં. તેમની ઉંમર થતાં તેઓ પણ સાસરે ગયાં. ઘરમાં કિશોરીબાઈ એકલાં થયાં, પણ કદી તેમને એકલતા લાગી જ નહિ; કારણ કે તેઓ શ્રીયમુનાષ્ટકનો પાઠ કરતાં, એવો જ અનુભવ કરતાં કે હું સતત શ્રીયમુનાજીની સાથે છું. તેમને સંસારની કોઈ ઉપાધિઓ ડરાવી કે સતાવી શકી નહિ.

થોડા સમય પછી તે ગામમાં શીતળાનો રોગચાળો ફાટી નીકળ્યો. કિશોરીબાઈ પણ તેમાં ઝડપાઈ ગયાં. તેમના આખા શરીરે શીતળાના મોટા મોટા ફોલ્લા થયા. તેમાંથી લોહી ને પરૂ વહેવા લાગ્યાં. રોગ વધતાં તેમની આંખો ચાલી ગઈ. યાદશક્તિ ઘણી ઘટી ગઈ. તેઓ પથારીમાંથી ઊભાં ન થઈ શકે એવાં અશક્ત બની ગયાં. ઘરમાં તેમને લોટી જળ પાનાર પણ કોઈ ન રહ્યું. એમની મોટી બહેનનું સાસરું ગામમાં જ હોવાથી તે દિવસમાં એક વાર આવી, રસોઈ બનાવી કિશોરીબાઈને જમાડી જતી. થોડા દિવસો પછી તો તેનું આવવાનું પણ અટકી ગયું; છતાં કિશોરબાઈએ ધીરજથી બધું સહન કર્યું. 'શ્રીયમુનાષ્ટક' પણ યાદશક્તિ ઘટતાં વીસરાઈ ગયું. માત્ર તેની બે પંક્તિઓ યાદ રહી ગઈ. તેઓ સતત એ બે પંક્તિઓનો પ્રસન્નતાથી પાઠ કર્યા કરતાં.

આવી સ્થિતિમાં પણ પોતાના નામનો નિષ્કામ ભાવથી દૃઢ આશ્રય રાખનારાં કિશોરીબાઈ ઉપર શ્રીયમુનાજી પ્રસન્ન થયાં. શ્રીયમુનાજી લૌકિક સ્ત્રીનું રૂપ ધારણ કરીને કિશોરબાઈના ઘરે પધાર્યા. તેમનાં માસી બનીને રહ્યાં. તેમની સર્વ પ્રકારે શુશ્રૂષા કરી. થોડા જ દિવસોમાં કિશોરીબાઈના ગુરુદેવ પણ કિશોરીબાઈને ત્યાં પધાર્યા. શ્રીયમુનાજી અલૌકિક સ્વરૂપે પ્રગટ થયાં. તેમણે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે આપ કિશોરીના પૂર્વજન્મના સર્વ અપરાધો નિવૃત્ત કરી, તેને તનુનવત્વનું દાન કરો. શ્રીગુસાંઈજીના શ્રીહસ્તના સ્પર્શથી જ કિશોરીબાઈ નવયૌવન બન્યાં. નેત્રોનું તેજ પાછું આવ્યું. તેમણે પોતાની સામે શ્રીગુસાંઈજીનાં અને શ્રીયમુનાજીનાં દર્શન કર્યાં. શ્રીગુસાંઈજીની આજ્ઞાથી કિશોરીબાઈએ શેષ જીવન શ્રીયમુનાજીનાં વાલુકાજીની સેવા કરી. શ્રીયમુનાજીની કૃપાથી તેમને સેવામાં સાક્ષાત્ શ્રીઠાકોરજીનો નિત્ય અનુભવ થતો રહ્યો.

'શ્રીયમુનાષ્ટકના પાઠનો આ પ્રગટ પ્રતાપ છે. બસો બાવન વૈષ્ણવની વાર્તામાં એક બીજા વૈષ્ણવની પણ વાર્તા છે.'

'અમારે એ પણ સાંભળવી છે.'

'વ્રજમાં એક ગુર્જર કુટુંબ રહે. એના બેટાને પરણાવ્યો. ઘેર વહુ આવી. એણે વ્રજલીલાની વાતો ઘણી સાંભળેલી; તેથી તેને વ્રજલીલાનાં દર્શન કરવાનો ઘણો તાપ રહ્યા કરે. તે શ્રીગુસાંઈજીની સેવક થઈ. તેણે શ્રીગુસાંઈજીને કૃપા કરવા વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ તેને આજ્ઞા કરી : ''બાઈ, તું શ્રીયમુનાજીનું સેવન અને સ્મરણ કર. વ્રજનાં અધિષ્ઠાતા શ્રીયમુનાજી છે. એમની કૃપાથી જ વ્રજલીલાનાં દર્શન થશે. તે બાઈ તે પ્રમાણે કરવા લાગી. શ્રીગુસાંઈજીની આજ્ઞા ફળી. શ્રીયમુનાજીએ તેને સાક્ષાત્ દર્શન આપી વ્રજલીલાનો અનુભવ કરાવ્યો. આમ જે જે વૈષ્ણવોએ શ્રીયમુનાજીનું સ્મરણ-સેવન નિષ્કામ ભાવે કર્યું છે, તે સૌને શ્રીયમુનાજીની કૃપા પ્રાપ્ત થઈ છે.

'શ્રીગુસાંઈજીના બીજા કૃપાપાત્ર વૈષ્ણવ થઈ ગયા કૃષ્ણભટ્ટ. તેઓ પણ શ્રીયમુનાજીના સ્વરૂપને સારી રીતે સમજતા હતા. તેથી તેઓ વ્રજમાં આવે, ત્યારે શૌચાદિ ક્રિયા કરવા શ્રીયમુના પાર નૌરંગાબાદ જતા. શ્રીયમુના-રજમાં તેમનો આવો અલૌકિક ભાવ હતો.'

'વાહ! આવો ભાવ આપણામાં ક્યારે આવશે?' શ્રીબચુભાઈએ નિસાસો નાંખ્યો.'

'ભાઈ, આજ સુધી હું રોજ રાતે સૂતાં પહેલાં શ્રીયમુનાષ્ટકનો પાઠ કરતી અને શ્રીયમુનાજીનાં ૪૧ પદ ગાતી આવી છું. આ સ્તોત્રમાં અને ૪૧ પદોમાં શ્રીયમુનાજીનું ગુણગાન કરવાની જ સતત આજ્ઞા થઈ છે. એવું એક પણ પદ નથી, જેમાં આ આજ્ઞા ન હોય. હવે આજે મને આ આજ્ઞાનું રહસ્ય સમજાયું. શ્રીઠાકોરજી એમની સેવા અને ગુણગાનથી રીઝે છે; પણ શ્રીયમુનાજી તો એમનું નામ લેવા માત્રથી રીઝે છે; છતાં આપણે જીવો કાં તો દુષ્ટ છીએ અને કાં તો અબુધ છીએ કે એ ત્રણ અક્ષરનું, જોડાક્ષર વિનાનું, ઉચ્ચારમાં સાવ સરળ 'યમુના' નામ પણ આપણા હૈયે અને હોઠે રમતું નથી. પછી આપણને એ અમૂલ્ય સ્વરૂપનો અનુભવ ક્યાંથી થાય?' ઉષાબેહેને સ્વાનુભવ કહ્યો.

'દિનેશભાઈ, એક પ્રશ્ન પૂછું?' અત્યાર સુધી મૌન રહેતા ગીતાભાભીએ કહ્યું.

'ભાભી, વિના સંકોચે પૂછો!'

'અમારી વચલી દીકરી વધુ માંદી થઈ ગઈ. ડૉક્ટરો હારી ગયા, ત્યારે કેટલાંક વડીલો આગ્રહ કરતા હતા કે શ્રીયમુનાજીની બાધા રાખો. શ્રીયમુનાજીની કૃપા માટે રવિવાર કરો. તો આવું આપણાથી થાય? અમે તો કહેલું - ઠાકોરજીને જે કરવું હશે તે કરશે. ઠાકોરજીએ જ પિન્કીને જિવાડી.'

'ભાભી, આપણા જેવા આધુનિક જીવો માટે આ પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે. સર્વ કંઈ પ્રભુની ઇચ્છાથી જ થાય છે, એવું જાણતાં હોઈએ છીએ, પણ વખત આવ્યે આપણી આ સમજ પાણીમાં બેસી જાય છે, અને આપણે મુશ્કેલીમાંથી માર્ગ કાઢવા હવાતિયાં મારતાં હાંફળાં-ફાંફળાં થઈ સુધ-બુધ ગુમાવી બેસીએ છીએ. પછી ડૂબતો માણસ તણખલું પકડે, તેમ આપણે પણ બીજાની વાતમાં આવી જઈ, સિદ્ધાન્ત-વિરુદ્ધ વર્તન કરવા લાગીએ છીએ. આ વાત હૃદયમાં અને બુદ્ધિમાં બરાબર ઘૂંટવાની જરૂર છે કે આપણે ભક્તિમાર્ગ પર ચાલનારાં છીએ. તેથી આપણા પ્રિયતમ શ્રીકૃષ્ણ, શ્રીયમુનાજી કે શ્રીમહાપ્રભુજી પાસે આપણાં દુ:ખનાં રોદણાં રડી, તેમની પાસે લૌકિક બાબતોની માગણી કરી, એમને પરિશ્રમ આપવો એ આપણો દાસધર્મ નથી, ભક્તની રીત નથી.'

'દિનેશભાઈ, કોઢવાળા વૈષ્ણવનો એક પ્રસંગ છે. એમને કોઢ નીકળ્યો. ઘણી દવા કરી. ન મટ્યો. અંતે તેમણે વારંવાર શ્રીજીબાવાને વિનંતી કરી : મારો કોઢ મટાડો. આથી અપ્રસન્ન થઈ શ્રીજીબાવાએ શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી કે "તમારો આ કોઢિયો વૈષ્ણવ મને તંગ કરે છે. હું કંઈ વૈદ છું કે તેનો કોઢ મટાડું?"

'તદ્દન સાચી વાત કહી, કિશોરભાઈ. આપણી લૌકિક આધિ-વ્યાધિ-ઉપાધિ દૂર કરવા માટે લૌકિક ઉપાયો કરવા. એનું પરિણામ ન આવે તો એ ધીરજ રાખી સહન કરવાં. પણ તે માટે આ ભગવત્‌-સ્વરૂપોને તો શ્રમ ન જ કરાવાય. એમને તો શુદ્ધ સ્નેહ જ અપાય. માટે આવો કોઈ સ્વાર્થ લઈ શ્રીઠાકોરજી, શ્રીયમુનાજી કે શ્રીમહાપ્રભુજી પાસે કદી ન દોડી જવાય.'

'આપણાં બાની જ વાત કરો ને! કેવી તબિયત રહેતી! પણ કોઈ દિવસ ઘરનાં માણસો સામેય એમણે તબિયતની ફરિયાદ કરી છે? બધાંને કહે : તમને કહેવાથી મારા દુ:ખમાં ફેર પડશે? મારી સાથે તમને દુ:ખી કરવાથી શો ફાયદો? સુખ સૌને વહેંચાય, દુ:ખ જાતે જીરવાય. શ્રીઠાકોરજીને રોજ રાતે એમ કહે: મારી સેવા અંગીકાર કરવી હોય, ત્યાં સુધી મને રાખજો.' વેણુભાભીએ કહ્યું.

'સાચી વાત છે તારી. આવા આપણા પૂર્વજ ભગવદીયોથી જ આપણે ઊજળાં છીએ અને રહીશું. એમણે આપણી જીવન-નૌકાને ખરાબે જતી અટકાવવા ઠેર ઠેર એમના જીવન-પ્રસંગોરૂપી દીવાદાંડીઓ સળગતી રાખી છે. આપણે એના પ્રકાશે આપણી જીવન-નૌકા હંકારીશું, તો આપણને ભગવત્કૃપા-સભર ભગવદીય જીવન જીવવામાં કોઈ પ્રતિબંધ નહિ નડે. યાદ એટલું જ રાખીએ કે આપણાં સેવા-સત્સંગ-સ્મરણ-કીર્તન-શ્રવણને આપણે આપણા સ્વાર્થ માટે ન આચરીએ. એનો ધંધો ન બનાવીએ. તો જ ભગવાનની, ભક્તિની અને ભક્તની ગરિમા સચવાશે. તેનાથી જ સર્વ અલૌકિકતા સાંપડશે.'

'હવે કાલથી શ્રીયમુનાષ્ટકનો પ્રારંભ કરશો?'

'હા, કાલે શ્રીગુસાંઈજી મહારાજે શ્રીયમુનાષ્ટકની 'વિવૃત્તિ'ની રચનાના આરંભે કરેલ મંગલાચરણનો શ્લોક વિચારીશું. એમાં શ્રીયમુનાષ્ટકનું રસાત્મક બીજ છે.'

વેણુભાભીએ આશ્રયનું પદ ગાયું :

'રસના એક ગુન કહાં લૌ બખાનૌં?
સપ્ત સમુદ્ર, કલ્પદ્રુમ લેખન, પત્ર ભૂમિ તિહું લોક કી આનૌં, ૧.
શ્રીવલ્લભ, બ્રજવલ્લભ, જનવલ્લભ, સકલ સુખ સાન્યો,
હૌ મતિ મંદ, કહાં લૌં બરનૌં, 'રસિકદાસ' કો દાસ હી જાનો. ૨.



૮. શ્રીયમુનાષ્ટક વિવૃત્તિ - મંગલાચરણ

સાત દિવસના શ્રીયમુના-ગુણગાન-સંકીર્તનના મનોરથ પછી, આજથી શ્રીઠકુરાણી ઘાટે 'શ્રીયમુનાષ્ટક' અધ્યયન - શિબિરનો પ્રારંભ થયો છે. આજે ત્યાં શાળાના વર્ગખંડનું વાતાવરણ બની ગયું હતું. શાળાઓમાં પહેલાં જોવા મળતાં ઘોડીવાળાં બે કાળાં પાટિયાં મૂકવામાં આવ્યાં હતાં. સૌ વૈષ્ણવો નોટબુક, પેન વગેરે લેખન સાહિત્ય લઈ બે ભાગમાં હારબંધ બેસી ગયાં હતાં. આ રીતે ગ્રંથ શીખવાનો પ્રયોગ તેમના માટે નવો હતો.

દિનેશભાઈની સાથે સૌ મંગલાચરણના પાંચ શ્લોક બોલ્યાં. પછી દિનેશભાઈએ શરૂઆત કરી :

'પ્રિય વૈષ્ણવો, ભગવદ્-ગુણાનુવાદ માટે ભગવદ્-વાર્તાની શૈલી જુદી છે, પણ તે શૈલીથી ગ્રંથ ન સમજાય. તેમાંય આપણા જેવાને સંસ્કૃતનું પણ જ્ઞાન ન હોય અથવા ઓછું હોય ત્યારે કથાશૈલી ન ચાલે. કથાનું શ્રવણ થાય, પણ શિક્ષા તો ગ્રહણ કરવી પડે. શિક્ષા-શિક્ષણ મેળવવા એકલા કાનનો ઉપયોગ પૂરતો નથી. કાન સાથે આંખો, જીભ, હાથ, મગજ - બધાંને કામે લગાડવાં પડે. તેમાં પણ ચિત્તની એકાગ્રતા થાય, ત્યારે શિક્ષા ગ્રહણ થાય છે. માટે આજથી આપણે 'શ્રીયમુનાષ્ટક' શીખીશું. આપણે શ્રીયમુનાજી વિષે જે જ્ઞાન મેળવ્યું છે, તે આમાં ઘણું ઉપયોગી થશે. હું પણ તમને પ્રશ્નો પૂછીશ અને તમારે પણ ન સમજાય, ત્યાં મને પૂછવાનું.

'સામાન્ય રીતે વર્ગમાં શીખવનાર એક શિક્ષક હોય' પણ અહીં આપણને આ ગ્રંથ શીખવવા સાત આચાર્યો અને એક વિદ્વાન મહાનુભાવ બિરાજમાન છે. અમારી નવી શિક્ષણ પદ્ધતિ પ્રમાણે એને 'ટીમ-ટીચિંગ' કહેવાય.

'શિક્ષક શીખવે, તે પહેલાં તે પણ શીખતો હોય છે. એટલે મને એવો ભાવ જાગે છે કે અહીં શ્રીમહાપ્રભુજી બિરાજી, 'શ્રીયમુનાષ્ટક' પોતાનાં બાળકોને શીખવે છે. એ બાળકો શીખ્યા પછી શ્રીમહાપ્રભુજી સમક્ષ પોતે જે સમજ્યાં એની રજૂઆત કરી રહ્યાં છે. જાણે એનો 'સેમિનાર' ચાલે છે! આપણે સૌ એમના નામથી, સ્વરૂપથી, ચરિત્રથી સુપરિચિત છીએ. તેમના હસ્તમાં તેમણે

રચેલી શ્રીયમુનાષ્ટકની ટીકાનાં પાન છે. આપણે પહેલા દિવસે એમની ટીકાનું નામ સાંભળેલું. યાદ છે?'

'હા. તેમની ટીકાનું નામ છે. વિવૃત્તિ : 'શ્રીયમુનાષ્ટક વિવૃત્તિ.'

'સાચું. એમણે શ્રીયમુનાષ્ટકના કેટલા શ્લોકો પર 'વિવૃત્તિ' લખી છે?'

'હું કહું? છ શ્લોકો પર.'

'બાકીના ત્રણ શ્લોકો પર કોણે વિવૃત્તિ લખી છે?'

'એમના ચોથા લાલજી શ્રીગોકુલનાથજીએ.'

'શ્રીગોકુલનાથજીએ એમની ટીકાને અલગ નામ આપ્યું છે?'

'ના, લેખક તરીકે પણ શ્રીગુસાંઈજીનું જ નામ રાખેલ છે.'

'શાબાશ. શ્રીગુસાંઈજીની સન્મુખ ધોતી-ઉપરણો ધરી અને મસ્તકે વિપુલ કેશરાશિનો ઝૂડો બાંધી, મેઘશ્યામવર્ણવાળા શ્રીગોકુલેશજી - શ્રીગોકુલનાથજી બિરાજમાન છે. એમની બાજુમાં કોણ છે?'

'શ્રીહરિરાયજી જણાય છે. બરાબર?'

'હા. શ્રીહરિરાયજી બિરાજે છે. એમણે લખેલી ટીકાનું નામ આપશો?'

'વિવૃત્તિટિપ્પણમ્.'

'સાચું. શ્રીહરિરાયજીએ સ્વતંત્ર ટીકા લખી છે?'

'ના, શ્રીહરિરાયજીથી લઈને બાકીના સર્વ આચાર્યોએ શ્રીગુસાંઈજીની ''વિવૃત્તિ''ને વધારે સ્પષ્ટ કરવા તેની ટીકાઓ લખી છે.'

'ટીકા પરની ટીકાને સંસ્કૃતમાં શું કહેવાય?'

'પ્રટીકા.'

'સરસ. હવે આવી બીજી પ્રટીકા કોની છે? એનું શું નામ છે?'

'બીજી પ્રટીકા શ્રીપુરુષોત્તમજીની છે. એનું નામ છે ''વિવૃત્તિવિવૃત્તિ.''

'બહુ સરસ. શ્રીહરિરાયજી બાજુમાં શ્રીપુરુષોત્તમજી બિરાજમાન છે.'

'ત્રીજી પ્રટીકા કોની છે? એનું નામ બતાવશો?'

'ત્રીજી પ્રટીકા શ્રીદ્વારકેશજીની છે. એનું નામ અન્વયાર્થબોધિની વિવૃત્તિટિપ્પણી.'

'ખૂબ સરસ.'

'અંકલ, શ્રીપુરુષોત્તમજી સુધીના આચાર્યોનાં નામ અને ચરિત્ર અમને ખબર છે. પણ શ્રીદ્વારકેશજીનો પરિચય નથી.'

'બહુ સારી વાત કહી. જે ગ્રંથ કે તેની ટીકાનો અભ્યાસ કરીએ. તે ગ્રંથકાર અને ટીકાકારનો પરિચય કરવો જ જોઈએ. શ્રીદ્વારકેશજી શ્રીવલ્લભવંશમાં શ્રીમહાપ્રભુજીથી બારમી પેઢીએ વ્રજમાં જતિપુરામાં સં. ૧૮૫૨ના જ્યેષ્ઠ સુદ બારસે થયા. તેઓ શ્રીમથુરાનાથજી અને ગંગાવહુજીના બીજા પુત્ર છે. તેમણે 'સિદ્ધાન્ત મુક્તાવલી'ની પ્રટીકા લખી છે. તે ઉપરાંત, પ્રકટ તેમણે વિવિધ સ્વરૂપોની નામાવલિઓની પણ રચના કરી છે, જેમ કે 'શ્રીનવનીતપ્રિય-અષ્ટોત્તરશત-નામાનિ, શ્રીગિરિધર-અષ્ટોત્તરશતનામાનિ, શ્રીગિરિરાજ નામાવલી, શ્રીનાથજીનામ-નિરૂપણમ્, શ્રીગિરિધર-નામસ્તોત્રમ્, શ્રીગોવર્ધનાષ્ટકમ્ વગેરે. આપણા સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન પ.ભ. શ્રીમૂળચંદભાઈ તેલીવાળાના મતે 'સેવાફલ' ગ્રંથ પર એક અજ્ઞાત લેખકની ટીકા - 'વિવરણ' છે, તે શ્રીદ્વારકેશજીની જણાય છે. શ્રીપુરુષોત્તમજી તેમનાથી સવા સો વર્ષ મોટા છે.'

'આ સિવાય અન્ય પ્રટીકાઓ છે?'

'હા, શ્રીપુરુષોત્તમજીના સમકાલીન, પણ તેમનાથી વયમાં થોડા મોટા એવા શ્રીબાલકૃષ્ણ ભટ્ટ થયા. તેઓ શ્રીલાલુભટ્ટના નામે વધુ જાણીતા છે. તેઓ શ્રીવલ્લભવંશમાં દૌહિત્ર-ભાણેજ થાય. તેમણે 'પ્રમેયરત્નાર્ણવ' અને 'નિર્ણયાર્ણવ' નામે ગ્રંથ રચ્યા છે. 'નિર્ણયાર્ણવ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનું તેમને જે રહસ્ય સમજાયું, તે ટીકાના રૂપમાં નહિ, પણ સ્વતંત્ર લેખના રૂપમાં લખ્યું છે. તેમાં 'શ્રીયમુનાષ્ટક' વિષે પણ સ્વતંત્ર લેખ છે. તેઓ શ્રીમહાપ્રભુજીના ડાબા હસ્ત તરફ બેઠા છે.'

'શ્રીદ્વારકેશજીની બાજુમાં બિરાજમાનનાં તો દર્શન કરેલાં છે - શ્યામુબાવા તો નથી?'

'હા, શ્વેત ધોતી-ઉપરણામાં સજ્જ આપ શ્રીમાન શ્રીશ્યામમનોહરજી છે. આજે મુંબઈમાં બિરાજમાન છે. એમણે હિન્દીમાં 'ભાવાર્થ' નામે પ્રટીકા પ્રથમ ચાર શ્લોકની લખી છે. તેઓ શ્રીમહાપ્રભુજીથી સોળમી પેઢીએ સં. ૧૯૯૬ના જેઠ વદ ૬ના રોજ પ્રકટ થયા છે. એમના પિતા શ્રીદીક્ષિતજી મહારાજ પણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન આચાર્ય થઈ ગયા.'

'વાહ, આપણાં અહોભાગ્ય કે આપણે આઠ આઠ દિવ્ય ગુરુઓ પાસેથી આ ગ્રંથ શીખીશું.'

'હા, શ્રીગુસાંઈજીની વિવૃત્તિ આપણા આ ગ્રંથશિક્ષણનો પાયો છે. શ્રીગુસાંઈજીએ ગ્રંથના સમજાવેલા અર્થને આ સર્વ ટીકાકારો પોતપોતાના ભાવ પ્રમાણે વધારે સ્પષ્ટ કરીને આપણને સમજાવશે.'

'પ્રાચીન સમયમાં ગ્રંથલેખનના પ્રારંભમાં પોતાના ગુરુ કે ઈષ્ટદેવને નમનના રૂપમાં મંગલાચરણ લખાતું, ખરું ને?'

'હા, સાચી વાત.'

'આ બધી ટીકાઓની શરૂઆતમાં એવા મંગલાચરણના શ્લોકો છે?'

'છે. શ્રીગુસાંઈજીએ ટીકાના પ્રારંભમાં મંગલાચરણનો એક શ્લોક લખ્યો છે. બાકીની બધી વિવૃત્તિ ગદ્યમાં લખી છે. શ્રીહરિરાયજીએ મંગલાચરણનો કોઈ શ્લોક લખ્યો નથી. 'શ્રીકૃષ્ણાય નમઃ', 'શ્રીગોપીજનવલ્લભાય નમઃ' લખી 'વિવૃત્તિ ટિપ્પણમ્' ગદ્યમાં લખ્યું છે. શ્રીપુરુષોત્તમજીએ મંગલાચરણ એક શ્લોકથી કર્યું છે. શ્રીદ્વારકેશજીએ બે શ્લોકોથી મંગલાચરણ કરી, બાકીના ૨૮ શ્લોકોમાં ટીકાની ભૂમિકા સમજાવતાં, અંતે પોતાનો પરિચય આપ્યો છે. આમ, ત્રીસ શ્લોકોની વિશદ ભૂમિકા પછી, આપે ગદ્યમાં ટીકાલેખનનો પ્રારંભ કર્યો છે.'

'મંગલાચરણ કરવાનો શો હેતુ હશે?'

'ત્રણ પ્રટીકાકારોએ પોતાનો મત રજૂ કર્યો છે. સાંભળો. શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે : **'શ્રીયમુનાષ્ટક-વિવૃત્તિ વિરચયિષ્યન્તઃ તત્સાફલ્યાય શ્રીમદાચાર્યાન્ પ્રાર્થયન્તે.'** અર્થાત્ શ્રીયમુનાષ્ટક પર ટીકા લખવા આપને શક્તિ મળે અને ટીકાનું લેખન નિર્વિઘ્ન સફળ થાય તે માટે શ્રીગુસાંઈજી, શ્રીમહાપ્રભુજીને પ્રાર્થના કરે છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે : **'સ્વસ્મિન્ વિવૃત્તિકૃતિશક્તિસિદ્ધયે તત્કૃપાં પ્રાર્થયન્તિ.'** અર્થાત્ પોતાને આ ટીકા રચવાની શક્તિ પ્રાપ્ત થાય તે માટે તેઓ શ્રીમહાપ્રભુજીની કૃપા માગે છે. શ્રીદ્વારકેશજીનો પણ આ જ મત છે - **'તત્કૃપાં પ્રાર્થયન્તિ.'** શ્રીમહાપ્રભુજીની કૃપા પામવા જ પ્રાર્થના કરી છે.

આમ, ત્રણે ટીકાકારોએ મંગલાચરણનો સમાન હેતુ જ બતાવ્યો છે. ગ્રંથરચનામાં આવતા પ્રતિબંધોની નિવૃત્તિ, ગ્રંથરચનાની ક્ષમતા અને ગ્રંથરચનાની સફળતા.'

'આ વાત તો સમજાઈ ગઈ કે આપણે કોઈ પણ નવું કામ શરૂ કરતાં પહેલાં મંગલાચરણ કરવું જોઈએ.'

'અવશ્ય.'

'શ્રીગુસાંઈજીના મંગલાચરણનો શ્લોક લખાવશો?'

'હું પાટિયા પર લખું છું. તમે પણ મારી સાથે લખો. પછી આપણે તે બોલીને, તેનો શુદ્ધ ઉચ્ચાર પણ શીખી લઈશું.'

'વિશ્વોદ્ધારાર્થમેવાવિર્ભૂતવૃંદાવનપ્રિયાઃ ।
કૃપયન્તુ સદા તાતચરણા મયિ વિઠ્ઠલે ॥'

'જુઓ, આ શ્લોક છે. શ્લોક એટલે કવિતાનું રૂપ. ગદ્ય કરતાં પદ્યની રજૂઆત જુદી પડે. કવિતાને સમજવા પહેલાં ગદ્યના રૂપમાં ગોઠવવી પડે. એને સંસ્કૃતમાં 'અન્વય' કહેવાય છે. સંસ્કૃત શ્લોકનો અર્થ સમજવા પહેલાં તો શ્લોકના પદોની સંધિ છૂટી પાડવી પડે. પછી તેનો અન્વય કરવો પડે. પછી પ્રત્યેક પદનો અર્થ સમજવો પડે. ત્યારે આખા શ્લોકનો અર્થ સમજાય.

એટલે હું હવે આ શ્લોકનાં પદોની સંધિ છૂટી પાડીને લખીશ.

'વિશ્વ-ઉદ્ધાર-અર્થમ્-એવ-આવિર્ભૂત-વૃંદાવન-પ્રિયાઃ

કૃપયન્તુ સદા તાત - ચરણાઃ મયિ વિઠ્ઠલે'

હવે આપણે આ પ્રત્યેક પદના ગુજરાતી અર્થ નોંધી લઈએ. લખો.

વિશ્વોદ્ધારાર્થમ્ (વિશ્વ + ઉદ્ધાર + અર્થમ્) = વિશ્વના ઉદ્ધાર માટે; **એવ** = જ; **આવિર્ભૂત** = પ્રકટ થયેલા; **વૃંદાવનપ્રિયાઃ** = (અને) જેમને વૃંદાવન પ્રિય છે એવા; **તાતચરણાઃ** = (મારા) પિતાશ્રી; **મયિ વિઠ્ઠલે** = મારા - વિઠ્ઠલ - ઉપર **સદા** = હમેશાં; **કૃપયન્તુ** = કૃપા કરો.

હવે આખા શ્લોકનો અર્થ સમજાઈ ગયો ને? ચિંતન બોલ.

'વિશ્વના ઉદ્ધાર માટે જ પ્રકટ થયેલા, (અને) જેમને વૃંદાવન પ્રિય છે. એવા (મારા) પિતાશ્રી (શ્રીમહાભુજી), મારા - વિઠ્ઠલ ઉપર હંમેશાં કૃપા કરો.'

'શાબાશ. હવે આ શ્લોક વિષે ટીકાકારોની રજૂઆત સમજીશું. પ્રત્યેક પદ લઈને સૌના અલગ અલગ મત જોઈશું અને પછી તેનો સમગ્ર અર્થ તારવીશું.'

શ્રીગુસાંઈજીએ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી માટે ત્રણ પદાવલીઓ યોજી છે.

(૧) વિશ્વોદ્ધારાર્થમેવ આવિર્ભૂત = વિશ્વના ઉદ્ધાર માટે જ જે પ્રકટ થયા છે તે.

(૨) વૃંદાવનપ્રિયાઃ = વૃંદાવન જેમને પ્રિય છે તે.

(૩) તાતચરણાઃ = (મારા) પિતાશ્રી.

આ ત્રણ પદાવલીઓનું રહસ્ય વારાફરતી સમજીએ.

'વિશ્વોદ્ધારાર્થમેવાવિર્ભૂત' પદાવલિમાં 'વિશ્વ' શબ્દ છે. 'વિશ્વ' શબ્દની વ્યુત્પત્તિ સંસ્કૃતમાં આ પ્રકારે છેઃ 'વિશન્તિ લય-સમયે ભગવતિ ઇતિ વિશ્વ.' અર્થાત્ પ્રલય સમયે જે કંઈ ભગવાનમાં લય પામે છે તે વિશ્વ. આપણે જાણીએ છીએ કે જગતમાં બધાં જડ-ચેતન, નામ-રૂપો, પદાર્થો-પ્રાણીઓ બ્રહ્મ-ભગવાનમાંથી પ્રકટ થયાં છે અને પ્રલય સમયે તેમાં જ લય પામે છે. આવા જગત માટે 'વિશ્વ' શબ્દ વપરાય છે. આમ 'વિશ્વ' શબ્દ વિશાળ અર્થમાં વપરાતું સર્વવાચક પદ છે. 'વિશ્વ' શબ્દનો આ અર્થ લઈએ, તો શ્રીમહાપ્રભુજી આખા જગતના ઉદ્ધાર માટે પ્રકટ થયા છે એવો અર્થ થાય.'

'ભાઈ, અહીં એક પ્રશ્ન જાગે છે : 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીનું એક નામ ''દૈવોદ્ધારપ્રયત્નાત્મા'' બતાવે છે. એટલે કે દૈવી જીવોને શરણે લેવા પધાર્યા છે, પ્રવાહી-આસુરી જીવો માટે નહિ. જગતમાં તો બધા જીવોનો સમાવેશ થાય, તો અહીં શ્રીગુસાંઈજી આખા જગતના ઉદ્ધારની વાત કેમ કરતા હશે?'

'કિશોરભાઈ, તમે ખૂબ સુંદર પ્રશ્ન કર્યો. તમારા આ પ્રશ્નનો જવાબ, જુઓ, શ્રીહરિરાયજી આપી રહ્યા છેઃ શબ્દનો જેમ વ્યાપક અર્થ થાય છે, તેમ તેનો સંકુચિત અર્થ પણ થાય છે. જેમકે 'મૃગ' એટલે બધાં પશુઓ - કારણ 'મૃગ' શબ્દ 'મૃગયતિ' ક્રિયાપદ પરથી બન્યો. ''મૃગયતિ'' = શોધે છે. જે પોતાનું ભોજન શોધે તે = પ્રાણીઓ. આ 'મૃગ' શબ્દનો વિશાળ અર્થ થયો. આ જ 'મૃગ' શબ્દ હરણ માટેય વપરાય છે. તે તેનો સંકુચિત અર્થ કહેવાય. આને ભાષામાં શબ્દના અર્થસંકોચની પ્રક્રિયા કહે છે. આ પ્રક્રિયા સમજાવવા શ્રીહરિરાયજીએ બીજું ઉદાહરણ આપ્યું : ''સર્વે બ્રાહ્મણાઃ ભોજયિતવ્યાઃ'' અર્થાત્ બધા બ્રાહ્મણોને ભોજન કરાવવું. અહીં સર્વેનો અર્થ જમાડનારની શક્તિ પ્રમાણે વિશાળ અથવા સંકુચિત થાય. કોઈ કરોડપતિ વ્યક્તિ આખા શહેરના 'બધા' બ્રાહ્મણોને જમાડે, તો મારા જેવી સાધારણ વ્યક્તિ તેની પડોશમાં રહેતા પરિવારના 'બધા' બ્રાહ્મણોને જમાડે. શબ્દના અર્થસંકોચની આ પ્રક્રિયા પ્રમાણે 'વિશ્વ' શબ્દ સર્વવાચક હોવા છતાં, અહીં તેનો અર્થ સંકુચિત વૃત્તિથી કરવાનો છે.

શ્રીહરિરાયજીના મતે "વિશ્વ" એટલે પુષ્ટિમાર્ગમાં અંગીકાર પામેલા જીવો - દુનિયાના બધા જીવો નહિ. શ્રીપુરુષોત્તમજી અને શ્રીદ્વારકેશજી પણ 'વિશ્વ' શબ્દનો આ અર્થ જ સ્વીકારે છે.'

'હવે 'ઉદ્ધાર' શબ્દ સમજીએ. સામાન્ય અર્થમાં તો 'ઉદ્ધાર' એટલે નીચે પડેલાને ઊંચે લાવવા, પતિતોને પવિત્ર બનાવવા. પુષ્ટિજીવો માટે આટલું જ કરવાનું હોય, તો એ માટે શ્રીમહાપ્રભુજીને પ્રકટ થવાની જરૂર ન હતી. જે 'ઉદ્ધાર' અન્ય કોઈથી ન થઈ શકે, તે માટે શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય છે. પુષ્ટિજીવોનો ઉદ્ધાર શાનાથી થાય? આનો જવાબ શ્રીહરિરાયજી આપે છે : '**ઉદ્ધારઃ અત્ર ભગવદાસક્તિસંપાદનેન પ્રપંચાત્ પૃથકકરણમ્. તેન સર્વાત્મભાવદાનમ્ એવ સ ઈતિ બોધ્યમ્.**' અર્થાત્ પુષ્ટિજીવને પ્રભુના ચરણ-શરણમાં સોંપી, પ્રપંચ એટલે અહંતા-મમતાવાળા સંસારમાંથી છોડાવી, પ્રભુમાં તેની આસક્તિ કરાવવી અને તે દ્વારા તે જીવને સર્વાત્મભાવનું - પ્રભુના સાક્ષાત્ સ્વરૂપાનંદના અનુભવનું દાન કરવું. શ્રીદ્વારકેશજી આ જ વાત પોતાના શબ્દોમાં વધારે સરળ રીતે બતાવે છે : "**દૈવીજીવાઃ, તેષામ્ ઉદ્ધારઃ બ્રહ્મસંબંધકરણાત્, સંસારાદ્ વિમુચ્ય, સ્વસ્વરૂપાનંદદાનમ્ (ઈતિ).**" શ્રીપુરુષોત્તમજી આ જ વાત શ્રીમહાપ્રભુજીનાં વચનોનું પ્રમાણ આપીને સમજાવે છે કે સુબોધિની અને નિબંધનાં વચનોથી શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનું પ્રયોજન આપોઆપ સમજાય છે.

ટૂંકમાં, ત્રણે ટીકાકારો આ પદાવલીનો એક જ અર્થ કરે છે કે શ્રીમહાપ્રભુજી પુષ્ટિ-દૈવી-જીવોને, અહંતા-મમતારૂપી સંસારમાંથી બ્રહ્મસંબંધ દ્વારા છોડાવી, ભગવત્સેવા દ્વારા તેમની પ્રભુમાં આસક્તિ કરાવી, તેમને આ જન્મમાં, આ દેહે જ પ્રભુના સાક્ષાત્ સ્વરૂપાનંદનો અનુભવ કરાવવા માટે પ્રકટ થયા છે.

'આનો અર્થ તો એ થયો કે જેમ ડૉક્ટર દર્દીનો રોગ મટાડવા માટે ભારે ઉદ્યમશીલ હોય, તેમ દર્દીએ પણ ડૉક્ટરના પ્રયત્નોમાં સહકાર આપવો જોઈએ. ડૉક્ટર ખાંડ ખાવાની મનાઈ કરી, રોગ મટાડવા ઈન્સ્યુલીનનાં ઈંજેક્શન આપતા હોય, પણ દર્દી ખાંડ બંધ જ ન કરે, તો ડૉક્ટરની ટ્રીટમેન્ટની અસર થતી નથી. આમાં વાંક ડૉક્ટરનો નથી, વાંક દર્દીનો છે. તેમ શ્રીમહાપ્રભુજી સંસારમાં ભટકતા અને સ્વભાવથી દુષ્ટ બનેલા આપણા માટે આટલા બધા ઉદ્યમશીલ હોય, ત્યારે આપણે બ્રહ્મસંબંધ લઈ ચૂપચાપ બેસી રહીએ તે ન ચાલે. આપણે પણ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરી, તેમને સહકાર આપવો જોઈએ. અર્થાત્ બ્રહ્મસંબંધ લઈ, આપણા માથે ઘરમાં શ્રીઠાકોરજી પધરાવી, તેમની

પ્રેમપૂર્વક તનુ-વિત્તજા સેવા કરતાં, તેમના પ્રસાદથી જીવન જીવવું જોઈએ. તો જ પ્રભુમાં આસક્તિ થતાં, તેમના સ્વરૂપાનંદનો અનુભવ થાય, ખરું ને?' સ્મિતાબહેને પૂછ્યું.

'તદ્દન સાચું. શ્રીમહાપ્રભુજીના પૃથ્વી પરના પ્રાકટ્યનું આ જ મુખ્ય પ્રયોજન છે. માયાવાદખંડન, બ્રહ્મવાદસ્થાપન, કર્મમાર્ગપ્રવર્તન આદિ પ્રયોજનો તો આનુષંગિક છે, એમ સૂચવવા માટે અહીં 'એવ' શબ્દ વાપર્યો. "એવકારોઽત્ર પ્રયોજનાન્તરાભાવાય." "વિશ્વોદ્ધારાર્થમ્ એવ આવિર્ભૂત." પદાવલીનો અર્થ થયો - દૈવી-પુષ્ટિ જીવોને બ્રહ્મસંબંધ કરાવી, તે દ્વારા તેમની અહંતા-મમતામાંથી તેમને છોડાવી, ભગવદ્સેવા દ્વારા તેમનામાં ભગવદાસક્તિ જગાવી, તેમને ભગવત્-સ્વરૂપાનંદનો અનુભવ કરાવવાના એકમાત્ર મુખ્ય હેતુથી જ શ્રીમહાપ્રભુજી પ્રગટ થયા છે, બીજા બધા હેતુઓ આ હેતુના આનુષંગિક છે.

આથી શ્રીહરિરાયજી ગાય છે :

'રતિપથ પ્રકટ કરન કોં પ્રકટે કરુનાનિધિ શ્રીવલ્લભ ભૂતલ,
હુલસે સકલ દૈવીજન કે મન, સાધન બિન હમ પાવેંગે ફલ. ૧.
માયા-મત કો તિમિર નસાયો, પંથ દિખાયો બેદ બચનબલ,
યહ મારગ જો દૃઢ તિનકો હરિ મેલત મુખમેં પત્રકુસુમજલ. ૨.
સીંચત, બચન સુધાકર સેવક, મારગ રિપુ દાહે બચનાનલ,
સેવારસ સાગર પ્રકટાયો વદન અનલ તેં અતિસય સીતલ. ૩.
ઉપજત તાપ છિનક સાંનિધ્યમેં દેત બિરહ આનંદરસ કેવલ,
દેખો સંત બિચાર ચારુ ચિત્ત, શ્રીગોકુલપતિ હૈ યહ નિશ્ચલ. ૪.
દે ચરનોદક દોસ નિવારે, સૂધે કિયે કાલ કલિ કે ખલ,
'રસિક' ભજત નિત્ય શ્રીવલ્લભપદ, તે બડભાગી સદા મન નિર્મલ. ૫.

શ્રીદ્વારકેશજી આ પદાવલિનું એક બીજું સુંદર રહસ્ય પ્રકટ કરે છે : **'શ્રીમદાચાર્ય-શ્રીયમુના-શ્રીગોવર્ધનધરાણાં સ્વરૂપૈક્યસ્ય બોધં કુર્વન્તઃ'** અર્થાત્ આ પદાવલી શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી અને શ્રીનાથજી એ ત્રણે સ્વરૂપો મૂળભૂત રીતે એક જ સ્વરૂપ છે, એમ સમજાવે છે.

'એ કેવી રીતે?'

'એનો જવાબ શ્રીહરિરાયજી આપે છે : **"અયં ચ પુષ્ટિપ્રભોઃ શ્રીયમુનાયાઃ શ્રીમદાચાર્યચરણાનાં ચ સમાનો ધર્મઃ"** આ શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીયમુનાજી અને

શ્રીમહાપ્રભુજીનો સમાન ધર્મ છે. ભગવાને વ્રજવાસીઓ માટે પ્રાકટ્ય લઈ, પોતાના પ્રત્યક્ષ સ્વરૂપથી તેમનો ઉદ્ધાર કર્યો. શ્રીયમુનાજીએ કુમારિકાઓ આદિનો પ્રભુ સાથે સંબંધ સંપાદિત કરાવી આપી, તેમનો ઉદ્ધાર કર્યો. શ્રીમહાપ્રભુજીએ પણ બ્રહ્મસંબંધ કરાવી, આમ, અનેક જીવોનો ઉદ્ધાર કર્યો. શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીએ લીલાસૃષ્ટિના જીવોનો પોતાના પ્રત્યક્ષ સ્વરૂપથી ઉદ્ધાર કર્યો, તો શ્રીમહાપ્રભુજીએ પૃથ્વી પર વિખૂટા પડેલા જીવોનો પ્રભુની પરોક્ષ સ્થિતિમાં ઉદ્ધાર કર્યો. ભગવાને વ્રજભક્તોને વિરહનું દાન કરી, તેમની ભાવવૃદ્ધિ કરી. શ્રીમહાપ્રભુજીએ દૈવી જીવોને બ્રહ્મસંબંધ દ્વારા તાપક્લેશનું દાન કરી, તેમની ભાવવૃદ્ધિ કરી ''એવં ચ સતિ ત્રયાણાં સજાતીયધર્મવત્ત્વં ચ સિદ્ધમ્.' અર્થાત્ આમ ત્રણે સ્વરૂપોનો સજાતીય ધર્મ સિદ્ધ થયો.'

'સજાતીય ધર્મ એટલે?'

'સમાન-એક સરખો - ધર્મ. શ્રીગુસાંઈજી આ વાત બતાવી, આપણો વિશ્વાસ દૃઢ કરે છે કે જ્યારે આજે આપણી પાસે શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજી સાક્ષાત્ પ્રત્યક્ષ નથી બિરાજતાં, ત્યારે તેમના જ સ્ત્રી-પુંભાવનું અલૌકિક સ્વરૂપ એવા શ્રીમહાપ્રભુજી ભૂતલ પરના જીવોનો ઉદ્ધાર કરવા, એ સ્વરૂપો જેટલા જ સક્ષમ છે. માટે તેઓ ''વિશ્વોદ્ધારાર્થાય એવ આવિર્ભૂત'' છે. વળી તેમની કાન્તિ રૂપ, તેમની વાણી-સ્વરૂપ 'શ્રીયમુનાષ્ટક'નો પાઠ કરવાથી શ્રીયમુનાજીની અને શ્રીયમુનાજી દ્વારા શ્રીઠાકોરજીની પણ કૃપા આપણને પ્રાપ્ત થશે જ અને આ જન્મમાં જ આપણા ઉદ્ધાર રૂપ પ્રભુના સાક્ષાત્ અલૌકિક સ્વરૂપાનંદની આપણને પ્રાપ્તિ થશે જ એ નિર્વિવાદ છે.'

'તો આ પદાવલીથી શ્રીગુસાંઈજી મહારાજે શ્રીમહાપ્રભુજીના અલૌકિક ધર્મનું નિરૂપણ કર્યું, એમ કહેવાય?'

'અવશ્ય. હવે આવા સમર્થ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન કરાવવા બીજી પદાવલી કહી, ''વૃંદાવનપ્રિયાઃ''. એનું રહસ્ય વિચારીએ.

'વૃંદાવનપ્રિયાઃ' પદાવલિ વિષે શ્રીહરિરાયજીની આજ્ઞા પહેલાં સમજીએ. વ્રજજનોનાં હૃદયોમાંથી લીલા કરવા માટે જે સદાનન્દ-સ્વરૂપે પ્રકટ થયા તે 'વૃંદાવનપ્રિય' પ્રભુ. તેમના જ અવર રૂપ શ્રીમહાપ્રભુજી. માટે શ્રીમહાપ્રભુજી 'વૃંદાવનપ્રિયાઃ' છે. જેમ લીલા પ્રકટ કરવા માટે રસાત્મક ભગવાન વ્રજ-વૃંદાવનમાં પ્રગટ થયા તેમ શ્રીભાગવતની ટીકા પ્રકટ કરવા માટે શ્રીમહાપ્રભુજી

પ્રકટ થયા એવો ભાવ આ પદાવલીનો છે. શ્રીહરિરાયજી આ પદાવલીનો એક બીજો અર્થ પણ કરે છે. પ્રભુને જે વૃંદાવન પ્રિય છે તે વૃંદાવન શ્રીમહાપ્રભુજીને પણ પ્રિય છે; કારણ કે શ્રીમહાપ્રભુજી લીલામાં સ્વામિની-સ્વરૂપ છે. આ સ્વામિનીઓને રાસલીલા સમયે પ્રભુનો વિરહ થવા છતાં તેમણે વૃંદાવન છોડ્યું નહોતું. પછી આ સ્વામિનીઓના હૃદયમાંથી જ શ્રીઠાકોરજી બહાર પ્રગટ થયા હતા. આમ સ્વામિની-સ્વરૂપે પ્રભુને પ્રિય એવું વૃંદાવન શ્રીમહાપ્રભુજીને પણ પ્રિય છે. આ અર્થ દ્વારા એમ બતાવ્યું કે શ્રીસ્વામિનીજી એ જ શ્રીમહાપ્રભુજી છે. સ્વામિની ભાવથી પ્રકટલીલામાં તેઓ શ્રીઠાકોરજીની સેવા કરે છે. અહીં પૃથ્વી પર પધારી તેમણે તે જ ભાવ-ભાવનાવાળી સેવા પ્રકટ કરી છે. સેવા રીત પ્રીત વ્રજ જનકી જનહિત જગ પ્રકટાઈ, પ્રકટ વ્હે મારગ રીત દિખાઈ. આમ, આ પદાવલિથી શ્રીહરિરાયજીએ શ્રીમહાપ્રભુજી, શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ છે એમ સિદ્ધ કર્યું. શ્રીહરિરાયજી આ પદાવલિનો એક ત્રીજો ભાવ પ્રકટ કરે છે. ભાવાત્મા ભગવાન રસસ્વરૂપ છે એમ શ્રુતિઓએ બતાવ્યું છે. શ્રીમહાપ્રભુજી પ્રભુના મુખારવિંદ સ્વરૂપ છે, તેથી તેઓ પણ અલૌકિક રસાત્મા છે. શ્રીયમુનાજી પણ દ્રવીભૂત રસાત્મક સ્વરૂપ છે. શ્રીયમુનાજી પ્રભુનાં સ્વામિની છે, તેથી આ ત્રણેય રસાત્મક સ્વરૂપોની લીલા ભગવલ્લીલા છે. તેમનો ભાવ ભગવદ્ભાવ છે અને ત્રણેય ભગવત્રૂપ છે. માટે શ્રીયમુનાજીએ પણ વ્રજલીલામાં સ્વામિની-ભાવથી સેવા કરી છે. ત્રણે સ્વરૂપો અંગીકૃત જીવોને ભગવદ્ભાવ, ભગવદ્રૂપ અને ભગવદ્સ્વરૂપ સંબંધી સુખનું દાન કરવા સક્ષમ છે. આમ, 'વૃંદાવનપ્રિયાઃ' એ પદાવલિથી જેમ વૃંદાવનમાં વ્રજભક્તોનાં પોતપોતાનાં હૃદયોમાંથી અલૌકિક વૃંદાવન પ્રકટ થયું, તે વૃંદાવન જેમને પ્રિય છે એવા શ્રીમહાપ્રભુજી છે, એવાં શ્રીયમુનાજી છે; અને એવા શ્રીઠાકોરજી પણ છે. અંદર બિરાજેલું સ્વરૂપ બહાર પ્રકટ થાય એવી અભિલાષાવાળાં છે. આમ, શ્રીહરિરાયજી આ પદાવલિથી શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ અને તે સ્વરૂપની અલૌકિક લીલાઓ સમજાવે છે.

શ્રીદ્વારકેશજી કહે છે, પ્રભુની લીલા માટે જે વૃંદાવન પ્રકટ થયું તે વૃંદાવન જેમને પ્રિય છે એવા શ્રીમહાપ્રભુજી છે.

શ્રીપુરુષોત્તમજી 'વૃંદાવનપ્રિયાઃ' સમાસ ત્રણ રીતે છૂટો પાડી તેનું રહસ્ય સમજાવે છે : (૧) વૃંદાવનના પ્રિય આ તત્પુરુષ સમાસ છે. (૨) વૃંદાવન જેમને પ્રિય છે તે. (૩) વૃંદાવન-પ્રિય રૂપે પ્રકટ થયેલા. આ કર્મધારય સમાસ

છે. બાહ્ય રીતે ભિન્ન-ભિન્ન અર્થ ધરાવતી આ પદાવલિ મૂળ એક જ અર્થવાળી છે. તે શ્રીઠાકોરજી સાથેનો શ્રીમહાપ્રભુજીનો અભેદ બતાવે છે.

આમ, આ ત્રણેય મહાનુભાવ ટીકાકારોએ 'વૃંદાવનપ્રિયા:' પદાવલિનો જે ભાવ બતાવ્યો તે ભાવ શ્રીશ્યામમનોહરજી આ પ્રમાણે સમજાવે છે. ''કૃષ્ણ વૃંદાવનપ્રિય'' છે. આખા વૃંદાવનમાં તેઓ જ બધાંના પ્રિય છે. વ્રજભક્તો પણ વૃંદાવનપ્રિય છે; કારણ કે બધા વ્રજભક્તોને વૃંદાવનની સાથે સૌથી વિશેષ સ્નેહ છે. - શ્રીમહાપ્રભુજી પણ વૃંદાવનપ્રિય સ્વરૂપે પ્રકટ થયા છે. આમ, આ પદાવલિથી ભગવાન શ્રીકૃષ્ણ અને વ્રજભક્ત એમ બન્ને સાથે શ્રીમહાપ્રભુજીની સમાનતા અથવા અભિન્નતા સમજાય છે. તેથી શ્રીવલ્લભાષ્ટકમાં શ્રીગુસાંઈજીએ વસ્તુત: શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણ જ છે એમ કહ્યું. તેમણે શ્રીસર્વોત્તમસ્તોત્રમાં પણ કહ્યું કે શ્રીભાગવતમાં સારભૂતરૂપે રાસસ્થિત ગોપિકાઓનો જે ભાવ છે, તેનાથી શ્રીમહાપ્રભુજીનું શ્રીઅંગ પરિપૂર્ણ છે. આમ, શ્રીમહાપ્રભુજીનો બે સ્વરૂપે અનુભવ થાય છે : 'ભક્તરૂપે અને ભગવાનરૂપે.'

'શ્રીપદ્મનાભદાસજીએ શ્રીમહાપ્રભુજીનું આ સ્વરૂપ નીચેના પદમાં ગાયું છે :

હેલી નવનિકુંજ લીલારસ પૂરિત શ્રીવલ્લભ તનમન મોરે,
અંગ અંગ બિપિન છબિનિધાન ઘનદામિની દૂતિ ફલ ફલ પ્રતિ દોરે.'

દિનેશભાઈ, આ વાતમાંથી મારા હૃદયમાં એવો ભાવ સ્ફૂરે છે કે વૃંદા એટલે તુલસીજી જેવા ભક્તો. તેથી વૃંદાવન એટલે ભક્તોનો સમૂહ. ભક્તો સમૂહમાં જે સ્થાનમાં પ્રભુના રસાનંદનું સંયોગમાં અને વિયોગમાં પાન કરે, તે વૃંદાવન. આથી વ્રજભક્તોને વૃંદાવન અતિ પ્રિય રહ્યું. તેમણે ત્યાં વિરહનો તાપક્લેશ અનુભવ્યો અને રાસલીલાના રસનો પણ અનુભવ કર્યો. શ્રીમહાપ્રભુજી પણ સ્વામિની ભાવાત્મારૂપે ભગવાનના સંયોગ અને વિપ્રયોગ રસમાં ડૂબેલા હોવાથી તેઓ વૃંદાવનપ્રિય છે.

સ્મિતાબહેન, તમારી વાત અને તેમાંનો ભાવ તદ્દન યોગ્ય છે. ત્રણેય સ્વરૂપો એક જ છે. એવો આપણા મનમાં દૃઢ વિશ્વાસ બેસાડવા બે ભગવદીયોનાં ચરિત્રો યાદ કરી લઈએ. શ્રીસૂરદાસજીના અંતિમ સમયે શ્રીચતુર્ભુજદાસજીએ તેમને પૂછયું કે તમે શ્રીઠાકોરજીનાં સવાલાખ પદો રચ્યાં છે, પણ શ્રીમહાપ્રભુજીનું એક પણ પદ રચ્યું નથી, તેનું શું કારણ? ત્યારે શ્રીસૂરદાસજીએ શ્રીગુસાંઈજીનાં ચરણારવિંદ

પર પોતાનો જમણો હાથ મૂકીને ગાયું : દૃઢ ઈન ચરનન કેરો ભરોસો. તેઓ કહે છે મેં શ્રીઠાકોરજીથી શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજીને અલગ જાણ્યા જ નથી. અલગ જાણું તો અલગ પદ રચું ને? આવી જ રીતે છીતસ્વામીજીએ પણ બિરબલને કહેલું કે મને તો શ્રીઠાકોરજી અને શ્રીગુસાંઈજી એક જ સ્વરૂપ છે એવો અનુભવ છે. તેથી મેં ગાયું કે 'છીતસ્વામી ગિરધર શ્રીવિઠ્ઠલ એઈ તેઈ તેઈ એઈ કછુ ન સંદેહ.' તારો બાદશાહ મને પૂછશે તો હું તેને આનો જવાબ આપીશ. પણ શ્રીગુસાંઈજીનો સેવક થઈને જો તને આ વાતમાં સંદેહ છે તો મારે મન તું જ બહિર્મુખ છે, માટે આજથી તારો ત્યાગ કરું છું.

શ્રીગોવિંદસ્વામીએ પણ શ્રીયમુનાજીને ભગવત્-સ્વરૂપ જાણી પોતાનો પગ અડકાડ્યો નથી. જેમ આપણે શ્રીઠાકોરજી કે શ્રીમહાપ્રભુજીને આપણો પગ ન લાગે તેવી સાવચેતી રાખીએ છીએ, તેવી જ સાવચેતી શ્રીગોવિંદસ્વામીએ રાખી હતી. આ ત્રણે મહાનુભાવોના પ્રસંગોથી શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજી એક જ સ્વરૂપ હોવાનું સમજાય છે. રામદાસજી નામના ભક્તકવિને તો શ્રીમહાપ્રભુજીના રોમરોમમાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયાં છે. તેથી તેમણે ગાયું છે કે 'જાકે રોમ રોમ પ્રતિ કોટી ગોવર્ધનરાઈ.'

આમ, 'વૃંદાવનપ્રિયાઃ' પદાવલિથી શ્રીમહાપ્રભુજીના આધિદૈવિક શ્રીપુંભાવયુક્ત સ્વરૂપ અને તેમની લીલાનો નિર્દેશ કરવામાં આવ્યો.

હવે, શ્રીમહાપ્રભુજી માટે કહેવાય એવી ત્રીજી પદાવલિનો ભાવ સમજીએ. તે છે **'તાતચરણાઃ'**

શ્રીપુરુષોત્તમજી કહે છે : અહીં ચરણ પદ બહુવચનમાં છે તે પૂજનીયતાનો ભાવ સૂચવે છે, કારણ કે જે આપણા માટે પૂજ્ય છે, તેમનાં ચરણસ્પર્શ કરીએ છીએ. 'તાતચરણાઃ' એટલે 'પિતાજી'. અહીં શ્રીગુસાંઈજી આ પદથી શ્રીમહાપ્રભુજીનો ઉલ્લેખ કરે છે. શાસ્ત્રની આજ્ઞા છે કે ''એકત્વં ન પ્રયુંજીત ગુરાવાત્માનિ ચેશ્વરે'' અર્થાત્ ગુરુ, આત્મા અને ઈશ્વર માટે એકવચનનો ઉપયોગ ન કરવો, માનાર્થે બહુવચન વાપરવું. તેથી શ્રીગુસાંઈજી ''તાતચરણાઃ'' પદ બહુવચનમાં લખે છે.

શ્રીહરિરાયજી કહે છે : 'આ પદ પિતા-પુત્રના સંબંધને બતાવનારું છે. પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીની થોડીઘણી પણ જે **કૃપા મળશે**, તે તેમની **સાથેના સંબંધને** કારણે જ મળશે, **અન્ય સાધનોથી** નહિ; એમ બતાવવા અહીં

સંબંધનો નિર્દેશ કર્યો છે. આવો સંબંધ જ પુષ્ટિમાર્ગમાં ભાવવર્ધક અને ફલસાધક છે.'

'આનો અર્થ એ કે પિતા પોતાના પુત્ર પર જે કૃપા કરે છે, તે અન્યનાં બાળકો પર કરતા નથી; કારણ કે પોતાના બાળક સાથે જ પિતા-પુત્રનો સંબંધ છે. તેમ જીવનો શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજી તથા શ્રીયમુનાજી સાથે સેવક-સ્વામી ભાવનો સંબંધ હોવાથી, આ સ્વરૂપો આપણા ઉપર પણ અવશ્ય કૃપા કરશે જ એવો વિશ્વાસ આ પદાવલીથી મળે છે.'

'હા, શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીની બિંદુસૃષ્ટિ છે, તો આપણે જીવો તેમની નાદસૃષ્ટિ છીએ. માટે આપણા ઉપર પણ શ્રીમહાપ્રભુજી અવશ્ય કૃપા કરશે જ.'

તો વૈષ્ણવો, આપણે મંગલાચરણના આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી માટે વપરાયેલી ત્રણ પદાવલીઓ જોઈ: (૧) **'વૃંદાવનપ્રિયાઃ'** - આધિદૈવિક સ્ત્રી-પુંભાવ યુક્ત સ્વરૂપની લીલાનો નિર્દેશ; - આધિદૈવિક લીલા સ્વરૂપ; (૨) **'વિશ્વોદ્ધારાર્થમેવાવિર્ભૂત'** - અલૌકિક ગુણ-સામર્થ્યનો નિર્દેશ; આધ્યાત્મિક ગુણ સ્વરૂપ; (૩) **'તાતચરણાઃ'** - સન્મનુષ્યાકૃતિ આચાર્ય સ્વરૂપ; - ભૌતિક રૂપ-સ્વરૂપ.

શ્રીગુસાંઈજીએ આ ત્રણ સ્વરૂપ-નિર્દેશથી પરોક્ષ રીતે બતાવ્યું કે જેમ શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીનો ત્રણ સ્વરૂપે અનુભવ થાય છે, તેમ શ્રીમહાપ્રભુજીનો પણ ત્રણ સ્વરૂપે અનુભવ થાય છે.

હવે **'મયિ વિઠ્ઠલે'** પદથી શ્રીગુસાંઈજી પોતાનું સ્વરૂપ કહે છે. 'મયિ' પદનો ભાવાર્થ શ્રીહરિરાયજીએ બતાવ્યો. આમ તો પ્રથમ પુરુષ એકવચનનો પ્રયોગ વક્તાની અહંતા - અહંકાર પ્રકટ કરે છે; પણ અહીં 'મયિ' પદમાં અહંતા નથી, તદીયતા છે કૃપા કરવાની જરૂર પડતી નથી. પુત્ર અક્ષમ હોય તો પિતા કૃપા કરે, પણ અક્ષમ પુત્ર સ્વચ્છંદી અને ઉદ્દંડ હોય, તો પિતા તેવા પુત્ર પર કૃપા કરતા નથી. પિતાની કૃપા મેળવવા નિઃસાધના અને તદીયતા જરૂરી છે. 'મયિ' પદથી શ્રીગુસાંઈજી કૃપાપ્રાપ્તિ માટેની પોતાની આ બંને પ્રકારની યોગ્યતા બતાવે છે : (૧) હું નિઃસાધન છું, (૨) હું તદીય-તમારો-છું, માટે મારા **ઉપર** કૃપા કરો. ''મયિ ઈતિ તત્કૃપાયોગ્યત્વબોધનાય, સર્વસાધનરાહિત્યેન **કેવલં તદીયત્વાત્.**'

'વિઠ્ઠલે' પદનો અર્થ સમજીએ. શ્રીહરિરાયજી સમજાવે છે : ''વિઠ્ઠલે ઈતિ નામગ્રહણં નામ્નાવિ તદ્યોગ્યતાદ્યોતનાય જ્ઞાનશૂન્યાનુગ્રાહકત્વં હિ નામાર્થઃ''

અર્થાત્ 'વિઠ્ઠલ' નામ જ કૃપા માટેની યોગ્યતાનું કારણ છે. 'વિઠ્ઠલ' = વિદ્ + ઠ + લ = અર્થાત્ જે જ્ઞાનશૂન્ય છે, જ્ઞાન માટે અભિલાષી છે. આવા જ્ઞાનશૂન્ય જીવો માટે જ શ્રીમહાપ્રભુ અને શ્રીપ્રભુ પ્રકટ થયા છે. માટે જ્ઞાનશૂન્ય એવા મારા ઉપર આપ કૃપા કરો.

'કૃપયન્તુ' પદથી બતાવ્યું કે આ પુષ્ટિમાર્ગમાં સાધન અને સાધ્ય બંને કૃપા જ છે, માટે મને આપની કૃપારૂપી સાધન મળો; જેથી હું શ્રીયમુનાષ્ટકની ટીકા લખું અને તે દ્વારા મને આપની કૃપારૂપી ફળ મળો કે હું તેનો અનુભવ કરી શકું. આ કૃપા મને ''સદા'' માટે પ્રાપ્ત થાવ, એમ શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીને શ્રીયમુનાષ્ટકની ટીકાના પ્રારંભમાં વિનંતી કરે છે.'

'વાહ, સાચે જ આ એક નાના શ્લોકમાં તો ગાગરમાં સાગર ભર્યો છે.'

'ભાઈ, તમે કહેતા હતા કે શ્રીપુરુષોત્તમજી અને શ્રીદ્વારકેશજીએ પણ એમની પ્રટીકાના પ્રારંભમાં મંગલાચરણ કર્યાં છે. તો એ પણ સમજાવો ને.'

'તમારી જિજ્ઞાસા અભિનંદનીય છે. આપણે એક પછી એક એ બંને મંગલાચરણોના શ્લોકો અને અર્થ લખી લઈશું. લખો.'

શ્રીમદ્ વલ્લભનંદન! દાસેઽસ્મિન્ કૃપય સાધનૈઃ શૂન્યે ।
શ્રીયમુનાષ્ટકવિવૃત્તિં વિવરીતું કાંક્ષતે યતઃ કરુણામ્ ।
(શ્રીપુરુષોત્તમજી)

અર્થ : હે શ્રીમદ્ વલ્લભનંદન (શ્રીગુસાંઈજી)! સાધનો વિનાના આ દાસ પર કૃપા કરો; કારણ કે (આપની) શ્રીયમુનાષ્ટકવિવૃત્તિ પર વિશેષ વિવરણ લખવાની મારી ઈચ્છા છે, માટે કરુણા કરો.

આમ, શ્રીપુરુષોત્તમજી શ્રીગુસાંઈજીની કૃપા યાચે છે; કારણ કે તેઓ 'મૂકં કરોતિ વાચાલમ્' છે. તેમના હૃદયમાં રહેલા જે ગૂઢ ભાવો તેમણે 'વિવૃત્તિ'માં પ્રકટ નથી કર્યા તે ભાવો સમજાય તો જ શ્રીપુરુષોત્તમજી સમજાવી શકે.

નત્વા શ્રીવલ્લભાચાર્યાન્ કરુણારસપૂરિતાન્ ।
શ્રીવિઠ્ઠલેશાંશ્ચ વિભૂન્ નિજેભ્યો બુદ્ધિદાયકાન્ ।।૧।।
સ્વગુરુન્ મથુરાનાથાન્ ગંગા ચ સ્વીયમાતરમ્ ।
હેતુઃ ષોડશગ્રંથાનાં ટીકાનાં ચ મયોચ્યતે ।।૨।।
(શ્રીદ્વારકેશજી)

અર્થ : ષોડશ ગ્રંથો પર મારાથી ટીકાઓ કહેવાય તે હેતુથી કરુણારસપૂરિત, શ્રીમહાપ્રભુજી, નિજજનોને બુદ્ધિદાયક શ્રીવિઠ્ઠલેશ વિભુ (શ્રીગુસાંઈજી)ને, મારા ગુરુ (પિતા) શ્રીમથુરાનાથજીને અને મારાં માતા શ્રીગંગાવહુજીને હું નમન કરું છું.

આમ, આજે આપણે શ્રીયમુનાષ્ટક પરની ટીકાઓનાં મંગલાચરણના શ્લોકોનો અભ્યાસ કર્યો. આવતી કાલે આ ટીકાઓનો પ્રારંભ કરીશું.



૯. શ્રીયમુનાષ્ટક વિવૃત્તિઃ પ્રારંભ

દિનેશભાઈએ વર્ગશિક્ષણની શરૂઆત કરી.

'વૈષ્ણવો, કાલે આપણે શ્રીયમુનાષ્ટકની ટીકાઓના આરંભમાં શ્રીગુસાંઈજી, શ્રીપુરુષોત્તમજી અને શ્રીદ્વારકેશજી રચિત મંગલાચરણના શ્લોકો શીખ્યા હતા. તમે સૌએ, હું માનું છું કે, તે ચાર શ્લોકો મોઢે કરી લીધા હશે. આજે આપણે આપણા અભ્યાસનું મંગલાચરણ એ શ્લોકોના સમૂહગાનથી જ કરીશું. તમે જાણો છો કે એ શ્લોકો અનુષ્ટુપ છંદમાં છે. મનમાં અર્થજ્ઞાન સાથે, ચાલો, એ શ્લોકો ગાઈએ.'

સૌએ સસ્વર શ્લોકોનું ગાન કર્યું.

'સરસ. હવે આજે ટીકા-શિક્ષણની શરૂઆત કરીશું. સૌ પ્રથમ શ્રીદ્વારકેશજીની ટીકાથી શરૂઆત કરીશું. એ ટીકાનું નામ બતાવશો?'

'અન્વયાર્થબોધિની અથવા વિવૃત્તિ ટીકા.'

'એનો પ્રારંભ કેવી રીતે થાય છે તે મેં અગાઉ કહેલું, યાદ છે?'

'હા, પ્રારંભમાં ૩૦ શ્લોકો છે.'

'સરસ, એના પહેલા બે મંગલાચરણના શ્લોકો પછી, બાકીના ૩૦ શ્લોકોમાં શ્રીદ્વારકેશજી શ્રીયમુનાષ્ટક અને ષોડશગ્રંથોની ભૂમિકા સમજાવે છે. આ બધા શ્લોકોનો અર્થ આપણે સમજીશું.'

શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકોમાં ભક્તિ સિદ્ધ કરવા, સ્વસિદ્ધાન્તોનો બોધ કરાવનારા સોળ ગ્રંથોની રચના કરી. (૩)

યમુનાષ્ટકથી લઈ સેવાફલ સુધીના એ ગ્રંથો પૈકી કેટલાક ગ્રંથો પર શ્રીગુસાંઈજીએ અલગ-અલગ ટીકાઓ રચી છે. (૪)

તેમાં શ્રીગુસાંઈજી-રચિત ટીકાઓ આ પ્રમાણે છે. યમુનાષ્ટક, સિદ્ધાન્ત-મુક્તાવલી ઉપર વિવૃત્તિઓ છે. નવરત્ન ઉપર 'પ્રકાશ' નામની ટીકા છે. આ ત્રણે ટીકાઓ શ્રીગુસાંઈજીની પોતાની કૃતિઓ છે. (૧)

એ ગ્રંથો ઉપર શ્રીવલ્લભવંશીય ઘણા બાળકોએ પણ ટીકાઓ લખી તેમના કૃપાબળનો આશ્રય કરીને, હું પણ તે ટીકાઓનું વિવરણ કરું છું. (૨)

પહેલાં ષોડશગ્રંથોના ગ્રંથોનો ક્રમ જણાવું છું.

જીવોના દોષ દૂર થાય અને ભગવાન મુકુંદમાં પ્રેમ સિદ્ધ થાય, સ્વભાવ-પરિવર્તન પામે અને મુરારિ ભગવાન પ્રસન્ન થાય; એ હેતુથી શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ એવા શ્રીમહાપ્રભુજીએ સૌ પ્રથમ યમુનાષ્ટક રચ્યું; કારણ જીવ નમનથી વિશેષ કંઈ પણ કરવા શક્તિમાન નથી. (૩-૪)

શ્રીમહાપ્રભુજીએ પોતાના અંતઃકરણમાં કૃષ્ણના નિરપેક્ષ સ્વભાવનો વિચાર કરી, (ભક્તિના) અધિકારની સિદ્ધિ માટે યમુનાષ્ટક કહ્યું. (૫)

ત્યાર બાદ અધિકાર સિદ્ધ કરવા અને કર્તવ્યનો બોધ કરાવવા 'બાલબોધ' ગ્રંથમાં સુપુરુષાર્થ - મોક્ષ સંક્ષેપમાં સમજાવ્યો. (૬)

પુરુષાર્થ સમજાવ્યા બાદ, 'સિદ્ધાન્ત મુક્તાવલી'માં સાધ્ય અને સાધનરૂપા સેવાનો સિદ્ધાંત બતાવ્યો. (૭)

ત્યાં બાહ્ય અને આંતર એમ બે સેવાનાં સ્વરૂપો કહ્યાં. તેના નિર્વાહ માટે શ્રીપ્રભુએ 'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથ કહ્યો. (૮)

ત્યાં સમર્પણ કરવાથી બાહ્ય પદાર્થોની શુદ્ધિ થાય છે તેમ કહ્યું. અને પછી આંતરશુદ્ધિ માટે નવરત્ન ગ્રંથ આપ્યો. (૯)

મારા પ્રભુ શ્રીમહાપ્રભુજીએ પોતાના અંતઃકરણને સંબોધીને બાહ્ય અને આંતર શુદ્ધિ કરવાનો પ્રકાર પ્રકટ કર્યો (તે 'અંતઃકરણપ્રબોધ' ગ્રંથ). (૧૦)

બાહ્ય-આંતર શુદ્ધિ ટકાવી રાખવા માટે 'વિવેકધૈર્યાશ્રય' રચ્યો. પ્રભુનો આશ્રય કરવાથી ચિત્તના દોષો કાયમી થતા નથી એમ સમજાવ્યું. (૧૧)

ઉપરની બાબતનું સૂક્ષ્મ નિરૂપણ કરી, આશ્રયને સ્થિર કરવા માટે, સ્વ-સેવકો માટે 'કૃષ્ણાશ્રય' ગ્રંથ પ્રકટ કર્યો. (૧૨)

અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ પોતાના મનને ઉદ્દેશીને ''ચતુઃશ્લોકી'' રચ્યો. પછી એ કૃપાનિધિએ પ્રભુને પામવા મથતા જીવોના ત્રણ પ્રકાર બતાવવા માટે ગૂઢ એવો 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથ રચ્યો. (૧૩-૧૩$^{૧}/_{૨}$)

ત્યાર બાદ મહાકારુણિક એવા શ્રીવલ્લભે ભક્તિના પ્રકરણને દૃઢ કરી, તેની પ્રવૃત્તિના માર્ગો બતાવવા 'ભક્તિવર્ધિની'ની રચના કરી. (૧૪, ૧૪$^{૧}/_{૨}$)

આમ, ભક્તિને વધારવા માટે, 'જલભેદ'ના મિષથી, સર્વ વાદીઓને ચૂપ કરી, ભક્તોનાં લક્ષણો કહ્યાં. અને નિખિલ એવું ઇષ્ટ આપનારા એમણે તે જ હેતુથી 'પદ્યાનિ' (પંચપદ્યાનિ) ગ્રંથ કહ્યો. (૧૪$^{૧}/_{૨}$, ૧૫-૧૬)

'ભક્તિવર્ધિની'માં ભક્તિની વૃદ્ધિ માટે ત્યાગની વાત સમજાવી હતી; એટલે તેના વિવેક માટે 'સંન્યાસનિર્ણય' ગ્રંથ કહ્યો. (૧૭)

ભાવની સિદ્ધિ માટે ભાવના જ સાધનરૂપ છે, અન્ય કોઈ સાધન નથી એવો વ્રજસ્થ ભક્તોનો ભાવ 'નિરોધલક્ષણ'માં બતાવ્યો. (૧૮)

સેવામાં આવતા ઉદ્વેગ, પ્રતિબંધ વગેરે અટકાવોને દૂર કરી, તે સાથે સેવાનું ફળ 'સેવાફલનિરૂપણ' ગ્રંથમાં બતાવ્યું અને તે ગ્રંથ સમજવો અતિ અઘરો હોઈને, વિભુ શ્રીવલ્લભે સ્વયં તેના પર ટીકા લખી. (૧૯-૨૦)

આમ, ષોડશગ્રંથોમાં પુરુષોત્તમની સેવા બતાવી, તેના ફળરૂપે જીવનો ઉદ્ધાર કહ્યો. (૨૧)

પોતાના અવતાર સમયમાં પ્રભુ પોતાનાં સ્વરૂપનાં દર્શનથી જીવોનો ઉદ્ધાર કરે છે. તેમ આ નામાત્મક ગ્રંથોથી પોતાના સેવકોનો શ્રીમહાપ્રભુજી હમેશાં ઉદ્ધાર કરે છે. (૨૨)

તેથી સર્વ પ્રકારના પ્રયત્નોપૂર્વક શ્રીવ્રજના અધિપતિ ભગવાન શ્રીકૃષ્ણની સેવા અને આ ગ્રંથોનો પાઠ કરવો એ જ દૈવી જીવોનું એકમાત્ર કર્તવ્ય છે. (૨૩)

આ વાત સિદ્ધ છે, છતાં પણ આ જગતમાં બહિર્મુખ જીવો પ્રભુની આજ્ઞાથી વિરુદ્ધ વર્તન કરી રહ્યા છે. તેમને પ્રભુની સન્મુખ લાવવા આ ગ્રંથોનું તેમને અર્થજ્ઞાન થવું જરૂરી છે. તેથી શ્રીગુસાંઈજી વગેરેએ આ ગ્રંથો ઉપર ટીકાઓ રચી છે. (૨૪-૨૫)

તે સર્વના કૃપાબળથી તેમના મતને સારી રીતે સમજીને મેં પણ આ સુગમાન્વયબોધિની નામની ટીકા લખી છે. (૨૬)

શ્રીમહાપ્રભુજીને સુખ આપનારા શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી, તેમના સાત પુત્રો, શ્રીદામોદરજી, તેમના પુત્ર શ્રીવિઠ્ઠલરાયજી, શ્રીવલ્લભજી, શ્રીગિરિધરજી અને તેમના પુત્ર શ્રીવિઠ્ઠલેશ્વરજી, શ્રીદ્વારકેશજી, શ્રીગિરિધરજી, શ્રીહરિરાયજી એ સૌને ફરીફરીને વંદન કરી, તેમનું સ્મરણ કરી, તેમની રચેલી ટીપ્પણીના આધારે હું યમુનાષ્ટકની ટીકા લખી રહ્યો છું. તે માટે શ્રીમહાપ્રભુજીના વંશજો મને બુદ્ધિ આપો. (૨૭ થી ૩૦)

વૈષ્ણવો, આમ આ બત્રીસ શ્લોકોમાં શ્રીદ્વારકેશજીએ પોતાની ટીકાની ભૂમિકા આપણને સમજાવી. આમાંથી કેટલીક મહત્ત્વની બાબતો આપણે સદા

યાદ રાખવા જેવી મળે છે. પહેલી વાત એ છે કે આપણી ચારે બાજુના દુઃસંગમાં આપણે બહિર્મુખ ન થઈ જઈએ, તે હેતુથી શ્રીમહાપ્રભુજી રચિત બધા ષોડશ ગ્રંથોના અર્થ સમજવા ખૂબ જ જરૂરી છે.

બીજી વાત એ સમજાવી કે શ્રીમહાપ્રભુજી આ સમયમાં આ ગ્રંથો દ્વારા જ આપણો ઉદ્ધાર કરવા તત્પર બન્યા છે. આ ગ્રંથોમાં પ્રભુની સેવા કરવી એ મુખ્ય સિદ્ધાંત ભારપૂર્વક બતાવવામાં આવ્યો છે. સેવાનો સાચો પ્રકાર આજે વીસરાઈ ગયો છે. આ ગ્રંથો દ્વારા ઘરમાં રહી આપણા સાથે બિરાજતા પ્રભુની તનુ-વિત્તજા સેવા કરવાનો સાચો પ્રકાર જાણવા મળે છે. તેને અનુસરીને સેવા કરવી અને બાકીના સમયમાં શ્રીમહાપ્રભુજીના ષોડશગ્રંથોનો પાઠ કરવો એ જ આપણું-પુષ્ટિજીવોનું એકમાત્ર કર્તવ્ય છે. આ વાત કદાપિ ભુલાવી ન જોઈએ.

ત્રીજી વાત એ સમજાવી કે શ્રીયમુનાષ્ટકથી અલૌકિક ફળ પ્રાપ્ત થાય છે. આપણા ભીતરમાં રહેલાં બધાં પાપો અને દોષો નાશ પામે છે. શુદ્ધ બનેલા અંતઃકરણથી આપણો સ્વભાવ ભક્તિને લાયક બને છે. તેથી પ્રભુ પ્રસન્ન થાય છે અને આપણો પ્રભુમાં પ્રેમ વધે છે. માટે શ્રીયમુનાષ્ટકનો અર્થ વિચારીને એનો રોજ આનંદપૂર્વક પાઠ કરવો.

ચોથી વાત એ કહી કે પ્રભુ શ્રીકૃષ્ણ નિરપેક્ષ છે. એમને આપણી પાસે કોઈ પણ પ્રકારની અપેક્ષા નથી. માટે તેમનાં સેવા અને સ્મરણ તેમના ઉપર ઉપકાર કરવાના હેતુથી આપણે કરવાનાં નથી; પણ તેમના ઉપર શુદ્ધ પ્રેમ રાખીને, બદલાની અપેક્ષા રાખ્યા વિના કરવાનાં છે.

પાંચમી વાત એ છે કે જીવનાં કોઈ સાધનોથી પ્રભુ મળવાના નથી. જીવ પોતાની શક્તિથી કોઈ સાધન કરી શકતો પણ નથી. માટે સાધનબળનો ટેકો ન લેતાં, દીનતા રાખી પ્રભુનું કૃપાબળ વિચારી, સર્વ કાર્ય કરવાં, જીવ પ્રભુને નમન કરવા સિવાય બીજું કંઈ કરી શકતો નથી.

આ પાંચ વાત ભક્તના જીવનમાં પંચામૃત જેવી છે. દૂધ, દહીં, ઘી, ખાંડ અને મધ પૌષ્ટિક છે, તેમ આ પાંચ બાબતો આપણા મનને અલૌકિક પોષણ આપનારી છે, એમ સમજીને તેને અનુસરવું.

'દિનેશભાઈ, શ્રીદ્વારકેશજીની આજ્ઞા સુંદર રીતે સમજમાં આવી. આ જ પ્રકારે અન્ય કોઈ ટીકાકારોએ પ્રસ્તાવના કરી છે?'

'હા, શ્રીપુરુષોત્તમજીએ પોતાની ટીકામાં ગ્રંથની ભૂમિકા સ્પષ્ટ કરી છે. શ્રીપુરુષોત્તમજી સમજાવે છે કે પુષ્ટિજીવોનો ઉદ્ધાર કેવળ પ્રભુના સ્વરૂપાનંદની

પ્રાપ્તિથી જ છે. લૌકિકમાં સુખ-સંપત્તિ મળે, કીર્તિ કે પ્રતિષ્ઠા મળે, એ આપણો સાચો ઉદ્ધાર નથી. કદાચ એ ન મળે તોય એના વિના જીવન જિવાય; પરંતુ ચોર્યાસી લાખ યોનિના અંતે મળેલો માનવ-જન્મ પ્રભુને પામ્યા વિના વેડફાઈ જાય, તો એ ઘણું ખોટું છે. માટે પુષ્ટિજીવોએ લૌકિક સુખ-સંપત્તિ માટે ન મથતાં, પુષ્ટિપ્રભુની પુષ્ટિભક્તિમાં મચ્યા રહેવું ઘણું જરૂરી છે. ભક્તિ કરતાં કરતાં ભક્તિના માર્ગમાં પ્રતિબંધો પણ આવવાના. આ પ્રતિબંધો ઓળંગી જવા એટલા જ જરૂરી છે. વળી, જેમ કોઈ કાર્ય કરવા સાધન-સંપત્તિ જોઈએ; તેમ ભક્તિ માટે ભાવરૂપી સાધનસંપત્તિ અત્યંત જરૂરી છે. આમ, ભક્તિ, ભક્તિમાં આવતા પ્રતિબંધોની નિવૃત્તિ અને ભક્તિ માટે ઉપયોગી ભાવસંપત્તિ આપનાર શ્રીયમુનાજી છે. માટે શ્રીયમુનાષ્ટકથી શ્રીયમુનાજીની સ્તુતિ કરવામાં આવી છે. માટે શ્રીયમુનાષ્ટકના અર્થજ્ઞાન સહિત શ્રીયમુનાષ્ટકનો પાઠ કરવો, તેથી આ ત્રણેય બાબતો પ્રાપ્ત થશે.

આમ, શ્રીપુરુષોત્તમજીએ શ્રીયમુનાષ્ટકની રચનાનો હેતુ અને તેનો પાઠ કરવાનું કર્તવ્ય સુંદર રીતે સમજાવ્યું. આ બંને મહાનુભાવ ટીકાકારોએ કહેલી ગ્રંથ-રચનાની ભૂમિકાનો આપણે વિચાર કર્યો. બંનેએ એક જ વાત પોતપોતાની રીતે કહી છે.

'હવે, આપણે શ્રીગુસાંઈજી પાસેથી તેમની ટીકા સમજવાનો પ્રયત્ન કરીશું.'

હવે શ્રીગુસાંઈજી 'વિવૃત્તિ'નો પ્રારંભ કરે છે :

'વિવિધલીલોપયોગિની કાલિન્દીં સ્તોતુકામાઃ, શ્રીગોકુલેશે યથા જીવૈઃ નમનાતિરિકતં ન કર્તું. શક્યં તથા કાલિંદ્યામ્ અપિ ઈત્યાશયેન આદૌ નમનમેવ આહુઃ, નમામિ ઈતિ.''

શબ્દાર્થ : વિવિધ ભગવલ્લીલાઓમાં સહાયક એવાં કાલિન્દી (શ્રીયમુનાજી)ને સ્તોત્રના પ્રારંભમાં 'નમામિ' પદથી સ્તુતિકર્તા શ્રીમહાપ્રભુજીએ નમન કર્યું છે; કારણ કે જેમ જીવો શ્રીગોકુલના ઈશ એવા શ્રીપ્રભુને નમન સિવાય અન્ય કંઈ પણ કરવા સમર્થ નથી, તેમ કાલિન્દી શ્રીયમુનાજીને પણ નમન સિવાય અન્ય કંઈ પણ કરવા સમર્થ નથી.

શ્રીયમુનાજીમાં પણ શ્રીપ્રભુની જેમ અનંત ગુણો અને સામર્થ્યરૂપા શક્તિઓ શોભાયમાન છે. ત્યારે અહીં ''વિવિધલીલોપયોગિનીમ્'' પદનો પ્રયોગ શા માટે કર્યો?

શ્રીહરિરાયજી તેનું કારણ આ પ્રમાણે આપે છે :

શ્રીમહાપ્રભુજીને તો પ્રભુલીલાના સંબંધની જ અભિલાષા છે. આવા સંબંધની પ્રાપ્તિ માટે તેઓ 'શ્રીયમુનાષ્ટક'માં આગળ 'તનુનવત્વ' માટે શ્રીયમુનાજીને વિનંતી પણ કરે છે. પ્રભુલીલા સાથે જેમને નિકટનો સંબંધ છે, એમની પ્રસન્નતા પ્રાપ્ત થતાં, પ્રભુલીલાના સંબંધની પ્રાપ્તિ થાય. તેથી પ્રભુલીલામાં નિકટનો સંબંધ ધરાવતાં શ્રીયમુનાજીના સ્વરૂપનું નિરૂપણ કરતાં, તે માટે તેમની આ સ્તોત્રથી સ્તુતિ કરવામાં આવી છે. આમ, શ્રીયમુનાજીનું લીલા સંબંધિત્વ સમજાવવા "વિવિધલીલોપયોગિની" પદ છે.

વિવિધ લીલાનાં સ્વરૂપો અને સર્વાત્મભાવ-કામભાવ જેવા વિવિધ ગુણોના ભેદથી શાસ્ત્રીય અને આસ્ત્રીય પ્રકારે - અનેક પ્રકારે ભગવાને સ્વામિનીઓ સાથે જે જે લીલાઓ કરી, તેમાં તે માટે આવશ્યક અલૌકિક દેહ, પ્રભુસંબંધ અને ભાવવૃદ્ધિ આદિ વ્રજભક્તોને કાત્યાયની વ્રત દ્વારા પ્રાપ્ત કરાવનારાં શ્રીયમુનાજી જ હતાં, તેથી પણ તેઓ "વિવિધલીલોપયોગિનીમ્" છે. શ્રીયમુનાજીનું શ્રીપુરુષોત્તમજીના મતે "વિવિધલીલોપયોગિનીમ્" પદ હેતુગર્ભિત વિશેષણ છે; તે આ સ્તોત્રના પ્રયોજનનો હેતુ સૂચવે છે. આ સ્તોત્રની સ્તુતિથી પ્રસન્ન થયેલાં શ્રીયમુનાજી સ્તુતિ કરનારને લીલા સંબંધ પ્રાપ્ત કરાવશે.

કીર્તનસંગતિ:

(૧) *શ્યામ સુખધામ, જહાં નામ ઈનકે;*
નિસદિન પ્રાણપતિ આય હિયમેં બસેં,
જોઈ ગાવે, સુજસ ભાગ્ય તિનકે. (શ્રીહરિરાયજી)

(૨) *શ્રીયમુના સી નાહીં કોઉ ઓર દાતા,*
જો ઈનકી સરન જાત હૈં દોર કે,
તાહિકોં તિહિ છિનુ કર સનાથા. (શ્રીગોવિંદસ્વામી)

(૩) *ધન્ય શ્રીયમુને નિધિ દેનહારી,*
કરત ગુણગાન, અજ્ઞાન-અઘ દૂર કરિ,
જાય મિલવત પિય પ્રાણ - પ્યારી. (શ્રીછીતસ્વામી)

(૪) *હેત હરિ દેત શ્રીયમુને વાસ કુંજે,*
જહાં નિસવાસર રાસમેં રસિકવર,
કહાં લગ બરનિયેં પ્રેમ - પુંજે. (શ્રીચતુર્ભૂજદાસ)

'કાલિન્દીમ્'' પદનો પ્રયોગ શ્રીપ્રભુચરણે શા માટે કર્યો, તેનાં બે કારણ શ્રીહરિરાયજી આપે છે. જેમ ભગવાન શ્રીકૃષ્ણાવતારમાં મથુરામાં ધર્મ-સ્વરૂપે પ્રકટ થયા અને ગોકુલમાં ધર્મી-સ્વરૂપે પ્રકટ થયા તેમ શ્રીયમુનાજી પણ ધર્મસ્વરૂપે કલિંદ પર્વત પરથી પધારતાં 'કાલિન્દી' કહેવાયાં અને ગોલોકમાંથી ધર્મી-સ્વરૂપે વ્રજમંડળમાં પધારતાં 'યમુના' કહેવાયાં. 'કાલિન્દી' શબ્દનો અર્થ છે - 'કલિં દોષં દ્યતિ, ખંડયતિ'' - કલિના દોષોને નિવૃત્ત કરતાં હોવાથી તેઓ 'કાલિન્દી' છે. તેમનું આ 'કાલિન્દી' સ્વરૂપ ભક્તોના ભક્તિમાં આવતા પ્રતિબંધોને નિવૃત્ત કરનારું છે; તેથી શ્રીમહાપ્રભુજી પણ 'શ્રીયમુનાષ્ટક'માં ''હરિપ્રિયકલિન્દયા મનસિ મે સદા સ્થિયતામ્'' એવી વિનંતી કરે છે. (હે હરિને પ્રિય, કાલિંદીજી, આપ સદા મારા મનમાં બિરાજો, જેથી પ્રભુની ભક્તિમાં કોઈ પ્રતિબંધ અંતરાયરૂપ ન બને.) આમ, કલિના દોષો દૂર કરવા એ શ્રીયમુનાજીનો ધર્મ છે, તો પુષ્ટિભક્તોની ભક્તિમાં આવતા પ્રતિબંધો દૂર કરવા એ તેમનો વિશિષ્ટ ધર્મ છે. આ ધર્મવિશિષ્ટ સ્વરૂપનું સૂચન કરવા શ્રીપ્રભુચરણે ''કાલિન્દીમ્'' પદ વિશેષણરૂપે યોજ્યું છે. અહીં વિશેષ્ય અધ્યાહાર છે.

જેમ ધર્મીસ્વરૂપ શ્રીકૃષ્ણ માટે પણ શ્રીભાગવતમાં **''દેવકીજઠરભૂ''** અને **''દેવકીસુતપદાંબુજ''** પદાવલિઓ મળે છે, તેમ ''કાલિન્દીમ્'' પદ પણ ધર્મીસ્વરૂપા શ્રીયમુનાજીના સંદર્ભમાં જ સમજવાનું છે.

શ્રીકૃષ્ણની એક જ લીલામાં શ્રીયમુનાજીનો સંબંધ સીમિત નથી. તેઓ શ્રીકૃષ્ણની અનેકાનેક લીલાઓમાં ઉપયોગી છે, તેથી આ સ્તોત્ર દ્વારા સ્તુતિ કરનાર પુષ્ટિજીવ ઉપર પ્રસન્ન થયેલાં શ્રીયમુનાજી, તે તે જીવના અધિકાર પ્રમાણે તેનો ભગવલ્લીલામાં સંબંધ જોડી આપે છે, એવી આજ્ઞા ગો. શ્રીશ્યામમનોહરજી કરે છે.

આમ, અહીં શ્રીયમુનાજી માટે બે વિશેષણ પદો યોજાયાં છે : (૧) વિવિધલીલોપયોગિનીમ્ (૨) કાલિન્દીમ્. તેમનો સંમિલિત અર્થ નીચે પ્રમાણે છે : પુષ્ટિભક્તોની ભક્તિમાં આવતા અંતરાયો દૂર કરી, શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓમાં અધિકાર અનુસાર સંબંધ પ્રાપ્ત કરાવી આપનારાં શ્રીયમુનાજી છે.

કીર્તન સંગતિ :

સરન પ્રતિપાલ ગોપાલ રતિવર્ધિની,
દેત પતિ-પંથ, પિય-કંથ સન્મુખ કરત.

ભક્તિ દાયક, સકલ ભવ સિંધુ તારિણી,
કરત વિધ્વંસ, જન અખિલ અઘ-મર્દિની. (શ્રીકૃષ્ણદાસ)

સ્તોતુકામાઃ આવાં શ્રીયમુનાજીની સ્તુતિ કરવાની ઇચ્છા (કામ) પ્રારંભમાં વ્યક્ત કરવામાં આવી છે; કારણ કે શ્રીહરિરાયજી સમજાવે છે કે આ સ્તોત્ર દ્વારા જેમ જેમ શ્રીયમુનાજીનું સ્વરૂપ અને માહાત્મ્ય સમજાતું જશે, તેમ તેમ સ્તુતિ કરવાનું પણ અશક્ય લાગશે. શ્રીમહાપ્રભુજી સ્વયં કહે છે : "સ્તુતિં તવ કરોતિ કઃ" અર્થાત્ તમારી સ્તુતિ કોણ કરી શકે?

શ્રીદ્વારકેશજી 'સ્તુતિ'નું સ્વરૂપ સમજાવતાં કહે છે - મનથી આનંદપૂર્વક, શરીરથી નમન કરતાં, 'જય જય' શબ્દોચ્ચારપૂર્વક - આનંદપૂર્વક શબ્દોથી થતી પ્રશંસા. આમ ત્રણ અંગોનો વિનિયોગ છે. (૧) પ્રસન્ન મન (૨) દીનતાયુક્ત દેહ (૩) પ્રસન્નતાયુક્ત પ્રશંસાપૂર્ણ વાણી. શ્રીદ્વારકેશજી કહે છે કે આવી સ્તુતિ કરવાની જીવ ઇચ્છા કરે છે, પણ તે કૃપાને અધીન છે. તેથી જીવ સ્તુતિ કરવાની ઇચ્છા જ કરી શકે છે. શ્રીયમુનાજીની કૃપા વિના તેમની સ્તુતિ કરવી પણ જીવના માટે શક્ય નથી.

કીર્તનસંગતિ :

(૧) ઐસી કૃપા કીજિયે, લીજિયે નામ,
શ્રીયમુને જગવંદની, ગુણ ન જાત કાહું ગિની. (શ્રીકૃષ્ણદાસ)

શ્રીપ્રભુચરણ શ્રીયમુનાજીની સ્તુતિ કરવાની આજ્ઞા કેમ કરે છે? તેનું કારણ તેઓ શ્રીમહાપ્રભુજીના વચનનું પ્રમાણ આપીને સમજાવે છે. જીવો ભગવાન શ્રીગોકુલેશને નમન સિવાય અન્ય કંઈ પણ આપવા સમર્થ નથી. અહીં ભગવાન શ્રીકૃષ્ણ માટે "શ્રીગોકુલેશ" પદ સહેતુક વપરાયું છે. શ્રીહરિરાયજી 'શ્રીગોકુલેશ' એટલે 'પુષ્ટિમાર્ગીય લોકવેદાપ્રસિદ્ધ પુરુષોત્તમ' એવો અર્થ બતાવે છે. શ્રીપુરુષોત્તમજી 'શ્રીગોકુલેશ' શબ્દ નિઃસાધનફલાત્મા અને દીનબંધુનો બોધ કરાવે છે એમ કહે છે. શ્રીદ્વારકેશજીના મતે શ્રીયુક્ત ગોકુલના સ્વામી એટલે શ્રીગોકુલેશ.

ઉભય મહાનુભાવ ટીકાકારોના ભાવને ગો. શ્રીશ્યામમનોહરજી વધુ સ્પષ્ટ કરે છે. 'ગોકુલ'માં બધાં ગોપ-ગોપીઓ નિઃસાધન હતાં. શ્રીમદ્ ભાગવતમાં કહ્યા પ્રમાણે તેઓ દિવસભર સાંસારિક કાર્યોમાં વ્યસ્ત રહેતાં અને રાતે થાકીને સૂઈ જનારાં લોકો હતાં; છતાં પણ ભગવાને તેમને ભજનાનંદની પ્રાપ્તિ કરાવી.

આથી શ્રીગોકુલેશ શ્રીકૃષ્ણ વસ્તુતઃ નિઃસાધનફલાત્મા છે. આવા નિઃસાધન જીવોના ફલરૂપ ભગવાનને નમન સિવાય બીજું કરી પણ શું શકાય?

જેમ શ્રીગોકુલનાથ શ્રીકૃષ્ણને નમનથી વિશેષ કંઈ પણ કરવું અસંભવ છે, તેમ તેમની વિવિધ લીલાઓમાં ઉપયોગી એવાં શ્રીયમુનાજીને પણ નમન સિવાય બીજું શું કરી શકાય?

'નમન' શબ્દનો અર્થ શ્રીપુરુષોત્તમજીએ કર્યો મન, વચન, શરીરથી આદરભાવપૂર્વક કોઈની સામે ઝૂકવું. શ્રીહરિરાયજી આવા નમનના કારણની સ્પષ્ટતા કરે છે કે શ્રીભાગવતના બીજા સ્કંધના ચોથા અધ્યાયના ચૌદમા શ્લોકનાં 'સુબોધિની'માં શ્રીમહાપ્રભુજી કહે છે, ''ગમનાભાવાત્ નમનાધિકાર'' જ્યાં જઈ પહોંચી - ન શકાય ત્યાં નમન કરવું. જ્યાં સુધી આપણો પ્રભુની લીલા-સૃષ્ટિમાં પ્રવેશ મેળવી સાક્ષાત્કારનો અધિકાર પ્રાપ્ત થયો નથી, ત્યાં સુધી આવી પરોક્ષ સ્થિતિમાં આપણા દૈન્યને પ્રકટ કરવા નમન જ કરવું. તેમ કરવાથી લીલાસૃષ્ટિમાં પ્રવેશનો અધિકાર પ્રાપ્ત થશે.

શ્રીદ્વારકેશજી જણાવે છે કે અહીં ''જીવૈઃ'' પદ એટલા માટે વાપર્યું કે જીવ ભગવાનનો અંશ છે, ભગવાન અંશી છે. બીજા શબ્દોમાં જીવ ભગવાનનો દાસ છે, ભગવાન જીવના સ્વામી છે, તેથી દાસનો ધર્મ સ્વામીને નમન કરવાનો છે.

''જેમ નિઃસાધન ભાવથી શ્રીગોકુલેશને નમન કરવું, તે જ રીતે શ્રીયમુનાજીને પણ નમન કરવું.'' આ આજ્ઞામાંથી એવું સમજાય છે કે શ્રીગોકુલેશના અન્ય ગુણધર્મો પણ શ્રીયમુનાજીમાં વિદ્યમાન છે. આમ, અહીં શ્રીપ્રભુચરણે સ્પષ્ટ રીતે શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીની અભિન્નતા અને સમાનતા સમજાવી, અને શ્રીયમુનાજીને, શ્રીઠાકોરજીને, શ્રીઠાકોરજીની જેમ, નમન કરવાની જીવની યોગ્યતા બતાવી.

હવે શ્રીપ્રભુચરણ 'શ્રીયમુનાષ્ટક' સ્તોત્રની શ્લોકસંખ્યાનું રહસ્ય સમજાવે છે.

''ભાગવતા અષ્ટવિધૈશ્વર્યં કાલિન્દ્યૈ દત્તમ્
ઈતિ જ્ઞાપનાય અષ્ટભિઃ શ્લોકૈઃ સ્તુવન્તિ.''

શબ્દાર્થ : ભગવાને કાલિન્દી શ્રીયમુનાજીને આઠ પ્રકારનું ઐશ્વર્ય આપ્યું એમ સમજાવવા આઠ શ્લોકોથી સ્તુતિ કરી છે.

'પૂર્વમીમાંસા'ના 'જાતેષ્ટ્યધિકરણ'માં પ્રયોજનવશ અંકસંખ્યાની સાર્થકતાનો વિચાર કરવામાં આવ્યો છે. આપણે ત્યાં ગ્રંથરચનામાં શ્લોકોની

સંખ્યા પણ સહેતુક નક્કી કરવામાં આવી હોય છે. તેની પાછળ પણ કોઈ ખાસ પ્રયોજન હોય છે. આ સ્તોત્રમાં શ્લોક સંખ્યા ૮ છે. (નવમો શ્લોક સ્તોત્રપાઠનું ફળ બતાવે છે. શ્રીયમુનાજીની સ્તુતિ તો આઠ શ્લોકથી જ છે.) તેનું કારણ એ છે કે ભગવાનનાં દિવ્ય ઐશ્વર્યો આઠ છે. આ આઠ દિવ્ય ઐશ્વર્યો શ્રીયમુનાજીમાં પણ છે. તે જ પ્રમાણે ભગવાનના અન્ય સર્વ ગુણધર્મો પણ સમાનરૂપે શ્રીયમુનાજીમાં છે, એવું શ્રીમહાપ્રભુજી 'આઠ'ની શ્લોકસંખ્યા દ્વારા સૂચવે છે. હવે શ્રીગુસાંઈજીએ બતાવેલાં શ્રીયમુનાજીનાં આઠ ઐશ્વર્યો જોઈએ. ઐશ્વર્યોની સ્થિતિ, શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપમાં જ છે; તેમના તીર્થરૂપ આધ્યાત્મિક અને જલરૂપ આધિભૌતિક સ્વરૂપમાં નહિ. તેથી શ્રીમદ્‌ ભાગવતના અગિયારમા સ્કંધમાં બતાવેલાં અણિમા, ગરિમા જેવાં આઠ ઐશ્વર્યોથી 'શ્રીયમુનાષ્ટક'માં વર્ણવેલાં અલૌકિક આધિદૈવિક ઐશ્વર્યો જુદાં છે. અનેક આદિ ઋષિઓમાં અણિમા જેવાં ઐશ્વર્યો જોવા મળે છે; પરંતુ આ સ્તોત્રમાં વર્ણવેલાં અલૌકિક ઐશ્વર્યો અન્યત્ર દુર્લભ છે. આ ઐશ્વર્યોને કારણે તો શ્રીયમુનાજીમાં અનેક પુષ્ટિમાર્ગીય સિદ્ધિઓનું દાન આપવાનું સામર્થ્ય છે.''

શ્રીયમુનાજીમાં રહેલાં આઠ આધિદૈવિક ઐશ્વર્યો નીચે પ્રમાણે છે :

(૧) સાક્ષાત્‌ ભગવત્‌સેવા ઉપયોગી દેહ, સાક્ષાત્‌ ભગવલ્લીલા-અવલોકન, રસાનુભવ, સર્વાત્મભાવ વગેરે પુષ્ટિમાર્ગીય સકલ સિદ્ધિઓ આપનારાં શ્રીયમુનાજી છે.

(૨) ભગવાનમાં ભક્તનો પ્રેમ વધારનારાં શ્રીયમુનાજી છે.

(૩) જીવ અને ભગવાનનો પુનઃસંબંધ થવામાં આવતા પ્રતિબંધોને શ્રીયમુનાજી દૂર કરે છે, તેથી પુષ્ટિજીવ પરમાત્માના પુષ્ટિસ્વરૂપને પ્રાપ્ત કરવા યોગ્ય બને છે.

(૪) શ્રીયમુનાજી અને ભગવાન શ્રીકૃષ્ણના ગુણધર્મો સમાન હોવાથી, શ્રીયમુનાજી બહુ જ સહજ રીતે - અનાયાસ-ભગવત્‌સંબંધ સ્થાપિત કરાવી દે છે.

(૫) ભગવાનને પ્રિય જીવોમાં રહેલા કલિના દોષો દૂર કરે છે.

(૬) ગોપિકાઓની જેમ, શ્રીયમુનાજીના સેવનથી પુષ્ટિજીવ ભગવાનનો ઉત્કૃષ્ટ પ્રેમમાત્ર બની શકે છે.

(૭) શ્રીયમુનાજી 'તનુનવત્વ'નું ફલદાન કરે છે.

(૮) શ્રીયમુનાજલમાં પ્રભુના લીલાવિહારને કારણે તેમાં પ્રભુનાં શ્રમ-જલ-કણ સંમિલિત છે, તેથી શ્રીયમુનાજલનો સંપર્ક પ્રભુના સાક્ષાત્ અંગ-સ્પર્શની બરાબર છે.

ઉપરોક્ત સર્વ અલૌકિક ઐશ્વર્યો શ્રીયમુનાજી લીલાસૃષ્ટિમાં રહેલા જીવોને સુલભ કરી આપે છે, જ્યારે આપણા જેવા આધુનિક ભક્તોને સર્વ દોષક્ષય, ભગવત્-પ્રેમ, સકલ સિદ્ધિ, પ્રભુને આપણાથી સંતોષ અને સ્વભાવ-વિજય જેવાં એક કે અધિક ફળ ભગવદિચ્છા પ્રમાણે શ્રીયમુનાજી આપે છે. શ્રીપુરુષોત્તમજી આ જ વાત બતાવે છે.

શ્રીયમુનાજીમાં આ આઠ અલૌકિક ઐશ્વર્ય મૂળ રૂપે હોવા છતાં, પ્રત્યક્ષ રીતે ભગવાને તેમને આ ઐશ્વર્યો આપ્યાં છે. તેથી ''ભાગવતાદત્તમ્'' એમ શ્રીપ્રભુચરણે કહ્યું, 'ભગવતાદત્તમ્'નું રહસ્ય શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી સમાન રીતે સમજાવે છે. પરબ્રહ્મ રસક્રીડાર્થે ભક્તના ભાવનું સ્વરૂપ ધારણ કરી પધારે છે, ત્યારે 'ભગવાન' કહેવાય છે. 'રસોવૈ સઃ' ભગવાન ભક્તો સાથે રસક્રીડા કરવા 'એકોડહં, બહુસ્યામ્' થાય છે, ત્યારે ભક્તોમાં સર્વાત્મભાવ પ્રકટ કરે છે. રસક્રીડા માટે સમાનતા આવશ્યક છે. આથી ભગવાન પોતાનાં અલૌકિક અષ્ટવિધ ઐશ્વર્યો કે જેને કારણે 'ભગવાન' કહેવાયા, તે ઐશ્વર્યો શ્રીયમુનાજીને સોંપી દઈ, ભક્ત જેવા બની, ભક્તો સાથે રસક્રીડા કરે છે. ભગવત્સુખ માટે શ્રીયમુનાજીએ આ ઐશ્વર્યો ધારણ કર્યાં છે.

શ્રીહરિરાયજીએ આ અષ્ટવિધ ઐશ્વર્યોનું નિરૂપણ કર્યું, જેનો શ્રીપુરુષોત્તમજી અને શ્રીદ્વારકેશજીએ સ્વીકાર કર્યો છે. ઉપરોક્ત આ આઠ ઐશ્વર્યદાતા શ્રીયમુનાજીનાં રૂપ, ગુણ અને લીલાનું નિરૂપણ કરવા શ્રીમહાપ્રભુજીએ શ્લોકસંખ્યા આઠની સ્વીકારી છે.

આમ, શ્રીપ્રભુચરણે 'શ્રીયમુનાષ્ટક' પરની પોતાની 'વિવૃત્તિ'ના પ્રારંભમાં નીચે પ્રમાણે ત્રણ વાત સમજાવી.

(૧) મંગલાચરણના શ્લોક દ્વારા પુષ્ટિવિશ્વસૃષ્ટિના ઉદ્ધાર માટે જ પ્રકટ થયેલા શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી અને પોતાના સ્વરૂપની અભિન્નતા અને સમાનતા બતાવી.

(૨) પુષ્ટિજીવને તેના ઉદ્ધારરૂપી ભગવત્પ્રાપ્તિ અને ભજનાનંદનો અનુભવ ઉપરોક્ત સ્વરૂપોની કૃપામાત્રથી જ થશે, અન્ય કોઈ સાધનોથી નહિ.

(સરખાવો : *'કાહે કો દેહ દમત સાધન કર મૂરખ જન,*
વિદ્યમાન આનંદ તજ ચલત કયોં અપાથે.')

(૩) શ્રીયમુનાજી પુષ્ટિજીવોને ભગવત્‌પ્રાપ્તિમાં બાધક કલિના દોષોનું નિવારણ કરાવી, વિવિધ લીલાઓમાં તેના અધિકાર પ્રમાણે સંબંધ જોડાવી આપનારાં દીનબંધુ અને સિદ્ધિદા છે, નિઃસાધન કલાત્મા છે.

(૪) શ્રીયમુનાજી અને શ્રીઠાકોરજીમાં સર્વ ઐશ્વર્યો અને ગુણોની સમાનતા હોવાથી, જેમ શ્રીઠાકોરજી જીવના નમનથી પ્રસન્ન થઈ કૃપા કરે છે, તેમ શ્રીયમુનાજી પણ કરે છે.

(૫) શ્રીયમુનાજીનાં આ આઠ અલૌકિક ઐશ્વર્યોયુક્ત સ્વરૂપનું નિરૂપણ કરવા 'શ્રીયમુનાષ્ટક' સ્તોત્રમાં સ્તુતિના શ્લોકોની સંખ્યા સકારણ આઠની છે.

હવે શ્રીપ્રભુચરણ 'શ્રીયમુનાષ્ટક'ના શ્લોકોનું રહસ્ય સમજાવે છે.



૧૦:૧. ''શ્રીયમુનાષ્ટકમ્'' : શ્લોક પહેલો

'આજથી આપણે શ્રીયમુનાષ્ટકના શ્લોકો શીખવાના છે. તમને સૌને શ્રીયમુનાષ્ટક મોંઢે છે જ. ક્યાંક અશુદ્ધ ઉચ્ચારો થતા હશે. તે અશુદ્ધિઓ પણ આપણે દૂર કરવાની છે. શુદ્ધ પાઠ શીખવાનો છે. જે ક્રમથી આપણે કાલે મંગલાચરણના શ્લોકોનો અભ્યાસ કર્યો, એ જ ક્રમથી આ નવ શ્લોકો પણ શીખીશું. સૌ પ્રથમ દરરોજ શ્રીયમુનાષ્ટકનો પૂરો પાઠ કરીશું. પ્રત્યેક પંક્તિ પહેલાં હું બોલીશ, તમારે ધ્યાનથી ઉચ્ચારો સાંભળવાના અને પછી તે પંક્તિ બધાંએ સાથે બોલવાની, બરાબર ને? તો ચાલો, શ્રીમહાપ્રભુજી - શ્રીગુસાંઈજીનું સ્મરણ કરી શ્રીયમુનાષ્ટકનો પાઠ કરીએ.' દિનેશભાઈએ વર્ગશિક્ષણનો પ્રારંભ કર્યો.

સૌએ સસ્વર શ્રીયમુનાષ્ટકનો પાઠ કર્યો.

'હવે હું પાટિયા પર શ્રીયમુનાષ્ટકનો પ્રથમ શ્લોક, તેનો પદ્યાનુવાદ, અન્વયાર્થ અને શ્લોકાર્થ લખું છું. તમે પણ મારી સાથે સાથે લખો.'

મૂળ શ્લોક

નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા
મુરારિ-પદ-પંકજ-સ્ફુરદમંદ-રેણૂત્કટામ્ ।
તટસ્થ-નવ-કાનન-પ્રકટ-મોદ-પુષ્પાંબુના;
સુરાસુર-સુપૂજિત-સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥૧॥

પદ્યાનુવાદ

ભરી હરિપદાંબુજે, સ્ફુરી અનંત રેણુદળે;
તીરે નવવને ફૂલ્યાં ફૂલ સુગંધ ઢોળ્યાં જળે.
સુરાસુર પૂજિત, કામપિતુની શ્રીથી શોભન;
નમું હું યમુને! મુદે, સકલ સિદ્ધિનું કારણ. (૧)

અન્વયાર્થ :

સકલ-સિદ્ધિ-હેતુમ્ = બધી સિદ્ધિઓને આપનારાં; **મુરારિ-પદ-પંકજ** = મુર નામના રાક્ષસના દુશ્મન એવા ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણકમળની; **સ્ફુરત્ +**

અમંદ = અત્યંત ચમકતી; રેણુ + ઉત્કટામ્ = રેણુની અધિકતાવાળાં; તટસ્થ = કિનારે આવેલાં; નવ-કાનન = નવીન વનોમાં; પ્રકટ-મોદ = હર્ષરૂપે પ્રકટ થયેલાં; પુષ્પ + અમ્બુના = પુષ્પોથી યુક્ત જળવાળાં; સુર + અસુર = સુરો અને અસુરો દ્વારા; સુપૂજિત = સારી રીતે પૂજાયેલાં; સ્મરપિતુ = સ્મર પિતા શ્રીકૃષ્ણની; શ્રિયમ્ = શોભાને; બિભ્રતીમ્ = ધારણ કરનારાં; યમુનામ્ = શ્રીયમુનાજીને; અહમ્ = હું (શ્રીમદ્ વલ્લભાચાર્યજી); મુદા = આનંદપૂર્વક; નમામિ = નમન કરું છું. (૧)

શ્લોકનો ભાવાનુવાદ :

શ્રીયમુનાજી બધી સિદ્ધિઓને આપનારાં છે. તેમના તટ પર મુરારિ એવા ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમળના પરાગરૂપી અત્યંત ચમકતી રેણુ જળ કરતાં પણ અધિક પ્રમાણમાં છે. તેમના કિનારે આવેલાં નવીન વનોમાંથી હર્ષરૂપે પ્રગટ થયેલાં પુષ્પોથી યુક્ત સુગંધી જળવાળાં શ્રીયમુનાજી છે. આવાં શ્રીયમુનાજી સ્મરપિતા શ્રીકૃષ્ણ શોભાને ધારણ કરનારાં છે. આવાં શ્રીયમુનાજીને હું આનંદપૂર્વક નમન કરું છું. (૧)

વિવૃત્તિ અર્થ અને વિવરણ :

'નમામિ' - પદનું રહસ્ય શ્રીગુસાંઈજી આ પ્રમાણે સમજાવે છે : ભગવાન શ્રીગોકુલેશને આપણે-જીવ-નમન સિવાય બીજું કંઈ પણ કરી શકવા સમર્થ નથી. આવા ભગવાન શ્રીગોકુલેશની વિવિધ લીલાઓમાં ઉપયોગી એવાં કાલિન્દી-શ્રીયમુનાજીને પણ આપણે-જીવ-નમન સિવાય બીજું કંઈ કરી શકીએ એમ નથી. તેથી શ્રીમહાપ્રભુજી સર્વ પ્રથમ શ્રીયમુનાજીને નમન કરીને, તેમની સ્તુતિ કરવાનો આરંભ કરે છે; નમામિ - હું નમન કરું છું.

શ્રીગુસાંઈજીની આ આજ્ઞાને શ્રીહરિરાયજી વધુ સ્પષ્ટ કરે છે. અહીં ભગવાન માટે 'શ્રીગોકુલેશ' શબ્દ વાપર્યો; કારણ કે ગોકુલમાં વસતા નિ:સાધન ભક્તોને સ્વરૂપાનંદનું દાન કરાવવા માટે તેઓ પ્રકટ થયા છે. આ સ્વરૂપે નિ:સાધન ભક્તો પર અપરંપાર કૃપા કરવા લોક-વેદના નિયમો પર ઉલ્લંઘ્યા છે. તેથી 'શ્રીગોકુલેશ' શબ્દ દ્વારા પુષ્ટિમાર્ગીય લોક-વેદમાં અપ્રસિદ્ધ એવા પુરુષોત્તમ સ્વરૂપની વાત છે. આવા પુષ્ટિ-પુરુષોત્તમ પ્રભુની નિત્યલીલામાં જવાનો અધિકાર જ્યાં સુધી જીવોને આપણને નથી મળ્યો, ત્યાં સુધી તેમનો સાક્ષાત્કાર આપણ

સંભવિત નથી. ત્યાં સુધી તેઓ આપણા માટે પરોક્ષ રૂપે રહેલા છે; તેથી આપણી આવી દીન સ્થિતિમાં આપણી દીનતા 'નમન' દ્વારા જ પ્રકટ થઈ શકે અને સાથે લીલાપ્રવેશના અભાવમાં 'નમન' જ થઈ શકે. આ વાત શ્રીમહાપ્રભુજીએ બીજા સ્કંધનાં 'સુબોધિની'માં 'ગમનાભાવાત્ નમનાધિકાર' વચનથી સમજાવી છે.

શ્રીદ્વારકેશજી વધુ સ્પષ્ટતા કરતાં આજ્ઞા કરે છે : 'શ્રીગુસાંઈજીએ 'નમનમ્ એવ આદૌ' એટલા માટે કહ્યું કે નમનથી આપણી દીનતા પ્રકટે છે. દીનતાથી પ્રભુની કૃપા માટેની પાત્રતા આવે છે. પ્રભુની કૃપા થતાં, જીવને વિશેષાધિકાર મળે છે. ત્યારે તે જીવ સ્તુતિ-પ્રાર્થના કરવા શક્તિમાન બને છે. આમ, પ્રભુકૃપા પ્રાપ્ત કરવા 'નમન' જ ઉપયોગી છે.

શ્રીપુરુષોત્તમજી 'નમન' કરવાની રીત બતાવે છે : **'નમન-પદેન કાયાદિત્રયવ્યાપારાત્મકમ્ અત્ર નમનં સંગૃહ્યતે.'** અર્થાત્ કાયા, વાણી અને મનએ ત્રણેના ઉપયોગથી નમન કરવું જોઈએ. શરીરથી પુરુષો સાષ્ટાંગ દંડવત્ અને સ્ત્રીઓ પંચાંગ દંડવત્ પ્રણામ કરે. વાણીથી કહે કે હું આપને નમન કરું છું. મનમાં નમન દ્વારા દીનતાનો ભાવ વિચારે નિઃસાધનતા વિચારે. આમ વિચાર, વાણી અને વર્તન ત્રણેનો નમનમાં એક સાથે ઉપયોગ થવો જોઈએ.

'એક પ્રશ્ન કરું? સાષ્ટાંગ દંડવત્ પ્રણામ અને પંચાંગ દંડવત્ પ્રણામ એટલે શું?'

'બે પગ, બે જાંઘ, છાતી, મસ્તક અને બે હાથ ભૂમિ પર લંબાવી, આ આઠ અંગોથી દંડવત્ પ્રણામ કરવાં તે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પુરુષોએ આ પ્રકારે દંડવત્ પ્રણામ કરવાનું શાસ્ત્રોનું વિધાન છે. જમણા પગનો ઢીંચણ જમીન પર ટેકવી, ડાબા પગનો પંજો જમીન પર રાખી, જમીન પર બે હાથનો ટેકો આપી, મસ્તક જમીનને અડકાડી જે દંડવત્ પ્રણામ થાય, તે પંચાંગ દંડવત્ પ્રણામ. આમાં બે જાંઘ અને છાતી જમીનને સ્પર્શતાં નથી. આવું દંડવત્ પ્રણામ સ્ત્રીઓએ કરવાની આજ્ઞા છે. સ્ત્રીઓથી સાષ્ટાંગ દંડવત ન કરાય.'

'નમન કરવાની સુંદર રીત બતાવી. અમે તો દર્શન કરવા જોઈએ એટલે બે હાથ જોડી, સહેજ માથું નમાવી માની લેતાં કે દંડવત્ પ્રણામ થઈ ગયાં.'

'આમ, શ્રીહરિરાયજીએ અને શ્રીદ્વારકેશજીએ નમન કરવાના નીચે પ્રમાણેના હેતુઓ બતાવ્યા અને શ્રીપુરુષોત્તમજીએ રીત બતાવી.'

(૧) લીલાગમનનો અધિકાર ન હોવાથી, દીનતા માટે નમન કરવું.

(૨) દીનતા દ્વારા કૃપા મેળવવા નમન કરવું.

(૩) કૃપાથી વિશેષ અધિકાર મળતાં સ્તુતિ કરવાના હેતુથી નમન કરવું.

શ્રીપુરુષોત્તમજીએ 'સ્તુતિ' કરવાનો હેતુ ખૂબ સુંદર બતાવ્યો : 'સ્તુત્યા પ્રસન્ના સ્તોતૃણાં લીલાસંબંધં કારયિષ્યતિ.'' સ્તુતિથી પ્રસન્ન થયેલા પ્રભુ સ્તુતિ કરનારને લીલાનો સંબંધ કરાવી આપે છે. માટે સ્તુતિ કરવા સ્તોત્રની રચના અને ગાન થાય છે.

અહીં 'નમામિ' પદનો એક બીજો ભાવ પણ સમજાય છે.

સંસ્કૃતમાં ક્રિયાપદ બે પ્રકારનાં (૧) પરસ્મૈપદી (૨) આત્મનેપદી. પરસ્મૈપદી એટલે જે ક્રિયાનું ફળ બીજાને મળે. આત્મનેપદી એટલે જે ક્રિયાનું ફળ કર્તાને મળે. પરસ્મૈપદી ક્રિયાપદો પરાર્થે છે. આત્મનેપદી સ્વાર્થે છે. ક્રિયાનું ફળ બીજાને આપવા પરસ્મૈપદી ક્રિયાપદ વપરાય. સંસ્કૃતમાં 'નમન' માટે બે ધાતુઓ છે : 'નમ્' અને 'વંદ્'. 'નમ્' ધાતુ પરસ્મૈપદી છે. 'વંદ્' ધાતુ આત્મનેપદી છે. ''વંદે'' કહેતાં હું મારી શક્તિથી નમન કરું છું. નમનનું મને ફળ મળે માટે નમન કરું છું એવો ભાવ છે. 'નમામિ' કહેતાં મારાથી નમન થાય છે. પ્રભુની પ્રસન્નતા માટે નમન કરું છું. કોઈ ફળ મેળવવા નમન કરતો નથી. એવો એમાં નિ:સાધનતા અને નિષ્કામતાનો ભાવ છે. તેથી અહીં શ્રીમહાપ્રભુજીએ 'નમામિ' પદનો પ્રયોગ કર્યો છે.

'નમ'ને ઊલટાવીએ તો 'મન' શબ્દ મળે. જેનામાં મન મળે તેને નમન થાય. મન વિનાના નમનનો કોઈ અર્થ નથી. વળી નમન દાસત્વનો બોધ કરાવનારું છે. માટે 'નમામિ' પદના ત્રણ અક્ષરો મન, વાણી, શરીરથી નમન કરવાનો બોધ આપે છે. એક કવિએ કહ્યું છે :

'નમતાથી સૌ કો રીઝે, નમતાને બહુ માન,
સાગરને નદીઓ મળે, છોડી ઊંચાં સ્થાન.'

આથી, શ્રીયમુનાજીની સ્તુતિ કરનારા અન્ય મહાનુભાવોએ પણ પ્રારંભમાં નમન જ કર્યું છે. સરખાવો -

૧. નમો દેવિ યમુને! નમો દેવિ યમુને! (શ્રીગુસાંઈજી-શ્રીયમુનાષ્ટપદી)
૨. નમામિ યમુનામ્... (શ્રીહરિરાયજી-યમુના વિજ્ઞપ્તિ)
૩. જયતિ તરણિતનયા... (શ્રીજીવનેશજી-શ્રીયમુનાચતુષ્પદી)

શ્રીદયારામભાઈએ પણ આ જ ભાવ પ્રકટ કર્યો છે : ''દીનતા પાત્રમાં મન મણિ મૂકીને, ભેટ ભગવંતજીને કરજો રે.' શ્રીમહાપ્રભુજી ''નમામિ યમુનામ્

અહમ્' દ્વારા એમ સૂચવે છે કે આપણા લાખ ઉપાય છતાં આપણો અહંકાર ઓગળવાનો નથી. ત્યારે એ 'અહમ્'ને આપણે 'કૃષ્ણાર્પણ' કરી દઈએ - લૌકિક 'અહમ્'ને અલૌકિક બનાવી દઈએ - 'હે પ્રભુ! હું તમારો છું.' શાસ્ત્રોની આજ્ઞા છે : રાજા, ગુરુ અને પ્રભુ પાસે ખાલી હાથે ન જવું. તો તેમના ચરણમાં ધરવા માટે નમન સિવાય બીજી કોઈ ઉત્તમ ભેટ નથી, કારણ કે પ્રભુને સાધન-સંપત્તિની અપેક્ષા નથી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

ન હિ સાધનસંપત્યા, હરિસ્તુષ્યતિ કથંચન ।
ભક્તાનાં દૈન્યમેવૈકમ્, હરિતોષણસાધનમ્ ॥

અર્થાત્, સાધનસંપત્તિથી શ્રીહરિ કોઈ પણ રીતે પ્રસન્ન થતા નથી. ભક્તોની દીનતા જ પ્રભુને પ્રસન્ન કરવાનું એકમાત્ર સાધન છે.

આ દીનતાની અભિવ્યક્તિ એટલે નમન. નમન જીવનનું રસાયણ છે, દિવ્ય જીવન બનાવનારું અમૃત છે - મન, બુદ્ધિ, હૃદય, શરીર અને ઈન્દ્રિયોને સ્ફૂર્તિ આપનારું છે. નમનની આર્દ્રતા અહંકારને ઓગાળે છે, આપણને સાત્ત્વિક બનાવે છે. માટે પ્રભુને નમતાં શીખીએ. નમનમાં શરણાગતિ અને સમર્પણની ભાવના છે. હે પ્રભુ! હું તમારા શરણે છું. તમારો દાસ છું. તમે મારા કર્તા-કારયિતા છો. તમે રાખશો તેમ હું રાજીખુશી સાથે રહીશ. તમને હું સમર્પિત છું. તમારા સુખે સુખી રહીશ. તમારા માટે જ જીવીશ. તમારો જ દૃઢ આશ્રય રાખીને રહીશ. આપણે કરેલા આત્મનિવેદનનું નમન કાયિક નિવેદન છે, તેથી સેવામાં વારંવાર દંડવત્ પ્રણામ કરવાનું વિધાન છે - રીત છે. જેને પ્રભુને નમતાં આવડે, તેને પ્રભુ સાથે પોતાનું મન મેળવતાં આવડે. તેનું મન પ્રભુમાં એકરૂપ થાય, ત્યારે સેવા સિદ્ધ થાય. આથી 'નમન' ભક્તિનું સ્વરૂપ છે - સાધન છે.

જે બીજાને વંદન કરે છે, તે પોતે પણ વંદનીય બને છે. આવા ભક્ત માટે ભગવાન પણ કહે છે : "અહમ્ ભક્તપરાધીનો." હું ભક્તને અધીન છું.

શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી વાસ્તવમાં એકરૂપ હોવાથી - એક મગની જ બે ફાડ જેવાં હોવાથી, શ્રીકૃષ્ણની જેમ જ શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીને વંદન કરે છે. અહીં શ્રીમહાપ્રભુજી પોતાનું ભક્તસ્વરૂપ પ્રકટ કરે છે. "આપ સેવા કરી શીખવે શ્રીહરિ." બીજી રીતે વિચારીએ, તો શ્રીયમુનાજીના પ્રેમથી અભિભૂત થઈ શ્રીઠાકોરજી પણ તેમને વશ થાય છે - પોતાની દીનતા પ્રકટ કરે છે, એમ ભગવત્સ્વરૂપ શ્રીમહાપ્રભુજી, પોતાની સન્મુખ પ્રત્યક્ષ સ્વરૂપે પધારેલાં અને

સ્વામિનીજી સાથે માનમિલાપ કરાવનારાં શ્રીયમુનાજીને વશ બની, પોતાની દીનતા પ્રકટ કરતાં નમન કરે છે.

આમ 'નમન' પદનો અર્થ વિચાર્યો. હવે 'નમન' કેવી રીતે કરવાનું તે શ્રીમહાપ્રભુજી બતાવે છે - "મુદા" અર્થાત્ આનંદપૂર્વક.

"નમન"નો એક અન્ય ભાવ પણ સમજમાં આવે છે. શ્રીયમુનાજી જ્યારે શ્રીમહાપ્રભુજીની સન્મુખ પધાર્યાં હશે, ત્યારે શ્રીયમુનાજીના તટ પરની વ્રજ-રજમાં પોતાનો સમગ્ર દેહ લંબાવી, શ્રીમહાપ્રભુજીએ તેમને નમન કર્યું હશે. આમ નમન કરતાં ભગવચ્ચરણરજ - વ્રજરજ - આપણા આખા શરીરને સ્પર્શે છે. ભગવચ્ચરણરજના સ્પર્શથી આપણું શરીર સર્વ ઈન્દ્રિયો સાથે પવિત્ર બને છે, પ્રભુને લાયક બને છે. આથી શરીરની શુદ્ધિના બે પ્રકાર છે : (૧) ભૌતિક શુદ્ધિ, જે જળથી થાય છે. (૨) આધ્યાત્મિક શુદ્ધિ, જે ભગવદ્‌રજથી થાય છે. માટે આપણે સ્નાન કરી ભગવદ્‌રજરૂપી ચરણામૃત શરીરને લગાવીએ છીએ. વ્રજરજરૂપી ભગવચ્ચરણરજ દ્વારા પ્રભુના સ્પર્શનો આ ભૌતિક શરીરને અનુભવ પણ થાય છે. વ્રજરજમાં ભગવાન અને ભગવદીયો બંનેની ચરણરજ છે. જ્યાં પ્રભુ બિરાજે છે ત્યાં ભગવદીયો પણ વસે છે. આથી ત્યાં દંડવત્ પ્રણામ સાથે નમન કરનારને પ્રભુની અને પ્રભુના ભક્તોની દુર્લભ ચરણરજ પ્રાપ્ત થાય છે. માટે શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આપણે શ્રીયમુનાજીના તટ ઉપર આ ચરણરજમાં શ્રીયમુનાજીને દંડવત્ પ્રણામ કરીએ છીએ એવા ભાવથી નમન કરવું.

કીર્તનસંગતિ

૧. "ચરન પંકજ રેણુ શ્રીયમુને જુ દેનિ." (શ્રીગોવિંદસ્વામી)

૨. "શ્રીયમુના રસખાનિ કો શિશ નાઉં." (શ્રીકુંભનદાસ)

૩. "શ્રીયમુને જગવંદિની." (શ્રીકૃષ્ણદાસ)

૪. "જયતિ ભાનુતનયા ચરણયુગલ વંદે." (શ્રીવ્રજપતિ)

૫. "ઉભય કરે જોર કૃષ્ણદાસ વિનતી કરે,
કરો કૃપા અબ કલિન્દગિરિનન્દિની." (શ્રીકૃષ્ણદાસ)

"મુદા" - "મુદા" શબ્દ સંસ્કૃત 'મુદ્' ધાતુ પરથી બનેલો છે. "મુદ્" એટલે આનંદ આપવો. તેના પરથી અહીં ક્રિયાવિશેષણ આવ્યું. "મુદા" એટલે આનંદપૂર્વક. જે ક્રિયાના અર્થમાં વધારો કરે તેને ક્રિયાવિશેષણ કહેવાય.

શ્રીમહાપ્રભુજી અહીં શ્રીયમુનાષ્ટકના પહેલા શ્લોકની પહેલી પંક્તિમાં આ પદ વાપરે છે. તેવી જ રીતે આ સ્તોત્રના છેલ્લા - નવમા શ્લોકની પહેલી પંક્તિમાં પણ આ પદ વાપરે છે. ''તવાષ્ટકમિદં-મુદા...'' અહીં ''મુદા'' એટલે આનંદપૂર્વક શ્રીયમુનાજીને નમન કરવાની આજ્ઞા કરી છે. તો નવમા શ્લોકમાં ''મુદા'' એટલે આનંદપૂર્વક આ સ્તોત્રનો પાઠ કરવાની આજ્ઞા કરી છે. 'નમન' અને 'પાઠ'ની બંને ક્રિયાઓ કોઈના કહેવાથી કરવાની નથી. જ્યારે કોઈ કામ કોઈના કહેવાથી - દબાણથી થાય, ત્યારે તેમાં મનનો આનંદ હોતો થી. તે બોજારૂપ લાગે છે. પરિણામે તે ક્રિયાઓ બાહ્ય દેખાવ રૂપે થાય છે, પણ મનથી થતી નથી. મનથી થતી ક્રિયાઓમાં ઉત્સાહ અને આનંદ હોય છે.

શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનના એક પ્રશ્નના જવાબમાં બતાવ્યું હતું કે, શ્રીઠાકોરજીને ભક્તના હૃદયનો પ્રેમ સૌથી વધુ પ્રિય છે, જ્યારે ક્લેશ સૌથી વધુ અપ્રિય છે. ક્લેશ સાથે કરેલ કોઈ પણ ક્રિયા પ્રભુની પ્રસન્નતા કરતી નથી.

આથી, શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : તમે શ્રીયમુનાજીને આનંદથી નમન કરો અને શ્રીયમુનાષ્ટકનો આનંદથી પાઠ કરો.

'યમુનામ્' પદથી શ્રીયમુનાજીની વાત કરી. શ્રીયમુનાજીનું પ્રાકટ્ય, પરિવાર, સ્વરૂપ, લીલા, ગુણ વગેરે વિષે આપણે શરૂઆતના સાત દિવસોમાં ખૂબ વિસ્તારથી સમજ્યાં છીએ. એ યાદ છે ને? માટે આજે ફરી વાર તે બધી બાબતો યાદ નહિ કરીએ. 'અહમ્' શબ્દનો અર્થ પણ 'નમામિ' પદ સાથે સમજ્યાં છીએ.

આમ આપણે જોયું : ''અહમ્ યમુનામ્ મુદા નમામિ.'' - હું શ્રીયમુનાજીને આનંદથી નમન કરું છું.

આ શ્લોકની બાકીની બધી પદાવલીઓ શ્રીયમુનાજીનાં વિશેષણ છે. અહીં શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીના જલસ્વરૂપ અને સ્વામિની-સ્વરૂપ એમ બંને સ્વરૂપોને નમન કર્યું છે; કારણ કે શ્રીયમુનાજી તેમની સન્મુખ બંને સ્વરૂપે બિરાજ્યાં હતાં. તેથી બે પદાવલીઓ જલસ્વરૂપનાં વિશેષણ છે, તો બાકીની બે પદાવલીઓ સ્વામિની સ્વરૂપનાં વિશેષણ છે. બીજી પંક્તિ - 'મુરારિપદપંકજ સ્ફુરદમંદરેણૂત્કટામ્' તથા ત્રીજી પંક્તિ ''તટસ્થનવકાનનપ્રકટમોદપુષ્પાંબુના''- જલસ્વરૂપનાં વિશેષણ છે. પ્રથમ પંક્તિમાં ''સકલસિદ્ધિહેતુમ્'' અને ચોથી પંક્તિ 'સુરાસુરસુપૂજિતસ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્' તેમના સ્વામિની-સ્વરૂપનાં વિશેષણો છે.

આ ચારે વિશેષણ-પદાવલીઓ વિસ્તારથી સમજીએ.

"મુરારિ-પદપંકજ-સ્ફુરદમંદ-રેણૂત્કટામ્." અહીં ભગવાન શ્રીકૃષ્ણ માટે શ્રીમહાપ્રભુજીએ 'મુરારિ' પદ વાપર્યું છે, તેને સૌથી પહેલાં સમજીએ.

'મુરારિ" = મુર નામના રાક્ષસના શત્રુ. ભગવાનને મુરારિ કેમ કહ્યા એનો ખુલાસો શ્રીભાગવતના દશમસ્કંધના ૫૯મા અધ્યાયમાં શ્રીશુકદેવજી કરે છે. આદિકાળમાં ભગવાન ચાર સ્વરૂપે બિરાજતા. એક સ્વરૂપે તપ કરે, બીજા સ્વરૂપે પરિપાલન કરે, ત્રીજા સ્વરૂપે ભોગ કરે અને ચોથા સ્વરૂપે નિદ્રા કરે. દરેક સ્વરૂપની ક્રિયા ક્રમશઃ હજાર વર્ષે બદલાતી. એક વખત ભૂમિ દેવતાએ તપ કર્યું, ત્યારે સંધ્યાકાળે જાગેલા પ્રભુએ તેને વરદાન માંગવાની પ્રેરણા કરી. ભૂમિએ પુત્ર માગ્યો, ત્યારે સંધ્યાનો સમય હતો. કશ્યપ અદિતિએ પણ સંધ્યાસમયે પુત્ર માંગતાં તેમને અસુર પુત્રો થયેલા. તેવી રીતે ભૂમિને પણ પુત્ર મળ્યો. તેનું નામ નરકાસુર. 'નર' એટલે મનુષ્ય, 'ક' એટલે સુખ. જે મનુષ્યના શરીરમાં આવી પ્રભુને પામવાને બદલે દેહનાં સુખ ભોગવવામાં રચ્યોપચ્યો રહે તે 'નરકાસુર'. આવી વ્યક્તિ અંતે નરકને જ પામે છે. તે ભૂમિનો પુત્ર હોવાથી ભૌમ કહેવાયો. ભગવાનનો આપેલો હોવાથી ભૌમ ભગવાનનો પુત્ર કહેવાયો. ભૂમિએ ભગવાન પાસે બીજું વરદાન માગ્યું કે મારી સંમતિ વગર ભૌમને કોઈ મારી ન શકે. આથી ભગવાને તેને નારાયણાસ્ત્ર આપ્યું.

ભૌમ ભગવાનનો પુત્ર હતો, પણ શરીરના ભોગો ભોગવતાં તે અસુર બન્યો. વધુ ભોગ મેળવવા તેણે મહાદેવજીની ઉપાસના કરી. મહાદેવજીએ તેને ત્રિશૂળ આપ્યું; તે પોતે રાખ્યું અને નારાયણાસ્ત્ર તેના પુત્ર ભગદત્તને આપ્યું.

જીવાત્મા ભગવાનનો અંશ છે; એટલે ભગવાનના પુત્ર સમાન છે. ભગવાનના વરદાનથી તેને મનુષ્ય યોનિ મળી છે અને તેમાં પણ પ્રભુની શરણાગતિ થતાં વૈષ્ણવતા મળી છે. આવો ઉત્તમ અધિકાર મળવા છતાં તે ભગવાનને મેળવવા ત્યાગ-વૈરાગ્યપૂર્ણ જીવન ન જીવતાં, પોતાનાં શારીરિક સુખો પાછળ ઉન્મત્ત બનેલો છે. પરિણામે, પ્રભુનો આશ્રય છોડી દુન્યવી ભોગો મેળવવા તે મહાદેવજી પાસે અને અન્ય દેવો પાસે દોડે છે. ભગવાને આપેલ ભક્તિરૂપી નારાયણાસ્ત્ર ન વાપરતાં, ભોગરૂપી મહાદેવજીનું ત્રિશૂળ લઈને ફરે છે. આમ, તે ભોગ ભોગવવામાં ભૌમની જેમ પાગલ બન્યો છે. આથી ભૌમની કથા આપણા સૌની કથા છે, એ ભૂલવા જેવું નથી.

ભૌમે દિગ્વિજય કરી, ઈન્દ્રને હરાવી તેનું છત્ર હરી લીધું. પૃથ્વીને હરાવી તેનાં કુંડળ હરી લીધાં. મેરુ પર્વત પરનું સ્વર્ગ પણ જીતી લીધું. તેને કોઈની પરવા ન રહી. ભૌમ પ્રાગ્જ્યોતિષપુર નામના સ્થાનમાં રાજધાની બનાવીને રહેતો. આ પ્રદેશ અત્યારે આસામના નામે ભારતની ઉત્તર-પૂર્વ દિશામાં આવેલો છે. તે પ્રાચીન સમયમાં કામરુ દેશ તરીકે પ્રસિદ્ધ હતો. ત્યાં ચારે તરફથી જઈ ન શકાય એ માટે છ પ્રકારના કિલ્લાઓની રચના કરવામાં આવી હતી. પર્વત કોટ, શસ્ત્રકોટ, પાણીની ખાઈઓ, અગ્નિ છોડનારાં સ્ફોટક તત્ત્વોનો કોટ, હાનિકારક ઝેરી વાયુઓનો કોટ અને 'મુર'નામના પાંચ માથાવાળા રાક્ષસ સેનાપતિનો કોટ. આ મુર રાક્ષસ નરકાસુરનો સેનાપતિ હતો. તે જળમાં રહેતો. તેને પાંચ માથાં હતાં. તે કોઈને જળ ઓળંગીને નરકાસુરના રાજ્યમાં પ્રવેશવા ન દેતો.

નરકાસુરે સોળ હજાર કન્યાઓને કેદમાં પૂરી હતી. તેના ત્રાસથી ત્રાહિમામ્ થયેલા ઈન્દ્ર, દેવો, પૃથ્વી અને આ કન્યાઓની વિનંતીથી સર્વશક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ નરકાસુરનો વધ કરવા તૈયાર થયા. ભૂમિને આપેલું વરદાન યાદ આવ્યું. તેની સંમતિ વિના નરકાસુરને મારી શકાશે નહિ. ભગવાનનાં આઠ પટરાણીઓમાં સત્યભામાજી ભૂમિ દેવતાનું સ્વરૂપ; તેથી ભગવાને સત્યભામાજીને સાથે લીધાં, જેથી નરકાસુરને મારવા તેમની આજ્ઞા લઈ શકાય. ગરુડ પર બિરાજી ભગવાન પધાર્યા. ભગવાનના શંખનાદથી મુર રાક્ષસ જળમાંથી જાગ્યો. તેણે યુદ્ધ કર્યું. ભગવાને સુદર્શન ચક્રથી તેનું માથું કાપી લીધું. પછી ભગવાને યુદ્ધ કરી, સત્યભામાની સંમતિ લઈ સુદર્શન ચક્રથી નરકાસુરને પણ માર્યો. તેણે કેદ કરેલી સોળ હજાર કન્યાઓને મુક્ત કરી.

શ્રીભાગવતજી પરની ટીકામાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ મુર રાક્ષસનાં પાંચ માથાં એટલે પંચપર્વા અવિદ્યા. પાંચ પ્રકારની અવિદ્યાથી આપણે પ્રભુને ભૂલી ગયા છીએ. તે છે : (૧) દેહાધ્યાસ (૨) ઈન્દ્રિયાધ્યાસ (૩) પ્રાણાધ્યાસ (૪) અંતઃકરણાધ્યાસ અને (૫) સ્વરૂપવિસ્મૃતિ. અર્થાત્ આપણે આપણાં શરીર, ઈન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણને પ્રભુની સેવામાં જોડવાને બદલે લૌકિક ભોગમાં જોડ્યાં છે. આથી, આપણને આપણા મૂળ સ્વરૂપની અને પ્રભુની વિસ્મૃતિ થઈ છે. જે ભવસાગરમાં તરતાં તરતાં આપણે પ્રભુ પાસે પહોંચવાનું છે, એ ભવસાગરમાં જળના દોષરૂપ પાંચ માથાવાળો આ મુર રાક્ષસ આપણને અટકાવતો ઊભો છે. તેને હટાવી શકવા કેવળ પ્રભુ જ સમર્થ

છે. તેથી જેના ઉપર પ્રભુને કૃપા કરવી છે. તેને મુર રાક્ષસથી બચાવે છે. અર્થાત્ તેની પાંચપર્વા અવિદ્યાઓને પ્રભુ સ્વયં દૂર કરે છે. પ્રભુની આ કૃપાશક્તિને યાદ કરતાં અહીં શ્રીમહાપ્રભુજીએ ભગવાન શ્રીકૃષ્ણને મુરારિ કહ્યા છે.

શ્રીગુસાંઈજી 'મુરારિ' પદનું રહસ્ય બતાવતાં આજ્ઞા કરે છે કે જળમાં રહેલો દોષ એટલે મુર. શ્રીપુરુષોત્તમજી કહે છે, અહીં અસુરારિ પદનો પણ પ્રયોગ થઈ શક્યો હોત. અસુરારિ એટલે રાક્ષસોના દુશ્મન; પણ શ્રીમહાપ્રભુજીએ ખૂબ સમજપૂર્વક મુરારિ પદ વાપર્યું છે. જલના દોષનું સાક્ષાત્ રૂપ એ મુર. જળમાં મુખ્ય દોષ એ છે કે જળ તેના બે કિનારે ઊભેલાં બે પ્રેમીઓને ભેગાં થવા દેતું નથી. તે માટે હોડીનો ઉપયોગ કરવો પડે. જળનો આ મહાન દોષ છે. જોકે આમાં જળનો દોષ નથી એમ શ્રીહરિરાયજી કહે છે. જળ પોતે દોષરૂપ નથી, પરંતુ દૈત્યના સંબંધથી જળ પ્રતિબંધ કરનારું બને છે. દૈત્યનો સંબંધ ન થાય તો જળ પ્રતિબંધરૂપ બનતું નથી. મથુરાથી વસુદેવજી બાલકૃષ્ણને ગોકુળ પધરાવી ગયા ત્યારે શ્રીયમુનાજળ તેમને પ્રતિબંધરૂપ બન્યાં ન હતાં, બલકે માર્ગ કરી આપ્યો હતો. માટે જળ પોતે દુષ્ટ નથી, પણ તેમાં પ્રભુની પ્રાપ્તિમાં પ્રતિબંધરૂપ રહેલો મુર દોષરૂપ છે. તેનો નાશ થતાં આપોઆપ ભગવત્પ્રાપ્તિ થાય છે. માટે શ્રીગુસાંઈજી ભગવાન શ્રીકૃષ્ણને જળમાં રહેલા દોષરૂપી મુરના શત્રુ કહે છે. શ્રીદ્વારકેશજી નરકાસુરની કથાનો સંદર્ભ આપી સમજાવે છે કે મુર રાક્ષસના સંબંધથી જ સોળ હજાર કુમારિકાઓને પ્રભુની પ્રાપ્તિમાં પ્રતિબંધ થયો હતો. મુરનો નાશ થતાં તેમને સહજ રીતે ભગવત્ પ્રાપ્તિ થઈ. આમ, મુરના સંબંધથી જ જળ પ્રાપ્તિમાં પ્રતિબંધરૂપ થાય છે. આ પ્રતિબંધ પ્રભુ જ દૂર કરી શકે છે. માટે તેઓ મુરારિ છે.

શ્રીપુરુષોત્તમજીએ અહીં એક બીજી સુંદર વાત બતાવી, જળ પણ જડ છે, એટલે બોલવામાં 'ળ' અને 'ડ' વચ્ચે બહુ ભેદ દેખાતો નથી. સંસ્કૃત ભાષામાં 'ળ' અને 'ડ'માં અભેદ માનવામાં આવ્યો છે, તેથી અજ્ઞાની, મૂઢ અથવા જડબુદ્ધિના જીવોને પ્રભુની પ્રાપ્તિમાં વિઘ્નરૂપ ગંભીર દોષો લાગેલા હોય છે. આ દોષો શ્રીયમુનાજળથી નિવૃત્ત થાય છે; કારણ કે આ જળમાં મુરારિ ભગવાનની ચરણરજ મળેલી છે; પરંતુ છ પ્રકારની વ્યક્તિઓના દોષો શ્રીયમુનાજળથી પણ નાશ પામતા નથી; અને તેમને ભગવત્પ્રાપ્તિ થતી નથી. તેઓ છે (૧) દંભી (૨) અશ્રદ્ધાળુ (૩) પાપી (૪) નાસ્તિક (૫) સંશયાત્મા અને (૬) કુતર્ક કરનારા.

શ્રીપુરુષોત્તમજીની આ આજ્ઞા શ્રીશ્યામમનોહરજીએ ઉપર પ્રમાણે સમજાવી છે. આમ, આપણે મુરારિપદનો અર્થ જોયો. હવે 'પદપંકજ' શબ્દનો અર્થ વિચારીએ.

પદપંકજ એટલે કમળ જેવાં ચરણ. પ્રભુનાં ચરણ અને કમળ વચ્ચે કેટલુંક સામ્ય છે. બંનેનો રંગ ગુલાબી છે. બંને કોમળ છે. બંને સુગંધથી ભરપુર છે. તેમને સેવનારાઓને આનંદ આપનારાં છે. જેમ સૂર્યોદયથી કમળ ખીલે છે, તેમ આપણા અજ્ઞાનનો નાશ થતાં પ્રભુનાં ચરણકમળ આપણને પ્રાપ્ત થાય છે. આ ચરણકમળોમાં પ્રભુએ દિવ્ય સોળ ચિહ્નો ધારણ કર્યાં છે, જેનાથી તેઓ ભક્તોનું રક્ષણ કરે છે અને ભક્તો પર કૃપા કરે છે. પ્રભુનાં ચરણકમળો ભક્તિનાં સાક્ષાત્ સ્વરૂપ છે. તેમને સેવનાર જીવોને પ્રભુ દોષમુક્ત કરી, દુર્લભ એવી ભક્તિનું દાન કરે છે. પ્રભુનાં આ ચરણકમળોએ જળમાં રહેલ દોષરૂપી મુરનો નાશ કરી, જળને પ્રભુપ્રાપ્તિ માટે સાનુકૂળ કર્યું છે. આવાં અલૌકિક ચરણકમળોથી પ્રભુ વ્રજમાં શ્રીયમુનાતટે વિચર્યા છે. શ્રીયમુનાતટ પર તેમણે વ્રજભક્તોની સાથે રાસ વગેરે અનેક રસરૂપ લીલાઓ કરી છે; તેથી શ્રીયમુનાજીના તટ પરની રેણુને પ્રભુનાં અને વ્રજભક્તોનાં ખુલ્લાં ચરણોનો સ્પર્શ થયો છે.

રામાવતારમાં પ્રભુના ચરણનો સ્પર્શ પામી, શિલારૂપ જડ બની ગયેલાં અહલ્યા પોતાના મૂળ રૂપને પામ્યાં હતાં. ભગવચ્ચરણારવિંદનું આ સામર્થ્ય વ્રજલીલામાં તેથી પણ અધિકરૂપે પ્રકટ થયું છે. તેમ અહીં શ્રીમહાપ્રભુજી 'સ્ફુરદ્' પદથી બતાવે છે.

શ્રીયમુનાજીના તટ પરની રેણુ ભૌતિક રીતે જડ છે. પૃથ્વીની અન્ય રજ જેવી જ છે. તે ભગવાન અને ભક્તોના ચરણસ્પર્શથી અલૌકિક બની છે. પ્રભુના અંગ જેવી મેઘશ્યામ બની છે અને ચમકતી બની છે; એટલું જ નહીં, આ વાલુકા જડ ન રહેતાં ચૈતન્યયુક્ત બની છે. અર્થાત્ તે સાક્ષાત્ ભગવત્સ્વરૂપાત્મક થઈ છે. આમ, પ્રભુની ચરણરેણુ બનેલી આ રજ ભક્તોને ભક્તિમાં આવતા પ્રતિબંધો દૂર કરવા સમર્થ બની છે. અને તેથી ભક્તોને સેવોપયોગી દેહ દ્વારા પ્રભુની સન્મુખતા અપાવે છે. આમ, આ અલૌકિક રેણુ દોષનિવારણ અને ભગવત્પ્રાપ્તિ કરાવનારી છે, એવો અભિપ્રાય સ્ફુરદ્ પદનો છે એમ શ્રીહરિરાયજી સમજાવે છે. શ્રીદ્વારકેશજી પણ આ જ ભાવ બતાવતાં વિશેષમાં આજ્ઞા કરે છે કે સેવોપયોગી દેહ અપાવવા તત્પર બનેલી હોવાથી અહીં પ્રભુની ચરણરેણુ જળ કરતાં પણ અધિક પ્રમાણમાં છે. તેનું મૂળ કારણ તેમનો લીલામાં ઉપયોગ છે. જો જળ અધિક હોય, તો જલવિહારમાં ભય રહે અને ઊંડા જળમાં મગર આદિ જલચર પશુઓનો પણ ભય

રહે; તેથી અહીં શ્રીમહાપ્રભુજી એમ બતાવે છે કે શ્રીયમુનાજીમાં જળ કરતાં રજ વધારે છે; પરિણામે જલ છીછરાં છે. જલવિહાર માટે ઉત્તમ છે.

આમ, આ પંક્તિમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીના અધિક રજયુક્ત જલસ્વરૂપનું નિરૂપણ કર્યું. સાથે સાથે પ્રભુની ચરણરજ અને જલનું અલૌકિક સામર્થ્ય પણ સમજાવ્યું. શ્રીયમુનાજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં શ્રીયમુનાતટની વાલુકાનો જે અલૌકિક અનુભવ થયો તેનું નિરૂપણ શ્રીમહાપ્રભુજીએ સૌપ્રથમ કર્યું. જેમ શ્રાવણ સુદ એકાદશીની મધ્યરાત્રીએ સાક્ષાત્ પ્રભુનાં દર્શન થતાં સૌપ્રથમ દૃષ્ટિ પ્રભુના રસાત્મક અધરો પર પડતાં અધરમ્ એમ ગાયું હતું, તેમ અહીં સૌપ્રથમ શ્રીયમુનાજીની વાલુકાનો રસાત્મક અનુભવ કરી, શ્રીમહાપ્રભુજીએ ગાયું કે મુરારિ પદપંકજ સ્ફુરદમંદ રેણૂત્કટામ્. અર્થાત્ જલના દોષરૂપ મુર નામના શત્રુનો નાશ કરનાર પ્રભુના અને પ્રભુના ભક્તોના અલૌકિક ચરણકમળોથી હે યમુનાજી! આપનામાં રહેલી જળથી એ અધિક વાલુકા ભગવત્-પ્રાપ્તિનું રસાત્મક દાન કરનારી અલૌકિક સ્વરૂપાત્મક છે. એવાં આપને હું આનંદથી નમન કરું છું.

આ શ્રીયમુના-રજની અભિલાષા શ્રીગુસાંઈજીએ પણ રાખી છે : તેઓ 'શ્રીયમુનાષ્ટપદી'માં કહે છે : 'તવતટગતવાલુકાઃ કદાહં સકલ-નિજાંગ-ગતા મુદા કરિષ્યે? અર્થાત્ તમારા કિનારાની રજની હું ક્યારે મારાં સર્વ અંગો પર આનંદપૂર્વક લગાવીશ?'

ભક્ત-કવિઓએ પણ આ વાલુકાનો મહિમા ગાયો છે :

'ચરણ-પંકજ-રેણુ શ્રીયમુને જુ દેની,
કલિયુગ-જીવ ઉદ્ધારણ-કારન, કાટત પાપ અબ ધાર પૈની.'

(શ્રીગોવિંદસ્વામી)

'પ્રાણપતિ વિહરત શ્રીયમુનાકૂલે,
લુબ્ધ મકરંદ કે ભ્રમર જ્યોં બસ ભયે,
દેખિ રવિ ઉદય માનો કમલ ફૂલે.'

(શ્રીચતુર્ભૂજદાસ)

'શ્રીયમુના અગનિત ગુન ગિને ન જાઈ,
શ્રીયમુના તટ રેણુ તેં હોત હૈં નવીન તનુ,
ઈનકે સુખ દેનકી કહા કરૌં બડાઈ.' (શ્રીકુંભનદાસ)

'જૈ જમુને જગવંદની યસ વેદ હી ગાયો;
જે જન તટ સેવન કરૈં, સો હરિપદ પાયો.'

(શ્રીકૃષ્ણદાસ)

'જે જન શરણ આય તેરે તટ નિસ્સાધન વ્હૈ પરહીં,
દાસ રસિક કહે તિનહીં કૃપા કરિ, હરિ-રસ-સોં અતિ ભરહીં.'

(શ્રીરસિકદાસ)

'શ્રીયમુનાજુ કી રેનુ બહુત તુવ માઈ,
તા કી મહિમા કહાં લગ બરનૌં, રસના કોટિક નાહીં.'

(શ્રીહરિદાસ)

'શ્રીયમુનાજુ કી રેનુ ઐસી, સકલ જીવન કે દોષ નિવારે;
તેહૂ રેન બહુત હૈ ભીતર, જા પરસેં સબ પાપ નિવારેં;
હરિસોં બિહાર કરત બ્રજસુંદરી, તિન ચરનન કી રેનુ સું તારે,
'હરિદાસ' યહ સોભા નિરખત, શ્રીયમુના ચિત્ત રહો હમારે.'

(શ્રીહરિદાસ)

હવે આ શ્લોકની ત્રીજી પંક્તિની પદાવલી સમજીએ -

'તટસ્થ-નવકાનન-પ્રકટ-મોદ-પુષ્પાંબુના.' શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે 'તટસ્થ' - કિનારા ઉપર 'નવકાનન' - નવીન વૃક્ષોનું વન છે. અહીં 'નવીન'નો અર્થ લીલાંછમ, સુંદર એવો કરીશું. પાનખર ગયા પછી વસંત ઋતુમાં નવાં કોમળ પાનથી શોભતાં વૃક્ષો. શ્રીકૃષ્ણદાસજી પૂછે છે : ''કૃષ્ણદાસનિ કહે, કૌન યહ તપ કિયો, તિહારો ઢિંગ રહત હૈ લતા દ્રુમહી.'' શ્રીયમુનાજીની ચોમેર આવાં વૃક્ષોવાળાં બાર વન અને બાર ઉપવન વ્રજમાં છે. અહીં ભગવલ્લીલાર્થે વસંત ઋતુ નિત્ય છે. આથી સર્વ વૃક્ષો ફૂલોથી આચ્છાદિન-સુગંધિત છે. વૃક્ષો પોતે ભગવલ્લીલામાં સેવાતત્પર હોવાનો પોતાનો આનંદ પુષ્પોના માધ્યમથી પ્રકટ કરી રહ્યાં છે; માટે 'પ્રકટ-મોદ' કહ્યાં. આ પુષ્પાંબુના - જળમાં પડી, જળ સાથે એકરૂપ બની, જાણે જળના શૃંગારરૂપ બને છે. શ્રીગુસાંઈજીને જાણે એવાં દર્શન થઈ રહ્યાં છે કે શ્યામ જળસ્વરૂપા શ્રીયમુનાજીએ પુષ્પોના શૃંગાર ધર્યા છે અને આ સુંદર વનોમાં વિહાર કરી રહ્યાં છે.

શ્રીદ્વારકેશજી વિશેષ ભાવ સમજાવે છે : તીર પરનાં નવીન વનોમાંથી આનંદરૂપે જે સુગંધ પ્રસરે છે, તે સુગંધ સહિત પુષ્પોથી યુક્ત જેમનું જળ છે, એવાં શ્રીયમુનાજી આનંદ સત્ત્વરૂપ છે, પુષ્પો રજસ્ રૂપ છે, વનો તમસ્ રૂપ છે.

તમસ્ રૂપ આસુરભાવ છે, કારણ કે વૃક્ષો સ્વયં પ્રભુ પાસે જતાં નથી, તેથી તામસભાવવાળાં કહ્યાં.

પુષ્પો બીજાઓ દ્વારા પ્રભુ પાસે જાય છે, તેથી રાજસભાવવાળાં કહ્યાં. મોદ-સુગંધ-આનંદ સ્વતઃ પ્રભુ પાસે જાય છે, તેથી સત્ત્વભાવવાળો છે. આ દ્વારા એમ સૂચન થયું કે શ્રીયમુનાજી ત્રણે ભાવવાળા ભક્તોનો અંગીકાર કરે છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીને દંડવત્ પ્રણામ કર્યા પછી ઊભા થઈ, શ્રીયમુનાજીના અલૌકિક તટપ્રદેશને નીરખતાં આ પંક્તિ ગાઈ. આપ પોતાની સન્મુખ બિરાજતાં જલસ્વરૂપા અને સ્વામિનીસ્વરૂપા શ્રીયમુનાજી એક જ છે એવું નિરૂપણ કરી રહ્યા છે. ઉપર જલસ્વરૂપા શ્રીયમુનાજીનું નિરૂપણ વિચાર્યું. હવે સ્વામિની-સ્વરૂપા શ્રીયમુનાજીને આ પંક્તિ કેવી રીતે ઘટે તે જોઈએ. આગળ ઉપર શ્રીમહાપ્રભુજી બતાવે છે 'નિતંબતટસુંદરીમ્' અર્થાત્ આ બંને જડ કિનારા નથી, પણ શ્રીયમુનાજીના ઉત્તુંગ નિતંબો છે. પ્રભુ સાથે રસકેલિ કરતાં શ્રીયમુનાજીના નિતંબો પરની રોમાવલિ રૂપી વૃક્ષો આનંદમય બની જતાં, આપના મુખ પર સ્મિતરૂપી પુષ્પો ખીલ્યાં છે. આપના શ્રીઅંગ પર પુષ્પો વીખરાયાં છે - છવાયાં છે. આપના શ્રીઅંગની રોમાવલિઓમાંથી સ્મર-કામ-જલ અલૌકિક સુગંધ સાથે ઝળકે છે. શ્રીમહાપ્રભુજીએ કેવું અદ્ભુત રહસ્ય પ્રકટ કરી દીધું, નહિ?

ભક્ત-કવિઓએ આ સ્વરૂપનો અનુભવ નીચેની પંક્તિઓમાં ગાયો :

'નૈન ભરિ દેખો અબ ભાનુતનયા,
કેલિ પિયસોં કરે, ભ્રમર તબહીં પરે,
શ્રમજલ ભરત આનંદ મનયા,
ચલત ટેઢી હોય, લેત પિયકો મોહિ...' (શ્રીહરિરાયજી)

'શ્રીયમુનાપુલિન રાસ, બ્રજ-બધૂ લિયે પાસ,
મંદ-મંદ હાસ કર મન જુ હરતાં.' (શ્રીકુંભનદાસજી)

'પ્રફુલ્લિત વન વિવિધ-રંગ ઝલકત યમુના તરંગ;
સૌરભઘન મુદિત અતિ સુહાવનો,
ચિંતામણિ કનકભૂમિ, છબિ અદ્ભુત લતા ઝૂમિ;
સીતલ મંદ અતિ સુગંધ, મરુત આવનો.'
(શ્રીપરમાનંદદાસ)

'શ્રીયમુનાજી તિહારો પુલિન મોહેં ભાવે,
સુર બ્રહ્માદિક ધ્યાન ધરત હૈં, સો સુપને નહિ પાવે.
બીચ-બીચ કુંજ-સદન અતિ સુંદર, શ્યામા-શ્યામ સુહાવે;
ચહુ દિશિ સકલ ફૂલ અતિ ફૂલે, ગુહિ-ગુહિ કંઠ ધરાવે.
કુસુમન કે બિજના જો સંવારે, સખિયન બ્યાર ઢુરાવે;
'સૂરદાસ' પ્રભુ સબ સુખસાગર, દિન દિન શોભા ભાવે.'

(શ્રીસૂરદાસ)

'જય જય શ્રીસૂર્યજા કલિન્દનંદિની,
ગુલ્મ-લતા-તરુ-સુવાસ, કુંજ-કુસુમ-મોદ-મત્ત,
ગુંજત અલિ સુભગ પુલિન, વાયુમંદિની.' (શ્રીછીતસ્વામી)

આવાં રાસ-રસેશ્વરી શ્રીયમુનાજીનાં દર્શન કરતાં, શ્રીમહાપ્રભુજીને શ્રીશ્યામસુંદરની ઝાંખી શ્રીયમુનાજીમાં થાય છે. આથી આપ ચોથી પંક્તિમાં ગાય છે :

''સુરાસુરસુપૂજિત-સ્મરપિતુ: શ્રિયં બિભ્રતીમ્'' - ''સ્મર-પિતુ:''માં 'સ્મર' શબ્દનો પ્રસિદ્ધ અર્થ-કામદેવ, જે દ્વારકાલીલામાં ભગવાન શ્રીકૃષ્ણને ત્યાં તેમના પુત્ર પ્રદ્યુમ્નરૂપે પ્રકટ થયો હતો. જો આ અર્થ લઈએ તો ''સ્મર-પિતુ:'' એટલે કામદેવના પિતા શ્રીકૃષ્ણ થાય. પણ અહીં તો વાત થઈ રહી છે વ્રજલીલાની. દ્વારકાલીલા વેદ-પ્રસિદ્ધ પુરુષોત્તમ સ્વરૂપની છે, જ્યારે વ્રજલીલા વેદ-અપ્રસિદ્ધ પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપની છે. તે આપણે આગળ સમજી ગયા છીએ. માટે અહીં આ અર્થ લેવાનો નથી, એમ શ્રીહરિરાયજી સમજાવે છે. તો ક્યો અર્થ લેવાનો તે શ્રીગુસાંઈજી બતાવે છે. 'સ્મર' એટલે સ્મરણ. 'સ્મરપિતુ:' એટલે સ્મરણ કરાવનાર. જો દોષનું નિરૂપણ કરવાનું હોય તો સ્મર એટલે કામ એવો અર્થ લેવાય, પણ અહીં તો સ્વરૂપજ્ઞાન દ્વારા ઉત્તરોત્તર પ્રકટ થતાં આનંદનું નિરૂપણ છે. સ્વરૂપજ્ઞાન સ્મરણમાંથી થાય; માટે શ્રીગુસાંઈજી સમજાવે છે કે શ્રીયમુનાજીના જલદર્શનથી પ્રભુનું સ્મરણ જાગે છે અને ભાવ જાગે છે. 'સ્મારયસિ ગોપીવૃંદ પૂજિત સરસમીશવપુ:' માટે 'સ્મરપિતુ:' એટલે શ્રીયમુનાજીના જલદર્શનથી જેમનું સ્મરણ અને જેમનામાં ભાવ જાગે છે એવા ભગવાન શ્રીકૃષ્ણ. ''શ્રિયં બિભ્રતીમ્'' અર્થાત્ શ્રીયમુનાજી ભગવાન શ્રીકૃષ્ણની શોભાને ધારણ કરનારાં છે.

શ્રીપુરુષોત્તમજી વિશેષ વાત સમજાવે છે : ભગવાનનું સ્વરૂપ જ એવું છે કે સ્મરણમાત્રથી નિષ્કામ જીવ પણ સકામ બની જાય છે. આત્મારામ મુનિ પણ

ભગવત્-સ્વરૂપની આસક્તિમાં બંધાઈ જાય છે. આ વાત ઉપનિષદમાં કહેવામાં આવી છે. શ્રીયમુનાજીની શોભા પણ શ્રીકૃષ્ણના જેવી જ છે, તેથી તેમનાં દર્શન માત્રથી જ પુષ્ટિજીવોના બધા દોષ દૂર થઈ, તેમનામાં ભગવદ્‌ભાવ જાગે છે. 'જાય મિલવત પ્રાણપ્યારી.'

આવાં શ્રીયમુનાજી જાણે ભગવાન શ્રીકૃષ્ણનું જ અવર રૂપ છે. તેઓ 'સુરાસુરસુપૂજિત' એટલે સુરભાવવાળાં અને અસુરભાવવાળાં ભક્તોથી સેવાતાં છે. સુરભાવવાળા ભક્તો એટલે દૈન્યભાવયુક્ત વ્રજભક્તો, જેમણે પ્રભુના પ્રાકટ્ય માટે પ્રભુને વિનંતી કરી હતી. અસુરભાવવાળા ભક્તો એટલે માનભાવવાળા વ્રજભક્તો, જેમણે પ્રભુ તેમની પ્રશંસા કરે એવી અપેક્ષા રાખી હતી. આવાં ઉભય ભાવયુક્ત-સમસ્ત વ્રજભક્તોએ પુષ્પાભરણોથી શ્રીયમુનાજીને અલંકૃત કરવાની સેવા કરી છે. એવો ભાવ શ્રીહરિરાયજીએ સમજાવ્યો.

'સુપૂજિત' પદ માટે શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે શ્રીયમુનાજીએ આ બંને ભાવવાળાં ભક્તોની સેવા શીઘ્ર અંગીકાર કરી છે, એમ સૂચવવા 'પૂજિત' ન કહેતાં 'સુપૂજિત' પદ મૂક્યું છે.

શ્રીયમુના સોહત મનમોહની, સુર અસુર સબ પૂજા કીની,
કૈસી લાગત સોહની. જાતેં યહ દૃષ્ટાંત જુ દીનો,
ભાવ અનેક દિખોહની;
'હરિદાસ' સોભા ચિત્ત અરુઝયો, લાગી ચરનન ગોહની.'

(શ્રીહરિદાસ)

હવે આ આખી પંક્તિનો અર્થ આવો થાય : દૈન્ય અને માનભાવયુક્ત વ્રજભક્તોએ શ્રીયમુનાજીની સેવામાં તત્પર બની, પુષ્પાભરણો અંગીકાર કરાવ્યાં, ત્યારે તેમની આ સેવાનો શીઘ્ર અંગીકાર કરતાં, શ્રીયમુનાજી સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણની શોભાને ધારણ કરનારાં બની રહ્યાં. શ્રીમહાપ્રભુજીને પુષ્પાભરણોથી સુશોભિત મેઘશ્યામ સ્વરૂપ શ્રીયમુનાજીએ મુકુટ-કાછનીના શૃંગારમાં દર્શન આપ્યાં હશે!

"શ્યામ સંગ શ્યામ વ્હૈ રહિ શ્રીયમુને."

(શ્રીગોવિંદસ્વામી)

"કૃષ્ણ-તન-વર્ણ ગુણધર્મ શ્રીકૃષ્ણ કે કૃષ્ણલીલામયી, કૃષ્ણ સુખકંદની."

(શ્રીકૃષ્ણદાસ)

આવાં શ્રીયમુનાજીના સ્વરૂપનું નિરૂપણ બીજી, ત્રીજી, ચોથી પંક્તિમાં કરીને, હવે પ્રથમ પંક્તિમાં શ્રીયમુનાજીના સ્વભાવનું-ગુણનું-પ્રથમ ઐશ્વર્યનું નિરૂપણ કરે છે - ''સકલસિદ્ધિહેતુમ્'' અર્થાત્ શ્રીયમુનાજી સર્વ પ્રકારની સિદ્ધિઓને આપનારાં છે. શ્રીપુરુષોત્તમજી આ સિદ્ધિઓનું સ્વરૂપ સમજાવતાં આજ્ઞા કરે છે કે શ્રીભાગવતના અગિયારમા સ્કંધમાં સનકાદિ ઋષિઓને અણિમા, ગરિમા આદિ જે સિદ્ધિઓ પ્રાપ્ત થયાનું વર્ણન છે, તેના કરતાં આ સિદ્ધિઓ જુદી છે. પેલી સિદ્ધિઓ લૌકિક છે. આ સિદ્ધિઓ અલૌકિક છે. પેલી સિદ્ધિઓ યોગાભ્યાસથી પ્રાપ્ત થનારી છે, આ સિદ્ધિઓ કેવળ ભગવદ્-અનુગ્રહથી જ મળનારી છે. આથી શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે ત્રણ હેતુઓસર શ્રીગુસાંઈજીએ આ સિદ્ધિઓનાં નામ આપ્યાં છે : (૧) બીજી સિદ્ધિઓથી અલગતા સ્પષ્ટ કરવા, (૨) આ અંગે રહેતા ભ્રમનું નિવારણ કરવા અને (૩) આ સિદ્ધિઓ સાક્ષાત્ પ્રાપ્ત થાય એ સૂચવવા.

શ્રીગુસાંઈજી આ અલૌકિક સિદ્ધિઓ આઠ પ્રકારની બતાવે છે. તેમાં ચાર સિદ્ધિઓ પ્રભુના સંયોગ દ્વારા પ્રાપ્ત થનારી છે; જ્યારે બીજી ચાર સિદ્ધિઓ પ્રભુના વિપ્રયોગાત્મક સ્વરૂપનો અનુભવ થતાં પ્રાપ્ત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો

(૧) સંયોગાત્મક સિદ્ધિઓ આંખોથી - શરીરથી અનુભવાય છે.

(૨) વિપ્રયોગાત્મક સિદ્ધિઓ અંતઃકરણથી - હૃદયથી અનુભવાય છે.

તે નીચે પ્રમાણે છે :

(૧) સાક્ષાત્ ભગવત્સેવોપયોગી દેહપ્રાપ્તિ : આ દેહથી **પરંપરા પ્રમાણે પ્રભુની સેવા કરવામાં અલૌકિક દેહની અપેક્ષા નથી. બ્રહ્મસંબંધ બાદ લૌકિક** દેહથી સેવા કરાય છે. ત્યારે પ્રભુ આવરણસહિત બિરાજે છે. ત્યારે જીવને પ્રભુનો સાક્ષાત્ સ્પર્શ થતો નથી; પરંતુ જીવ લૌકિક દેહ છોડી લીલામાં પ્રવેશ કરે, ત્યારે તેને સર્વોપયોગી અલૌકિક દેહ પ્રાપ્ત થતાં પ્રભુનો સાક્ષાત્ સ્પર્શ થાય છે. આવા અલૌકિક દેહની પ્રાપ્તિ શ્રીયમુનાજીની કૃપાથી થાય છે. અહીં ભૂતલ ઉપર પણ કૃપાપાત્ર જીવોને આ સિદ્ધિ મળે છે.

કાશીવાળા શેઠ પુરુષોત્તમદાસની વાર્તા આનું દૃષ્ટાંત છે. ભૌતિક રીતે વૃદ્ધ થયેલા શેઠે પોતાના પુત્રને પોતાના અલૌકિક યુવાન સ્વરૂપનાં દર્શન કરાવ્યાં હતાં.

(૨) ભગવલ્લીલાનું અવલોકન : **જેમ યોગીઓ યોગસિદ્ધિથી દૂરના** પદાર્થો જોઈ શકે છે, તેમ શ્રીયમુનાજીના સેવનથી ભક્તોને ગુણાતીત પ્રભુની

અલૌકિક લીલાઓનાં દર્શન આ જ આંખોથી થાય છે. કિશોરીબાઈને આવાં દર્શન થતાં હતાં, એવો એમની વાર્તામાં ઉલ્લેખ છે. બીજા પણ ૮૪-૨૫૨ ભગવદીયોને આં અનુભવ સુલભ હતો.

(૩) ભગવદ્-રસાનુભવ લીલાદર્શનની સાથે સાથે લીલામાં સામેલગીરી અને તે દ્વારા તે અલૌકિક રસનો અનુભવ થવો. રૂપા પોળિયા, શ્યામ સુતાર, અષ્ટ સખા આદિ અનેક ભક્તોને અલૌકિક દર્શન ઉપરાંત લીલારસનો અનુભવ સાંપડ્યો છે.

(૪) સર્વાત્મભાવની પ્રાપ્તિ - જીવનો પ્રભુમાં નિરોધ થાય, તેમ પ્રભુનો જીવમાં નિરોધ થાય તેને સર્વાત્મભાવની પ્રાપ્તિ કહી છે. જીવને પ્રભુ વશ બને.

'ભક્તકાતર ડોલત પીછે.' 'મારો ગજન આવશે, ત્યારે રાજભોગ આરોગીશ' - આવી શ્રીનવનીતપ્રિયજીએ આજ્ઞા કરેલી. આ સર્વાત્મભાવની પ્રાપ્તિ પુષ્ટિભક્તનું પરમોચ્ચ ફળ છે.

આ ચાર સિદ્ધિઓનો આંખોથી અનુભવ થાય, તેમ અંતઃકરણથી પણ અનુભવ થાય. આમ આ ચાર સિદ્ધિઓ સંયોગ અને વિપ્રયોગ બંને અવસ્થામાં પ્રાપ્ત થતાં, તેની કુલ સંખ્યા આઠની થઈ.

શ્રીયમુનાજી આવી સર્વસિદ્ધિઓને આપનારાં છે એમ શ્રીગુસાંઈજી અને શ્રીહરિરાયજીએ સમજાવ્યું.

શ્રીદ્વારકેશજી 'સકલ' શબ્દનો એક બીજો અર્થ કરે છે. સકલ = કલાઓ સહિત જે છે તે - અર્થાત્ ભગવાન શ્રીકૃષ્ણ-સકલકલાનિધાન. શ્રીયમુનાજી આવા ભગવાન શ્રીકૃષ્ણ, જે પોતાના સ્વામી છે, તેમના પર પોતાનો એકાધિકાર ન રાખતાં, શરણસ્થ જીવોને આપી દેનારાં છે. શ્રીયમુનાજીનું આ મોટામાં મોટું ઐશ્વર્ય છે. બાકી પોતાના સ્વામીને બીજાને કોણ સોંપે?

શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી અને શ્રીદ્વારકેશજીના મતે આ શ્લોકમાં શ્રીયમુનાજીનું પ્રથમ ઐશ્વર્ય-'સકલસિદ્ધિહેતુમ્' બતાવ્યું.

'ઐશ્વર્ય' શબ્દ 'ઈશ્વર' પરથી આવ્યો. ઈશ્વર = ઈશ્ + વર = ઈ (પ્રભુ)ની પાસે શ્રેષ્ઠ (વર) સંપત્તિ અને સામર્થ્ય છે તે ઐશ્વર્ય. આવી પ્રભુની અલૌકિક સંપત્તિ અને સામર્થ્ય આપનારાં શ્રીયમુનાજી છે, માટે શ્રીમહાપ્રભુજી તેમને આનંદપૂર્વક નમન કરે છે.

આવો, આપણે ફરીથી આ આખા શ્લોકનો ભાવાર્થ વિગતવાર યાદ કરી

જઈએ. શ્રીયમુનાજી શ્રીમહાપ્રભુજીની સન્મુખ જળરૂપે અને સ્વામિનીરૂપે બિરાજે છે. તેમના તટપ્રદેશ પર ભગવાન અને ભક્તોની ચરણરજ જળથી અધિક માત્રામાં ચૈતન્યયુક્ત રૂપે બિરાજે છે. આ ચરણરજ જળના દોષરૂપ 'મુર' રાક્ષસનો પ્રતિબંધ દૂર કરાવનાર અને તે દ્વારા પ્રભુની પ્રાપ્તિ કરાવનાર છે. તેમના તટપ્રદેશ પરનાં તાજાં વૃક્ષોનો આનંદ પુષ્પો રૂપે પ્રકટ થયો છે. આ પુષ્પો જળમાં ભરી, શ્રીયમુના જળને જલવિહાર માટે સુગંધિત કરે છે. આવાં શ્રીયમુનાજીને દીનભાવ અને માનભાવવાળા વ્રજભક્તો પુષ્પાભરણો ધરાવે છે. આના કારણે શ્રીયમુનાજીએ શ્રીઠાકોરજીની શોભાને ધારણ કરી છે. શ્રીઠાકોરજીએ પોતાનાં અલૌકિક આઠ ઐશ્વર્યો અને સિદ્ધિઓનું દાન કરવાનો શ્રીયમુનાજીને અધિકાર આપ્યો છે, તેથી પોતાનું સેવન કરનાર ભક્તોને શ્રીયમુનાજી આ સર્વ અલૌકિક સિદ્ધિઓ આપનારાં છે. શ્રીયમુનાજીનું આ પ્રથમ અલૌકિક ઐશ્વર્ય વિચારીને શ્રીમહાપ્રભુજી કહે છે કે હું શ્રીયમુનાજીને આનંદપૂર્વક નમન કરું છું.

આવો, અંતમાં આ શ્લોકના બીજા બે ભાવ-પદ્યાનુવાદો ગાઈએ :

(૧) હરિગીત છંદ

શ્રીકૃષ્ણના ચરણારવિંદની રજ થકી શોભી રહ્યાં,
સિદ્ધિ અલૌકિક આપનારાં સજળ શ્રીયમુના વહ્યાં.
સુપુષ્પની સુવાસથી જંગલ બધું મહેંકી રહ્યું;
ને મંદ શીતલ પવનથી જલ સુગંધિત થઈ રહ્યું.
પૂજે સુરાસુર સ્નેહથી, ઐશ્વર્ય શ્રીપ્રભુનું ધરે,
વંદન કરું યમુનાજીને, શ્રીકૃષ્ણ-આશ્રય આપજો.

(૨) યમુના માતા નમો નમો

સકલ સિદ્ધિનાં દાતા-ત્રાત્રા, યમુના માતા નમો નમો.
અશરણશરણ સદા સુખદાતા, યમુના માતા નમો નમો.
ભવભયહરણ અભય પદ દાતા, યમુના માતા નમો નમો.
ચિંતાકલુષ નિવારણ હરતા, યમુના માતા નમો નમો.
ગોકુલ ગામની વાટે વહેતાં, યમુના માતા નમો નમો.
ગોવિંદનાં ગીત ગાતાં જાતાં, યમુના માતા નમો નમો.
'શ્રાવણી'નાં પ્રિય પાવન કરતા, યમુના માતા નમો નમો.

■

૧૦:૨. શ્લોક બીજો

મૂળ શ્લોક :

કલિન્દગિરિમસ્તકે પતદમન્દપૂરોજ્જવલા;
વિલાસગમનોલ્લસત્ - પ્રકટ-ગંડ-શૈલોન્નતા ।
સઘોષગતિદન્તુરા સમધિરૂઢદોલોત્તમા;
મુકુંદ-રતિ-વર્ધિની જયતિ પદ્મબંધોઃ સુતા. ॥૨॥

પદ્યાનુવાદ

કલિન્દ ગિરિને શિરે પડત પૂરઘોધે દીપી,
વિલાસ ગતિ મ્હાલતી, પ્રગટ ગંડશૈલે ઊંચી;
હિંડોલ ડગ ગાજતી, સુભગ પાલખી-શું ચડી,
હજો જય, રવિસુતે! પ્રભુજીની પ્રીતિવર્ધિની. (૨)
(શ્રીન્હાનાલાલ)

અન્વયાર્થ :

કલિંદ-ગિરિ-મસ્તકે = કલિંદ નામના પર્વતના શિખર પર; પતદ્ + **અમંદ- પૂરોજ્જવલા** = પડતી વખતે તીવ્ર વેગને કારણે ઉજ્જવળ ફીણવાળા પ્રવાહયુક્ત; વિલાસ-ગમન + ઉલ્લસત્ પ્રકટ-ગંડ શૈલ + ઉન્નતા = પર્વતના તૂટેલા નાનામોટા શિલાખંડોને પોતાની વિલાસપૂર્ણ ગતિથી (જળની) બહાર, ઉપરની તરફ ઉછાળતાં (અને) પોતે પણ ઊછળતાં ઊછળતાં ચાલનારાં; **સઘોષગતિદન્તુરા** = જલપ્રવાહના અવાજ દ્વારા વિવિધ રસભાવોને પ્રકટ કરનારાં; **સમધિરૂઢ-દોલોત્તમા** = ઊંચીનીચી શિલાઓ પરથી પસાર થવાથી જાણે ડોળી (પાલખી)માં સવાર થઈને પધારતાં; **મુકુંદ-રતિ-વર્ધિની** = ભગવાન મુકુંદમાં પ્રેમ વધારનારાં; **પદ્મબંધોઃ સુતા** = કમળના મિત્ર સૂર્યની પુત્રી (શ્રીયમુનાજી); **જયતિ** = જય (ઉત્કર્ષ) પામે છે. (૨)

શ્લોકનો ભાવાર્થ :

શ્રીયમુનાજી કલિંદ નામના પર્વતના શિખર પર પડે છે, ત્યારે તીવ્ર વેગને કારણે ઉજ્જવળ ફીણયુક્ત પ્રવાહવાળાં જણાય છે. તેઓ પર્વત પરની નીચે પધારે છે, ત્યારે પોતાના વેગને કારણ પર્વતના તૂટેલા નાના-મોટા શિલાખંડોને પોતાની વિલાસપૂર્ણ ગતિથી ઊછળતાં ચાલે છે અને પોતે પણ ઉન્નત થઈને ચાલે છે. તે સમયે પોતાના જલપ્રવાહના ધ્વનિ દ્વારા વિવિધ રસભાવોને પ્રકટ કરે છે. ઊંચાનીચા શિલાખંડો પરથી આગળ વધતાં જાણે ઉત્તમ પાલખીમાં બિરાજમાન થયાં હોય એમ જણાય છે. આવાં સૂર્યનાં પુત્રી શ્રીયમુનાજી, મુકુંદ ભગવાનમાં પ્રેમ વધારનારાં છે. તેમનો સદા જય ઉત્કર્ષ થાય છે. (૨)

વિવૃત્તિ અને વિવરણ :

સ્નેહનાં સ્મરણોમાં ખોવાઈ જવાનો આનંદ અવર્ણનીય છે. પોતાની સન્મુખ શ્રીઠકુરાણી ઘાટે ઉભય સ્વરૂપે બિરાજતાં શ્રીયમુનાજીને નીરખતાં નીરખતાં જાણે શ્રીમહાપ્રભુજી રસાત્મક ભાવ-સમાધિમાં ડૂબી જાય છે. આપ અંતઃકરણ દ્વારા પ્રભુના નિત્યલીલા ધામની યાત્રાએ ઊપડી જાય છે. પ્રભુના નિત્ય-લીલા-ધામમાંથી પૃથ્વી પર પધારતાં શ્રીયમુનાજીનાં ઉભય સ્વરૂપોના પૃથ્વી પરના પ્રાકટ્યનો અંતઃકરણમાં અનુભવ કરી રહ્યાં છે. આપના અંતઃકરણમાં જાણે શ્રીયમુનાજીના પ્રાકટ્ય-સમયનો દિવ્ય આનંદોત્સવ - નંદમહોત્સવ ઊજવાઈ ન રહ્યો હોય! નંદમહોત્સવમાં ઊછળતાં દહીં-પ્રસાદની જેમ આપના મુખમાંથી આ બીજો શ્લોક શબ્દ-પ્રસાદ ઊછળતો પ્રકટ થાય છે. શ્રીગુસાંઈજી આદિ શ્રીઆચાર્યચરણો આપણને એ શબ્દપ્રસાદ લૂંટાવી રહ્યા છે, ત્યારે આપણે એ ઝીલતાં ઝીલતાં આ આનંદોત્સવને આપણા અંતઃકરણમાં અનુભવીએ!

અહીં ફરીથી એક વાત બરાબર યાદ રાખી લઈએ. શ્રીયમુનાજીનાં જળસ્વરૂપ અને સ્વામિની-સ્વરૂપ બંને અલૌકિક છે. એક દ્રવીભૂત રસ છે, તો બીજો ઘનીભૂત રસ છે. બંને રસ પરસ્પરમાં રહેલા છે - એક સિક્કાની બે બાજુ જેવા છે. જેમ આપણા ઘેર સેવામાં બિરાજતા ચિત્ર/મૂર્તિ સ્વરૂપની ભીતર સાક્ષાત્ ભગવત્-સ્વરૂપ બિરાજમાન છે, તેમ શ્રીયમુનાજીના જળસ્વરૂપની ભીતર સાક્ષાત્ શ્રીસ્વામિની-સ્વરૂપ પણ બિરાજમાન છે. માટે આ વર્ણન નથી કોઈ લૌકિક-ભૌતિક નદીનું કે નથી કેવળ જળસ્વરૂપા શ્રીયમુનાજીનું. એ છે સ્વામિનીસ્વરૂપા શ્રીયમુનાજીનું પણ.

આથી શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે : ભારતવર્ષમાં અનેક નદીઓ છે, યમુના નદી પણ તેમાંની એક હોય, તો એ યમુનાની આટલી બધી સ્તુતિ શા માટે કરવી જોઈએ? એનો જવાબ એ છે કે યમુના પહેલી નજરે નદીરૂપે દેખાય છે, પણ અન્ય નદીઓ કરતાં તેની ઘણી વિલક્ષણતાઓ છે. (૧) અન્ય નદીઓની જેમ યમુનાનો ઉદ્‌ભવ નથી. (૨) અન્ય નદીઓની જેમ યમુના ભૌતિક સાગરને મળતી નથી. (૩) યમુનાનો જલપ્રવાહ ભૌતિક દૃષ્ટિથી બીજી નદીઓના જળપ્રવાહ જેવો જ દેખાતો હોવા છતાં, શ્રીયમુનાજીનું આધિદૈવિક સ્વરૂપ વિલક્ષણ છે. એ સ્વરૂપની મહત્તાને કારણે જ શ્રીયમુનાની આ સ્તુતિ કરવામાં આવી છે.

શ્રીશ્યામમનોહરજી શ્રીપુરુષોત્તમજીની આજ્ઞાને સુસ્પષ્ટ કરતાં આધિદૈવિક રૂપ સમજાવે છે : વેદ, ઉપનિષદ વગેરે શાસ્ત્રોમાં ભગવાનના વિરાટ સ્વરૂપનું વર્ણન છે. ભગવાનનાં વિવિધ અંગોમાં તે તે અંગના દેવતા વિદ્યમાન છે, જેમ કે ભગવાનના મનમાંથી ચંદ્રમા પ્રકટ થયા, ભગવાનનાં નેત્રોમાંથી સૂર્ય પ્રકટ થયા વગેરે. આ વર્ણન તે તે દેવતાઓના મૂળ આધિદૈવિક સ્વરૂપનું વર્ણન છે. વેદમાં કોઈ દેવરૂપનું વર્ણન સર્વસમર્થ પરમાત્મા રૂપે કરવામાં આવ્યું છે, ત્યાં તે વર્ણનને ભગવાનના વિરાટ સ્વરૂપની અંતર્ગત ભગવદ્-અવયવરૂપ પરમાત્મારૂપનું વર્ણન સમજવાનું છે. ભગવાને અર્જુનને દિવ્ય દૃષ્ટિ દ્વારા પોતાના આ વિરાટ સ્વરૂપનું દર્શન કરાવ્યું હતું. આ દિવ્ય દૃષ્ટિના અભાવમાં આપણને આ ભગવદ્-રૂપોનાં અલૌકિક દર્શન થઈ શકતાં નથી, પણ શાસ્ત્રવચનોથી એની પરોક્ષ સમજ મળે છે.

વેદના પ્રત્યેક શબ્દનો પ્રથમ અને સનાતન અર્થ પરમાત્મા આ વિરાટ સ્વરૂપના તે તે દિવ્ય અવયવરૂપ છે. સૃષ્ટિની રચના સમયે પરમાત્મા પોતાનાં આ નામોના અર્થરૂપે આધ્યાત્મિક અને આધિભૌતિક આકાર પણ ગ્રહણ કરે છે. આથી પરમાત્માનાં આધ્યાત્મિક અને આધિભૌતિક રૂપો વૈદિક શબ્દોના દ્વિતીય અર્થ છે. વેદના પ્રથમ અર્થરૂપ પરમાત્માની "આધિદૈવિકી સૃષ્ટિ" છે. જેમ ભગવાનનાં ચરણપદ્મજા ગંગાનું આધિદૈવિક દેવી સ્વરૂપ છે. ગંગાજળ એમનું આધિભૌતિક સ્વરૂપ છે. પાપનિવૃત્તિનું સામર્થ્ય એમનું આધ્યાત્મિક સ્વરૂપ છે.

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે રવિમંડળમાંથી શ્રીયમુનાજી કલિંદ પર્વત પર પધાર્યાં. શ્રીપુરુષોત્તમજી અને શ્રીશ્યામમનોહરજી સમજાવે છે કે આ રવિમંડળ આકાશમાં આપણને દેખાતું ભૌતિક રવિમંડળ નથી. આ ભૌતિક રવિમંડળનું આધ્યાત્મિક સ્વરૂપ વેદત્રયી છે, તથા આ ભૌતિક રવિમંડળમાં અંતર્યામી સ્વરૂપે

આનંદમય પરમાત્મા નારાયણ બિરાજમાન છે. આ નારાયણ સ્વરૂપ, સૂર્યલોકના અધિદેવથી ભિન્ન છે. તે સ્વયં પરમાત્માનું જ એક વિશિષ્ટ સ્વરૂપ છે. આ વાત 'મહાનારાયણોપનિષદ' અને 'પદ્મપુરાણ'માં સમજાવી છે. 'બ્રહ્મસૂત્રો' પરના પોતાના 'અણુભાષ્ય'માં પણ શ્રીમહાપ્રભુજી આ હકીકત સમજાવે છે.

'પદ્મપુરાણ'માં કહ્યું છે કે ઋક્, યજુઃ અને સામ વેદોની ત્રયીને 'આદિત્ય' કહેવામાં આવે છે. આ વેદત્રયીના યોગ્ય જ્ઞાન અને પ્રમાણને સ્વીકારીને, આપણા કર્તવ્યનો નિર્ણય કરવો તેને 'સંજ્ઞા' કહે છે. આ સંજ્ઞાથી જે ધર્મ ઉત્પન્ન થાય છે, તેને 'ધર્મરાજ' કહે છે.

આ સર્વે દેવરૂપો આધિદૈવિક રવિમંડળમાં બિરાજમાન નારાયણ ભગવાનના સ્વરૂપમાંથી તેમના અવયવરૂપે પ્રકટ થયાં છે. તેમાંથી પ્રકટ થયેલાં શ્રીયમુનાજી પરમાત્માના પરમધામ એવા અક્ષરબ્રહ્મમાં બિરાજમાન અગણિત-સચ્ચિદાનંદ રૂપ પૂર્ણપુરુષોત્તમ કે જેમને ઉપનિષદોએ 'રસરૂપ બ્રહ્મ' કહ્યા છે, તે જ સ્વરૂપ છે.

મહર્ષિ વસિષ્ઠ કહે છે : "દરરોજ સૂર્ય પોતાની પ્રિય પુત્રી યમુનાને ખોળામાં લઈ ઉદયાચળથી અસ્તાચળ સુધી ફેરવી લાવે છે. તેથી દરરોજ યમુના સૂર્યોદય સમયે ઉદયાચળના પ્રદેશમાંથી પૃથ્વી પર પધારે છે અને સૂર્યાસ્તના સમયે અસ્તાચળના પ્રદેશમાંથી આકાશ તરફ પાછાં જાય છે. તેથી યમુનાની જળરાશિ અક્ષય રહે છે અને રેંટની જેમ ફરી ફરીને આવતી જતી રહે છે.'

પુરાણોમાં કલિંદ પર્વતે કરેલી પ્રાર્થનાની વાત પણ છે. તે અનુસાર શ્રીયમુના પૃથ્વી પર સૌ પ્રથમ કલિંદ પર્વત પર પધાર્યાં, માટે 'કાલિંદી' નામથી વિખ્યાત થયાં. શાસ્ત્રોએ બતાવેલા શ્રીયમુનાજીના આધિદૈવિક પૂર્ણપુરુષોત્તમ-સ્વરૂપ અને માહાત્મ્યને નજર સામે રાખીને શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપનું જ વર્ણન કર્યું છે, આધિભૌતિક સ્વરૂપનું નહિ. યમુનાજળની જેમ જ વર્ષાજળ પણ સૂર્યકિરણો દ્વારા પૃથ્વી પર વરસાવાય છે અને પૃથ્વી પરથી આકાશ તરફ ખેંચાય છે; પરંતુ બંનેમાં મૂળભૂત તફાવત એ છે કે વર્ષાજળના આવાગમનની પ્રક્રિયા ભૌતિક સ્વરૂપની છે, જ્યારે શ્રીયમુનાજીના આવાગમનની પ્રક્રિયા ભૌતિક સ્વરૂપની નથી. કલિન્દ પર્વત પર શ્રીયમુનાજીનું અવતરણ સૂર્યની પરિભ્રમણની ગતિને કારણે નથી, પરંતુ અલૌકિક પ્રકારથી છે. આથી સિદ્ધ થાય છે કે શ્રીયમુનાજીનું પ્રાગટ્ય કેવળ આધિભૌતિક સૂર્યમંડળમાંથી નથી; પરંતુ તેની ભીતરમાં બિરાજમાન ભગવાન નારાયણના સ્વરૂપમાંથી છે. આમ, શ્રીગુસાંઈજીએ સ્પષ્ટ કરેલો શ્રીયમુનાજીના

પ્રાગટ્યનો પ્રકાર શ્રીપુરુષોત્તમજી અને શ્રીશ્યામમનોહરજીએ વધારે સ્પષ્ટ કરી આપ્યો.

શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી બતાવે છે કે સ્વરૂપ અને પ્રાગટ્ય એ બંને બાબતોમાં શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી વચ્ચે એકસરખી સમાનતા છે, જે બંનેનાં સ્વરૂપોને અભેદ સિદ્ધ કરે છે. જેમ શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય વસુદેવ-દેવકીના વિરહથી તપેલાં હૃદયોમાંથી થયું, તેમ શ્રીયમુનાજીનું પ્રાગટ્ય પણ તાપાત્મક રવિમંડળમાં બિરાજમાન નારાયણના હૃદયમાંથી થયું.

જેમ ભગવાન વસુદેવ-દેવકીને આપેલા વરદાનને યાદ કરાવી નંદ-યશોદાગૃહે સર્વાત્મભાવવાળા ભક્તોની વચ્ચે ગોકુળ-વ્રજમાં પધારી ગયા, તેમ શ્રીયમુનાજી પણ કલિન્દ પર્વતને આપેલા વરદાનને સત્ય કરવા તેના પર અવતરણ કરી શ્રીકૃષ્ણની ક્રીડાસ્થળી એવા વ્રજમાં સર્વાત્મભાવવાળા ભક્તોની વચ્ચે પધારી ગયાં.

જેમ ધર્મીસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ મથુરા પાછા ન પધારતાં સદા માટે વ્રજભક્તોના હૃદયમાં-વ્રજમાં બિરાજ્યા, તેમ ધર્મીસ્વરૂપા શ્રીયમુનાજી પણ વ્રજમંડળને છોડીને આગળ પધાર્યાં નથી.

જેમ વ્યાપી વૈકુંઠને સર્વવ્યાપી માનવા છતાં ત્યાંથી ભગવાન ભૂતળ પર પ્રકટ થયાનું સ્વીકારવામાં આવ્યું છે; તેમ સમષ્ટિના અંતર્યામી એવું નારાયણ - સ્વરૂપ પણ વ્યાપક હોવા છતાં તેમના હૃદયમાંથી કલિન્દ પર્વત પર થતાં શ્રીયમુનાજીના અવતરણનાં પ્રકટ દર્શન થાય છે.

જેમ શ્રીકૃષ્ણ મેઘશ્યામ વર્ણના છે, તેમ શ્રીયમુનાજી પણ મેઘશ્યામ વર્ણનાં છે.

શ્રીદ્વારકેશજી કહે છે કે જેમ વસુદેવજી અને નંદરાયજી એ ભગવાનના બે પિતા રૂપે પ્રત્યક્ષ છે, તેમ શ્રીનારાયણ અને કલિન્દ પર્વત શ્રીયમુનાજીનાં બે પિતૃ રૂપો છે. આમ, શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીનું એકરૂપત્વ સિદ્ધ થાય છે.

શ્રીહરિરાયજી શ્રીગુસાંઈજીની વિવૃત્તિને સ્પષ્ટ કરતાં શ્રીયમુનાજીના અવતરણનો પ્રકાર સમજાવે છે. સૂર્યમંડળમાં બિરાજમાન આનંદમય નારાયણના હૃદયમાંથી દ્રવીભૂત રસસ્વરૂપે પ્રકટ થયેલાં શ્રીયમુનાજી તાપાત્મક રવિમંડળથી કલિન્દ પર્વત પર પધાર્યાં, માટે શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકની પ્રથમ પંક્તિમાં એનું વર્ણન કરતાં કહ્યું કે કલિન્દ પર્વતના મસ્તકે શ્રીયમુનાજી અત્યંત વેગથી

પધાર્યાં. જ્યારે જળ ખૂબ ઊંચાઈથી નીચેની તરફ ઊતરી આવે ત્યારે તેનો વેગ અનેકગણો વધી જાય છે. પરિણામે, તે જળમાં ફીણ પેદા થાય છે અને નીચે તરફ વહેતા પ્રવાહમાં અધિક વેગ આવે છે. આથી આ જલપ્રવાહ દૂધ જેવો ઊજળો લાગે છે. શ્રીયમુનાજી જલસ્વરૂપે પણ શ્યામવર્ણનાં છે; છતાં અતિવેગથી જળસ્વરૂપે કલિન્દ પર્વત પર પધારતાં, વેગને કારણે તીવ્ર બનતા તેમના જલપ્રવાહમાં ઉત્પન્ન થતા દૂધ જેવા ઊજળા ફીણથી તેઓ ગૌર વર્ણનાં હોય એવાં દર્શન થાય છે. આવાં દર્શન કરીને શ્રીમહાપ્રભુજીએ આપણને એમના અવતરણ સમયના સ્વરૂપનું જ્ઞાન આ પ્રંથમ પંક્તિમાં કરાવ્યું કે શ્રીયમુનાજી કલિન્દ પર્વત પર વેગથી પધારતાં તેમનું જળ ઉજ્જવળ પ્રવાહરૂપ લાગે છે.

શ્રીયમુનાજી વ્રજમંડળમાં શ્રીઠાકોરજીની પાસે જવા પૃથ્વી પર પધાર્યાં છે. પતિને મળવા તત્પર બનેલી કન્યા પિતૃગૃહેથી પ્રસ્થાન કરતી વખતે જેવી પ્રસન્ન ચિત્તવાળી હોય, એવાં શ્રીયમુનાજી પણ પ્રસન્ન મનવાળાં છે, એમ આ વર્ણનથી સમજાય છે. શ્યામ નારીને અતિ આનંદ થતાં, તેના મુખ ઉપર જ્યારે હાસ્યની છોળો ઊછળે ત્યારે તેનું શ્યામ મુખ પણ ઉજ્જવળ જણાય છે, એમ પ્રભુને પામવા માટે હરખઘેલાં બનેલાં શ્રીયમુનાજી અતિવેગથી કલિન્દ પર્વત પર પધારે છે, ત્યારે હર્ષઘેલું એમનું મુખ હાસ્યથી શુભ્ર ઉજ્જવળ જણાય છે. આમ, પ્રથમ પંક્તિમાં શ્રીયમુનામાં ઉભય ઉજ્જવળ સ્વરૂપોનું શ્રીમહાપ્રભુજીએ નિરૂપણ કર્યું.

સરખાવો :

''ગિરિ કલિંદ પર જલજુ પરે,
તાતે ઉઠત પ્રવાહ ફેનમેં ઉજ્જવલતા જુ ભરે;
સહજ સ્વરૂપ પ્રાન પ્યારીકો, ઉજ્જવલ ક્યોં જુ કરે,
'હરિદાસ' સોભા પિય કારન સહજ શૃંગાર ધરે.'' (શ્રીહરિદાસ)

હવે શ્રીમહાપ્રભુજી શ્લોકની બીજી પંક્તિમાં શ્રીયમુનાજીની પર્વત પરથી પૃથ્વી તરફ થતી ગતિનું વર્ણન કરે છે. સામાન્ય રીતે કવિઓ પ્રસન્નચિત્ત સ્ત્રીઓની રમણીય ગતિને ગજગતિ કે હંસગતિ સાથે સરખાવે છે. શ્રીયમુનાજીની ગતિને શ્રીમહાપ્રભુજી વિલાસગતિ કહે છે. જેમ અભિસારિકા વિલાસપૂર્ણ આલસ્યયુક્ત ગતિથી આગળ વધે, ત્યારે તેની એ રમણીય ગતિને કારણે એનું સમગ્ર અંગ હિંડોળાની જેમ મસ્તીથી ઝૂલતું હોય છે, તેમ શ્રીયમુનાજી કલિન્દ પર્વતની આસપાસના પ્રદેશમાંથી ઊંચીનીચી શિલાઓ ઉપર ચઢતાં-ઊતરતાં ઝડપી અને છતાં વિલાસપૂર્ણ ગતિથી સપાટ પૃથ્વી તરફ આગળ વધે છે, ત્યારે

આ ગતિમાં પ્રિયતમને મળવાનો ઉત્સાહ અને ઉમંગ વ્યક્ત થાય છે. ''દૌરકર, સોર કર, જાય પિયસોં કહે, અતિહી આતુર મનજુ હરખે'' તેમની આવી ગતિને કારણે પર્વતના કેટલાક નાના-મોટા શિલાખંડો તૂટે છે. શ્રીયમુનાજી પોતાના જળપ્રવાહના વેગમાં તેમને ઉપરની બાજુ ઉછાળતાં આગળ વધે છે, ત્યારે શ્રીમહાપ્રભુજીને એવાં દર્શન થઈ રહ્યાં છે કે સ્વયં શ્રીયમુનાજી પણ શિલાખંડોની સાથે ઊછળતાં - કૂદતાં પધારી રહ્યાં છે. આમ, વહેતાં શ્રીયમુનાજળની આગવી શોભાનાં શ્રીમહાપ્રભુજી દર્શન કરી રહ્યા છે અને આપણને પણ કરાવી રહ્યા છે.

અહીં હૃદયમાં એવો ભાવ જાગે છે કે પ્રિયતમને પામવા દોડતી અલ્લડ કિશોરી પ્રિયતમનાં સ્મરણોની મસ્તીમાં પોતાના હાથમાં નાના-મોટા ફૂલના દડા ઉછાળતી જાય છે અને તે દ્વારા પોતાના હૃદયના રસભાવોને જાણે અનાયાસ રીતે પ્રગટ કરે છે કે હું પણ આમ મારા પ્રિયતમ પ્રભુને મસ્તીથી ઊછળતા કૂદતા રાખીને તેમને રસાનુભવ કરાવીશ અને હું પણ કરીશ. શ્રીયમુનાજી હૃદયમાં અને હસ્તમાં આવો ભાવ ધારણ કરી, પર્વતીય પ્રદેશમાંથી લટકમટક ગતિએ ભૂમિ તરફ પધારી રહ્યાં છે. માટે શ્રીમહાપ્રભુજીએ બીજી પંક્તિમાં કહ્યું કે 'વિલાસગમનોલ્લસત્ પ્રકટ ગંડશૈલોન્નતા.'

સરખાવો :

શ્રીયમુનાજી પિયકે પાસ ચલી,
યહ વિલાસગિરિ ચઢિ પુનિ ઉતરત,
યહ ગતિ અતિ જુ ભલી;
ઉછલત હૈ પ્રવાહ બેગ તેં ઊંચે યહ જુ અલી,
'હરિદાસ' શોભા નિત નિરખત, આતુર ઉમંગ રલી. (શ્રીહરિદાસ)

શ્રીયમુનાજી અધિક ઊંચાઈએથી પૂરા વેગ સાથે નીચે પધારે છે ત્યારે તેમના અવતરણની જગ્યાએ ઊંડો ખાડો બની જાય છે. પ્રવાહના વેગથી તૂટીને પડેલા શિલાખંડો એમના માર્ગમાં નાના નાના ટુકડા બનીને જમા થાય છે. તેને કારણે એ પર્વતીય ભૂમિ ઊંચી-નીચી બને છે. આવી વિષમ ભૂમિ પરથી શ્રીયમુનાજી પધારે છે, ત્યારે તેમના જલપ્રવાહમાં કલકલ કરતો નિનાદ જાગે છે. તે જાણે પ્રિયતમને મળવા જતી પ્રણયસુંદરી પોતાના પ્રેમભાવોને વાણીમાં વ્યક્ત કરતાં કોઈ મધુર ગીત ગાઈ રહી હોય એવું લાગે છે. કલિન્દ પર્વત પર જે વેગથી પધાર્યાં હતાં તે જ વેગથી આવી, વિષય ભૂમિ સુધી પધારવાને કારણે શ્રીયમુનાજીની ગતિ ''સઘોષ'' બની છે.

શબ્દકોષમાં 'દન્તુર' શબ્દનો એક અર્થ 'ઉન્નત' આપવામાં આવ્યો છે. અહીં 'સંઘોષગતિદન્તુરા' પદાવલિમાં 'દન્તુર' શબ્દનો 'ઉન્નત' અર્થ જો લઈશું. તો 'પ્રકટગંડશૈલોન્નતા' પદનો ભાવ બેવડાઈ જશે; એટલે તેમાં અર્થબોધની કોઈ રસાત્મક ચમત્કૃતિ પ્રકટશે નહિ. આવું સમજાવીને શ્રીપુરુષોત્તમજી અહીં 'દન્તુર' શબ્દનો અર્થ 'વિવિધ રસભાવોને પ્રકટ કરવા' એવો કરે છે. દંતક્ષતથી-રસશાસ્ત્રની રીતે શરીરમાં સાત્ત્વિક વિકારરૂપ રોમાંચ પ્રકટે છે, ત્યારે રોમાવલિઓ પુલકિત થતાં શરીરનો તે ભાગ થોડો ઊપસેલો જણાય છે. આમ થતાં 'દન્તુર'નો ઉન્નત અર્થ તેને લાગુ પડે છે. આથી શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે ગતિ સાથે કલકલ નિનાદ કરતાં પધારતાં શ્રીયમુનાજીમાં વિવિધ રસભાવો પ્રકટી રહ્યા છે. આમ, શ્રીયમુનાજી પધારે છે ત્યારે તેમનો નિનાદ નૂપુર ઝંકારની યાદ અપાવે છે, તેથી શ્રીમહાપ્રભુજીએ કહ્યું, **'સઘોષગતિદન્તુરા.'**

'સઘોષગતિદન્તુરા' પદાવલિનો એક બીજો અર્થ પણ ટીકાકાર મહાનુભાવોએ બતાવ્યો છે. શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી કહે છે કે ઘોષ શબ્દનો એક અર્થ જેમ શબ્દ છે, તેમ બીજો અર્થ આહિરોનો નેસ અર્થાત્ વ્રજ છે. એક ઘોષમાં રહેનારાં ગોપગોપીઓ સઘોષ કહેવાય. આ સઘોષ વ્રજવાસીઓ વ્રજમાં શ્રીયમુનાજીના કિનારે સ્નાન સહિત વિવિધ કાર્યો માટે આવે છે, ત્યારે ત્યાં વિવિધ રસાત્મક ભાવો પ્રકટ થાય છે. પ્રભુની નિત્યલીલામાં આવા વ્રજ સાથે શ્રીયમુનાજીનો નિત્યસંબંધ છે; પણ પૃથ્વી પર વ્રજમંડળ સમતલ ભૂમિ ઉપર વસેલું છે, પર્વતીય પ્રદેશમાં નહિ. તેથી અહીં વ્રજવાસીઓના રસાત્મક ભાવોથી યુક્ત શ્રીયમુનાજી છે, એવો અર્થ મુખ્ય રૂપે લઈ શકાશે નહિ; કારણ કે અહીં બીજા શ્લોકમાં પર્વતીય પ્રદેશ પરથી ભૂમિ તરફનું શ્રીયમુનાજીનું અવતરણ સમજાવવામાં આવ્યું છે, નહિ કે સમતલ ભૂમિ પરની ગતિ માટે. આ બીજો અર્થ ગૌણરૂપે જ લઈ શકાય.

સરખાવો :

'ચલત ન્યારી નવલ યમુને, ગાય બ્રજભક્તકે ભાવકોં દેખીકે,
ભાવ સહિત તહાં કરત ગવને, આઈ બ્રજભૂપ પ્રિય ભાવ ઉપજાવહી,
જલસ્થલ સિદ્ધ દોઉ કરત રવને, નિરખ સોભા 'હરિદાસ'
નિસ દિન યહ, મન, કર્મ, બચન કરિ શીશ નવને.' (શ્રીહરિદાસ)

આમ, શ્રીમહાપ્રભુજી આ શ્લોકની ત્રીજી પંક્તિના પૂર્વાર્ધમાં ''સઘોષગતિદન્તુરા'' પદાવલિથી શ્રીયમુનાજીના નૂપુરઝંકાર સાથે રસાત્મક

ગીત ગાતાં પ્રણયઘેલી સ્વામિનીના સ્વરૂપને સમજાવી, તેના ઉત્તરાર્ધની પદાવલિ રજૂ કરે છે **'સમધિરૂઢદોલોત્તમા.'**

મોટી મોટી શિલાઓ પરથી વહેતાં વહેતાં શ્રીયમુનાજી જ્યારે નાની શિલાઓ પર થઈને વહેવા લાગે છે ત્યારે એવું લાગે છે કે તેઓ કોઈ લટક-મટક થતી નાની-શી પાલખી પર સવાર થઈને ન પધારતાં હોય! જેમ નવવધૂને પાલખીમાં બેસાડી તેના સાસરે લઈ જવામાં આવે છે, તેમ શ્રીયમુનાજી પણ નવવધૂના રૂપમાં પાલખીમાં બિરાજી, વ્રજમંડળ તરફ પોતાના સસુરાલમાં જાણે પધારી રહ્યાં છે! મોટી શિલાઓ પરથી યમુના-જળ વહે છે, ત્યારે ઊછળતું લાગે છે અને નાની શિલાઓ પરથી વહે છે ત્યારે નીચેની તરફ લચકતું-નમતું લાગે છે. આથી એવો ભાવ જાગે છે કે આ આધિભૌતિક યમુનાજળનો પ્રવાહ જાણે પાલખી છે અને તેમાં બિરાજીને સ્વામિની-સ્વરૂપા શ્રીયમુનાજી વ્રજમંડળ તરફ પધારી રહ્યાં છે. અર્થાત્ યમુના-જળ સ્વરૂપમાં શ્રીયમુનાજીનું આધિદૈવિક સ્વામિની-સ્વરૂપ સમાવિષ્ટ છે એમ સમજવું. યમુના-જળ પ્રવાહને પાલખી-દોલોત્તમા કહેવા પાછળ એક બીજું રહસ્ય પણ છે. આ જળપ્રવાહ વ્રજમાં પ્રભુના જલવિહારના ઉપયોગમાં આવવાનો છે, તેથી તે ઉત્તમ પાલખીરૂપ છે જ!

અહીં એક પ્રશ્ન જાગે છે : શ્રીયમુનાજી પાલખીમાં બિરાજીને પધારી રહ્યાં છે, તો આગળ એમ બતાવ્યું કે એમના પધારવાથી નૂપુરઝંકાર થઈ રહ્યો છે. પાલખીમાં બિરાજમાન શ્રીયમુનાજીનો નૂપુરઝંકાર કેવી રીતે થાય?

આનો જવાબ ત્રણે ટીકાકારો આ પ્રમાણે આપે છે :

''સઘોષગતિદન્તુરા સમધિરૂઢદોલોત્તમા'' - આ પદાવલિની સંધિ આ પ્રમાણે છૂટી પાડી શકાય. સઘોષગતિન્તુરા + અસમધિરૂઢદોલોત્તમા. આવો પાઠ સ્વીકારતાં એમ સમજાય છે કે પ્રિયતમ શ્રીકૃષ્ણને મળવા માટે શ્રીયમુનાજી એટલાં બધાં અધીરાં બન્યાં છે કે પાલખીની ગતિ ઘણી ધીમી લાગવાથી, તેઓ જાણે પાલખીમાંથી ઊતરી-ઊતરીને, પાલખીથી આગળ આગળ દોડવા લાગે છે. પરિણામે આપનાં નૂપુરઝંકારનો નિનાદ સંભળાય છે. બીજી રીતે કહીએ તો શ્રીયમુનાજીનો જલપ્રવાહ વ્રજમાં પહોંચે, તે પહેલાં આપ સ્વામિની-સ્વરૂપે વ્રજમાં પધારવા અધીરાં બન્યાં હોવાથી, જલરૂપી પાલખીમાંથી બહાર પધારી, વ્રજ તરફ દોડી રહ્યાં છે. આથી આપનાં નૂપુરો ઝંકાર કરે છે. આ અર્થ વધારે રસાત્મક છે. ઘડીકમાં પાલખીમાં બિરાજી પધારતાં, ઘડીકમાં ચરણોથી દોડતાં શ્રીયમુનાજીનાં ઉત્કંઠાભર્યા અભિસારિકા સ્વરૂપનાં શ્રીમહાપ્રભુજી દર્શન કરે છે, અને કરાવે છે.

કીર્તન સંગતિ :

'ભક્ત પર કરી કૃપા શ્રીયમુને જુ ઐસી,
છાંડિ નિજધામ વિશ્રામ ભૂતલ કિયો, પ્રગટ લીલા દિખાઈ જુ તૈસી''
(શ્રીનંદદાસ)

હવે શ્રીમહાપ્રભુજી ચોથી પંક્તિમાં આજ્ઞા કરે છે :

'મુકુંદરતિવર્ધિની જયતિ પદ્મબંધોઃ સુતા.' - શ્રીમહાપ્રભુજી બતાવે છે કે આવાં શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણ પ્રત્યે આટલો અપૂર્વ સ્નેહ શાથી છે? તેઓ 'પદ્મબંધોઃ સુતા' છે, તેથી પદ્મ એટલે કમળ. 'પદ્મબંધુ' એટલે કમળનો મિત્ર. મિત્રનું લક્ષણ છે, મિત્રનાં દર્શનથી પ્રસન્ન થાય. સૂર્યોદયથી કમળ વિકસે એટલે સૂર્ય કમળનો મિત્ર કહેવાય. માટે 'પદ્મબંધુ' એટલે સૂર્ય. સુતા-પુત્રી = સૂર્યનાં પુત્રી શ્રીયમુનાજી. શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીને સૂર્યનાં પુત્રી કેમ કહ્યાં? શ્રીગુસાંઈજી કારણ આપે છે. કમળ જળમાં ખીલતું હોવાથી રસપૂર્ણ રસાત્મક છે. મિત્રની વ્યાખ્યા છે, **'સમાનશીલવ્યસનેષુ સખ્યં'** - સમાન સ્વભાવવાળા વચ્ચે મિત્રતા થાય. કમળ રસરૂપ છે, તેમ સૂર્ય પણ રસરૂપ છે. 'બાપ તેવા બેટા' એ ન્યાયે રસરૂપ સૂર્ય પિતાનાં પુત્રી શ્રીયમુનાજી પણ રસાત્મિકા છે. આથી રસાત્મિકા સૂર્યપુત્રી શ્રીયમુનાજી ભગવાનના હૃદયકમળમાં ભક્તો માટે સ્નેહનો સંચાર કરે છે; તેથી શ્રીમહાપ્રભુજી તેમને ''મુકુંદરતિવર્ધિની'' કહે છે. 'મુકુંદ' નામનો અર્થ છે 'મુક્તિ આપનાર.' ભગવાન જીવોના મુક્તિદાતા છે. જેટલી સરળતાથી ભગવાન જીવોને મુક્તિ આપે છે એટલી સરળતાથી ભક્તિ આપતા નથી. ભગવાનનો આ સહજ સ્વભાવ છે; પરંતુ ભગવાનના ભક્તો પણ એવા વિલક્ષણ સ્વભાવના છે કે તેમને મુક્તિ ખપતી નથી. તેમને ભક્તિ જોઈએ છે. આ ભક્તોને મન મુક્તિ કાં તો છાશ જેવી ખાટી છે અથવા મીઠા જેવી ખારી છે - 'મુક્તિ લોન સી ખારી.' તેથી શ્રીદયારામભાઈને મન મુક્તિ ગરીબ લોકોના ભોજન-રાબ જેવી છે. તેઓ કહે છે, 'રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગીને ન ભાવે રે, અમે રાજના હાસા ખવાસ રે, મુક્તિ મન ન આવે રે, પાવો પ્રેમરસ પ્રાણજીવન રે, દીન થઈ જાચું હું રે.' આવો ભક્ત મૃત્યુ પછી પ્રભુપ્રાપ્તિ ઝંખનારો નથી. તેને તો આ શરીરથી, આ જન્મમાં જ ભગવલ્લીલાનો રસાનુભવ માણવો છે. તેને ભક્તમાં લીન થવું નથી. આથી પરમકૃપાળુ શ્રીયમુનાજી આવા ભક્તોને માટે ભૂતળ ઉપર પધાર્યાં. ''નેહ કારન શ્રીયમુના પ્રથમ આઈ, ભક્ત કે ચિત્ત કી વૃત્તિ સબ જાન હી તહાં તે અતિ હી આતુર જુ ધાઈ.'' - શ્રીનંદદાસ. શ્રીયમુનાજીએ ભૂતળમાં પધારી ભક્તોનો

પક્ષ લઈ, ભગવાન મુકુંદના મનમાં ભક્તો પ્રત્યેનો પ્રેમ એવો વધાર્યો કે ભગવાને ભક્તને પોતાના સ્વરૂપમાં લીન કરવાને બદલે અથવા પોતાના લોકમાં સ્થાન આપવાને બદલે તેઓ સ્વયં ભક્તોની વચ્ચે ભૂતલ પર પધારીને ભક્તોની સાથે લીલાવિહારમાં તલ્લીન થઈ ગયાં છે. આમ, શ્રીયમુનાજીએ ભગવાનના હૃદયકમળમાં ભક્તો માટેનો સ્નેહ રસ પ્રગટાવ્યો છે. તેવી જ રીતે શ્રીયમુનાજીએ ભક્તોના હૃદયકમળમાં ભગવાન પ્રત્યેનો સ્નેહરસ પણ પ્રગટ કર્યો છે. ''શ્રીવિઠ્ઠલ ગિરિધરન સંગ બિહરત, ભક્તકો એક છિન ના બિસારે.'' આથી શ્રીમહાપ્રભુજીએ આ ચોથી પંક્તિમાં કહ્યું કે ''મુકુંદરતિવર્ધિની જયતિ પદ્મબંધોઃ સુતા'' આમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીનાં પાંચ વિશેષણો બતાવ્યાં છે, એમ શ્રીદ્વારકેશજી કહે છે. શ્રીદ્વારકેશજી 'જયતિ' પદનો અર્થ સમજાવતાં કહે છે કે શ્રીયમુનાજીનો જય થાય છે; એટલે કે તેઓ ઉત્કર્ષ પામે છે. ભગવાનનો અને ભક્તનો ઉત્કર્ષ કરનારાં હોવાથી, તેના પરિણામ રૂપે શ્રીયમુનાજીનો પણ ઉત્કર્ષ થાય છે.

ત્રણે મહાનુભાવ ટીકાકારોના મતે ''મુકુંદરતિવર્ધિની'' એ શ્રીયમુનાજીનું બીજું અલૌકિક ઐશ્વર્ય છે. જેમ પંચામૃતથી આનંદ અને પોષણ મળે, તેમ આ શ્લોકમાં બતાવેલાં પાંચ વિશેષણોથી યુક્ત (૧) અમંદપૂરોજ્જવલા (૨) ગંડશૈલોન્નતા (૩) સઘોષગતિદન્તુરા (૪) સમધિરૂઢદોલોત્તમા (૫) પદ્મબંધોઃ સુતા - એવાં શ્રીયમુનાજી પોતાના અલૌકિક જળ-સ્વરૂપથી અને સ્વામિની-સ્વરૂપથી ભક્તોનો ભગવાનમાં પ્રેમ-ભાવ વધારનારાં છે. આ ભાવવર્ધકપણું શ્રીયમુનાજીનું બીજું અલૌકિક ઐશ્વર્ય છે. શ્રીપુરુષોત્તમજી કહે છે કે વધેલા ભાવને દૃઢ કરવા માટે ભાવમાંથી પ્રગટતાં શ્રીયમુનાજીના ધર્મોનું વર્ણન શ્રીમહાપ્રભુજી હવે ત્રીજા શ્લોકમાં કરશે :

સરખાવોઃ

યહ રસરૂપ હૈ ભાન કી નન્દિની,
કંજ રસરૂપ કે મિત્ર કી યહ સુતા,
દેત રસદાન કરી દૂર દુઃખ દ્વન્દ્વિની,
ગૂઢ રસ રીતિ કે ભાવ કૈસે કહૌં
નંદનંદન વિરહતાપ નિકંદિની,
નિરખ શોભા હરિદાસ નૈનન સદા
રાખિયે નિકટ મોહે જગત કી વંદિની.

આમ, શ્રીયમુનાષ્ટકના આ બીજા શ્લોકને આપણે સમજવાનો પ્રયત્ન કર્યો. એનો સમગ્ર ભાવાર્થ આપણે ફરીથી યાદ કરી લઈએ. નિત્યલીલાધામમાં શ્રીપૂર્ણપુરુષોત્તમના અવર સ્વરૂપે બિરાજતાં શ્રીયમુનાજી તાપાત્મક અલૌકિક રવિમંડલમાં બિરાજમાન શ્રીનારાયણ ભગવાનમાંથી દ્રવીભૂત સ્વરૂપે પ્રગટ થયા છે. ભગવાનની આજ્ઞાથી ભૂતળ પર પધારવા માટે તેઓ કલિન્દ નામના પર્વતના શિખર પર અતિ તીવ્ર વેગથી પધારે છે. તેને કારણે ઉજ્જવળ ફીણ સાથેના વેગવાળા પ્રવાહથી તેઓ શુભ્ર સ્વરૂપે દર્શન આપે છે. પર્વત પરથી નીચેની તરફ પધારતાં શ્રીયમુનાજી પર્વતના તૂટેલા નાના-મોટા શિલાખંડોને ઉછાળતાં અને સાથે પોતે પણ ઉન્નત થઈને વિલાસપૂર્ણ ગતિથી આવી રહ્યાં છે. તેઓ તેમના જલપ્રવાહના કલકલ નિનાદથી પોતાના હૃદયના વિવિધ રસભાવો પ્રગટ કરે છે. ઊંચાનીચા શિલાખંડો પરથી આગળ વધતાં, જાણે તેઓ ઘડીક ઉત્તમ પાલખીમાં બિરાજીને પધારતાં હોય, તો ઘડીક વ્રજમાં ઝડપથી પહોંચવા પાલખીમાંથી ઊતરી નૂપુર ઝંકાર કરતાં દોડતાં હોય એવાં જણાય છે. આવા રસાત્મક કમળના મિત્ર સૂર્યનાં પુત્રી રસાત્મિકા શ્રીયમુનાજી ભગવાન મુકુંદમાં ભક્તોનો પ્રેમ વધારનારાં છે, તેથી તેઓ ઉત્કર્ષ પામે છે. ''ભક્તહિત કારને એક છિન નહિ કરે વિશ્રામ.''

આ બીજા શ્લોકનો ભાવપૂર્ણ પદ્યાનુવાદ આપણે સાથે ગાઈશું.

(૧)

મા સૂર્યમંડળ છોડીને બહુ વેગથી આવી રહ્યાં,
કલિન્દના શિખર પરથી બહુ વેગથી દોડી રહ્યાં.
એ વેગમાં પથ્થર ઘણા હરખાઈને ઊછળી રહ્યા,
ને આપ પણ ઉલ્લાસપૂર્વક ઊછળતાં શોભી રહ્યાં.
હરિહેતના ઝૂલા ઉપર જાણે બિરાજ્યાં આપ હો,
વંદન કરું શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો.

(૨)

યમુના ચાલી વ્રજની વાટે, રુમઝુમ રુમઝુમ પાયલિયાં.
ઘનન ઘનન ઘન ઘુંઘરું બાજે મનમાં ગુંજે સાંવરિયાં.
ગીત મિલનનાં ગાતી ગાતી મનમાં મધુર મધુર મલકાતી,
પ્રીતમની યાદે હરખાતી દોડ મૂકીને યમુના આવે.
રુમઝુમ રુમઝુમ પાયલિયાં.

જળના હિંચકે હિંચકા લેતી, હૈયે હરખ લઈ લહેરાતી
વાયુ સંગે વાતો કરતી, દોટ મૂકીને યમુના આવે,
રુમઝુમ રુમઝુમ પાયલિયાં.
શૈલ શૃંગને શત શત દળતી અવરોધોને ના કંઈ ગણતી,
'શ્રાવણી'ની સહિયર સુખ સરતી દોડ મૂકીને યમુના આવે;
રુમઝુમ રુમઝુમ પાયલિયાં.



૧૦:૩. શ્લોક ત્રીજો

મૂળ શ્લોક

ભુવં ભુવન-પાવનીમધિગતામનેક-સ્વનૈઃ
પ્રિયાભિરિવ સેવિતાં શુક-મયૂર-હંસાદિભિઃ ।
તરંગ-ભુજ-કંકણ-પ્રકટ-મુક્તિકા-વાલુકા-
નિતંબતટ-સુંદરી નમત કૃષ્ણ-તુર્ય પ્રિયામ્ ॥૩॥

પદ્યાનુવાદ

જગે જગત પાવની શું ઊતરી! સુકલ્લોલતી
મયૂરી, શુકી, હંસી શી સખી સભાથી સેવાયલી;
તરંગ કર કંકણે દીપતી મોતી શી વેળુકા,
નિતંબટત સુંદરી, હરિની ચોથી વંદો પ્રિયા. (૩)

અન્વયાર્થ :

ભુવમ્ અધિગતામ્ = ભૂમિ પર આવીને; **ભુવન પાવનીમ્** = આ ભુવન (પૃથ્વી)ને પાવન કરનારાં; **અનેક સ્વનૈઃ** = અનેક પ્રકારે કલરવ કરનારાં; **પ્રિયાભિઃ ઈવ** = પ્રિય સખીઓ જેવાં; **શુકમયૂર હંસાદિભિઃ** = પોપટ, મોર, હંસો વગેરે (પક્ષીગણો)થી; **સેવિતામ્** = સેવાયેલાં; **તરંગ-ભુજ-કંકણ** = તરંગો (મોજાં)રૂપી ભુજાઓમાં પહેરેલાં કંકણોમાં; **પ્રકટ મુક્તિકા-વાલુકા** = જડેલાં ઝીણાં મોતીઓ જેવી વાલુકાના કણોથી ઊભરાતાં; **નિતંબ-તટ-સુંદરીમ્** = નિતંબરૂપી સુંદર કિનારાઓવાળાં; **કૃષ્ણ-તુર્ય-પ્રિયામ્** = **શ્રીકૃષ્ણનાં ચોથાં પ્રિયા (શ્રીયમુનાજી)ને; નમત** = નમન કરો. (૩)

શ્લોકાર્થ :

શ્રીયમુનાજી કલિંદ પર્વત પરથી ભૂમિ પર પધારીને, આ પૃથ્વીને પાવન કરનારાં છે. અનેક પ્રકારે કલરવ કરતાં પોપટ, મોર, હંસ વગેરે પક્ષીગણો જેઓ શ્રીયમુનાજીની પ્રિય સખીઓ જેવાં છે; તેમના વડે શ્રીયમુનાજી સેવાયેલાં છે.

તેમના જળ-તરંગો તેમની ભુજાઓ છે. તે પર પહેરેલાં કંકણો ઝીણાં મોતીઓથી જડેલાં છે, જે વાલુકાના કણોના સ્વરૂપે જણાય છે. આ વાલુકાકણોથી ઊભરાતા તેમના બંને ઊંચા કિનારા તેમના સુંદર પુષ્ટ નિતંબો છે. આવાં શ્રીયમુનાજી શ્રીકૃષ્ણનાં ચોથાં પ્રિયા (સ્વામિની) છે. તેમને તમે નમન કરો. (૩)

વિવૃત્તિ-અર્થ અને વિવરણ :

બીજા શ્લોકમાં શ્રીયમુનાજીના પ્રાકટ્ય-મહોત્સવ-નંદમહોત્સવ-નો શ્રીમહાપ્રભુજીએ આપણને અનુભવ કરાવ્યો. શ્રીયમુનાજીનું પ્રાકટ્ય લૌકિક રીતે, લૌકિક સ્વરૂપે નથી, તેઓ પ્રકટ્યાં છે જ સોળ વર્ષની કન્યાના સ્વરૂપ. એટલે પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણને વરવા એમને રાહ જોવી જ નથી પડી! તેઓ પ્રકટ થયાં એવાં જ વરમાળારૂપી કમળ-માળા તેમના જમણા હસ્તમાં લઈ, સીધાં લગ્નમંડપમાં પધારી રહ્યાં છે.

બીજા શ્લોકમાં જોયું કે પિતાના ઘરથી - કલિંદ પર્વત પરથી - લગ્નમંડપ તરફ તેઓ પાલખીમાં બિરાજમાન થઈ, કેવી રીતે પધારી રહ્યાં છે! ત્યારે શ્રીમહાપ્રભુજી આદિ વ્રજભક્તો 'જયતિ' શબ્દોચ્ચારપૂર્વક, તેમના પર જાણે પુષ્પવર્ષા કરી રહ્યા છે!

હવે ત્રીજા શ્લોકમાં લગ્નમંડપમાં પ્રધારેલાં શ્રીયમુનાજીના નવોઢા સ્વરૂપનાં શ્રીમહાપ્રભુજી આપણને દર્શન કરાવશે.

શ્લોકના પ્રારંભમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું : '**ભુવં ભુવન-પાવનીમ્-અધિગતા**' એટલે શ્રીયમુનાજી પૃથ્વીને પાવન કરવા ભૂમિ પર પધારી રહ્યાં છે.

શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે : શ્રીયમુનાજી તેમના આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક - એમ ત્રણે સ્વરૂપોથી પૃથ્વીને પાવન કરે છે. આધિભૌતિક અને આધ્યાત્મિક રૂપથી ભૂમિ પર આવવાનો હેતુ 'પદ્મપુરાણ'ના 'યમુના-માહાત્મ્ય' ખંડમાં આ પ્રમાણે સમજાવ્યો છે : 'સાત દ્વીપ અને સાત સમુદ્રને ભેદીને, પૂર્વાભિમુખ થઈને વહેતાં શ્રીયમુના પોતાના માર્ગમાં આવનારાંઓને પાવન કરે છે. અસ્તાચળ (પશ્ચિમ)થી ઉદયાચળની (પૂર્વ) દિશામાં ક્રીડા-વિહાર કરનારાં શ્રીયમુના, તેમના આશ્રિત જીવોનાં પાપોનો નાશ કરે છે.'' - 'ભુવનપાવની' વિશેષણ દ્વારા શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીના આધિભૌતિક અને આધ્યાત્મિકરૂપે ભૂમિ પર આવવાનો હેતુ કહ્યો છે.

શ્રીયમુનાજીનું આધિભૌતિક અને આધ્યાત્મિક સ્વરૂપથી પૃથ્વી પર પધારવાનું દૈવી જીવો માટે એક વિશેષ પ્રયોજન પણ છે. પોતાના આધિદૈવિક

સ્વરૂપે શ્રીયમુનાજી આપણી સામે પ્રત્યક્ષ નથી બિરાજતાં, તેવા આધુનિક સમય અનવતાર કાલમાં શ્રીયમુનાજી પોતાનાં આ બંને રૂપોથી દૈવી જીવોનાં શરીરરૂપી પૃથ્વીને (યાદ રાખીએ, આ સ્થૂલ શરીર પૃથ્વીરૂપી તત્ત્વનું બનેલું છે) પાપરહિત કરે છે. પાપરહિત બનતાં પવિત્ર બનેલા એ ભક્તોનાં મનમાં ભગવદ્ ભાવનું દાન કરી, તેમને સમૃદ્ધ બનાવવા શ્રીયમુનાજી પૃથ્વી પર પધાર્યા છે. આવો ભાવ શ્રીદ્વારકેશજી સમજાવે છે.

આ પદાવલિનો વિશેષ ભાવ શ્રીહરિરાયજી સ્પષ્ટ કરે છે : દૈવી જીવો લીલાસૃષ્ટિમાં રહેનારા હોય કે તેમનાથી ભિન્ન હોય, પણ એ બધા દૈવી જીવોનાં મન, આ પૃથ્વી પર, શ્રીયમુનાજી ભગવદ્ભાવથી ભરી દે છે અને તેમનાં તન ભગવત્સેવા માટે યોગ્ય બનાવે છે. આ બે અર્થમાં દૈવી જીવો માટે શ્રીયમુનાજી 'ભુવનપાવની' છેં. દૈવી જીવોનાં તન-મનની આ પવિત્રતા એ જ પુષ્ટિમાર્ગીય શુદ્ધિ છે. મન ગમે તેવું નિર્વિકાર હોય, પણ એ મનમાં ભગવાન પ્રત્યેની અનન્યતા ન હોય, તો પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણથી એને અશુદ્ધ જ માનવામાં આવે છે. આપણું શરીર અભિમાન-રહિત બની, સ્નેહપૂર્વક ભગવત્સેવા કરે તે શરીરની પવિત્રતા છે. આપણું મન ભગવાન પ્રત્યેના અનન્યભાવમાં તન્મય થાય, તે મનની શુદ્ધિ પવિત્રતા છે.

આ પદાવલીનો એક બીજો ભાવ શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી બતાવે છે : બીજા શ્લોકના છેલ્લા ચરણમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીને 'મુકુંદરતિવર્ધિની' કહ્યાં. શ્રીયમુનાજી ભક્તો તરફ ભગવાનનો અને ભગવાન તરફ ભક્તોનો સ્નેહ વધારવા ભૂમિ પર પધાર્યા છે. શ્રીયમુનાજીનો હેતુ કેવળ પોતાના તરફ શ્રીઠાકોરજીની આસક્તિ વધારવાનો નથી, પરંતુ તેમના તટ પર જે ભક્તો ભગવાનને શોધવા કે મળવા તત્પર બને છે, તેવા ભક્તો તરફ ભગવાનના મનને નિરતિશય સ્નેહપૂર્ણ બનાવવાનો છે. ગોપીજનોએ શ્રીયમુના કિનારે વિરહ કર્યો, ત્યારે તેમના પ્રેમને વશ થઈ શ્રીપ્રભુ તેમની વચ્ચે પ્રકટ થયા. ધ્રુવ અને પરાશર જેવા ભક્તો પર પ્રસન્ન થઈ. ભગવાને તેમને ઇચ્છિત વરદાન આપ્યાં.

શ્રીયમુનાજીનું આધિદૈવિક સ્વરૂપ તો કૃષ્ણાવતારમાં જ પ્રકટ થાય છે, અથવા ક્યારેક-ક્યારેક કોઈ ખાસ ભક્તને દર્શન આપવા માટે જ પ્રગટ થાય છે. જેમ શ્રીયમુનાજીએ પ્રગટ થઈ કિશોરીબાઈને દર્શન આપ્યાં, ભગવાન જ્યારે પોતાના કૃપાપાત્ર ભક્તોની વચ્ચે ક્રીડા કરવા માટે પ્રગટ થાય છે ત્યારે શ્રીયમુનાજી

પણ ભગવાનની આ ક્રીડાસ્થળી વ્રજમાં પોતાના આધિદૈવિક સ્વરૂપે પ્રગટ થઈને ભગવાનના મનને પોતાના તરફ અને પોતાના કિનારા તરફ વિહરતા પોતાના ભક્તોની તરફ આકર્ષે છે. ભગવાનમાં રતિવર્ધન કરવાનું શ્રીયમુનાજીના પ્રાગટ્યનું મુખ્ય પ્રયોજન છે; માટે શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકની શરૂઆતમાં કહ્યું, 'ભુવંભુવન પાવનીમ્ અધિગતાં.' અર્થાત્ શ્રીયમુનાજી પૃથ્વીને પાવન કરવા ભૂમિ પર પધાર્યાં છે.

ભક્તકવિઓએ આ ભાવ તેમનાં પદોમાં ઝીલ્યો છે. જે નીચે પ્રમાણે છે :

(૧) ચરણ પંકજરેનુ શ્રીયમુને જુ દેની,
કલિયુગ જીવ ઉદ્ધારન કારન,
કાટત પાપ અબ ધાર પેની. (શ્રીગોવિંદસ્વામી)

(૨) ધન્ય શ્રીયમુને નિધિ દેનહારી,
કરત ગુણગાન, અજ્ઞાન-અઘ દૂર કર,
જાંય મિલવત પ્રાનપ્યારી. (શ્રીછીતસ્વામી)

(૩) ભાગ્ય સૌ ભાગ્ય શ્રીયમુને જુ દેઈ,
બાત લૌકિક તજો, પુષ્ટિ યમુને ભજો,
લાલ ગિરિધરનવર તબ મિલેઈ. (શ્રીનંદદાસ)

(૪) જન્મ જન્મ કે પાપ દૂર કર,
કાટત કર્મ ધર્મ ધાર પેની. (શ્રીછીતસ્વામી)

(૫) વે દેખો પાપ જાત જિત તિતતેં
જ્યોં મૃગરાજ દેખ મૃગ અન્યા. (શ્રીગદાધરદાસ)

(૬) નામ લેત કટત પાપ મુનિ કિન્નર ઋષિ,
કલાપ કરત જાપ, 'પરમાનંદ' મહાઆનંદિની.
(શ્રીપરમાનંદદાસ)

(૭) શ્રીયમુનાજી પતિત પાવન કરે,
પ્રથમ હી જબ દિયો દર્શન, સકલ પાતક હરે. (શ્રીસૂરદાસ)

(૮) સકલ સુખકારિની ભવસિંધુતારિની,
દરસ તેં કરત હૈં પાપ વેરી. (શ્રીકૃષ્ણદાસ)

(૯) જય જય શ્રીયમુને માતા જગતવંદિની,
ત્રિવિધ તાપ દૂર કરત પાપખંડિની. (શ્રીચતુર્ભૂજદાસ)

(૧૦)કલિ કે જીવ દોસ ભંડારી, કરત તિહારો પાન;
ભયે અનન્ય સબહી ઓર તેં, સુર મુનિ કરત બખાન.
(શ્રીરસિકદાસ)

શ્રીમહાપ્રભુજી હવે શ્રીયમુનાજીનું બીજું વિશેષણ કહે છે : ''અનેક સ્વનૈઃ પ્રિયાભિઃ ઈવ સેવિતામ્ શુકમયૂરહંસાદિભિઃ'' અર્થાત્ શ્રીયમુનાજી એકલાં વ્રજમંડળમાં પધારતાં નથી, જેમ નવવધૂને તેની પ્રિય સખીઓ દોરીને લગ્નમંડપમાં લઈ જાય, તેમ શ્રીયમુનાજીને પણ પ્રિય સખીઓ જેવાં પોપટ, મોર, હંસ વગેરે પક્ષીઓ વીંટળાયેલાં છે. લગ્નમંડપમાં નવવધૂને લઈ જતાં તેની પ્રિય સખીઓ મંગલ ગીતો ગાય, તેમ આ પક્ષીઓ પણ અનેક પ્રકારે કલરવ કરે છે.

અહીં વપરાયેલા 'પ્રિયા' પદનો અર્થ શ્રીપુરુષોત્તમજી સ્પષ્ટ કરે છે : 'પ્રિયા'નો એક અર્થ છે 'પ્રેમિકા'. અહીં શ્રીમહાપ્રભુજી 'પ્રિયા' પદ પ્રિયા. અંતરંગ સખીના અર્થમાં વાપરે છે. પોપટ, મોર, હંસ, સદા શ્રીયમુનાજીના તટ પર રહે છે; તેથી તેઓ શ્રીયમુનાજીની પ્રિય, અંતરંગ સખીઓ જેવાં છે. જેમ સખીઓ રાજકન્યાની સેવા માટે તેની નિકટમાં સદા તત્પર રહે, તેમ આ પક્ષીઓ પણ શ્રીયમુનાજીની સેવામાં, તેમની નિકટ સદા તત્પર છે. સખીઓ પ્રશંસાયુક્ત મીઠાં વચનોથી રાજકન્યાને પ્રસન્ન રાખવાની, મીઠા હાવભાવથી રીઝવવાની સેવા કરે, તેમ આ પક્ષીઓ પણ તેમના કલરવ, નૃત્ય આદિથી શ્રીયમુનાજીની સેવા કરી, તેમને રીઝવે છે.

શ્રીદ્વારકેશજી કહે છે : શ્રીયમુના-કિનારે રસલીલામાં તલ્લીન ભગવાન અને ભક્તો વચ્ચે જે મધુર સંવાદ થાય છે, તે પોપટ શ્રીયમુનાજીને ભગવાન અને ભક્તોની વાણીના મધુર અનુકરણ દ્વારા કહીને, વાચિકી સેવા કરી, શ્રીયમુનાજીમાં રસભાવો પ્રકટ કરે છે. મોર પોતાનાં રંગબેરંગી પીંછાં ફેલાવી, કળા કરી નૃત્ય કરે છે અને નૃત્ય દ્વારા શ્રીયમુનાજીને રીઝવી, કાયિકી સેવા કરે છે. હંસ માનસી સેવા કરે છે. 'આદિ' પરથી અન્ય પક્ષીઓનું સૂચન છે. શ્રીગુસાંઈજીના મતે કબૂતર, કોયલ, સારસ, ચક્રવાક વગેરે પક્ષીઓ પણ શ્રીયમુનાજીના તટ પર રહી, પોતાના કલરવથી શ્રીયમુનાજીમાં વિવિધ રસભાવો જાગૃત કરે છે : ''સારસ, હંસ, શુક, ચકોર, ચિત્રિત; નૃત્યત સુમોર, કલ, કપોત, કોકિલા મધુર ગાવનો.''

શ્રીશ્યામમનોહરજી કહે છે : ભૂતળ પર પધારેલાં શ્રીયમુનાજી માટે અહીં બે વિશેષણો વપરાયાં : (૧) ભુવન-પાવની (૨) અનેકસ્વનૈઃ શુકમયૂર હંસાદિભિઃ પ્રિયાભિરિવ સેવિતા. આ બંને વિશેષણો ભગવાનનો શ્રીયમુનાજી પ્રત્યેનો પ્રેમ બતાવે છે. શ્રીયમુનાજી આવાં બે વિશેષણવાળાં હોવાથી, પ્રભુ તેમને પ્રેમ કરે છે; પરંતુ આ બે પદાવલીથી પ્રભુનો નિરતિશય સ્નેહ સમજાતો નથી. આ નિરતિશય સ્નેહ પ્રકટ થયો ત્રીજી પદાવલીથી **"તરંગ-ભુજ-કંકણ-પ્રકટ-મુક્તિકા-વાલુકા-નિતંબતટ સુંદરી."** આ પદાવલીમાં શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપ-સૌંદર્યનું વર્ણન છે, જે સ્વરૂપ શ્રીકૃષ્ણની અવતારકાલીન લીલામાં પ્રકટ થાય છે.

શ્રીગુસાંઈજી સમજાવે છે : શ્રીયમુનાજીનો જલપ્રવાહ એ ભૌતિક જલપ્રવાહ નથી. સાક્ષાત્ શ્યામસુંદર શ્રીયમુનાજી છે. એ જળપ્રવાહમાં પ્રકટતા તરંગો, ભૌતિક જલલહરીઓ નથી; પણ શ્રીયમુનાજીની સાક્ષાત્ ભુજાઓ છે. આ તરંગાવલીઓ કિનારા પરની વાલુકાઓ પર પ્રસરે છે. એ વાલુકા-કણો નથી, પણ ઝીણાં મોતીઓ છે. આવાં ઝીણાં મોતીઓનાં કંકણો શ્રીયમુનાજીએ એમની ભુજાઓમાં ધારણ કર્યાં છે. આપણાં ભૌતિક નેત્રોથી આપણને આ આધિદૈવિક દર્શન ન થવાથી એમ લાગે છે કે જળતરંગોરૂપી ભુજાઓમાં વાલુકા-કણોરૂપી ઝીણાં મોતી જડેલાં કંકણ ધર્યાં છે. શ્રીયમુનાજીના બે ઊંચા કિનારા, વાસ્તવમાં આપના પુષ્ટ નિતંબો છે. પુષ્ટ નિતંબો પર મોતીજડિત કંકણોવાળી ભૂજાઓ પસારી રહ્યાં છે. જેમ નવવધૂ લગ્ન માટે સોળ શણગાર સજી, પતિને રીઝવવા જાય, તેમ શ્રીયમુનાજી પણ સોળે શણગાર સજી પ્રભુ પાસે પધારી રહ્યાં છે, એમ સૂચવવા અહીં હસ્તમાં ધારણ કરેલાં મોતી-જડિત કંકણોનું વર્ણન કર્યું. શ્રીઅંગની સુંદરતાનું નિરૂપણ કરવા શ્રીયમુનાજીના હસ્ત અને નિતંબોનું નિરૂપણ કર્યું.

પ્રથમ દૃષ્ટિએ આ પદાવલીથી શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીના સ્વરૂપસૌંદર્યનું વર્ણન કરતા જણાય છે, પણ તે દ્વારા આપ એવું સૂચવી રહ્યા છે કે શ્રીયમુનાજીના આવા અલૌકિકરૂપને શ્રીકૃષ્ણ પોતાનાં સ્નેહાસક્ત નેત્રોથી નીરખી રહ્યા છે. તેના કારણે શ્રીકૃષ્ણમાં શ્રીયમુનાજી પ્રત્યે નિરતિશય સ્નેહ પ્રકટ્યો છે.

કીર્તનસંગતિ

(૧) 'યમુના તીર પર તરંગ ફેલત જબેં,
માન હૈં હર કમલ પર ભ્રમ રહેં કંકન;

પ્રભુ હરિ રૂપ તટ નિરખ ઠાડે પ્રિયા,
ઠામકે યમુને તહાં ભરત હૈં અંકન.
અતિ હી શોભિત ખરી, વિવિધ ભૂષન ભરી,
શ્યામ તન ચિતવત યમુને દગ બંકન.
રેણુમુક્તા પરે પોઈ કંકન કરે 'હરિદાસ'
સોભા નિરખ પાઈ નિધિ રંકન.'

(૨) 'ભુજ તરંગ સોહત અતિ નીકે ભવર કંકન સિરાયે,
વ્રજપતિ કેલિ કહા કવિ બરને, શેષ સહસ્ર મુખ પાર ન પાયે.'

(૩) 'સાંવરે અંગ તરંગન અનંગન, મોતિન માંગ ભરી મૃગનયની.'

(૪) 'સિક્તા જતું મુક્તાફલ, કંકન યુત ભુજ તરંગ,
કમલ ઉપહાર લેત પિયા ચરન વંદિની.'

આપણા સૌના હૃદયમાં સ્નેહનો કુદરતી ભાવ રહેલો છે. તેમાંથી આપણા જીવનમાં આપણે જે રસનો અનુભવ કરીએ છીએ, તેને રસશાસ્ત્રની ભાષામાં શૃંગારરસ કહેવામાં આવે છે. આ શૃંગારરસ પ્રકટ થવાની પ્રક્રિયા ભરતમુનિએ સમજાવી છે. જેમ બીજને જમીન, ખાતર અને પાણી આપવાથી તે અંકુરિત થાય, તેમ આપણા હૃદયમાં બીજભાવરૂપે રહેલો સ્નેહનો સ્થાયી ભાવ વિભાવ, અનુભાવ અને સંચારીભાવથી ઉદ્દીપ્ત થઈ શૃંગારરસ સ્વરૂપે અનુભવાય છે. વિભાવના બે પ્રકાર છે : (૧) આલંબન વિભાવ અને (૨) ઉદ્દીપન વિભાવ. આલંબન વિભાવ એટલે એવી વ્યક્તિ કે જેને જોતાં સ્નેહભાવ વધે. પ્રેમીને માટે પ્રેમિકા અને પ્રેમિકા માટે પ્રેમી આલંબન વિભાવ છે. ઉદ્દીપન વિભાવ એટલે સ્નેહને પ્રકટ થવા માટે અનુકૂળ વાતાવરણ; જેમકે વસંતઋતુ અથવા વર્ષાઋતુ વગેરે. અનુભાવ એટલે સ્નેહ પ્રકટ થવાનું પ્રયોજન, જેને લઈને સ્નેહ પ્રકટ થાય. સંચારીભાવ એટલે સ્નેહની અભિવ્યક્તિ વખતે થતી શારીરિક ક્રિયાઓ, રોમાંચ વગેરે. આ સર્વ ભાવો જ્યારે એકરૂપ થાય, ત્યારે તેમાંથી શૃંગારરસ પ્રકટ થાય છે; એને રસશાસ્ત્રમાં રસનિષ્પત્તિ કહેવામાં આવે છે.

શ્રીગુસાંઈજી તેમની વિવૃત્તિમાં કહે છે કે આ શ્લોકથી શ્રીયમુનાજી દ્વારા શ્રીઠાકોરજીનો શૃંગારરસ પ્રકટ થયો છે. અહીં અનુભાવ, આલંબન વિભાવ અને ઉદ્દીપન વિભાવ વર્ણવાયેલા છે. શ્રીગુસાંઈજીની આ આજ્ઞાને આપણે સમજીએ.

શ્રીઠાકોરજી અલૌકિક આનંદ રસસ્વરૂપ છે, તેથી તેમના હૃદયમાં શૃંગારરસનો સ્થાયીભાવ રતિ-પ્રેમ છે જ. શ્રીયમુનાજી પ્રભુનો આ પ્રેમ વધારવા

માટે વ્રજમંડળમાં પધાર્યા તેમનો પધારવાનો આ હેતુ અહીં અનુભાવરૂપે વર્ણવાયો છે. શ્રીયમુનાજીનું ''ભુવનપાવની'' વિશેષણ અનુભાવ છે.

શ્રીયમુનાજીના તટ પર કલરવ કરતાં પક્ષીઓના કારણે જન્મતું મધુરતાનું વાતાવરણ ઉદ્દીપન વિભાવ છે; તેથી તેમનું બીજું વિશેષણ અનેકસ્વનૈ: પ્રિયાભિરિવ સેવિતામ્ શુકમયૂર હંસાદિભિ:માં ઉદ્દીપન વિભાવ છે. 'તરંગભુજકંકણ'વાળું પદ શ્રીયમુનાજીના સ્વરૂપસૌંદર્યનું વર્ણન કરતું હોવાથી તે આલંબન વિભાવ છે. આમ, શ્રીયમુનાજી માટેનો શૃંગારરસ શ્રીઠાકોરજીમાં પ્રગટ થાય છે. આમ, શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકમાં શ્રીયમુનાજીના પૃથ્વી પર પધારવાના પ્રયોજનને અનુરૂપ તેમના રસશાસ્ત્રીય ગુણધર્મોનું વર્ણન કર્યું છે.

શ્રીમહાપ્રભુજી આ શ્લોકના છેલ્લા ચરણમાં શ્રીયમુનાને ''કૃષ્ણતુર્યપ્રિયા'' કહે છે, તેનું રહસ્ય સમજીએ.

આપણે આગળ જોઈ ગયા કે શ્રીયમુનાજીનું આધિદૈવિક સ્વરૂપ શ્રીકૃષ્ણની અવતારકાલીન લીલામાં પ્રકટ થાય છે. આથી આ લીલા પહેલાં સર્વવિધ દિવ્ય ગુણોવાળાં શ્રીયમુનાજીના દોષોનું પણ શાસ્ત્રોમાં ક્યાંક ક્યાંક વર્ણન મળે છે. ભગવાન શ્રીકૃષ્ણને ગોકુળ પધરાવી જતી વખતે શ્રીયમુનાજી ખૂબ ઊંચાં ઊછળ્યાં ત્યારે તેમને શ્રીશુકદેવજીએ ''યમાનુજા'' કહ્યાં. આખરે તો યમનાં બહેન ને! આવો ટોણો માર્યો તે પ્રસંગનાં 'સુબોધિની'માં પણ શ્રીમહાપ્રભુજીએ કહ્યું, 'સ્વભાવતોઽપિ યમુના ક્રૂરા'' - સ્વભાવથી યમુના ક્રૂર છે. આ વર્ણન શ્રીયમુનાના આધિભૌતિક જલપ્રવાહનું છે, તેમના આધિદૈવિક સ્વરૂપનું નથી. શ્રીઠાકોરજીના આધિદૈવિક રૂપમાં પણ તેમનું અંશી-મૂળ-રૂપ અને અંશ-દેવો-રૂપો સમજાય છે, તેમ શ્રીયમુનાજીના આધિદૈવિક રૂપમાં પણ તેમનું મૂળ અંશી સ્વરૂપ અને તેના અંશરૂપા પ્રભેદો સમજાય છે. 'કૃષ્ણતુર્યપ્રિયા' શ્રીયમુનાજીનું આધિદૈવિક મૂળ અંશી સ્વરૂપ છે; જ્યારે દ્વારકાલીલામાં 'કાલિંદી' તેમનું અંશ સ્વરૂપ છે. સ્વયં કાલિંદીનું વચન છે કે હું યમુનાજળમાં વસું છું. આ પ્રમાણે વેદમાં 'યમ-યમી સંવાદ'માં 'યમાનુજા'નું વર્ણન છે. તે પણ તેમનો અંશાવતાર જ સમજવો.

શ્રીયમુનાજી વ્રજલીલામાં ભગવાનનાં ચતુર્થ પ્રિયા (સ્વામિની) છે. શ્રીકાલિંદીજી દ્વારકાલીલામાં ભગવાનનાં ચોથાં પટરાણી છે. આ બંને હકીકતોને વાસ્તવમાં કોઈ સંબંધ સાથે પ્રિયત્વ હોવું તે ઉત્તમોત્તમ બાબત છે, એમ સૂચવવા અહીં શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણનાં પ્રિયા કહે છે.

વ્રજમાં ચાર સ્વામિનીઓ છે : (૧) મુખ્યા સ્વામિની-શ્રીવૃષભાનકિશોરી-શ્રીરાધિકાજી; (૨) સર્વાત્મભાવવાળાં પ્રૌઢા વિવાહિતા ગોપભાર્યા-શ્રુતિરૂપા શ્રીચંદ્રાવલીજી, જેમને 'અન્યપૂર્વા' - પણ કહેવામાં આવે છે; (૩) ઋષિરૂપા-કુમારિકાઓ-અવિવાહિતા હોવાથી 'અનન્યપૂર્વા' - જેમણે કાત્યાયની વ્રત કરેલું. તેમનાં મુખ્યા શ્રીરાધાસહચરીજી; (૪) શ્રીયમુનાજી.

શ્રીરાધિકાજીના યૂથની ગોપિકાઓ તામસભાવપ્રધાન છે. શ્રીચંદ્રાવલીજીના યૂથની ગોપિકાઓ રાજસભાવ પ્રધાન છે. કુમારિકાઓનું યૂથ સાત્ત્વિકભાવપ્રધાન છે, જ્યારે શ્રીયમુનાજીનું યૂથ નિર્ગુણ અથવા ગુણાતીતભાવપ્રધાન છે. આમ, આ ચાર યૂથો પૈકીના એક યૂથનાં સ્વામિની હોવાથી શ્રીયમુનાજી 'તુર્યપ્રિયા' છે.

'પદ્મપુરાણ'ના યમુનામાહાત્મ્યમાં 'યમુનાભિષેક' અધ્યાયમાં ભગવાને શ્રીયમુનાજીને આશ્લેષ સુખ અને પોતાના સાન્નિધ્યનું વરદાન આપ્યાનો ઉલ્લેખ છે. આના દ્વારા શ્રીયમુનાજી 'કૃષ્ણપ્રિયા' હોવાની વાતને શાસ્ત્રનું પ્રમાણ મળે છે.

શ્રીહરિરાયજી અને શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે આ શ્લોકમાં 'ભુવન પાવનીત્વ' એ શ્રીયમુનાજીના ત્રીજા અલૌકિક ઐશ્વર્યનું વર્ણન કરવામાં આવ્યું છે. જીવ અને ભગવાન વચ્ચેનો સંબંધ જોડાવામાં આવતા પ્રતિબંધોને શ્રીયમુનાજી દૂર કરી, જીવનાં તન-મનની પુષ્ટિ શુદ્ધિ કરી, ભક્તનો ભગવાનમાં અને ભગવાનનો ભક્તમાં સ્નેહ વધારનારાં છે. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમે સૌ પણ મારી સાથે શ્રીયમુનાજીને નમન કરો.

આમ, આપણે આ શ્લોકને વિસ્તારથી સમજ્યાં. ફરી તેનો ભાવાનુવાદ એક વખત યાદ કરી લઈએ : ભક્તનો ભગવાનમાં અને ભગવાનનો ભક્તમાં સ્નેહ વધારવા, શ્રીયમુનાજી ભક્તોના દોષ દૂર કરી, તેમને સેવા અને અનન્યતાથી શુદ્ધ કરવા ભૂમિ પર પધાર્યાં છે. તેમની પ્રિય સખીઓ જેવાં મોર, પોપટ, હંસ વગેરે પક્ષીઓ તેમના તટ પર કલરવ દ્વારા તેમની સેવા કરે છે. તેમણે તરંગોરૂપી ભૂજાઓ પર વાલુકારૂપી મોતીનાં કંકણ ધર્યાં છે. ઊંચા કિનારારૂપી નિતંબોથી શોભતાં શ્રીકૃષ્ણનાં ચોથાં સ્વામિની શ્રીયમુનાજી છે. તમે તેમને નમન કરો.

આ શ્લોકનો ભાવ વ્યક્ત કરતા ભાવાનુવાદ માણીએ :

(૧)

શુક, મોર, સારસ, હંસ, આદિ પક્ષીથી સેવાયેલાં,
ગોપીજનોને સેવ્ય ભુવન સ્વજન પાવન રાખતાં;

તરંગરૂપ શ્રીહસ્તમાં રેતી રૂપી મોતી તણાં,
કંકણ સરસ શોભી રહ્યાં, શ્રીકૃષ્ણને બહુ પ્રિય જે,
નિતંબરૂપી શ્રી તટ તણું અદ્‌ભુત દર્શન આપજો,
વંદન કરું શ્રીયમુનાજીને, શ્રીકૃષ્ણ આશ્રય આપજો.

(૨)

યમુના રૂપની વણઝાર આવી નેણને બજાર,
એનો રૂદિયામાં રણકાર એનો આંખે છે અણસાર. ૧.
એનાં નયનોમાં છે અંજન એના ગાલોમાં છે ખંજન,
યમુના રૂપરૂપનો અંબાર મારા હૃદય તણો ગુલઝાર. ૨.
એના નાકે છે નકવેસર એનો પટકો જાણે કેસર,
યમુના શ્યામ તણો શણગાર મારા હૈયા કેરો હાર. ૩.
એના કરમાં કંકણ કણકે એના પગમાં ઝાંઝર ઝણકે,
યમુના સ્નેહ તણો ઝંકાર મારા મનનો ઝણકે તાર. ૪.
એના મુખમાં ગીતો ગુંજે એનો આનંદ ઉરની કુંજે,
યમુના પ્રીત તણો સ્વીકાર મારા મનનો હરશે ભાર. ૫.
એનું મુખ છે પૂનમ જ્યોતિ એનું રૂપ છે નિર્મળ મોતી,
યમુના ભક્તિ તણો દરબાર મુજ પર વરસે અનરાધાર. ૬.
યમુના ‘શ્રાવણી’ને સુખ આપે યમુના દિલનાં દુઃખડાં કાપે,
યમુના સુંદરતાનો સાર મનડા યમુનાને સંભાર. ૭.

- (ગો. શ્રી ઈન્દિરાબેટીજી)



૧૦:૪. શ્લોક ચોથો

મૂળ શ્લોક

અનન્ત-ગુણ-ભૂષિતે, શિવ-વિરંચિ-દેવ-સ્તુતે;
ઘનાઘનનિભે સદા, ધ્રુવ-પરાશરાભીષ્ટદે ।
વિશુદ્ધ-મથુરા-તટે, સકલ-ગોપ-ગોપી-વૃતે;
કૃપાજલધિ-સંશ્રિતે, મમ મનસ્સુખં ભાવય ॥૪॥

પદ્યાનુવાદ

અનન્ત ગુણ-શોભતી, શિવ વિરંચિદેવ સ્તવી;
સુઘેરી ઘનક્રાંતિની, ધ્રુવપરાશરો તોષતી;
વિશુદ્ધ મથુરા તટે, વીંટઈ ગોપગોપીકુલે;
કૃપાનિધિની શર્ણિલી, મમ મનોરથોને પૂરે. (૪)

અન્વયાર્થ :

અનન્ત ગુણભૂષિતે = અસંખ્ય ગુણોથી શોભતાં; **શિવ-વિરંચિ-દેવ-સ્તુતેઃ** શિવ-બ્રહ્મા જેવો દેવ જેમની સ્તુતિ કરે છે; **ઘનાઘનનિભે** = ઘેરાયેલાં વાદળો જેવાં શ્યામ; **સદા** = હમેશાં; **ધ્રુવપરાશરાભીષ્ટદે** = ધ્રુવ, પરાશર (જેવા તપસ્વીઓ)ને ઈચ્છિત ફળ આપનારાં; **વિશુદ્ધ મથુરાતટે** = જેમના કિનારે વિશુદ્ધ મથુરા નગરી આવેલી છે તેવાં; **સકલગોપગોપીવૃતે** = સર્વ ગોપ-ગોપિકાઓથી વીંટળાયેલાં; **કૃપાજલધિસંશ્રિતે** = કૃપાના સાગર (શ્રીકૃષ્ણ)ને મળનારાં (શ્રીયમુનાજી); **મમ મનસ્સુખં ભાવય** = મારા મનને સુખ આપો. (૪)

શ્લોકાર્થ :

અસંખ્ય ગુણોથી શોભતાં; શિવ, બ્રહ્મા જેવા દેવો પણ જેમની સ્તુતિ કરે છે એવાં, ઘેરાયેલાં વાદળો જેવાં શ્યામ; તેમના તટ પર તપ કરતા ધ્રુવ, પરાશર જેવા તપસ્વીઓને હમેશાં તેમનાં ઈચ્છિત ફળ આપનારાં, જેમના કિનારા પર વિશુદ્ધ એવી મથુરાનગરી આવેલી છે એવાં, સર્વ ગોપ-ગોપીઓથી વીંટળાયેલાં, કૃપાના સાગર એવા શ્રીકૃષ્ણને મળનારાં શ્રીયમુનાજી! મારા મનને તમે સુખ આપો. (૪)

વિવૃત્તિ-અર્થ અને વિવરણ :

ત્રીજા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આપણને કલિંદ પર્વતથી હજારો કિલોમીટરનો માર્ગ કાપીને વ્રજમંડળમાં લઈ ગયા હતા, જ્યાં શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાનો વિવાહખેલ થયો. વ્રજમંડળના લગ્નમંડપમાં ગીત ગાતી સખીઓથી ઘેરાઈને, મોતીનાં કંકણો આદિ ષોડશ શૃંગાર ધરી, પુષ્ટ-નિતંબા, ષોડશ-સુંદરી શ્રીયમુનાજી પ્રાણનાથને વરવા પધાર્યાં હતાં. તેમનું અલૌકિક લગ્ન સંપન્ન થયું. તેઓ પ્રભુનાં પત્ની જ નહિ, પ્રિયા બન્યાં. સંસ્કૃતમાં 'પ્રિય'નો અર્થ કર્યો : ''પ્રિયે તર્પણે.'' જે પ્રેમીને માટે તર્પણ કરે - ત્યાગ કરે તે પ્રિયા. આવાં નિષ્કામ, નિઃસ્વાર્થભાવવાળાં હોવાથી શ્રીયમુનાજી શ્રીકૃષ્ણનાં તુર્ય પ્રિયા - નિર્ગુણાસ્વામિની બન્યાં.

આવાં શ્રીયમુનાજીને ગલબાંહી દઈ, શ્રીકૃષ્ણ યુગલ-સ્વરૂપે કુંજ-સદનમાં પધારી રહ્યાં છે, ત્યારે શ્રીમહાપ્રભુજી જાણે કહી રહ્યા છે : ''યુગલવર આવત હૈં ગઠજોરે.'' આ ભાવ શ્રીમહાપ્રભુજી આ ચોથા શ્લોકમાં વ્યક્ત કરે છે. યુગલસ્વરૂપનું રૂપ અને શૃંગાર જ સમાન નથી, પણ ગુણોનીયે સમાનતા છે, એ વાત શ્રીમહાપ્રભુજી બતાવી રહ્યા છે. આમ, આ શ્લોકમાં શ્રીયમુનાજીના ગુણો-ધર્મોનું નિરૂપણ છે, અને તે પણ એવી કલાત્મકત્તાથી, ચતુરાઈપૂર્વક કે એક પણ અક્ષરને આઘોપાછો કર્યા વિના આખો શ્લોક શ્રીઠાકોરજીને પણ લાગુ પડે અને શ્રીયમુનાજીને પણ લાગુ પડે! આ રહસ્ય શ્રીગુસાંઈજી સહિત, સર્વ મહાનુભાવ ટીકાકારોએ પ્રકટ કર્યું છે. આપણે તે સમજીએ.

'ભગવાન' શબ્દમાં એક પદ છે ''ભગ.'' - ભગ એટલે અલૌકિક ગુણો, અલૌકિક સામર્થ્ય. જેમનામાં અલૌકિક ગુણો છે, તે ભગવાન. મનુષ્યોમાં રહેલા ગુણો કરતાં ભગવાનમાં રહેલા ગુણો જુદા છે. બ્રહ્માંડમાં કેટલાક જડ-ચેતન પદાર્થો પરમાત્માની પ્રકૃતિના રૂપમાંથી પ્રકટ થયેલા છે. આવા પ્રત્યેક પદાર્થમાં પ્રકૃતિના ગુણો રહેલા છે, તેથી તે ગુણો પ્રાકૃત ગુણો ગણી શકાય એટલા હોય છે. તેમાં મુખ્યત્વે ત્રણ ગુણો બતાવવામાં આવ્યા છે : સત્ત્વ, રજસ અને તમસ્‌. જેનામાં સત્ત્વગુણની પ્રધાનતા હોય તે સાત્ત્વિક કહેવાય. પ્રાકૃત ગુણો ગણી શકાય એટલા હોય છે. તેમાં મુખ્યત્વે ત્રણ ગુણો બતાવવામાં આવ્યા છે : સત્ત્વ, રજસ અને તમસ્‌. જેનામાં સત્ત્વગુણની પ્રધાનતા હોય તે સાત્ત્વિક કહેવાય. જેનામા રજોગુણની પ્રધાનતા હોય તે રાજસ કહેવાય અને જેનામાં તમોગુણની પ્રધાનતા હોય તે તામસ કહેવાય.

ભગવાનમાં આવા પ્રાકૃત ગુણો નથી. તેમનામાં અપ્રાકૃત દિવ્ય ગુણો છે. જેમનામાં પ્રાકૃત ગુણોનો અભાવ હોય અને અપ્રાકૃત ગુણો હોય, તેમને નિર્ગુણ કહેવામાં આવે છે. જેમનામાં પ્રાકૃત ગુણો હોય તેમને સગુણ કહેવામાં આવે છે. ભગવાનને પ્રાકૃત ગુણોથી સર્વથા રહિત માની શકાય નહિ; કારણ કે જગત પ્રકટ કરવા માટે ભગવાને ધારણ કરેલાં અનેક રૂપોમાં પ્રકૃતિનું પણ એક રૂપ છે. આ પ્રકૃતિ પરમાત્મામાં રહેતી હોય, તો પરમાત્મામાં પ્રાકૃત ગુણો પણ સ્વીકારવા પડે. પરમાત્માના સ્વરૂપમાં પ્રાકૃત ગુણો છુપાયેલા છે, પ્રકટ નથી; તેથી પરમાત્મા નિર્ગુણ છે; જ્યારે આપણે મનુષ્યો સગુણ છીએ.

ભાગવતમાં કહ્યું છે કે જે વસ્તુ કે વ્યક્તિ ભગવાન શ્રીકૃષ્ણમાં નિષ્ઠ થાય છે તે નિર્ગુણ બને છે. આ સિદ્ધાંત પ્રમાણે વ્રજમાં પ્રકટ થયેલાં શ્રીકૃષ્ણનાં સ્વામિનીઓ પણ શ્રીકૃષ્ણમાં નિષ્ઠ હતાં; છતાં આગલા શ્લોકમાં ટીકાકારોએ ત્રણ સ્વામિનીઓને સગુણ બતાવ્યાં. એનું કારણ એ છે કે ભગવાને પૃથ્વી પર મનુષ્યરૂપે પોતાની લીલાઓ પ્રકટ કરી છે, તેથી તે લીલાઓ અને તેમાં જોડાનાર ભક્તોમાં ક્યારેક પ્રાકૃત ગુણોનો આભાસ જણાય છે. આ પ્રાકૃત ગુણો ભગવાને પોતાની યોગમાયા શક્તિ દ્વારા પ્રકટ કર્યા છે. વિવિધ સ્વભાવથી લીલાને રસાત્મક બનાવવા ગોપિકાઓ ગુણાતીત હોવા છતાં અપેક્ષિત લીલા પ્રમાણે તેમનામાં સગુણતા પ્રકટ કરી છે; જ્યારે શ્રીયમુનાજી નિત્યલીલાધામની જેમ જ પૃથ્વી પર પણ અપ્રાકૃત ગુણોવાળાં અર્થાત્ નિર્ગુણ છે. આમ, શ્રીકૃષ્ણ અને શ્રીયમુના બંને નિર્ગુણ હોઈને તત્ત્વતઃ એક જ છે. એક પુરુષોત્તમ છે, તો બીજાં પ્રિયોત્તમા છે. બાકી બંનેનાં રૂપ, ગુણ અને ધર્મ એક જ છે, એમ આ શ્લોક દ્વારા શ્રીમહાપ્રભુજી સમજાવે છે.

ભગવાનમાં છ અલૌકિક દિવ્ય ગુણો અર્થાત્ ધર્મો રહેલા છે. જે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય તરીકે પ્રસિદ્ધ છે. શ્રીહરિરાયજી સમજાવે છે કે ભગવાન મર્યાદાભક્તો માટે મર્યાદા-પુરુષોત્તમ તરીકે પ્રકટ થાય છે, જ્યારે ભગવાન મર્યાદા પુરુષોત્તમ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે આ ધર્મો ભગવાનના મર્યાદા ધર્મો રૂપે જણાય છે, અને જ્યારે ભગવાન પુષ્ટિપુરુષોત્તમ સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે આ ધર્મો પુષ્ટિધર્મોરૂપે વ્યક્ત થાય છે. શ્રીમહાપ્રભુજીએ 'વેણુગીત'નાં સુબોધિનીમાં તે સમજાવ્યું છે. આ છ ધર્મો મનુષ્યોમાં પણ પ્રાકૃતરૂપે જોવા મળે છે. પ્રાકૃત-સ્વરૂપે, મર્યાદા-સ્વરૂપે અને પુષ્ટિ-સ્વરૂપે આ છ ધર્મોમાં રહેલો તફાવત આપણે સમજી લઈએ.

ધર્મો-ગુણો	પ્રાકૃત સ્વરૂપ	મર્યાદા સ્વરૂપ	પુષ્ટિસ્વરૂપ
ઐશ્વર્ય	ભૌતિક-સત્તા	ત્રિલોકની સત્તા	અલૌકિક સામર્થ્ય
વીર્ય	ભૌતિક બળ	દિવ્ય બળ	લીલા માટે દિવ્ય બળ
યશ	કીર્તિ	દિવ્ય કીર્તિ	ભક્તોનો યશવિસ્તાર
શ્રી	ભૌતિક સંપત્તિ	દિવ્ય સંપત્તિ	લીલોપયોગી અલૌકિક સંપત્તિ
જ્ઞાન	ભૌતિક જ્ઞાન	ત્રિલોકનું ત્રિકાળ જ્ઞાન	લીલાપરક દિવ્ય જ્ઞાન
વૈરાગ્ય	ત્યાગ	અનાસક્તિ	ભક્તો માટે સ્વસુખનો ત્યાગ.

આ છ ગુણો ભગવાનના દિવ્ય ધર્મો છે. આ દિવ્ય ધર્મોને ભગવાન સદૈવ ધારણ કરતા હોવાથી તેઓ 'ધર્મી' કહેવાય છે. જેમ સૂર્યથી સૂર્યનાં કિરણો અલગ નથી, તેમ ધર્મી - સ્વરૂપ ભગવાનથી તેમના દિવ્ય ધર્મો પણ અલગ નથી. આથી શાસ્ત્રોએ ભગવાનનું સાત સ્વરૂપે વર્ણન કર્યું છે. માટે અહીં શ્રીમહાપ્રભુજી પણ સાત પદાવલીઓમાં (છ પદાવલીઓથી ધર્મોનું અને એક પદાવલીથી ધર્મી સ્વરૂપનું) વર્ણન કરે છે. આપણે આગળ જોયું તેમ, શ્રીકૃષ્ણ અને શ્રીયમુના તત્ત્વતઃ એક જ છે, તેથી એક જ પદાવલીથી અહીં બંનેના ગુણોનું નિરૂપણ કર્યું છે.

સંસ્કૃત વ્યાકરણની સુંદર ખૂબી અહીં પ્રકટ થઈ છે. આ પદાવલીઓ શ્રીકૃષ્ણને લાગુ પાડવા સપ્તમી એકવચનના રૂપે સમજાય છે અને શ્રીયમુનાજીને લાગુ પાડવા સંબોધન એકવચનના રૂપે સમજાય છે; કારણ પુંલિંગનાં રૂપોની સપ્તમી એકવચન અને સ્ત્રીલિંગનાં રૂપોનું સંબોધન એકવચન એક જ થાય છે. ભૂમિતિનો Congruent Triangles નો નિયમ જાણે લાગુ ન પાડ્યો હોય!

કઈ પદાવલીઓ ધર્મ-સ્વરૂપનું નિરૂપણ કરે છે અને કઈ પદાવલી ધર્મીસ્વરૂપનું નિરૂપણ કરે છે, એ બાબતમાં બે મત મળે છે : (૧) શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીનો તથા (૨) શ્રીપુરુષોત્તમજીનો. આ બંને મતો નીચેના કોઠાથી સમજીએ :

ધર્મ/ધર્મી સ્વરૂપ	શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીના મતે	શ્રીપુરુષોત્તમજીના મતે
ઐશ્વર્ય	અનંતગુણભૂષિતે	અનંતગુણભૂષિતે
વીર્ય	શિવવિરંચિદેવસ્તુતે	શિવવિરંચિદેવસ્તુતે
યશ	ઘનાઘનનિભે	ધ્રુવપરાશરાભીષ્ટદે

શ્રી	ધ્રુવપરાશરાભીષ્ટદે	સકલગોપગોપીવૃતે
જ્ઞાન	વિશુદ્ધમથુરાતટે	વિશુદ્ધમથુરાતટે
વૈરાગ્ય	સકલગોપગોપીવૃતે	કૃપાજલધિસંશ્રિતે
ધર્મી-સ્વરૂપ	કૃપાજલધિસંશ્રિતે	ઘનાઘનનિભે

હવે એક પછી એક પદાવલીઓના અર્થ સમજીએ. આપણે ઉપર જોઈ ગયા તે સાત પદાવલીઓ પૈકી બે પદાવલીઓને ધર્મી-સ્વરૂપના અર્થમાં સ્વીકારવામાં આવી : (૧) ઘનાઘનનિભે અને (૨) કૃપાજલધિસંશ્રિતે. અર્થાત્ આ બે પદાવલીઓ શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાની સંજ્ઞારૂપ ગણાઈ; બાકીની છ પદાવલીઓને વિશેષણરૂપ ગણવામાં આવી છે. પહેલાં વિશેષણરૂપ બે પદાવલીઓનો અર્થ જોઈએ.

(૧) ઘનાઘનનિભે : 'ઘનાઘન' શબ્દના બે અર્થ છે : (૧) મારનાર, (૨) ગાઢ મેઘ. અહીં બીજો અર્થ લેવામાં આવ્યો છે. ભગવાનનું નામ કૃષ્ણ છે. કૃષ્ણ શબ્દનો અર્થ મેઘશ્યામ થાય છે. શ્રીભાગવતમાં શ્રીયમુનાજીને પણ કૃષ્ણા કહ્યાં છે. આકાશ તેની ગહનતાના કારણે નીલશ્યામ દેખાય છે; તેમ ભગવાન પણ તેમના આનંદની ગહનતાને લીધે શ્યામ જણાય છે. બંનેની શ્યામલતામાં એક પાયાનો તફાવત છે. આકાશની શ્યામલતા વાસ્તવિક નથી. તે ભ્રાંતિજન્ય છે; જ્યારે ભગવાનની શ્યામલતા, શૃંગારરસના સ્થાયીભાવ સ્નેહને કારણે છે. ભગવાનનો શ્યામ વર્ણ સત્ય છે, કાલ્પનિક કે વાસ્તવિક નથી. આ પદાવલી શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીનાં મુખ્ય સ્વરૂપ વ્યક્ત કરે છે, તેથી શ્રીપુરુષોત્તમજી આ પદાવલીને વિશેષણ ગણે છે. તે ધર્મી-સ્વરૂપ માટે વપરાઈ છે એમ કહે છે.

(૨) કૃપાજલધિસંશ્રિતે : કૃપા ભગવાનનો નિત્ય પ્રકટ ગુણ છે. તે સ્વરૂપાત્મક છે. ભગવાનના બીજા ગુણો કરતાં કૃપાગુણની એક વિશેષતા છે. બીજા ગુણો પણ ભગવાનમાં નિત્ય છે; પરંતુ હમેશાં પ્રકટ નથી. બીજા ગુણો સમયે સમયે જણાય છે; જ્યારે કૃપાગુણ ભગવાનની બધી લીલાઓમાં નિત્ય પ્રકટ છે. કૃપા વિના કોઈ પણ લીલા સંભવિત નથી, માટે આ પદ ભગવાનના સ્વરૂપનો બોધ કરાવનારું હોવાથી તેને વિશેષ વાચક પદ કહ્યું છે. શ્રીયમુનાજી કૃપાસાગર ભગવાન શ્રીકૃષ્ણમાં અભિન્નરૂપે રહેલાં હોવાથી આ પદથી શ્રીયમુનાજીના સ્વરૂપનો પણ બોધ થાય છે. શિવ-પાર્વતીની જેમ શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાનું યુગલ અર્ધ-નારીશ્વરના રૂપમાં દર્શનીય છે. શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી આ પદાવલીને ધર્મીસ્વરૂપ વ્યક્ત કરનારી પદાવલી કહે છે.

આમ, આ બે પદાવલીઓથી શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીનાં ધર્મીસ્વરૂપોનું રહસ્ય જોયું. હવે, અન્ય છ પદાવલીઓથી તેમનાં ગુણ-સ્વરૂપોનું રહસ્ય સમજીએ.

(૧) ઐશ્વર્ય - "અનંતગુણભૂષિતે" : ભગવાનના ગુણોની ગણતરી કરવી અશક્ય છે. ભગવાન અનંત ગુણોથી શોભાયમાન છે. દિવ્ય અલૌકિક ગુણો એ જ ભગવાનનાં આભૂષણો છે. ભગવાનના આ સર્વ ગુણો શ્રીયમુનાજીમાં પણ છે. લૌકિક ગુણ અલ્પ સમય માટે હોય છે. તે પ્રકટે છે અને વિલીન પણ થાય છે; જ્યારે ભગવાનના ગુણો સદા માટે એકસરખા હોય છે. ભગવાન આ ઐશ્વર્ય ગુણો છે. દુનિયાના ગુણો કાળને અધીન છે; જ્યારે ભગવાનના ગુણો કાળથી પર છે. ભગવાનનું આ અલૌકિક ઐશ્વર્ય શ્રીયમુનાજીમાં પણ છે. માટે આ પદાવલીથી બંને સ્વરૂપોનો પહેલો ધર્મ ઐશ્વર્ય બતાવ્યો.

શ્રીદ્વારકેશજી કહે છે કે ભગવાનના અનંત અપાર અલૌકિક ગુણો ઉપરાંત ભક્ત-મનોરથપૂરક વગેરે વિશેષ ગુણો પણ શ્રીયમુનાજીમાં રહેલા છે.

(૨) વીર્ય - "શિવવિરંચિદેવસ્તુતે" : ભગવાનના ગુણોની સ્તુતિ મનુષ્યોએ અને દેવોએ જ નથી કરી; પણ બ્રહ્મા અને મહાદેવજી જેવા મહાદેવોએ પણ કરી છે. આ સ્તુતિ દ્વારા તેમણે ભગવાનના વીર્ય ગુણનો સ્વીકાર કર્યો છે. જેમ દેવો અને મહાદેવોએ ભગવાનની સ્તુતિ કરી છે, તેમ તેમણે શ્રીયમુનાજીની પણ સ્તુતિ કરી છે. આથી સમજાય છે કે ભગવાનમાં રહેલો અલૌકિક વીર્ય ગુણ શ્રીયમુનાજીમાં પણ રહેલો છે. આથી, શ્રીયમુનાજી પોતાના ભક્તોને ભગવાનની સાક્ષાત્ પ્રાપ્તિ કરાવવાનું અલૌકિક બળ ધરાવનારાં છે.

(૩) યશ - 'ઘનાઘનનિભે' અને 'ધ્રુવપરાશરાભીષ્ટદે' : દુનિયાનો નિયમ છે કે દાન આપનારાઓનો યશ જગતમાં સૌથી અધિક ફેલાય છે. શ્રીયમુનાજીના કિનારે ધ્રુવ જેવા અબુધ બાળકથી લઈને પરાશર મુનિ જેવા મહાજ્ઞાનીઓએ તપ કર્યું છે. શ્રીયમુનાજીના કિનારે તપ કરવાથી આ તપસ્વીઓની ઈચ્છા સફળ થઈ છે. ભગવાને આ તપસ્વીઓને ઈચ્છિત વરદાન આપ્યાં હોવાથી તેમાં ભગવાનનો યશ પ્રકટ થાય છે. શ્રીયમુનાજીના કિનારે કરેલા તપનું તેમને ફળ મળ્યું; કારણ કે શ્રીયમુનાજીએ તેમના પર કૃપા કરી તેમને ફળ આપવા માટે ભગવાનને પ્રેર્યા છે. માટે આ ફળદાનનો યશ જેટલો ભગવાનને છે, તેટલો જ શ્રીયમુનાજીને પણ છે. શ્રીપુરુષોત્તમજીએ ભગવાનના યશગુણને આ પદાવલીથી સમજાવ્યો.

શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી 'ઘનાઘનનિભે' પદાવલીથી ભગવાનના અને શ્રીયમુનાજીના યશગુણનું વર્ણન કરે છે. સજલ શ્યામમેઘ વરસાદ દ્વારા જગતના તાપને હરે છે. ઘાસ, અનાજ, જળ વગેરેનું દાન કરે છે. આથી તેમનો યશ જગતમાં પ્રસિદ્ધ છે. તેવી રીતે શ્યામસુંદર શ્રીયમુનાજી અને શ્રીકૃષ્ણ જગતના સર્વ તાપોને હરી લઈ જીવોને ભક્તિમય, આનંદમય જીવનનું દાન કરે છે, તેથી તેમનો યશ પ્રસિદ્ધ છે.

(૪) શ્રી - "સકલગોપગોપીવૃતે" અને "ધ્રુવપરાશરાભીષ્ટદે": રાસપંચાધ્યાયીમાં ભગવાનના શ્રીગુણનું નિરૂપણ છે. ગોપિકાઓને ભગવાનમાં માનભાવ જાગતાં, એના નિવારણ માટે ભગવાન અંતર્ધાન થઈ ગયા. આથી ગોપીજનોમાં વિરહતાપ અને દીનતા પ્રકટ થયાં, ત્યારે શ્રીયમુનાજીના કિનારે ગોપીજનોના મંડળ વચ્ચે ભગવાન ફરીથી પ્રકટ થયા. ગોપીજનોથી ઘેરાયેલા ભગવાનની શોભા-શ્રીગુણનું વર્ણન ભાગવતમાં છે. આમ, શ્રીયમુનાજીના કિનારે ભગવાન શ્રીકૃષ્ણ સર્વ ગોપીઓથી ઘેરાયેલા બિરાજે છે. દિવસકાલીન ગૌચારણ જેવી લીલાઓમાં તેઓ ગોપબાળકોથી ઘેરાયેલા રહે છે; જ્યારે રાત્રિકાલીન રાસ આદિ લીલાઓમાં ગોપીજનોથી ઘેરાયેલા રહે છે. ત્રણે ગુણપ્રધાન ગોપીજનો અને ગોપબાળકોને પોતાના લીલારસનો તેઓ અનુભવ કરાવે છે. આથી "સકલગોપગોપીવૃતે" એમ કહ્યું. 'સકલ' શબ્દનો અર્થ પહેલા શ્લોકમાં શ્રીદ્વારકેશજીએ સર્વ કલાઓ સહિત શ્રીકૃષ્ણ એવો સમજાવ્યો હતો. તે અર્થ લેતાં સર્વ કલાયુક્ત ભગવાન સહિત ગોપગોપીઓથી શ્રીયમુનાજી ઘેરાયેલાં છે અને તેથી અધિક શોભી રહ્યાં છે એવો શ્રીયમુનાજીનો 'શ્રીગુણ' પણ આ પદાવલીથી સમજાય છે. શ્રીપુરુષોત્તમજીએ ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીનો શ્રી-ગુણ આ પદાવલીથી આ પ્રમાણે સમજાવ્યો.

શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીના મતે "ધ્રુવપરાશરાભીષ્ટદે" પદાવલી ઉભય સ્વરૂપનો શ્રી-ગુણ પ્રગટ કરે છે. વેણુગીતનાં સુબોધિનીમાં શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે ભક્તોની શ્રી-શોભા-ના વર્ણનથી ભગવાનની શ્રી સમજાય છે. અર્થાત્ જેમના ભક્તો આટલા શ્રી-ગુણ-સંપન્ન હોય એમના સ્વામી ભગવાનના શ્રી-ગુણની તો વાત જ શી કરવી? આ સિદ્ધાંત પ્રમાણે અહીં શ્રીયમુનાજીના કિનારે આશ્રય લેનારા ધ્રુવ જેવા અબુધ બાળકથી લઈને પરાશર જેવા મહામુનિ સુધીના સૌ ભક્તોને દિવ્ય ઐશ્વર્યરૂપી શ્રી અને દિવ્ય જ્ઞાનરૂપી શ્રી પ્રાપ્ત થઈ છે. જેમની કૃપાથી ભક્તોને આવી દિવ્ય શ્રી પ્રાપ્ત થાય તેમની પોતાની દિવ્ય શ્રીનું તો

વર્ણન જ કેવી રીતે થાય? આમ, આ પદાવલી શ્રીયમુનાજી શ્રીકૃષ્ણની શ્રી-શોભા-નું નિરૂપણ કરનારી છે.

(૫) જ્ઞાન - "વિશુદ્ધમથુરાતટે" : મથુરા નગરી શ્રીયમુનાજીના કિનારે વસેલી છે. વળી, તે ભગવાન શ્રીકૃષ્ણના સાન્નિધ્યને પામેલી છે. ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાના જ્ઞાનરૂપ ગુણનો પ્રભાવ મથુરાનગરી પર થયો છે. જ્ઞાનનો સ્વભાવ તેના સંપર્કમાં આવનારને વિશુદ્ધ બનાવવાનો છે. આથી મથુરાનગરી શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીના સાન્નિધ્યથી વિશુદ્ધ બનેલી છે, પરિણામે સર્વ પ્રકારે મોક્ષ આપનારી છે, જે ભગવલ્લીલાનું સ્થાન બનતાં ભક્તિ આપનારી બની છે. આમ, આ પદાવલી શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીના જ્ઞાન-ગુણનું સૂચન કરે છે.

(૬) વૈરાગ્ય - "કૃપાજલધિસંશ્રિતે" અને "સકલગોપગોપીવૃતે" : દુનિયામાં એમ જોવા મળે છે કે લોભી માણસ કદી કૃપાળુ-દયાળુ-બની શકતો નથી. ત્યાગી માણસ જ કૃપાળુ બને છે. ભગવાન કૃપાસાગર છે, તેથી તેમને પોતાના પ્રત્યે જેટલો પ્રેમ નથી એટલો પ્રેમ પોતાના ભક્તો માટે છે. આથી તેઓ ભક્તો પર સતત કૃપા કરતા રહે છે. ભગવાનમાં કૃપાનો સાગર સતત લહેરાય છે. આવા કૃપાસાગર શ્રીકૃષ્ણનો દૃઢ આશ્રય કરીને શ્રીયમુનાજી રહેલાં છે. આથી, ભૌતિક સ્વરૂપે પણ યમુના નદી પૃથ્વી પરના ભૌતિક સાગરને મળતી નથી. શ્રીયમુનાજી શ્રીકૃષ્ણ જેવાં જ કૃપાસાગર હોવાથી તેમના શરણે આવેલા ભક્તોને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ કરાવી આપે છે. પ્રભુની લીલાઓનો આનંદ કેવળ પોતે જ પ્રાપ્ત કરે એવો સ્વાર્થભાવ શ્રીયમુનાજીમાં નથી. આમ શ્રીયમુનાજીમાં પણ ભગવાનની જેમ અન્ય ઉપર કૃપા કરવા માટે આવશ્યક વૈરાગ્ય ધર્મ રહેલો છે.

શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીના મતે "સકલગોપગોપીવૃતે" પદાવલીમાં વૈરાગ્ય ગુણનું નિરૂપણ છે. પોતાના ભક્તો એવાં ગોપ-ગોપીઓથી ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજી સતત ઘેરાયેલાં રહે છે. આથી એમ સમજાય છે કે તેમને ભક્તોમાં અત્યંત પ્રીતિ છે અને તે સિવાયની બાબતોમાં વૈરાગ્ય છે. શ્રીયમુનાજી ભક્તોનો પ્રેમ ભગવાન તરફ વધારે છે અને ભગવાનનો પ્રેમ ભક્તો તરફ વાળે છે. ભક્તોના માન જેવા દોષો અને વિરહતાપને પણ દૂર કરીને તેઓ ભક્ત અને ભગવાનમાં પરસ્પર માટેનો પ્રેમ વધારે છે.

પુષ્ટિમાર્ગીય સંન્યાસ - વૈરાગ્યનું સ્વરૂપ જુદું છે. ભગવાનનાં ચરણોમાં પ્રેમ રાખી, પોતાનું સર્વ કંઈ પ્રભુને નિવેદિત કરવું એ પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય છે;

તેથી શ્રીયમુનાજી ભક્ત અને ભગવાનને એકબીજા સાથે મળવામાં જે પ્રતિબંધો થાય, તે દૂર કરનારાં છે. આમ, આ પદથી શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીના વૈરાગ્ય ગુણનું નિરૂપણ કરવામાં આવ્યું.

શ્રીમહાપ્રભુજીએ આ પ્રમાણે સાત પદાવલિઓથી ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવતી શ્રીયમુનાજીના છ દિવ્ય ગુણો અને સાતમા દિવ્ય ધર્મી-સ્વરૂપનું નિરૂપણ કર્યું. હવે, તેઓ આ શ્લોકના છેલ્લા ચરણમાં શ્રીયમુનાજીને પ્રાર્થના કરે છે. આ પદાવલીઓને ભગવાન શ્રીકૃષ્ણમાં ઘટાવીએ, તો 'શ્રીયમુને!' પદ અધ્યાહાર સમજવું પડશે. તે રીતે જોતાં એવો અર્થ થશે કે હે શ્રીયમુને! આવા ભગવાનમાં મારા મનને જે પ્રકારે સુખ થાય તેમ તમે કરો. આ પદાવલીઓનો અર્થ શ્રીયમુનાજીમાં ઘટાવીએ, તો એવો અર્થ થશે કે આવા ગુણોવાળાં હે શ્રીયમુનાજી! મારા મનમાં જે જે સુખ યોગ્ય હોય તે તે સુખનું તમે મને દાન કરો. હું મારી શક્તિથી એ સુખનો અનુભવ કરી શકીશ નહિ. તમારામાં ભગવાને આઠ અલૌકિક ઐશ્વર્યો પધરાવ્યાં છે, ત્યારે તમે મારા મનમાં જે સુખો પ્રેરશો તેનો અનુભવ મને થશે. મારા મનમાં કયાં સુખોનું હું ભાવન કરું, તે મને કેવી રીતે પ્રાપ્ત થાય; તેનો વિચાર આપ જ કરો. તેના દ્વારા જ મને તે આનંદ પ્રાપ્ત થશે. અન્ય સાધનોથી મને તે આનંદ પ્રાપ્ત થવાનો નથી. આમ, શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીએ **''મમમનસ્સુખં ભાવય''** પંક્તિનો અર્થ બતાવ્યો.

શ્રીપુરુષોત્તમજી 'ભાવય' ક્રિયાપદનું રહસ્ય સમજાવે છે. તેમાં 'ભૂ' ધાતુ છે. તેનો એક અર્થ ઉત્પન્ન કરવું એવો થાય છે. બીજો અર્થ વ્યાપવું એવો થાય છે. અને ત્રીજો અર્થ મેળવી આપવું એવો પણ થાય છે. શ્રીમહાપ્રભુજી આ ત્રણેય અર્થોને લઈને શ્રીયમુનાજીને એવી વિનંતી કરે છે કે મારા મનમાં જે પ્રકારે ભગવત્સુખ પ્રકટે અને વ્યાપે તેમ તમે કરો. આ કાર્યકર્તા-સ્વરૂપે હું કરી શકવાનો નથી, એમ સૂચવવા અહીં ક્રિયાપદ 'ભાવય' પરસ્મૈપદમાં છે; આત્મને પદમાં નથી. સર્વ ટીકાકાર મહાનુભાવો બતાવે છે કે આ શ્લોકમાં શ્રીકૃષ્ણ અને શ્રીયમુનાજીના સમાન ધર્મોનું નિરૂપણ કરીને શ્રીયમુનાજી જીવોને વગર પ્રયત્ને પ્રભુનો સંબંધ કરાવી આપવાનું ચોથું ઐશ્વર્ય ધરાવે છે એમ બતાવવામાં આવ્યું 'કૃપાજલધિસંશ્રિતે' એ શ્રીયમુનાજીનું ચોથું અલૌકિક ઐશ્વર્ય છે. આમ, પ્રથમ ચાર શ્લોકોથી શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીનાં સ્વરૂપ અને ગુણોનું વર્ણન કર્યું.

કીર્તન સંગતિ

શ્રીયમુનાજીનાં આ છ દિવ્ય સ્વરૂપોનું નિરૂપણ જુદા જુદા ભક્તકવિઓએ નીચે પ્રમાણે કર્યું છે, તે માણીએ :

"અનંતગુણભૂષિતે"

૧. ગુણ અપાર મુખ એક કહાં લોં કહીએ,
તજો સાધન ભજો નામ શ્રીયમુનાજીકો. (શ્રીછીતસ્વામી)
૨. શ્રીયમુને અગનિત ગુન ગિને ન જાઈ. (શ્રીકુંભનદાસ)
૩. અનંતગુણભૂષિતે પ્રભાકર નંદિની
સકલ ગુણ વાંછિત હે પ્રભુ સમાને. (શ્રીહરિદાસ)

"શિવવિરંચિદેવસ્તુતે"

૧. શિવવિરંચ્યાદિ સબ દેવ સ્તુતિ કરે,
અરુ નારદાદિ મુનિ કરત ગાને.
યમુને મોહે પ્રાણ પતિ બેગ્રિ મિલવો,
હરિદાસ નિરખ શોભા બખાને. (શ્રીહરિદાસ)

"ઘનાઘનનિભેસદા"

૧. શ્યામ બરન શ્રીયમુનાજીકી શ્યામ બરન સમતુલ રી,
તવ પ્રણ મેઘ ઘટા જ્યોં ઉમગી સબહીન કી સુખમૂલ રી.
૨. શ્યામસંગ શ્યામ હ્વૈ રહી શ્રીયમુને.

"ધ્રુવપરાશરાભીષ્ટદે"

૧. ધ્રુવકો અચલ રાજ ઔર વાંછિત સોઈ સબ દેન કો અદેયદાને.
૨. ધ્રુવ વ્હે કો મધુવન યમુના તટ ગઈ દુ:ખનકી સૂલ રી.
૩. શુક, મુનિ આદિ પરાશર કે સુત ધ્રુવ કો દઈ અટલ રાજધાની.

"વિશુદ્ધમથુરાતટે"

૧. વિશુદ્ધ મથુરા તટે કૃષ્ણ સંગ વાસ હૈ,
દિવસમેં ગોપલીલા સહિત નિશામેં નાથ,
વ્રજ ભક્ત સબ પાસ હૈ.

"સકલ ગોપગોપીવૃતે"

તુમ હી સંગ સોભિત સદા ભામિની
ઓર વ્રજભામિની લિયે સબ સાથ સોં.

"કૃપાજલધિસંશ્રિતે"

કૃપાજલધિ પૂરન પુરુષોત્તમ પૂરન પ્રકટ પ્રમાન રી,
નિશદિન મિલત રહત તીન સોં હી તુમ હો રસ કી ખાન રી,
ઐસે પ્રભુસોં હમ હી મિલાવો બિનતી સુન ધર કાન રી.

"મમમનસ્સુખમ્ભાવય"

શ્રીયમુને મો મન મિલાવો નાથ સૌં.

હવે, આ શ્લોકના પદ્યાનુવાદોને માણીએ :

૧. અનંતગુણથી શોભતા સ્તુતિ દેવ બ્રહ્મા-શિવ કરે,
ઘનશ્યામ જેવા મેઘ સમ છે સ્વરૂપ સુંદર આપનું.
વિશુદ્ધ મથુરા આપના સાન્નિધ્યમાં શોભી રહ્યું,
સહુ ગોપગોપી વૃંદને ઇચ્છિત ફળ આપી રહ્યું,
મમ કોડ સહુ પૂરા કરો જેમ ધ્રુવપરાશરના કર્યા,
વંદન કરું શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો.

૨. ઘરચોળું ઓઢીને યમુના પ્રીતમ જોડે ચાલી રે,
મન ના માંડવડે મેં તો મોતીડે વધાવી રે. ૧.
રુમઝુમ રુમઝુમ ઝાંઝરિયાને ઝણકાવી એ આવી રે,
વાંકી આંખે પાછળ એ તો પ્રીતમ જોતી આવી રે. ૨.
માથે સહેરો કાને કુંડળ મુખ પર મરવટ માંડી રે,
પાનેતર ને ચુંદડી ઓઢી મન મંદિરિયે આવી રે. ૩.
આગળ યમુના પાછળ પ્રીતમ બંને જોડી ભાવી રે,
મારા મનના ભવન દ્વાર પર ચોખલીયે વધાવી રે. ૪.
કંકુવરણી પહેલી પગલી મનમંદિરિયે પાડી રે,
બીજે પગલે ફૂલડાં વેરી ભીતર ભવન સિધાવી રે. ૫.
નયન કુંભના જળથી મેં તો ચરણ જોડી પખાળી રે,
મસ્તક જેવું શ્રીફળ મૂકી ચરણો ઉપર વારી રે. ૬.
હૈયાના હીંચકે બેસાડી આરતી લઉં ઉતારી રે,
યમુના ને ગિરિધરને નીરખી 'શ્રાવણી' સુખમાં મહાલી રે. ૭.
મનડું મોટું કુંજસદન છે સદા બિરાજો વ્હાલી રે,
યમુના ને ગિરધરની જોડી 'શ્રાવણી' જાય બલિહારી રે. ૮.

■

૧૦:૫. શ્લોક પાંચમો

મૂળ શ્લોક

યયા ચરણ-પદ્મજા મુરરિપોઃ પ્રિયંભાવુકા
સમાગમનતોઽભવત્સકલ સિદ્ધિદા સેવતામ્ ।
તયા સદૃશતામિયાત્ કમલજા સપત્નીવ યદ્;
હરિપ્રિય-કલિન્દયા મનસિ મે સદા સ્થીયતામ્ ॥૫॥

પદ્યાનુવાદ

સમાગમથી તાહરા, હરિજી કેરી ગંગાજી યે,
કરે પ્રિયની ભાવના, સકલ સિદ્ધિ દે ભક્તને;
સમોવડ કદી હશે તુજ સપત્ની લક્ષ્મી સમાં,
હરિજનની ભીડભંજક! વસો મને માહરા. (૫)

અન્વયાર્થ :

યયા = જે (શ્રીયમુનાજી)ની સાથે; **સમાગમનતઃ** = સમાગમ થવાથી; **ચરણપદ્મજા** = ગંગાજી; **મુરરિપોઃ** = મુરારિ ભગવાન શ્રીકૃષ્ણને; **પ્રિયંભાવુકા** પ્રિય કાર્યો કરનારાં; **સેવતામ્** = (તથા) પોતાની સેવા કરનારા ભક્તોને; **સકલસિદ્ધિદા** = સર્વ સિદ્ધિઓ આપનારાં; **અભવત્** = બન્યાં; **તયા** = તે (શ્રીયમુનાજી)ની; **સદૃશતામ્** = સમાનતા; **કમલજા** = લક્ષ્મી; **ઈયાત્** = પ્રાપ્ત કરી શકે છે; **યત્** = કારણ કે; **સપત્ની ઈવ** = (તે લક્ષ્મી) શ્રીયમુનાજીનાં સપત્ની (શોક્ય) જેવાં છે; **હરિપ્રિય-કલિન્દયા** = ભગવાનને પ્રિય ભક્તોના દોષોનો નાશ કરનારાં (શ્રીયમુનાજી); **મે મનસિ** = મારા મનમાં (હૃદયમાં); **સદા** = હમેશાં; **સ્થીયતામ્** = બિરાજો. (૫)

શ્લોકાર્થ :

શ્રીયમુનાજીની સાથે સંગમ થવાથી શ્રીગંગાજી પણ ભગવાન શ્રીકૃષ્ણને પ્રિય કાર્યો કરનારાં બન્યાં તથા પોતાની સેવા કરનારા ભક્તોને સર્વ સિદ્ધિઓ

આપનારાં થયાં. એવાં હે શ્રીયમુનાજી! તમારી સમાનતા ફક્ત શ્રીલક્ષ્મીજી પામી શક્યાં છે, કારણ કે તેઓ શ્રીયમુનાજીનાં સપત્ની (શોક્ય) જેવાં છે. ભગવાનના પ્રિય ભક્તોના દોષોનો નાશ કરનારાં હે શ્રીયમુનાજી, મારા હૃદયમાં હમેશાં માટે બિરાજો. (૫)

વિવૃત્તિ-અર્થ અને વિવરણ :

દુનિયામાં મોટા બનવાના બે માર્ગો જાણીતા છે : (૧) બીજાં કરતાં વધુ સારાં કાર્યો કરીને, પોતાની લીટી બીજાની લીટી કરતાં લંબાવવી. (૨) આપણાં કાર્યોની બરોબરી કરે એવાં કાર્યો બીજાને ન કરવા દેવાં. પોતાની લીટી કરતાં બીજાની લીટીને ટૂંકાવવી. પહેલી રીતમાં હકારાત્મક અભિગમ છે, તો બીજી રીતમાં નકારાત્મક અભિગમ છે. પણ બંને રીતમાં આખરે તો મોટા બનવાની હરીફાઈ છે, તેથી સ્વાર્થ છે, લોભ-લાલસા છે, જે બીજાઓને દુઃખ પહોંચાડનાર બને છે.

આ લૌકિક વ્યવહાર છે. અલૌકિક વ્યવહાર તેનાથી જુદી જ દિશાનો હોય છે. શ્રીપ્રભુ અને શ્રીયમુનાજી પોતાનાં આશ્રિતોને તેમના અધિકારથી ય વધુ ફળ અને વધુ અધિકાર આપી, તેમને મોટાં બનાવે છે, પોતાના ભક્તોનો ઉત્કર્ષ કરે છે. ભક્તોના ઉત્કર્ષથી ભગવાનનો ઉત્કર્ષ જ જણાય છે. જેના ભક્તો આટલા સમર્થ અને મહાન હોય, તે ભગવાન કેટલા બધા સમર્થ અને મહાન હશે! ભગવાન ભક્તોની લીટી લંબાવી, મોટી કરે છે. તેથી તેમની પોતાની લીટી કેટલી મોટી છે, તે આપોઆપ સમજાય છે.

આથી અહીં પાંચમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીનો ઉત્કર્ષ-મહાનતા બતાવે છે. શ્રીયમુનાજીએ પણ શ્રીકૃષ્ણની જેમ બીજાને મહાનતા આપી છે. શ્રીયમુનાજી પાસેથી મહાનતા પામનારાં પણ સામાન્ય ભક્તો નથી; ગંગાજી અને લક્ષ્મીજી છે. ગંગાજી અને લક્ષ્મીજી જેવાં સમર્થ ભગવદીયોને પણ જે વધુ મહાન બનાવે, તે શ્રીયમુનાજીની મહાનતા કેટલી!

શ્રીગુસાંઈજી આ શ્લોકની 'વિવૃત્તિ'નો પ્રારંભ 'અથ' શબ્દથી કરે છે. સર્વ ટીકાકાર મહાનુભાવોના મતે 'અથ' શબ્દ અન્ય વિષયની શરૂઆત સૂચવનારો છે. પ્રથમ ચાર શ્લોકોમાં શ્રીયમુનાજીના ગુણોનું જે વર્ણન થયું, તે ગુણો અનંત-અપાર છે. તેમનું વિશેષ વર્ણન હવે વાણીથી કરવું અશક્ય છે. શ્રીયમુનાજીના આવા ગુણો દ્વારા - તેમના ઉત્કર્ષનું - મહાનતાનું વર્ણન ક્યાં સુધી કરાય? માટે

હવે આ શ્લોકમાં શ્રીયમુનાજીના પરમ ઉત્કર્ષને બતાવવા, તેમના ભક્તોના ઉત્કર્ષનું નિરૂપણ કરે છે. આમ સૂચવવા માટે 'અથ' શબ્દનો શ્રીગુસાંઈજીએ પ્રયોગ કર્યો છે.

શ્રીહરિરાયજીના મતે ભગવદીયતા પ્રાપ્ત થવી એ જીવનો પરમ ઉત્કર્ષ છે; કારણ કે શ્રીમહાપ્રભુજીનું વચન છે "ભગવદીયત્વેન સર્વાયઃ પરિસમાપ્તા" 'ભગવદીયતા પ્રાપ્ત થતાં, પૂર્ણ રીતે ભગવાનના બની જતાં - સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થાય છે. ભગવાન પ્રાપ્ત થયા પછી બીજી શી કામના રહે? "યદિ **શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ, તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈર્વૈદિકૈરપિ?"** અર્થાત્ જો આપણે આપણા હૃદયમાં સર્વાત્મભાવથી શ્રીગોકુલાધીશને પધરાવી લીધા છે, તો હવે લોક-વેદની કઈ કામના બાકી રહી જાય, તે બતાવો. અર્થાત્ કોઈ કામના બાકી ન રહે. અપૂર્ણ જીવ પૂર્ણત્વને પામે. આવી ઉત્તમોત્તમ ભગવદીયતા ભગવાન આપે છે - તે કેવળ તેમની કૃપાશક્તિથી જ આપે છે. ભગવદીયતા આપણાં સાધન-શક્તિથી પ્રાપ્ત થતી નથી. આવી ભગવત્કૃપાથી ભગવદીય બનેલાઓના ઉત્કર્ષને શ્રીયમુનાજી વિશેષ સિદ્ધિઓના દાન દ્વારા પરમ ઉત્કર્ષમાં પરિવર્તિત કરે છે! આમ થવાથી શ્રીયમુનાજીનો પરમ ઉત્કર્ષ જ સમજાય છે. શ્રીયમુનાજીના આવા પરમ ઉત્કર્ષનું નિરૂપણ આ શ્લોકમાં છે.

શ્રીદ્વારકેશજી આજ્ઞા કરે છે : શ્રીગુસાંઈજીએ 'વિવૃત્તિ'માં "ભગવદીયાનામ્" એમ બહુવચનનો પ્રયોગ કર્યો છે, તે દ્વારા ચાર ભગવદીયોનું સ્મરણ થાય છે : લક્ષ્મી, ગંગા, સરસ્વતી, તુલસી. 'વિષ્ણુપુરાણ'ના મતે લક્ષ્મી કમળમાંથી જન્મ્યાં છે, તેથી તેઓ 'પદ્મજા' કહેવાય છે. ગંગા ભગવાનનાં ચરણકમળોમાંથી જન્મ્યાં છે, એમ પૌરાણિક કથાઓથી સમજાય છે; એમ શ્રીપુરુષોત્તમજીએ બતાવ્યું છે.

તુલસી ભગવાનનાં ચરણકમળોમાં રહેનારાં છે, માટે તેઓ પણ ગંગાજીની જેમ 'ચરણપદ્મજા' છે. સરસ્વતી ભગવાનના મુખમાંથી પ્રકટ થાય છે, તેથી 'મુખપદ્મજા' છે એમ શ્રીભાગવતમાં કહ્યું છે. આ ચારે દેવીઓ 'ભગવદીય' છે. તેથી તેઓ પોતાના ઉત્કર્ષથી અન્યનો પણ ઉત્કર્ષ કરનારાં છે; પરંતુ શ્રીયમુનાજી તેમનામાં અધિક ઉત્કર્ષ પ્રકટ કરનારાં છે. માટે શ્રીગુસાંઈજી એમ આજ્ઞા કરે છે કે ભગવદીયોમાં પણ ઉત્કર્ષ વધારનારાં શ્રીયમુનાજીના ઉત્કર્ષનું વર્ણન કોણ કરી શકે? "કૌન પે જાત શ્રીયમુને જુ બરની?" "શ્રીયમુનાજીકી મહિમા મો પે બરની ન જાઈ." "રસના એક, ગુન અપાર કહાં લૌ બખાનૌ? સપ્ત સમુદ્ર સ્યાહી, કલ્પદ્રુમ

લેખન, પત્રભૂમિ તિહું લોકકી આનૌ.'' ''યે હિ ગુનગાન રસખાન, રસના એક, સહસ્ર રસના કયોં ન દઈ બિધાતા?''

શ્રીમહાપ્રભુજીએ ભગવદીયોના ઉત્કર્ષ દ્વારા શ્રીયમુનાજીના પરમ ઉત્કર્ષનું નિરૂપણ કરવા, ગંગાજીની વાત કરતાં, ગંગાજીને 'ચરણપદ્મજા' કેમ કહ્યાં? એનું સ્પષ્ટીકરણ શ્રીહરિરાયજી કરે છે : બ્રહ્માજી ભગવાનના નાભિ-કમળમાંથી જન્મ્યા. તેઓ સ્વયં નિરપેક્ષ હતા; છતાં ભગવાનની આજ્ઞાથી, તેમણે સૃષ્ટિની રચના કરી. તે જ પ્રમાણે ગંગા ભગવાનનાં ચરણકમળમાંથી પ્રકટ્યાં, ભગવદ્ચરણ-રજ પામવાથી તેમનો દેહ ભગવદ્-સેવોપયોગી બન્યો. ગંગા પોતે નિરપેક્ષ હતાં; છતાં ભગવત્ક્રીડા માટે ભગવદીયોની સૃષ્ટિ તેમણે પ્રકટ કરી. ગંગાનો સંબંધ ભગવાનના સાક્ષાત્ સ્વરૂપ સાથેનો છે, તેથી ગંગા ભગવાનના હૃદયના અભિપ્રાયને જાણે છે. ભગવાનની સૃષ્ટિ રચવાની આજ્ઞાની જે અપેક્ષા બ્રહ્માજીને હતી, તે ગંગાને નહોતી. આથી ગંગા કેવળ ભગવાનનાં 'ચરણજા' ચરણમાંથી જન્મનાર નથી, પણ 'ચરણપદ્મજા' છે.

શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીનો મત છે કે 'ચરણપદ્મજા' હોવાથી ગંગાજી ભક્તિમાર્ગીયા છે. પુષ્ટિ-સિદ્ધાન્ત પ્રમાણે ભગવાનનાં ચરણારવિંદ નિર્દોષ, પૂર્ણ ગુણ રૂપ અને ભક્તિરૂપ છે. કારણના ગુણો, કાર્યના ગુણો બને છે. દા.ત. માટીમાં ઠંડકનો ગુણ છે, તે માટલીમાં આવે છે. તેમ ભગવદ્ચરણારવિંદના નિર્દોષતા, પૂર્ણતા અને ભક્તિના ગુણો, તેમાંથી પ્રકટ થયેલાં ગંગાજીમાં પણ આવ્યા છે. આવાં ગંગાજીના સ્વરૂપની ભાવના કરીને, જે તેમનું સેવન કરે છે, તેમનામાં પણ ભક્તિનો ઉદય થાય છે. માટે ગંગાજીને શ્રીગુસાંઈજી 'ભક્તિમાર્ગીયા' કહે છે.

'પ્રિયંભાવુકા' પદની વ્યાખ્યા કરતાં શ્રીહરિરાયજી કહે છે : શ્રીયમુનાજી સાથે ગંગાજીનો સંગમ થવાથી, ગંગાજી ભગવાનનાં ''પ્રિયંભાવુકા'' - ભગવાનને પ્રિય લાગે એવું કરનારાં - બન્યાં છે. અર્થાત્ ભગવાનની સેવા જ ભગવાનને પ્રિય છે. આવી ભગવદ્સેવા માટે યોગ્ય સાક્ષાત્ સેવોપયોગી દેહ પ્રાપ્ત કરાવનારાં બન્યાં છે. આવા ભગવદ્સેવોપયોગી દેહવાળા ભક્તોની સૃષ્ટિ રચીને, તે ભગવદ્સેવકો દ્વારા ભગવાનની સેવા કરાવીને, ગંગાજી ભગવાનનું પ્રિય કરનારાં- ''પ્રિયંભાવુકા'' બન્યાં.

શ્રીપુરુષોત્તમજી ''પ્રિયંભાવુકા''નું વિશેષ રહસ્ય બતાવે છે : વ્યાકરણ-શાસ્ત્રના નિયમ પ્રમાણે 'પ્રિય' શબ્દ સાથે 'ભૂ' ધાતુ પરથી બનેલો શબ્દ જોડતાં

તેનો અર્થ થાય છે - અપ્રિયનું પ્રિય થવું, અર્થાત્ જે પહેલાં અપ્રિય હતું, તે હવે પ્રિય બન્યું. રજ આદિ ભૌતિક અશુદ્ધિઓ અને ચરણપ્રક્ષાલન રૂપ અશુદ્ધિવાળું ગંગાજળ હતું. તે ભગવાનને અપ્રિય હતું, તેથી ભગવદ્ ઉપયોગમાં લેવાતું ન હતું. આવું ગંગાજળ યમુનાજળના સંગમથી વિશુદ્ધ અને ભગવદ્‌લાયક બન્યું. આમ, શ્રીયમુનાજીના સમાગમથી, જે ગંગાજી પહેલાં ભગવાનને અપ્રિય હતાં, તે હવે પ્રિય બન્યાં.

આવાં 'ચરણપદ્મજા' ગંગા ભગવાનનાં "પ્રિયંભાવુકા" બનતાં "સકલ સિદ્ધિદા" બન્યાં. શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીને પ્રથમ શ્લોકમાં **"સકલસિદ્ધિહેતુમ્"** કહ્યાં છે. ત્યાં શ્રીયમુનાજી કઈ અલૌકિક સિદ્ધિઓ આપનારાં છે, તે આપણે જોઈ ગયા છીએ. શ્રીયમુનાજીના સંગમથી ગંગાજીને પણ સર્વ અલૌકિક સિદ્ધિઓના દાનનું સામર્થ્ય પ્રાપ્ત થયું છે. અર્થાત્ પ્રયાગતીર્થનું યમુના-જળ-મિશ્રિત ગંગાજળનું સેવન કરનારા ભક્તોને ગંગાજી આ સર્વ સિદ્ધિઓ આપનારાં છે, એમ શ્રીહરિરાયજી સમજાવે છે.

શ્રીદ્વારકેશજીએ આગળ 'સકલ' શબ્દનો અર્થ સર્વકલાયુક્ત ભગવાન એવો કર્યાનું આપણને યાદ છે. તે મુજબ ગંગાજી પણ શ્રીયમુનાજીના સંગથી, શ્રીયમુનાજીની જેમ, સર્વકલાયુક્ત શ્રીકૃષ્ણરૂપી સિદ્ધિ મેળવી આપે છે.

જે જેનામાં સમાવિષ્ટ થાય, તે તેનું કાર્ય કરવા લાગે. ખાંડમાં જળ મળે, તો જળમાં પણ ખાંડની મીઠાશ આવે. તેવી રીતે ભક્તમાં જ્યારે ભગવાનનો આવેશ પ્રકટ થાય, ત્યારે ભક્ત ભગવાનના જેવી ક્રિયાઓ કરવા લાગે છે. આથી પ્રભુના અંતર્ધાન થયા પછી વિરહતાપથી ભગવદાવેશવાળાં બનેલાં ગોપીજનોએ પૂતનાલીલા, શકટભંજનલીલા વગેરે પ્રભુની લીલાઓનું અનુકરણ કર્યું હતું. આમ, ગંગાજી પણ શ્રીયમુનાજીના સમાગમથી ભગવાનનાં 'પ્રિયંભાવુકા' અને 'સકલસિદ્ધિદા' બન્યાં એમ શ્રીહરિરાયજી સમજાવે છે.

ગંગાજીની સેવા કેવી રીતે થાય એનું સ્પષ્ટીકરણ શ્રીપુરુષોત્તમજી કરે છે. સેવાનો અર્થ આચરણ છે, તેથી ક્રિયાવાચક છે. સેવાનું લક્ષણ પ્રસન્નતા છે. અર્થાત્ સેવારૂપી આચરણથી સેવ્યની પ્રસન્નતા થાય તો તેને સેવા કહેવાય. સ્તોત્ર-પાઠ વગેરેથી જેમની સ્તુતિ કરવામાં આવે, તેમને પ્રસન્ન કરવા એ પણ તેમની સેવાનું એક અંગ છે, માટે જે ભક્તો યમુના-સંગમયુક્ત ગંગાજીને તેમના સ્તોત્ર-પાઠથી પ્રસન્ન કરે છે, તે ભક્તોને ગંગાજી યમુનાજીની જેમ ભગવાનને

પ્રિય બનાવી સાક્ષાત્ ભગવાન સહિતની સર્વ સિદ્ધિઓ આપનારાં છે, એમ 'સેવતામ્' પદનો અર્થ શ્રીપુરુષોત્તમજીએ સમજાવ્યો છે.

શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે શ્રીગંગાજીને શ્રીયમુનાજીનો સંગમ થયો તે પહેલાં તેમને અન્ય સંગ પણ થયો હોવાનું શાસ્ત્રોમાંથી જણાય છે. શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી સરસ્વતી-સંગમની વાત કરે છે; તો શ્રીપુરુષોત્તમજી શિવજીની જટાના સંગમની વાત કરે છે. તદુપરાંત, શ્રીપુરુષોત્તમજી ગંગાજી સંબંધી વિવિધ પૌરાણિક કથાઓનો ઉલ્લેખ કરે છે. તે અનુસાર ગંગાજી સ્વર્ગ આપનારાં છે, અમરત્વ પણ આપે છે અને બ્રહ્મહત્યા જેવાં મહાપાપોમાંથી છોડાવનારાં પણ છે. પરંતુ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ ગંગાજીના જે ઉત્કર્ષનું વર્ણન કર્યું તે તેમના પ્રસિદ્ધ ઉત્કર્ષોથી વિલક્ષણ છે અને મહાન પણ છે. 'પ્રિયંભાવુકા' અને 'સકલસિદ્ધિદા' બનવાનો ઉત્કર્ષ એ પુષ્ટિમાર્ગીય ઉત્કર્ષ છે. પ્રભુના દાસ બનવું અને તેમની સેવા કરવી એ પુષ્ટિમાર્ગીય ધર્મ છે. પ્રભુને જ અર્થરૂપ માનવા એ પુષ્ટિમાર્ગીય અર્થ છે. પ્રભુના દર્શનની ઇચ્છા પુષ્ટિમાર્ગીય કામ છે અને સર્વાત્મભાવરૂપ ભગવદીયતાની પ્રાપ્તિ એ પુષ્ટિમાર્ગીય ફળ છે. પુષ્ટિમાર્ગીય ભક્તને આવા પુષ્ટિમાર્ગીય ઉત્કર્ષ સિવાયના અન્ય ઉત્કર્ષોમાં કોઈ રુચિ હોતી નથી. આથી પુષ્ટિમાર્ગીય ભક્ત સ્વર્ગ, મોક્ષ અને નરકમાં સમાન દૃષ્ટિ રાખનારો છે.

શ્રીહરિરાયજી સમજાવે છે કે આવા પુષ્ટિમાર્ગીય ઉત્કર્ષનું જ્ઞાન શ્રીમહાપ્રભુજીએ જ કરાવ્યું; તેથી તેમની પહેલાં શ્રીયમુનાજીના સંગથી ગંગાજીના થયેલા પુષ્ટિમાર્ગીય ઉત્કર્ષનું વર્ણન થયેલું જણાતું નથી. શ્રીમહાપ્રભુજીએ સ્વાનુભવના આધારે આ વર્ણન કર્યું છે.

શ્રીપુરુષોત્તમજી કહે છે, શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞા માટે શાસ્ત્રોનાં અન્ય પ્રમાણોની જરૂર નથી; કારણ કે આ બાબતમાં શ્રીમહાપ્રભુજીની વાણી જ પ્રમાણરૂપ છે. કારણ કે શાસ્ત્રોએ બતાવેલો ઉત્કર્ષ મર્યાદામાર્ગીય ઉત્કર્ષ છે. શાસ્ત્રોએ પુષ્ટિમાર્ગીય ઉત્કર્ષ બતાવ્યો નથી. તે ઉત્કર્ષ શ્રીમહાપ્રભુજીએ જ બતાવ્યો છે.

શ્રીમહાપ્રભુજી કહે છે, પોતાના સંબંધથી જોડાયેલી વ્યક્તિમાં પોતાના ગુણો પ્રકટ કરનાર અને સંબંધમાત્રથી બીજાઓને ભક્તો માટે પોતાના જેટલા જ ઉપકારક બનાવનાર શ્રીયમુનાજી ભક્તાનુગુણ - ભક્તોને ગુણકારી છે. આવાં ભક્તાનુગુણા શ્રીયમુનાજીની સમાનતા કોણ કરી શકે? આમ વિચારતાં શ્રીમહાપ્રભુજીને લક્ષ્મીજી યાદ આવે છે. બ્રહ્માજીની જેમ લક્ષ્મીજી પણ કમલજા છે. તેઓ ભગવાનનાં પત્ની છે, માટે ભગવાન સાથેના સંબંધમાં તેઓ શ્રીયમુનાજીના સમાન જણાય છે.

શ્રીયમુનાજી પણ ભગવાનનાં સ્વામિની છે. તો શું લક્ષ્મીજી સાથે શ્રીયમુનાજીની સરખામણી થઈ શકે? શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ શબ્દોમાં એનો જવાબ 'ના'માં આપે છે. લક્ષ્મીજી અને શ્રીયમુનાજી વચ્ચે એક જ સમાનતા છે. બંને ભગવાનનાં પત્ની છે, તેથી શ્રીયમુનાજીને લક્ષ્મીજીનાં સપત્ની કહેવાય. **"કમલજાસપત્નીવ યત્"** પણ વાસ્તવમાં બંનેમાં ઘણો તફાવત છે.

શ્રીગુસાંઈજી આ તફાવત સમજાવે છે. શ્રીયમુનાજીની જેમ લક્ષ્મીજી ભગવાનનાં પત્ની છે. જ્યારે શ્રીયમુનાજી ભગવાનનાં પત્ની હોવા ઉપરાંત પ્રિયતમા પણ છે. લક્ષ્મીજી ભગવાનનાં પ્રિયા નથી. શ્રીયમુનાજી ભક્તાનુગુણા હોવાથી અને પુષ્ટિલીલામાં બિરાજમાન હોવાથી તેમનામાં પ્રભુનાં પ્રિયા બનવાનું સામર્થ્ય છે. લક્ષ્મીજીમાં આ ગુણો ન હોવાથી તેઓ ભગવાનનાં પ્રિયા બની શક્યાં નથી. માટે લક્ષ્મીજીની શ્રીયમુનાજી સાથેની સમાનતા આંશિક છે, સંપૂર્ણ નથી. માટે શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીને લક્ષ્મીજીનાં સપત્ની જેવાં કહ્યાં છે, સમાન કહ્યાં નથી; એમ શ્રીદ્વારકેશજી સમજાવે છે.

શ્રીયમુનાજીનો ભક્તાનુગુણત્વવાળો સ્વભાવ **"હરિપ્રિયકલિંદયા"** પદથી સમજાય છે, એમ શ્રીગુસાંઈજી કહે છે. તેનું સ્પષ્ટીકરણ શ્રીદ્વારકેશજીએ કર્યું કે 'હરિ' એટલે ભગવાન. 'હરિપ્રિય' એટલે ભગવાનના પ્રિય ભક્તો. 'કલિંદયા' એટલે કલિના દોષોનો નાશ કરનારાં. અર્થાત્ ભગવાનના પ્રિય ભક્તોમાં રહેલા કલિના દોષોનો નાશ કરનારાં શ્રીયમુનાજી છે.

શ્રીહરિરાયજીના મતે પ્રભુના પ્રિય ભક્તો ગુણવાન છે એ વાત હરિપ્રિય શબ્દથી જ સમજાય છે. ગુણોથી પરિપૂર્ણ ભગવાન છે; માટે એ ભગવાનને ગુણસંપન્ન ભક્તો જ પ્રિય હોય એ સમજી શકાય એવી વાત છે. આવા ભક્તોમાં પણ કલિયુગના દોષો રહેલા છે. તેથી ભગવાનના પ્રિય ભક્તોમાં રહેલા આ દોષોને શ્રીયમુનાજી દૂર કરી, પોતાનું ભક્તાનુગુણતત્ત્વવાળું સ્વરૂપ પ્રકટ કરે છે.

શ્રીપુરુષોત્તમજી કહે છે શ્રીયમુનાજી ભગવાનનાં અતિ પ્રિયા છે, તેથી લક્ષ્મીજી કરતાં પણ અધિક ઉત્કર્ષ કરનારાં છે. લક્ષ્મીજી અને તેમના અંશરૂપે ભક્તો જ્યારે સપત્નીભાવથી પરસ્પર ઈર્ષા કરનારાં થાય છે; ત્યારે નિર્ગુણ-સ્વરૂપા શ્રીયમુનાજી ભગવાનની આ પ્રિયાઓમાં આવેલા ઈર્ષારૂપી દોષોને દૂર કરે છે. તેથી શ્રીયમુનાજી લક્ષ્મીજી કરતાં ભગવાનને અતિ પ્રિય છે.

જે પોતાના સંબંધમાં આવનારને પોતાના સમાન ઉપકાર કરનાર બનાવી શકે તેઓ પોતે કેટલાં ઉપકારક હોય? શ્રીયમુનાજીની આવી ઉપકારકતા વિચારીને

શ્રીમહાપ્રભુજી તેમને વિનંતી કરે છે ''મનસિ મે સદાસ્થીયતામ્.'' હે શ્રીયમુને! તમે હમેશાં મારા મનમાં બિરાજો. મનમાં બિરાજવાની વિનંતી એટલા માટે કરી કે મન બધા ભાવોનું સ્થાન છે. તેથી શ્રીયમુનાજી જો સદા મનમાં બિરાજે, તો મનના ભાવો નિર્દોષ, પૂર્ણ ગુણવાળા અને ભક્તિમય બની રહે. શ્રીયમુનાજીના બિરાજવાથી ભગવત્પ્રિયત્વ પ્રાપ્ત થાય. આમ, આ વિનંતીથી પરોક્ષરૂપે ભગવત્પ્રિયત્વ આપવાની વિનંતી પણ છે.

આ શ્લોકમાં શ્રીયમુનાજીને હૃદયમાં બિરાજવાની વિનંતી કરી; પરંતુ શ્રીયમુનાજીને સંબોધન કરતું કોઈ પદ નથી. શ્રીબાલકૃષ્ણ ભટ્ટે તેમના નિર્ણયાર્ણવ ગ્રંથના બીજા તરંગમાં આ વિશે વિચાર કર્યો છે. તેમણે **'હરિપ્રિયકલિંદયા'** પદનો એક જુદો અર્થ કરી, તેને સંબોધનસૂચક પદ તરીકે કહ્યું છે. શ્રીયમુનાજી આધિદૈવિક સૂર્યમંડળમાંથી કલિંદ પર્વત પર જાય છે; તેથી ''કલિંદમ્ યાતિ ઇતિ કલિંદયા'' આ વ્યુત્પત્તિ લેવાથી સંબોધનસૂચક પદ ''કલિંદયા'' મળે છે, જે વ્યાકરણના નિયમો પ્રમાણે અહીં કલિંદયા થયું છે. માટે ''હરિપ્રિયકલિંદયા'' પદ સંબોધનવાચક પદ છે.

શ્રીપુરુષોત્તમજીનો મત જુદો છે. અગાઉના ચોથા શ્લોકમાં શ્રીયમુનાજીનાં સાત સંબોધનસૂચક પદ હતાં. આ શ્લોકને તેની સાથે જોડવાથી સંબોધનસૂચક કોઈ નવા પદની આવશ્યકતા નથી.

શ્રીદ્વારકેશજીને મતે 'હે પ્રિયે' પદ સંબોધન માટે અધ્યાહાર સમજવું.

શ્રીશ્યામમનોહરજી કહે છે કે, આ શ્લોકમાં ''હરિપ્રિયકલિંદયા'' સ્વરૂપે શ્રીયમુનાજીને હૃદયમાં બિરાજવાની વિનંતી કરવામાં આવી છે. તેમજ આ શ્લોકમાં શ્રીયમુનાજીનું પાંચમું ઐશ્વર્ય ''હરિપ્રિય-કલિ-નિવારકત્વ''નું સૂચન પણ આ પદથી છે. તેથી શ્રીયમુનાજી માટે સંબોધનરૂપે ''હરિપ્રિયકલિંદે'' એવું પદ અધ્યાહાર ગણી શકાય. ઉપર જણાવ્યા પ્રમાણે, આ પાંચમા શ્લોકમાં **'ભગવાનને પ્રિય ભક્તોના દોષોનું નિવારણ કરવું' એ શ્રીયમુનાજીનું પાંચમું અલૌકિક ઐશ્વર્ય ''હરિપ્રિયકલિંદયા'' પદથી બતાવ્યું છે.** આપણે આ શ્લોકના ભાવની વિસ્તૃત ચર્ચા જોઈ ગયા. અંતે ફરીથી તેનો ભાવાર્થ યાદ કરી લઈએ.

શ્રીગંગાજીને શ્રીયમુનાનો સંગમ થવાથી શ્રીગંગાજીમાં પણ શ્રીયમુનાજીનું અલૌકિક સામર્થ્ય આવ્યું. પરિણામે શ્રીગંગાજી ભગવાનને પ્રિય કરનારાં બન્યાં. અર્થાત્ સ્તોત્ર-પાઠથી તેમની સેવા કરનારા તેમના ભક્તોને પ્રભુની સેવામાં

ઉપયોગી અલૌકિક દેહ આપનારાં બન્યાં. સાથે સાથે અલૌકિક સિદ્ધિઓ સહિત ભગવાનને મેળવી આપનારાં પણ બન્યાં. આવાં પરમ ઉપકારક શ્રીયમુનાજીની સમાનતા ભગવાનનાં પત્ની હોવા છતાં લક્ષ્મીજી પણ કરી શકતાં નથી. આવું શ્રીયમુનાજીનું પરમ ઉત્કર્ષ રૂપ - સ્વરૂપ છે. માટે શ્રીમહાપ્રભુજી વિનંતી કરે છે કે ભગવાનને પ્રિય એવા ગુણવાન ભક્તોના દોષોનું નિવારણ કરનારાં હે શ્રીયમુનાજી! તમે મારા મનમાં હંમેશ માટે બિરાજો, જેથી મારા મનમાં રહેલા દોષો દૂર થાય, મન નિર્દોષ અને પૂર્ણ ગુણવાળું ભક્તિમય બને, જેથી હું પ્રભુને પ્રિય કરનાર થાઉં.

આ શ્લોકના ભાવને પ્રકટ કરતું એક પદ શ્રીહરિદાસજી રચિત મળે છે, જે નીચે પ્રમાણે છે :

શ્રમ સરિતા તું, જે જન નિતપ્રિય કરત તવ ગુનગાન રી,
કૃપાસિંધુ સોં તા હી મિલાવો, યહ તુમ્હારી હૈ બાન રી. ૧.

કૃપાજલધિ પૂરન પુરુષોત્તમ, પૂરન પ્રકટ પ્રમાન રી,
નિશદિન મિલત રહત તિનસોં હી, તુમ હો રસ કી ખાન રી. ૨.

ઐસે પ્રભુસોં હમહિં મિલાવો, બિનતી સુન ધર કાન રી,
સબહીન તેં મુખ્ય શ્રીગંગા, તિન હૂં તે અધિક કહાન રી. ૩.

તુમારે મિલે મહિમા અતિ બાઢી, સો સબ સુનહુ સુજાન રી,
'હરિદાસ' પ્રભુ સોભા નિરખત, હિયેં બસો યહ ધ્યાન રી. ૪.

આ શ્લોકના બીજા બે પદ્યાનુવાદો આપણે ગાઈએ.

(૧)

શ્રીકૃષ્ણનાં ચરણો થકી શ્રીજાહ્નવી ઉત્પન્ન થયાં,
સત્સંગ પામ્યાં આપનો ને સિદ્ધિદાયક થઈ ગયાં.
એવું માહાત્મ્ય છે આપનું, સરખામણી કોઈ શું કરે?
સમકક્ષમાં આવી શકે સાગરસુતા એક જ ખરે.
એવાં પ્રભુને પ્રિય! મારા હૃદયમાં આવી વસો,
વંદન કરું શ્રીયમુનાજીને શ્રીકૃષ્ણ આશ્રય આપજો.

(૨)

ગંગા ને યમુના બે સહિયર સંગે સંગે ચાલી રે,
યમુનાએ પ્રિયતમના સુખની વાતો વચ્ચે ખોલી રે. ૧.

યમુનાની વાતોમાં મોહી ગંગા મનથી બોલી રે,
સહિયર તારા શામળિયાએ મુજને રસમાં ઝબોળી રે. ૨.

મારે વરવું શામળિયાને ભરી દે તું મુજ ઝોળી રે,
હું તો છું ચરણોનું ધોવણ કેમ ગમું તેને ભોળી રે! ૩.

યમુના તો હરખથી નાચી, હસતાં હસતાં બોલી રે,
ગંગા ગૌરી સહિયર મોરી પેલી પ્રીતમ પોળી રે. ૪.

ચાલો ત્યાં છે હરિવર મારા મળશું મનડું ખોલી રે,
યમુનાએ ગંગાની ઝારી પ્રીતમ મુખમાં મેલી રે. ૫.

ગૌરી ગંગા યમુના સંગે બની વધારે ધોળી રે,
પ્રીતમજી મન ખોલી બોલ્યા મને ગમી આ રૂપાળી રે. ૬.

યમુના બોલી સહિયર ઊઠો આપણ દઈએ તાળી રે,
શામળિયા પ્રિયતમની તું તો ખૂબ બની છે વ્હાલી રે. ૭.

રૂમઝુમ કરતી ગંગા ગૌરી પ્રિયતમ સંગે ખેલી રે,
ગંગાનાં ગોરા અંગો પર પાનેતર ને ચોળી રે. ૮.

ગંગાએ સેવ્યા શામળિયા એ તો જગને ભૂલી રે,
નૂતન દેહ ધરીને ગંગા રસસાગરમાં મ્હાલી રે. ૯.

યમુનાએ ગંગાને આપી અષ્ટ મહાસિદ્ધિ મૂળી રે,
ગંગા-યમુના બે સહિયરની 'શ્રાવણી' પગની ધૂળી રે. ૧૦.



૧૦:૬. શ્લોક છઠ્ઠો

મૂળ શ્લોક

નમોઽસ્તુ યમુને! સદા, તવ ચરિત્રમત્યદ્ભુતમ્;
ન જાતુ યમ-યાતના ભવતિ તે પયઃ પાનતઃ ।
યમોઽપિ ભગિનીસુતાન્કથમુ હન્તિ દુષ્ટાનપિ;
પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ ॥૬॥

પદ્યાનુવાદ

પ્રણામું, યમુને! ચરિત્ર તુજ છે મહા અદ્ભુત;
ન તુજ જલપાનથી કદી ય આવી પીડે યમ;
યમે ય નિજ દુષ્ટ હોય પણ શું હણે ભાણેજાં?
બને પ્રિય પ્રભુજીને જ તુજ સેવી, ગોપી સમાં. (૬)

અન્વયાર્થ :

યમુને = હે શ્રીયમુનાજી!; **સદા નમોઽસ્તુ** (નમઃ + અસ્તુ) = તમને સર્વદા નમન હો!; **તવ ચરિત્રમ્** = તમારું ચરિત્ર; **અત્યદ્ભુતમ્** (અતિ + અદ્ભુતમ્) = અતિ અદ્ભુત છે; **જાતુ** = ક્યારે પણ; **યમ-યાતના** = યમરાજ દ્વારા વિવિધ યાતનાઓ (પીડાઓ); **ન ભવતિ** = ભોગવવી પડતી નથી; **યમોઽપિ** (યમ + અપિ) = યમરાજ પણ; **દુષ્ટાનપિ** (દુષ્ટાન્ + અપિ) = દુષ્ટ હોવા છતાં; **ભગિનીસુતાન્** = (પોતાનાં) ભાણેજોને; **કથમુ** = કેવી રીતે **હન્તિ** = મારે; **તવ સેવનાત્** = તમારું સેવન કરવાથી; **યથા ગોપિકાઃ** = ગોપિકાઓની જેમ; **હરેઃ પ્રિયો** (પ્રિયઃ) **ભવતિ** = (ભક્ત) ભગવાનનો પ્રિય બને છે. (૬)

શ્લોકાર્થ :

હે શ્રીયમુનાજી! તમને સર્વદા નમન હો! તમારું ચરિત્ર અતિ અદ્ભુત છે. તમારા જળનું પાન કરનારને ક્યારેય યમરાજ દ્વારા થતી વિવિધ યાતનાઓ (પીડાઓ) ભોગવવી પડતી નથી. યમુનાપાન કરનાર વ્યક્તિઓ પોતાનાં ભાણેજ

બનવાથી, તેઓ ગમે તેવી દુષ્ટ હોવા છતાંય, યમરાજ તેમને કેવી રીતે મારે? જેમ તમારું સેવન કરવાથી ગોપિકાઓ ભગવાનને પ્રિય બન્યાં, તેમ તમારા સેવનથી ભક્તો પણ ભગવાનને પ્રિય બને છે. (૬)

વિવૃત્તિ - અર્થ અને વિવરણ :

અગાઉના શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીનો પરમ ઉત્કર્ષ બતાવતાં, તેમના ત્રણ અદ્વિતીય ગુણો બતાવ્યા - (૧) તેઓ ભક્તોનો ઉત્કર્ષ કરનારાં છે. (૨) તેઓ ભક્તોને ગુણવાન બનાવનારાં છે. (૩) તેઓ ભગવાનને પ્રિય ભક્તોના દોષો દૂર કરનારાં છે. ભક્તો શ્રીયમુનાજીના આ ઉપકારનો બદલો વાળી શકવા અસમર્થ છે. ભક્તોને શ્રીયમુનાજીના આવા વિલક્ષણ સ્વરૂપ અને સામર્થ્યનું જ્ઞાન થાય, તો તેઓ શ્રીયમુનાજીને વધુમાં વધુ નમન કરી શકે છે, એથી વિશેષ કંઈ કરી શકતા નથી.

(૧) નમો નમો જયતિ શ્રીયમુને,
જય કાલિંદી પુલિન મનોહર, સ્યામા સ્યામ કરત હૈં રવને."
(શ્રીસૂરદાસ)

(૨) 'જય જય શ્રીયમુને માતા જગતવંદિની,
ત્રિવિધ તાપ દૂર કરત પાપખંડિની.' (શ્રીચતુર્ભૂજદાસ)

(૩) 'નમો દેવી યમુને નમો દેવી યમુને,
મન બચન કર્મ કર સરન તેરી,
સકલ સુખકારિની ભવસિંધુતારિની.' (શ્રીકૃષ્ણદાસ)

(૪) જય જય શ્રીસૂરજા કલિંદનંદિની. (શ્રીછિતસ્વામિ)

(૫) જયતિ શ્રીયમુને પ્રકટ કલ્પલતિકે. (શ્રીદ્વારકેશજી)

આ બધા ભક્ત કવિઓ શ્રીવલ્લભ - શ્રીવિઠ્ઠલના કૃપાપાત્ર મહાનુભાવ ભગવદીયો હતા, તેથી તેઓ શ્રીયમુનાજીના સ્વરૂપ અને સામર્થ્યને જાણી, તેમને નમન કરી શક્યા, પણ આપણા જેવા સામાન્ય આધુનિક જીવો માટે તો, તે પણ મુશ્કેલ છે.

શ્રીહરિરાયજી બતાવે છે - ભગવાનનું માહાત્મ્ય ગુરુના ઉપદેશથી અને શાસ્ત્રોના અભ્યાસથી સમજાય છે. આ બે પ્રકારે ભગવાનના માહાત્મ્યને સમજીને, ભક્તો ભગવાનને નમન કરી શકે છે; પરંતુ શ્રીયમુનાજીનું આ પુષ્ટિમાર્ગીય

સ્વરૂપ અને સામર્થ્ય આ પહેલાં શાસ્ત્રોમાં બતાવાયું નથી. એટલે તે શાસ્ત્રના અભ્યાસથી કે ગુરુના ઉપદેશથી સમજમાં આવેલું નથી. આથી શ્રીયમુનાજીનું સ્વરૂપ અને સામર્થ્ય જાણ્યા વિના આધુનિક ભક્તો તેમને નમન પણ કરી શકતા નથી, ત્યારે શ્રીયમુનાજીનું આ સ્વરૂપ અને સામર્થ્ય ભગવત્‌કૃપાથી જ સમજાય. *'જોં લૌં હરિ આપુનપે ન જનાવે, તોં લૈં યહ માર્ગકો સિદ્ધાંત પઢે સુને નહિ આવૈ.'*

જે વસ્તુ મળવી અત્યંત દુર્લભ હોય, તે મેળવવા વિનંતી કરવી પડે. આ વિનંતી પણ એવી વ્યક્તિને જ થાય કે જે દુર્લભ વસ્તુ મેળવી આપવા સમર્થ હોય. શ્રીયમુનાજીના સ્વરૂપ અને સામર્થ્યને શ્રીયમુનાજી પોતે કૃપા કરીને જણાવી શકવા સમર્થ છે, અન્ય કોઈ નહિ. આથી શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીને જ વિનંતી કરે છે : "નમોઽસ્તુ યમુને સદા." - અમે આપને સદા-નમન કરી શકીએ, તે માટે પૂર્વ શ્લોકોમાં બતાવેલું આપનું અલૌકિક સ્વરૂપ અને પુષ્ટિમાર્ગીય સામર્થ્ય અમારા મનમાં દૃઢ કરો! *"નંદદાસ જા પર કૃપા શ્રીવલ્લભ કરે, તાકે શ્રીયમુને સદા બસ જુ હોઈ."*

'ગૂઢ શ્રીયમુને બાત સોઈ અબ જાન હી, જાકે મનમોહન નેન તારે;
'સૂર' સુખસાર, નિરધાર વે પાવહી, જા પર હોય શ્રીવલ્લભ કૃપા રે.'

શ્રીપુરુષોત્તમજી આ વિષયમાં આજ્ઞા કરે છે : આપણામાં જેના માટે શ્રદ્ધા જાગે છે, તેને જ આપણે નમન કરીએ છીએ. શ્રદ્ધા ન હોય, ત્યાં સુધી નમન શક્ય નથી. (સરખાવો : "તને પથ્થરને હું નમું? નહિ, નહિ, શ્રદ્ધા તણા આસનને નમું હું નમું." - શ્રી સુંદરમ્) આવી શ્રદ્ધા જાગવાની પ્રક્રિયા આ પ્રમાણે છે - સૌ પ્રથમ ભગવત્‌કૃપાથી જીવમાં ભક્તિનો બીજભાવ જાગે છે. તેથી તે જીવ પ્રવાહમાર્ગીય અને મર્યાદામાર્ગીય જીવોથી ભિન્ન પુષ્ટિમાર્ગીય બને છે. આમ થતાં તે જીવને શ્રીયમુનાજીના પુષ્ટિમાર્ગીય પરમ ઉત્કર્ષનું જ્ઞાન થાય છે. આથી તેને શ્રીયમુનાજી માટે નિરતિશય સ્નેહ જાગે છે. આ સ્નેહને કારણે તે જીવને શ્રીયમુનાજીમાં દૃઢ શ્રદ્ધા થતાં તે શ્રીયમુનાજીને નમન કરવા તત્પર બને છે.

આથી શ્રીમહાપ્રભુજી 'નમોઽસ્તુ' પદથી વાસ્તવમાં શ્રીયમુનાજીને વિનંતી કરે છે, એવો જ અર્થ અહીં લેવો. બીજો કોઈ અર્થ અહીં લેવો નહિ; કારણ કે આ પદનો સંબંધ આગળના પદ સાથે છે - "તવ ચરિત્રમત્યદ્‌ભુતમ્." તમારું ચરિત્ર અતિ અદ્‌ભુત છે. જેમ ચરિત્ર વધુ ને વધુ અદ્‌ભુત, તેમ તે સમજવું

વધારે દુર્લભ. તેથી તેવા અદ્‌ભુત ચરિત્રવાળાને નમન કરવું એ પણ દુર્લભ. આ સંજોગોમાં, તેમને નમન કરવાની આપણામાં ક્ષમતા આવે તેવી વિનંતી જ કરી શકાય - પછી જ નમન થાય!

શ્રીહરિરાયજી ''તવ ચરિત્રમત્યદ્‌ભુતમ્''નો એક બીજો ભાવ બતાવે છે. શ્રીમહાપ્રભુજીએ ભગવાન શ્રીકૃષ્ણ માટે પણ આ જ વાત કહી છે. ''નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાય-અદ્‌ભુતકર્મણે.'' અર્થાત્ અદ્‌ભુત-કર્મા ભગવાન શ્રીકૃષ્ણને નમન હો. શ્રીકૃષ્ણનું અદ્‌ભુત કર્મ એ કે તેઓ ''અસાધનં સાધનં કરોતિ'' એટલે પોતાના પ્રમેય (સ્વરૂપ) બળથી નિઃસાધન અને દુષ્ટસાધન જીવોનો ઉદ્ધાર કરે છે. મર્યાદા માર્ગની રીતે જીવોના સાધનથી જીવોનો ઉદ્ધાર થાય એવી અપેક્ષા પુષ્ટિ-પ્રભુ પુષ્ટિ-જીવો માટે રાખતા નથી. મર્યાદા માર્ગ - શાસ્ત્રવિચાર - પ્રમાણે જો કોઈ વ્યક્તિ ભગવાનમાં દ્વેષ, લોભ, કામ, ક્રોધ દુષ્ટ સાધનો વાપરે, તો તેનો કદી ઉદ્ધાર ન થાય, તેના અપરાધ જ વધે. ગોપિકાઓએ ભગવાનમાં કામભાવ રાખ્યો, કંસે ક્રોધભાવ રાખ્યો, શિશુપાલ-જરાસંધે દ્વેષભાવ રાખ્યો; છતાં ભગવાને તેને અપરાધ ન ગણતાં, તેમનો ઉદ્ધાર કર્યો. તેમાં આ બધી વ્યક્તિઓનો દોષ પણ શો? જો ભગવાન જ તેમની સામે એવા સ્વરૂપે પ્રકટ થાય કે તેમનામાં આવો દુષ્ટભાવ જાગે, તો તે જીવોનો પણ શો દોષ? જે જીવોમાં ભગવદ્‌વિષયક જે ભાવ જાગે, તેને ભગવત્પ્રાપ્તિનું સાધન બનાવી, ભગવાન તે જીવનો તે રીતે અંગીકાર કરે છે, તેથી તેઓ અદ્‌ભુત-કર્મા છે. શ્રુતિઓએ તો ત્યાં સુધી સમજાવ્યું કે ભગવાન જેનું વરણ કરવા ચાહે છે, તેને પ્રાપ્ત થાય છે. તેની પાસે કોઈ સાધનની અપેક્ષા જ નથી રાખતા; માટે તેઓ 'કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તુમ્ સ્વતંત્ર સમર્થ' છે.

ભગવાનનું આવું અતિ અદ્‌ભુત ચરિત્ર બતાવી, શ્રીહરિરાયજી હવે શ્રીયમુનાજીના ચરિત્રની અતિ અદ્‌ભુતતા સમજાવે છે. ભગવાનની જેમ ભગવતી શ્રીયમુનાજી પણ નિરપેક્ષ છે. તેઓ પણ જીવોનાં કોઈ સાધનની અપેક્ષા રાખતાં નથી. જે જીવ તેમનું નામ-સ્મરણ કરે, તેમનાં ગુણગાન ગાય, તેમના કિનારે તપ કરે, તેમની સેવા કરે, તેમના માહાત્મ્યને જાણીને તેમનું સ્નાન-પાન કરે તેને જ તેઓ પ્રાપ્ત થાય છે, એવું નથી. ગમે તેવો દુષ્ટમાં દુષ્ટ જીવ - પતિત, પાપી, સંસારી, કામી, લોભી, ક્રોધી - કેવળ પોતાની તરસ છિપાવવાના હેતુથી પણ જો શ્રીયમુનાજીના જળનું પાન કરે, અને તેમ કરતાં કદાચ તેને ખબર પણ

ન હોય કે આ યમુનાજળ છે - તોય શ્રીયમુનાજી તેને યમયાતનામાંથી મુક્ત કરાવી, ભગવત્પ્રાપ્તિ કરાવવાની કૃપા કરે છે. શ્રીયમુનાજીનું આ અતિ અદ્ભુત ચરિત્ર છે.

શ્રીદ્વારકેશજીનો પણ આ જ મત છે - શ્રીયમુનાજી જીવની યોગ્યતા કે ભાવનો વિચાર કર્યા વિના જ પરમ ફળ આપનારાં છે.

શ્રીહરિરાયજી શ્રીયમુનાજીના ચરિત્રની આથી ય એક વિશેષ અદ્ભુતતા બતાવે છે : શાસ્ત્રોએ બતાવ્યું છે કે અજામિલ જેવા પાપીએ અંતકાળે પુત્ર નારાયણને બોલાવ્યો - યાદ કર્યો, ત્યારે કૃપાસાગર ભગવાને તેને પોતાનું નામ ગણ્યું. ભગવદ્ નામનો અજાણતાં ઉચ્ચાર કરનાર અજામિલ જેવા દુષ્ટનો ય યમયાતનામાંથી છુટકારો થયો છે. તો ભગવાનના આ ચરિત્રથી શ્રીયમુનાજીનું ચરિત્ર અતિ અદ્ભુત કેવી રીતે? અજામિલનો કિસ્સો અપવાદરૂપ કિસ્સો છે. સામાન્ય સ્થિતિમાં ભગવાનનું નામ લેતાં, કોઈક રીતે એ નામનો અપરાધ થાય, અથવા ભાવપૂર્વક નામ-સ્મરણ ન થાય તો, નામ-સ્મરણનું ફળ મળતું નથી; બલ્કે ગુરુ-વિમુખતા અને દુઃસંગ જેવા દોષો આવે છે. યમુનાપાનથી યમયાતનાની નિવૃત્તિ માટે કોઈ ભાવની જરૂર નથી, કોઈ અપરાધ નડતો નથી. અજાણતાંય તેને લૌકિક જળ માનીને પીનારની યમયાતના પણ શ્રીયમુનાજી નિવૃત્ત કરે છે. આ તેમનું અતિ અદ્ભુત ચરિત્ર છે.

"હતો એક પાપી, હરિનામકો નિજાપી,
સદાકો શાપી, દેહ દુલના તો પુલકી;
પરો હૈ અનાથ, કોઈ સગો નહીં સાથ,
જીવનમેં ઓછ રહી સાતપાંચ પલકી.
ગોકુલબિહારી જૂ કી કૃપા હોત ન્યારી,
નારી એક ગાગરી લે આયી, તાકી છીંટ છલકી,
દેખિ યમદૂત સબૈ ગયે નરપતિ પાસ,
જાકે સિર બૂંદ પરી, શ્રીયમુના જલકી."

એક અતિ દુષ્ટ પાપી, શાપિત માણસ, સગાસંબંધી વિનાનો તદ્દન અનાથ, જીવનના છેલ્લા શ્વાસ લેતો રસ્તા પર પડ્યો હતો. એક સ્ત્રી જમુનાજળ ભરી, તેની ગાગર માથે ઊંચકીને જતી હતી. રસ્તામાં અનાયાસ ચાલતાં ચાલતાં તેમાંથી જળ છલકાયું. તેનાં બે-ચાર બુંદ તે પાપી પર પડ્યાં. તેને લેવા આવેલા

યમદૂતો આ જોઈ ખાલી હાથે પાછા ફર્યા - અરે, આને તો શ્રીયમુનાજળનો સ્પર્શ થયો - તેની યમયાતના નિવૃત્ત થઈ ગઈ!

આવું અવર્ણનીય છે શ્રીયમુનાજીનું માહાત્મ્ય!

(૧) શ્રીયમુના પરમ કૃપાલ કહાવૈ,
દરસ તે અઘ દૂર જાત હૈં, હરિલીલા સુધિ આવૈ. ૧.
જે જન તેરે નિકટ બસત હૈં, નંદનંદન રસ પાવૈ.
જીવકૃત્ય દેખત નહીં કબહૂં, અપુનો પક્ષ બઢાવૈં. ૨.
કર્તુમકર્તુમન્યથાકર્તુમ્, યહ સુન મન લલચાવૈ,
'રસિકદાસ' કો દાસ જાનિયોં, તાતેં યહ જસ ગાવૈં. ૩.

(૨) શ્રીયમુનાજી હમ સે પતિત ઉદ્ધારો,
પતિતપાવન સુનિ કે આયો, બાંધ પાપ કો ભારો. ૧.
પતિતપાવન શ્રીકૃષ્ણ જુ કી ઘરની, દોઉ મિલિ બાત બિચારો,
'સૂરદાસ' હિય બસો નિરંતર, શ્રીયમુનાજી નંદદુલારો. ૨.

''ન જાતુ યમયાતના ભવતિ તે પયઃ પાનતઃ'' - આ પંક્તિ સમજાવતાં શ્રીપુરુષોત્તમજી કહે છે : કેટલાક લોકો આ આજ્ઞાનું પણ પ્રમાણ માગશે! કયા શાસ્ત્રવચનના આધારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે શ્રીયમુનાજીના પયપાનથી યમયાતના ભોગવવી પડતી નથી? કારણ, આ વાત જગતમાં તો ક્યાંય પ્રસિદ્ધ નથી. સ્વયં યમદેવનાં અને શ્રીયમુનાજીનાં વચનોનાં પ્રમાણ આપી શ્રીપુરુષોત્તમજી કહે છે કે આ વચનો પ્રમાણે શ્રીયમુનાનું ચૌદ નામોથી તર્પણ કરવાથી અને શ્રીયમુનાજીમાં સ્નાન કરવાથી યમદેવ ઘીની જેમ પીગળી જાય છે. પાપી જીવોને નરકમાં નાખવા એ યમયાતના છે. આ રીતે યમદેવ તે જીવોની હિંસા કરે છે પણ આ જીવો યમુનાસ્નાન કરી, યમુના-તર્પણ કરે; તો યમદેવ તેમને નરકવાસ આપતા નથી, તેમની હિંસા કરતા નથી. આમ, શ્રીયમુનાજીના સંબંધથી પાપી પણ યમદેવના આતંકમાંથી મુક્ત થાય છે. માટે શ્રીયમુનાજીના સ્નાન અને તર્પણથી જેમ શ્રીયમુનાજીનો સંબંધ તે જીવને થાય છે, તેમ શ્રીયમુનાજીનાં પયપાનથી પણ તે જીવને શ્રીયમુનાજીનો સંબંધ થવાથી, પયપાન દ્વારા તેનો યમયાતનામાંથી છુટકારો થાય છે.

આ પંક્તિ સમજાવવા માટે શ્રીહરિરાયજી પહેલાં એક શંકા રજૂ કરે છે : કેવળ તરસ છિપાવવા માટે કરેલા જળપાનથી શું પુણ્ય મળે? શું પાપ નાશ પામે? આવું તો દુનિયામાં ક્યાંય સાંભળ્યું નથી! આ શંકાનો ખુલાસો

શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકની હવે પછીની - ત્રીજી પંક્તિમાં કર્યો છે. **"યમોઽપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ"** આપણે આગળ જોઈ ગયાં કે આધિદૈવિક સૂર્યમંડળમાંથી પ્રકટેલાં યમદેવ અને યમુના ભાઈબહેન છે. તેમાં યમદેવ મોટાભાઈ છે, યમુના નાની બહેન છે. કંસ તો અપવાદ હોય, જે બહેનનાં સંતાનોને મારે! બાકી ભાઈ તો બહેનને સ્નેહ કરી, રાજી રાખે. ભાણેજિયાં સારાં-નરસાં ગમે તેવાં હોય, તોયે તેમને મામાનાં તો લાડકોડ જ મળે. યમરાજ પોતાની નાની બહેન યમુનાનું પયપાન કરનારાં પોતાનાં ભાણેજોને કેવી રીતે મારે? કેવી રીતે નરકયાતના આપે? માટે ભલે લૌકિક દૃષ્ટિથી તે માણસ તરસ છિપાવવા જમુનાજળ પીતો હોય, પણ યમદેવની દૃષ્ટિમાં તો તેમનાં બહેનનું પયપાન કરનાર તેમનો ભાણેજ જ છે, એમ શ્રીમહાપ્રભુજીને કહેવું છે.

આ વાત વધારે સ્પષ્ટ કરવા શ્રીહરિરાયજી બીજું કારણ બતાવે છે : સંસ્કૃતમાં 'પય' શબ્દના બે અર્થ છેઃ (૧) જળ (૨) દૂધ. આ બંને દૃષ્ટિએ યમુનાજીનું પયપાન કરનાર જીવ યમદેવનો ભાણેજ જ કહેવાય. વળી, આપણું માનવશરીર પંચમહાભૂતનું બનેલું છે, જેમાં એક જળ છે. જળ શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. આ દૃષ્ટિકોણથી વિચારતાં જળતત્ત્વવાળો દેહ હોવાથી તે શ્રીયમુનાજીના સંતાનરૂપ ગણાય. આમ જીવ યમદેવનો ભાણેજ થયો. માટે યમદેવ શ્રીયમુનાજી સાથે સંબંધથી જોડાયેલા દુષ્ટ, પાપી જીવને પણ યમયાતના આપતા નથી.

શ્રીદ્વારકેશજી એક વિશેષ વાત બતાવે છે : યમદેવ ગમે તેટલા નિર્દય હોય, પણ લોકાપવાદથી - લોકનિંદાથી - તેઓ પણ ડરે છે. દુનિયા તો એમ જ કહે કે જોયું? પોતાની સગી બહેનનાં સંતાનોને રિબાવ્યાં-માર્યાં! આવા ભયથી પણ યમદેવ આ જીવો પર અપકાર કરી શકતા નથી. તેમને ઉપકાર કરવો પડે છે!

શ્રીબાલકૃષ્ણ ભટ્ટ 'નિર્ણયાર્ણવ ગ્રંથ'માં કહે છે, અહીં 'પય' શબ્દનો અર્થ દૂધ લેવાની જરૂર જ નથી. એમ કરવા જતાં કોઈ વ્યક્તિ શ્રીમહાપ્રભુજી પર એવો આરોપ લગાવશે કે એક બાજુ તમે કહો છો કે કાવ્યમાં મિથ્યા-કાલ્પનિક અર્થો ન કરવા "કાવ્યાલાપાંશ્ચ વર્જયેત્"; ત્યારે બીજી બાજુ તમે જ યમુના-પયનો અર્થ દૂધ કરી મિથ્યા, કાલ્પનિક અર્થનો આશ્રય લો છો! એના જવાબમાં શ્રીબાલકૃષ્ણ ભટ્ટ કહે છે : 'પદ્મપુરાણ'માં સ્પષ્ટ પ્રમાણ છે કે યમુનાજળના પાનથી યમયાતના નિવૃત્ત થાય છે. માટે 'પયપાન' એટલે દૂધપાન એવો અર્થ કરી, જીવોને શ્રીયમુનાજીનાં સંતાન ગણાવી, યમદેવના ભાણેજ કહેવાની કોઈ જરૂર નથી.

તો અહીં શંકા થાય કે શ્રીમહાપ્રભુજીએ યમુના-પાન કરનારા જીવોને યમદેવના ભાણેજ કેમ કહ્યા?

આની સ્પષ્ટતા શ્રીબાલકૃષ્ણ ભટ્ટ આપે છે : ધર્મશાસ્ત્રોના મતે રક્ષણ કરવું એ માતૃત્વનો ગુણ છે. તેથી જે રક્ષા કરે તે માતારૂપ કહેવાય. પોતાના શરણે આવેલા - જલપાન કરનારા - જીવોની શ્રીયમુનાજી યમયાતનાથી રક્ષા કરે છે, માટે શરણસ્થ જીવોનાં તેઓ માતા છે. માટે આ જીવોને યમદેવના ભાણેજ સમજવા. આમ અર્થ લેવાથી શ્રીમહાપ્રભુજીની વાણીનો મિથ્યા કે કાલ્પનિક અર્થ કરવાની જરૂર રહેશે નહિ.

(૧) ભક્તકોં સુગમ, શ્રીયમુને અગમ ઓરેં,
પ્રાતહી નહાત, અઘ જાત તાકે સકલ,
યમ હૂ રહત તાહિ હાથ જોરે. (શ્રીસૂરદાસ)

(૨) દોઉ કુલ ખંભ, તરંગ સીઢી;
શ્રીયમુના જગત બૈકુંઠ નિશ્રેની. (શ્રીછીતસ્વામી)

(૩) પોષત દે પયપાન પુત્ર લોં હૈ જગજનની,
ધન્ય સુધન્યા દિયો ચાહે
ગદાધર હૂ કો ચરન-કમલ નિજ ભક્તિ. (શ્રીગદાધરદાસ)

(૪) મજ્જન કરૌં બિમલ જલ પાવન, ચિંતા કલુષ બહાઉં.
(શ્રીપરમાનંદદાસ)

(૫) શ્રીયમુના કરત કૃપાકો દાન,
જો કોઉ આવત દરસ તિહારે, સબકો રાખત માન.
(શ્રીરસિકદાસ)

મનુષ્યના ચાર પુરુષાર્થો - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ પુરુષાર્થોનાં બે ફળ : (૧) દુઃખનિવૃત્તિ અને (૨) સુખપ્રાપ્તિ. બીજી અને ત્રીજી પંક્તિમાં દુઃખનિવૃત્તિ બતાવી. કેવળ તરસ દૂર કરવા માટે ય યમુના-જળ પીનારાને યમયાતનામાંથી મુક્તિ મળે. શ્રીયમુનાજીનું આ અતિ અદ્‌ભુત ચરિત્ર શરણસ્થ જીવોનાં દુઃખો નિવૃત્ત કરનારું છે.

હવે ચોથી પંક્તિમાં "પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ"માં જીવોને અલૌકિક સુખપ્રાપ્તિ કરાવનારાં શ્રીયમુનાજીના અતિ અદ્‌ભુત ચરિત્રનું શ્રીમહાપ્રભુજી નિરૂપણ કરે છે.

શાસ્ત્રો સમજાવે છે કે ભગવાન જ્યારે કોઈ જીવને સ્નેહ કરે છે, પોતાનો ગણી સ્વીકારે છે, ત્યારે તે જીવની લાયકાત, તેના ગુણો, તેનો ધર્મ, ધર્મ આચરવામાં તેનાં સાધનો વગેરેનો ભગવાન વિચાર કરતા નથી. ''પ્રીતમ પ્રીત હી તે જાય પૈયે.'' આ ભગવાનની પુષ્ટિ-કૃપા છે. ભગવાન જે જીવને સ્વીકારે, તે જીવ પણ ભગવાનને સુદૃઢ, સર્વતોધિક સ્નેહ કરવા લાગે છે.

પણ પ્રશ્ન એ થાય છે કે ભગવાન તો નિર્દોષ, પૂર્ણગુણવિગ્રહ છે, જ્યારે જીવ તો 'સ્વભાવતો દુષ્ટ' છે -અનંત દોષોથી ભરેલો છે. આમ, પરમાત્મા અને આત્મા વચ્ચે આસમાન-જમીનનું અંતર હોય, ત્યારે બે વચ્ચે મેળ બેસે કેવી રીતે? શ્રીમહાપ્રભુજી પણ શ્રાવણ સુદ અગિયારસની મધ્યરાત્રિ સુધી આવો જ વિચાર કરતા હતા ને? નિર્દોષ વ્યક્તિ સાથે સદોષ વ્યક્તિને સ્નેહનો સંબંધ બંધાય એ વાત એ દુનિયામાં માન્યામાં જ આવતી નથી.

આ સંજોગોમાં સારસ્વત કલ્પમાં ભગવાનની પુષ્ટિશક્તિ શ્રીયમુનાજી જીવોના ઉદ્ધાર માટે ભગવદાજ્ઞાથી પૃથ્વી પર પધાર્યાં હતાં. વર્તમાન સમયમાં ભગવાનની એ જ પુષ્ટિશક્તિ શ્રીમહાપ્રભુજી સ્વરૂપે જીવોના ઉદ્ધાર માટે પૃથ્વી પર પધારેલ છે. જે જીવો ચિત્તના સર્વાત્મભાવથી શ્રીયમુનાજીની સેવા કરે છે; તેમનાં ગુણગાન ગાય છે, નામ-સ્મરણ કરે છે, તેમના જળનું પાન કરે છે - તેમનો શ્રીયમુનાજી અંગીકાર કરે છે, તેમને પોતાના બનાવી લે છે. મહાકારુણિક શ્રીયમુનાજીની તે જીવો પર અપરંપાર કૃપા વરસે છે. પ્રથમ તેઓ આ જીવના સર્વ દોષો દૂર કરે છે, તેને ભગવાન પાસે લઈ જાય છે, તેને ભગવાનમાં પ્રીતિ કરાવે છે અને ભગવાનની આ જીવમાં પ્રીતિ કરાવી, બંનેનો મેળાપ કરાવી આપે છે.

સારસ્વત કલ્પમાં પોતાના પ્રત્યક્ષ સ્વરૂપથી વ્રજમંડળમાં વસેલા જીવો પર શ્રીયમુનાજીએ આવી કૃપા કર્યાનું શાસ્ત્રપ્રસિદ્ધ છે. શ્રીભાગવતના દશમ સ્કંધમાં વ્રતચર્યા પ્રકરણમાં આ વાતની સ્પષ્ટ પ્રતીતિ છે. ગોપકુમારિકાઓને કાત્યાયનીરૂપા શ્રીયમુનાજીના સેવનથી જ ભગવત્પ્રાપ્તિ અને સ્વરૂપાનંદની પ્રાપ્તિ થઈ. તેઓ ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રીતિપાત્ર બન્યાં. તેવી રીતે રાસલીલાના પ્રકરણમાંથી પણ સમજાય છે. ભગવાન અંતર્ધાન થતાં, ગોપીજનોએ વિરહતાપપૂર્વક, શ્રીયમુનાજીના કિનારે 'ગોપીગીત' ગાયું, ત્યારે તેમને શ્રીનંદનદનનાં દર્શન અને સ્નેહ પુનઃ પ્રાપ્ત થયાં. અહીં 'ગોપિકાઃ' પદ બહુવચનમાં મૂકી શ્રીમહાપ્રભુજી એમ સમજાવે છે કે સગુણ અને નિર્ગુણ મળી ચારે યૂથોનાં ગોપિકાઓને શ્રીયમુનાજીની કૃપાથી જ શ્રીઠાકોરજી મળ્યા છે.

સારસ્વત કલ્પની પહેલાં અને પછી, ભગવાનના ભક્તો તો અનેક થયા. પણ તે સૌમાં ગોપીજનો સર્વોચ્ચ અને સર્વોત્તમ - ''ગોપી પ્રેમકી ધ્વજા.'' - સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પણ પોતાનાં સર્વોત્તમ પ્રીતિપાત્ર ભક્ત તરીકે ગોપીજનોને જ કહ્યાં છે. માટે શ્રીમહાપ્રભુજી અહીં ગોપીજનોનું દૃષ્ટાંત આપે છે.

આધુનિક સમયમાં પણ શ્રીમહાપ્રભુજી પુષ્ટિજીવોને બ્રહ્મસંબંધ આપી, તેમના દોષો નિવૃત્ત કરે છે, ત્યારે નિત્યલીલામાં સાક્ષાત્ શ્રીયમુનાજી પ્રભુને વધાઈ આપવા દોડી જઈ, તે જીવનો અંગીકાર કરવા પ્રભુને વિનંતી કરે છે :

'બ્રહ્મસંબંધ જબ હોત યા જીવકો,
તબ ઈનકી ભુજા વામ ફરકે;
દોર કર સોર કર જાય પિય સોં કહે,
અતિ હી આતુર મન જુ હરખે.' (શ્રીહરિરાયજી)

આમ, શ્રીયમુનાજીનું આ અતિ અદ્ભુત ચરિત્ર છે કે યમયાતના રૂપી દુઃખો નિવૃત્ત કરી, જીવોને દોષમુક્ત કરી, પ્રભુને સોંપી અલૌકિક સુખો આપે છે.

(૧) શ્રીયમુને કી આસ અબ કરત હૈં દાસ,
મન-કર્મ-બચન કર જોરિ કે માંગત,
નિસ દિના રાખિયે અપને જુ પાસ.
જહાં પિય રસિકવર, રસિકનિ રાધિકા;
દોઉ જન સંગ મિલ કરત હૈં રાસ. (શ્રીપરમાનંદદાસ)

(૨) સરન પ્રતિપાલ ગોપાલ રતિવર્ધિની,
દેત પતિપંથ, પિય-કંથ સન્મુખ કરત,
અતુલ કરુનામયી, નાથ અંગ અર્ધિની. (શ્રીકૃષ્ણદાસ)

(૩) 'કુંભનદાસ' કહે લાલ ગિરિધરન મુખ,
ઈનકી કૃપા ભઈ તબ નિહારો. (શ્રીકુંભનદાસ)

(૪) 'ચતુર્ભુજદાસ' કહે સોઈ પ્રિય પાસ રહે,
જોઈ શ્રીયમુનાજી કે રસ જુ ભીંજૈ. (શ્રીચતુર્ભૂજદાસ)

(૫) દીન જાન મોહિ દીજે શ્રીયમુનાજી,
નંદકુમાર સદા વર માંગૌ, ગોપિન કી દાસી મોહિ કીજૈ.
(શ્રીપરમાનંદદાસ)

(૬) સુખ દેની, દુઃખહરની શ્રીયમુનાજી,
જે જન પ્રાત ઊઠ ન્હાવૈ. (શ્રીસૂરદાસ)

(૭) શ્રીયમુના તુમ સમ ઓર ન કોઈ,
કરો કૃપા મોહિ દીન જાન કે, નિત બ્રજબાસોં હોઈ.
(શ્રીહરિરાયજી)

(૮) શ્રીયમુના યહ બિનતી ચિત્ત ધરિયે,
શ્રીગિરિધરલાલ મુખારવિંદ રતિ જનમ-જનમ નિત કરિયૈ.
(શ્રીગોવિંદસ્વામી)

શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીના મતે આ શ્લોકમાં ભગવદીયત્વના ઉત્કર્ષ રૂપ છઠ્ઠા અલૌકિક ઐશ્વર્યનું નિરૂપણ છે, તો શ્રીપુરુષોત્તમજીના મતે ભગવાનને પ્રિય બનાવવારૂપ અલૌકિક ઐશ્વર્યનું નિરૂપણ છે. વાસ્તવમાં ભક્ત ભગવાનને પ્રિય બને તેમાં જ તેનો ઉત્કર્ષ છે. માટે આ બંને ઐશ્વર્યો અભિન્ન છે.

આ શ્લોકની પોતાની ટીકામાં શ્રીપુરુષોત્તમજી અંતે ઉલ્લેખ કરે છે કે અહીં સુધીની ટીકા શ્રીગુસાંઈજીની છે, આગળના ત્રણ શ્લોકોની ટીકા તેમની આજ્ઞાથી તેમના ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજીએ લખી છે.

આ શ્લોકનો પદ્યાનુવાદ ગાઈએ :

અદ્‌ભુત ચરિત્ર છે આપનું, વંદન કરું હું પ્રેમથી,
યમયાતના આવે નહિ, મા! આપના પયપાનથી;
કદી દુષ્ટ હોઈએ તો ય પણ સંતાન છે અમ આપનાં;
સ્પર્શે ન અમને કોઈ ભય, છાયા છે સદા આપની.
ગોપીજનો પ્રભુ પ્રિય બન્યાં, એવી કૃપા બસ રાખજો;
વંદન કરું શ્રીયમુનાજીને, શ્રીકૃષ્ણ-આશ્રય આપજો.



૧૦:૭. શ્લોક સાતમો

મૂળ શ્લોક

મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા
ન દુર્લભતમા રતિર્મુરરિપૌ મુકુંદપ્રિયે ।
અતોઽસ્તુ તવ લાલના સુરધુની પરં સંગમાત્;
તવૈવ ભુવિ કીર્તિતા ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ॥૭॥

પદ્યાનુવાદ

ધરો તુજ સમીપ દેહ મુજ નૂતનશ્રી સદા,
ન દુર્લભ રજે હરિપ્રીતિ પછી, મુકુંદપ્રિયા!
હજો જ તુજ લાડ આ; તુજ ભળ્યાથી ગંગાય તે
જગે સુયશશાલિની, નહિ ય તો ન પુષ્ટિસ્થને. (૭)

અન્વયાર્થ :

મુકુંદપ્રિયે = હે ભગવાન મુકુંદની પ્રિયા!; **તવસન્નિધૌ** = તમારા સાન્નિધ્યમાં; **મમ** = મારું; **તનુનવત્વમ્** = શરીર નવીન (ભગવલ્લીલા ઉપયોગી); **અસ્તુ** = થજો; **એતાવતા** = (કારણ કે) આમ થવાથી; **મુરરિપૌ** = મુરારિ ભગવાન શ્રીકૃષ્ણમાં; **રતિ** = પરમ પ્રીતિ; **ન દુર્લભતમા** = દુર્લભતમ નથી રહેતી (સુલભ બની જાય છે.); **અતઃ** = આથી (લીલોપયોગી તનુનવત્વની પ્રાપ્તિ થાય ત્યાં સુધી); **તવ લાલના અસ્તુ** = તમારી (ગુણગાનરૂપ) લાલના હો; **તવ સંગમાદ્ એવ** = તમારા સંગમથી જ; **સુરધુની** = દેવોની નદી ગંગા; **ભુવિ પરં કીર્તિતા** = આ પૃથ્વી પર અધિક કીર્તિયુક્ત બન્યાં છે. (તેમનાં ગુણગાન થયાં છે.); **અન્યથા** = (તમારા સંગમ વિના કેવળ ગંગાના ગુણગાન) અન્યથા ન થયાં હોત!; **'પુષ્ટિસ્થિતૈઃ કદાપિ ન કીર્તિતા** = પુષ્ટિમાર્ગનિષ્ઠ ભક્તોએ (કેવળ ગંગાનાં) ગુણગાન કદાપિ કર્યાં નથી. (૭)

શ્લોકાર્થ :

હે ભગવાન મુકુંદનાં પ્રિયા શ્રીયમુને! તમારા આધિભૌતિક અને આધિદૈવિક સ્વરૂપના સાન્નિધ્યમાં ભગવલ્લીલા માટે ઉપયોગી એવો નવીન દેહ (તનુનવત્વ)

મને પ્રાપ્ત થાય, કારણ કે તેમ થવાથી મુરારિ ભગવાન શ્રીકૃષ્ણમાં મારી પરમ પ્રીતિ સુલભ બની જશે. જ્યાં સુધી મને લીલોપયોગી તનુનવત્વની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી હું તમારાં ગુણગાનરૂપ લાલના કરતો રહું. તમારા સંગમથી જ સ્વર્ગની નદી ગંગા આ પૃથ્વી પર અધિક કીર્તિ પામ્યાં છે, અર્થાત્ ભક્તોએ તેમનાં ગુણગાન ગાયાં છે. તમારો સંગમ તેમને ન થયો હોત, તો કેવળ ગંગાનાં આટલાં ગુણગાન ન થયાં હોત, પુષ્ટિમાર્ગનિષ્ઠ ભક્તોએ કેવળ ગંગાનાં ગુણગાન કદાપિ ગાયાં નથી.

વિવૃત્તિ - અર્થ અને વિવરણ :

છઠ્ઠા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીનું અતિ અદ્‌ભુત ચરિત્ર સમજાવ્યું અને સાથે સાથે એમ પણ કહ્યું કે આ ચરિત્રની સ્તુતિ કરવી અમારી શક્તિથી અશક્ય છે. શ્રીયમુનાજી જલપાનરૂપે પોતાનું પયપાન કરનારા જીવોના દોષોની નિવૃત્તિ કરી, યમયાતનામાંથી જ મુક્ત નથી કરતાં, પણ તેમને પ્રભુને પ્રાપ્ત કરાવવા લાયક નિર્દોષ બનાવી, પ્રભુને પ્રિય બનાવે છે.

શાસ્ત્રોએ ભગવત્પ્રાપ્તિ માટે બે આવશ્યક્તાઓ કહી : (૧) નિર્દોષતા (૨) અને અલૌકિક દેહ. પ્રભુને પ્રિય બનવા અને પ્રભુને પ્રિય બનાવવા. પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ કરવા આ બે બાબતો આવશ્યક છે. આધુનિક સમયમાં આપણે ભગવત્સેવા કરીએ છીએ, ત્યારે પ્રભુ સાવરણ આપણી સેવા અંગીકાર કરે છે. જેમ કોઈ વ્યક્તિએ હાથ પર મોજાં પહેર્યાં હોય અને આપણે તેના હાથને સ્પર્શ કરીએ, તો હાથ પરના કાપડને સ્પર્શ થાય છે, ખુલ્લા હાથને સ્પર્શ થતો નથી. તે હાથ મોજામાં ઢંકાયેલો-સાવરણ-છે, તેમ મૂર્તિ-ચિત્ર આદિમાં બિરાજેલા પ્રભુની આપણે સાક્ષાત્ ભાવથી સેવા કરીએ છીએ, ત્યારે તે સેવા સાવરણ છે. આપણને પ્રભુનો સાક્ષાત્ અનુભવ થતો નથી; કારણ કે નિર્દોષ, અલૌકિક પ્રભુના અંગસંગને માણવા આપણે પણ નિર્દોષ અલૌકિક બનવું આવશ્યક છે. અત્યારે આપણો દેહ પંચમહાભૂતનો બનેલો - લૌકિક છે, મન પણ લૌકિક વિષયો - વિચારોથી ગ્રસ્ત છે. વ્રતચર્યાના પ્રસંગમાં ભગવાન શ્રીકૃષ્ણે કુમારિકાઓનાં ચીરહરણ દ્વારા તેમની અવિદ્યા દૂર કરી, તેમના દેહ અને મનની લૌકિકતા દૂર કરી, તેમને અલૌકિક તન-મનવાળાં બનાવી, તેમને પોતાના સ્વરૂપાનંદનું દાન કર્યું, તેમ આધુનિક જીવોને શ્રીયમુનાજી પોતાના સામર્થ્યથી અલૌકિક તન-મન આપનારાં છે. શ્રીયમુનાજીના આ સાતમા અલૌકિક ઐશ્વર્યનું નિરૂપણ, આ શ્લોકમાં કરવામાં આવ્યું છે. શ્રીમહાપ્રભુજી આ અલૌકિક તન-મન પ્રાપ્ત કરવા શ્રીયમુનાજીને વિનંતી કરે છે.

આ શ્લોકની 'વિવૃત્તિ'માં શ્રીગોકુલનાથજીએ આજ્ઞા કરી કે તરસ જેવા આવશ્યક દૈહિક ધર્મો પણ જ્યારે શ્રીયમુનાજી સાથે સંબંધિત બને છે, ત્યારે તે વ્યક્તિને મુક્તિથી પણ અધિક એવી ભક્તિ પ્રાપ્ત થાય છે. આવશ્યક દૈહિક ધર્મનું તાત્પર્ય શ્રીહરિરાયજી અને શ્રીપુરુષોત્તમજી અલગ અલગ બતાવે છે.

શ્રીહરિરાયજીના મતે તરસ જેવા દેહધર્મો માટે યમુના-પાન અને તેના ફળની વાત અગાઉના શ્લોકમાં થઈ ચૂકી છે, તેથી તેઓ 'આવશ્યક દૈહિક ધર્મ'નો અર્થ યમુના-જળના પાનનો કરતા નથી.

શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીના મતે આ દેહ છૂટે અને આત્મા અન્ય દેહ ધારણ કરે છે તે ન રોકી શકાય તેવો - અપરિહાર્ય-દૈહિક ધર્મ છે. ભાગવત આદિ શાસ્ત્રોએ આ વાત સમજાવી છે. મનુષ્યને મોક્ષ મળે ત્યારે પણ વૈકુંઠ જેવાં સ્થાનોમાં સેવોપયોગી દેહ પ્રાપ્ત થાય છે, એમ શાસ્ત્રો કહે છે. શ્રીમહાપ્રભુજીએ પણ 'સેવાફલ વિવરણ'માં કહ્યું કે સેવાના ફળરૂપે વૈકુંઠમાં સેવોપયોગી દેહ પ્રાપ્ત થાય છે. આ દૈહિક-ધર્મ સાથે શ્રીયમુનાજીનો સંબંધ થતાં મુક્તિથી અનેક ગણી અધિક ભક્તિ મળે છે. આ સંજોગોમાં યમયાતના નિવૃત્ત થાય તેમાં તો સંદેહ જ ન હોય.

શ્રીહરિરાયજી કહે છે : શ્રીમહાપ્રભુજીએ મૂળ શ્લોકમાં 'તવ સન્નિધૌ' પદ મૂક્યું છે. એનો અર્થ એવો થાય કે જ્યાં શ્રીયમુનાજી દુષ્ટ સન્નિધાનથી તિરોહિત નથી થયાં અને પોતાના આધિદૈવિક સ્વરૂપે બિરાજમાન છે, ત્યાં ''તનુનવત્વ''ની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ શ્રીયમુનાજી તેમના આધિદૈવિક સ્વરૂપે કેવળ વ્રજમંડળમાં જ બિરાજમાન છે. અન્ય સ્થાનોએ દેશકાળ, કર્તા, કર્મ આદિના અસંખ્ય દોષો રહેલા હોવાથી ત્યાંના યમુનાજળમાં શ્રીયમુનાજીનું આધિદૈવિક સ્વરૂપ તિરોહિત થયેલું છે. એટલે જે વ્યક્તિઓ વ્રજમંડળમાં શ્રીયમુનાજીના કિનારે વાસ કરે છે તેમને શ્રીયમુનાજી પોતાના આધિદૈવિક સ્વરૂપના સંબંધથી તનુનવત્વ પ્રાપ્ત કરાવે છે.

શ્રીપુરુષોત્તમજી ''આવશ્યક દૈહિકધર્મ'' પદનો બીજો અર્થ કરે છે. તેઓ કહે છે કે તરસને કારણે પયપાન કરનારને પણ યમયાતના ભોગવવી પડતી નથી, તેવું વિધાન શ્રીમહાપ્રભુજીએ આગળના શ્લોકમાં કર્યું હોવા છતાં તેનો આવશ્યક દૈહિક ધર્મ તરીકે ઉલ્લેખ, શ્રીગુસાંઈજીએ તે શ્લોકની ટીકામાં કર્યો નથી. માટે તે ભાવનો ઉલ્લેખ અહીં શ્રીગોકુલનાથજી તેમની ટીકામાં કરી રહ્યા છે. જો ટીકાકારે આ વાત આગલા શ્લોકની ટીકામાં કરી હોત અને તે જ વાત અહીં બીજી વખત કરી હોત, તો તેનો અલગ અર્થ વિચારી શકાત. પણ એમ થયું નથી; તેથી

આવશ્યક દૈહિકધર્મનો અર્થ શ્રીગોકુલનાથજીના મતે શ્રીયમુનાજીના કિનારે વાસ કરીને તેમના જળનું તરસ છિપાવવા પાન કરવું એ જ છે. આમ કરવાથી શ્રીયમુનાજીના સંબંધે મુક્તિથી પણ અધિક ભક્તિ પ્રાપ્ત થાય છે, ત્યારે યમયાતના તો રહે જ નહીં. આવો આશય વિચારીને શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીને આ શ્લોકની પ્રથમ પંક્તિમાં વિનંતી કરી કે "મમાસ્તુ તવસન્નિધૌ તનુનવત્વ-મેતાવતા." હે શ્રીયમુનાજી! જલરૂપ આપના ભૌતિક રૂપમાં આપ આધિદૈવિકરૂપે અહીં બિરાજેલાં છો, ત્યારે આપના સાન્નિધ્યથી મને તનુનવત્વ અર્થાત્ લીલોપયોગી નૂતન દેહ પ્રાપ્ત થાય.

'તનુનવત્વ' પદનો અર્થ શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી એક કરે છે, જ્યારે શ્રીપુરુષોત્તમજી તેનો જુદો અર્થ કરે છે. આમ, છતાં શ્રીહરિરાયજીના અર્થનો શ્રીપુરુષોત્તમજી સ્વીકાર તો કરે જ છે; તેનાથી તદ્દન ભિન્ન અર્થ કરતા નથી.

શ્રીગોકુલનાથજીએ તેમની વિવૃત્તિમાં પૂર્વદેહનિવૃત્તિથી તનુનવત્વ પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે. પૂર્વદેહનિવૃત્તિ વિશે શ્રીહરિરાયજી અને શ્રીપુરુષોત્તમજીનો મત અલગ છે. શ્રીહરિરાયજીના મતે પૂર્વદેહ-નિવૃત્તિ એટલે આ ભૌતિક શરીરનો નાશ નહિ, પરંતુ તેમાં રહેલા લૌકિક ધર્મોનો નાશ અને અલૌકિક ધર્મોનું તેમાં અવતરણ. જો આમ ન હોત, તો શ્રીગોકુલજીએ પૂર્વ તનુના નવીનપણાની વાત કહેવાને બદલે 'નવતનુ' એમ કહ્યું હોત. તનુનવત્વ અને નવતનુત્વમાં પાયાનો તફાવત છે. તનુનવત્વ એટલે વિદ્યમાન ભૌતિક લૌકિક શરીર બહારથી એવું જ દેખાવા છતાં તેનું આંતરિક બંધારણ જે લૌકિક છે તે નાશ પામી અલૌકિક બને. પરિણામે એ દેહને ભૂખ, તરસ, થાક, ઊંઘ, વિષયવાસના આદિની કોઈ અસર થાય નહીં. દિવ્યતા પ્રાપ્ત થતાં તે અલૌકિક પ્રભુનો સાક્ષાત્ અનુભવ કરવાલાયક બને, પરિણામે તેની સર્વ ઈન્દ્રિયો અલૌકિક બનતાં તે આ જન્મમાં જ સાક્ષાત્ પ્રભુમાં સ્વરૂપાનંદને માણે. શ્રીઠાકોરજીએ ગોપીજનોને વ્રતચર્યાના પ્રકરણમાં આવું તનુનવત્વ આપ્યું હતું; એટલે આ શરીર જ અલૌકિક બને તેનું નામ તનુનવત્વ. જો આ શરીર છૂટ્યા પછી પ્રાપ્ત થનાર અન્ય શરીર અલૌકિક મળવાનું હોય અને તેના દ્વારા પ્રભુનો સાક્ષાત્ અનુભવ થવાનો હોય, તો તે શરીરને શ્રીગોકુલનાથજીએ નવતનુત્વ કહ્યું હોત; તનુનવત્વ નહિ. માટે તનુનવત્વનો અર્થ ભૌતિક શરીરમાંથી લૌકિક ધર્મોનો તિરોભાવ અને અલૌકિક ધર્મોનો આવિર્ભાવ એમ કરવો જોઈએ.

શ્રીદ્વારકેશજી, શ્રીહરિરાયજીના આ મતનું સમર્થન કરતાં 'નવત્વ' શબ્દની વ્યુત્પત્તિ 'નિતરામ્ વર્તનમ્' એમ કરે છે. 'નિતરામ વર્તનમ્' પદનો અર્થ વિલક્ષણ

સ્વરૂપે સ્થિતિ છે. મૂળ સ્વરૂપનો નાશ નથી. આ અર્થ પ્રમાણે તનુનવત્વ એટલે વિદ્યમાન શરીરની વિલક્ષણ સ્થિતિ આ સંજોગોમાં વિદ્યમાન શરીરનો નાથ થતો નથી; પરંતુ ભગવલ્લીલામાં જે ઉપયોગી નથી એવા લૌકિક દેહધર્મોની નિવૃત્તિ થાય છે અને લીલામાં ઉપયોગી એવા અલૌકિક દેહધર્મોનો ઉદય થાય છે.

સેવા કરનારા આધુનિક વૈષ્ણવોને આનો અનુભવ છે જ. સેવામાં તત્પર થતાં વૈષ્ણવોને તેમના રોગ, શરીરની અશક્તિ, ભૂખ, તરસ વગેરે બાધા કરતાં નથી. ચોર્યાસી વૈષ્ણવોમાં કાશીના શેઠ પુરુષોત્તમદાસની વાર્તા આ સિદ્ધાંતનું ઉત્તમ ઉદાહરણ છે. શેઠ પુરુષોત્તમદાસના પુત્ર ગોપાલદાસને એક દિવસ એવો વિચાર આવ્યો કે શેઠ હવે વૃદ્ધ થયા છે. સેવાની સર્વ જવાબદારી મારે સંભાળવાની છે. શેઠ પુરુષોત્તમદાસે પુત્રના મનમાં રમતા આ વિચારને તેમના તનુનવત્વના સામર્થ્યથી જાણ્યો અને તેમણે ગોપાલદાસને પોતાના અલૌકિક યુવાન શરીરનાં દર્શન કરાવ્યાં. આથી ગોપાલદાસને ખાતરી થઈ કે બાહ્ય શરીર વૃદ્ધ થાય, પણ સેવા કરનાર વૈષ્ણવ આંતરિક રીતે સદાબહાર યુવાન જ હોય છે. તેમનું વૃદ્ધત્વ તેમને સેવામાં બાધા કરી શકતું નથી.

આવો જ એક પ્રસંગ બસો બાવન વૈષ્ણવની વાર્તામાં મળે છે. ગોકુલથી એક વ્રજવાસી વૈષ્ણવ આગ્રા ગયા હતા. આગ્રામાં એક વૈષ્ણવને ત્યાં મુકામ કર્યો. તે વૈષ્ણવ બહેને કહ્યું, 'આપ સ્નાન કરી, જપ-પાઠ કરી લો. પછી પ્રસાદ લો.' તે વ્રજવાસીએ સ્નાન કર્યું. પછી કહ્યું, 'હું આજે પ્રસાદ લઈ શકીશ નહિ; કારણ કે જપ કરવાની માળા ગોકુળમાં રહી ગઈ છે. જપ કર્યા વિના હું પ્રસાદ નહીં લઉં.' તે બહેને કહ્યું, 'હું જમુનાજી જળ ભરવા જાઉં છું. ગોકુળમાં તમારું ઘર કયાં છે તેની નિશાની મને આપો. હું તમારી ગૌમુખી હમણાં જ લઈ આવું છું.' તે વૈષ્ણવ બહેનને શ્રીયમુનાજીની કૃપાથી તનુનવત્વ પ્રાપ્ત થયેલું હતું. એ અલૌકિક સામર્થ્યના બળે ગોકુળ સુધી તેમનો હાથ લંબાવી, વ્રજવાસી વૈષ્ણવની ગૌમુખી લઈ આવ્યાં.

યોગ-સાધના દ્વારા યોગીઓ, પોતાનો કાયાકલ્પ કરી આવું દૈવી સામર્થ્ય મેળવે છે. જો પારસમણિના સ્પર્શથી લોખંડ પણ સોનું બને છે, તો શ્રીયમુનાની કૃપાથી આ શરીર અલૌકિક બને તેમાં કોઈ સંદેહ કરવા જેવો નથી. આ અનુભવસિદ્ધ બાબત છે.

પૂર્વદેહ-નિવૃત્તિનું સ્વરૂપ સમજાવતાં શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી એક ઉદાહરણ આપે છે. માટીનો ઘડો કાચો હોય, ત્યારે તેમાં જળ ટકતું નથી. અગ્નિમાં તપ્યા પછી, પાકા બનેલા ઘડામાં જળ ટકે છે. અગ્નિમાં તપતાં, તે

ઘડાનું કાચાપણું નિવૃત્ત થાય છે. બંને સ્થિતિમાં ઘડાનો બાહ્ય આકાર એક જ છે; પરંતુ બીજી સ્થિતિમાં-પાકા થયેલા ઘડામાં-જળ સંઘરવાનું સામર્થ્ય આવે છે, જે પહેલી સ્થિતિમાં કાચો ઘડો હતો, ત્યારે ન હતું. આમ, શ્રીયમુનાજીના સાન્નિધ્યથી દેહની ભૌતિકતા, લૌકિકતા, સેવામાં સાક્ષાત્ ભગવદ્દર્શન અને સ્પર્શ માટેની અયોગ્યતા નિવૃત્ત થાય છે અને તેમાં ભગવદ્દર્શન અને સ્પર્શ માટેની યોગ્યતા-અલૌકિકતા આવે છે.

આવું તનુનવત્વ પ્રાપ્ત થતાં ભગવત્સ્વરૂપનો સાક્ષાત્ - કોઈ પણ આવરણ વિના - અનુભવ થાય છે. અહીં એવી આશંકા કરવાની જરૂર નથી કે દેહની લૌકિકતા સાથે દેહનો પણ નાશ થાય. લૌકિકતાનો અર્થ દેહના દોષો છે. દેહની પંચપર્વા અવિદ્યા એ દેહના દોષો છે. તે દેહની સાથે રહેનારા-નિયત-ધર્મો છે. ગોપ-ગોપીઓના આ નિયત ધર્મોનો નાશ થયો હતો, તેમના દેહોનો નહિ.

શ્રીપુરુષોત્તમજી 'તનુનવત્વ'નો અર્થ 'નવતનુ' કરે છે. જેમ યજ્ઞોપવીતથી બ્રાહ્મણના ભૌતિક દેહમાં 'દ્વિજત્વ' આવે છે, તેમ આપણા દેહમાં વિલક્ષણતા આવે છે. એને જ તનુનવત્વ કહેવું પર્યાપ્ત નથી. તનુનવત્વ એટલે લીલોપયોગી નૂતન દેહની પ્રાપ્તિ. અર્થાત્ આપણા આ ભૌતિક દેહના નાશ બાદ પ્રાપ્ત થતો અલૌકિક દેહ. શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે કે આ શ્લોકમાં કેવળ પૂર્વદેહની નિવૃત્તિની વિનંતી નથી, પણ નૂતન દેહની પ્રાપ્તિ માટે પણ વિનંતી છે. આમ બે વિનંતી છે. આ શરીરના લૌકિક ધર્મો નિવૃત્ત થતાં, તેને ભગવાનનો દુર્લભતમ પ્રેમ સુલભ થશે, પણ ભગવલ્લીલાનો અનુભવ તો દુર્લભ જ રહેશે, જે નૂતન દેહથી જ માણી શકાશે આમ 'તનુનવત્વ'માં 'તનુ-નવ' સાથે 'નવ-તનુ'નો ભાવ પણ છે.

હવે શ્રીમહાપ્રભુજી 'તનુનવત્વ'નું ફળ બીજી પંક્તિમાં બતાવે છે. શ્રીયમુનાજીની આવી કૃપા થતાં પ્રભુમાં પ્રેમ દુર્લભતમ રહેતો નથી - "**ન દુર્લભતમા રતિઃ મુરરિપૌ, મુકુન્દપ્રિયે!**' - સુલભતમ થાય છે. શ્રીદ્વારકેશજી કહે છે : આમ તો મધ્યમ અને દીન અધિકારીઓ માટે શ્રીયમુનાજીની કૃપા જ દુર્લભ છે, પણ શ્રીયમુનાજીના સાન્નિધ્યના સેવનથી આવા અનધિકારી જીવોને પણ શ્રીયમુનાજીની કૃપા મળતાં, ભગવાનનો પ્રેમ સરળતાથી મળે છે.

અહીં એક પ્રશ્ન થાય કે ભગવત્પ્રેમની પ્રાપ્તિમાં વિઘ્નો આવે છે. સામાન્ય વિઘ્નો તો દૂર થાય છે, પણ ભગવદીયોનો અપરાધ થવા જેવાં વિઘ્નો તો ભગવાન પણ દૂર કરી શકતા નથી, પરિણામે તે જીવનો ભગવાનમાં પ્રેમ થતો નથી - ભગવાન પણ કરાવી શકતા નથી.

આના જવાબમાં શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી કહે છે : આવી પરિસ્થિતિમાં પણ જીવે નિરાશ થવાની જરૂર નથી; કારણ કે ભગવાન 'મુરરિપુ:' છે. આપણે આગળ મુરરાક્ષસના દુશ્મન બન્યાનું ભગવાનનું અલૌકિક ચરિત્ર પ્રથમ શ્લોકના વિવરણમાં સમજી ગયા છીએ. નરકાસુરે કેદ કરેલી સોળ હજાર કન્યાઓને ભગવત્-પ્રાપ્તિમાં મુર રાક્ષસનો-જળના દોષોનો-પ્રતિબંધ હતો. ત્યારે ભગવાને સ્વયં 'મુરરિપુ' બની. તે પ્રતિબંધ દૂર કરી, તે કન્યાઓનો સ્વીકાર કર્યો હતો. આ જ પ્રમાણે ભગવાન શ્રીયમુનાજીના સંબંધથી શ્રીયમુનાજીના સેવકોના સર્વ દોષો નિવૃત્ત કરવા સદા તત્પર છે. માટે શ્રીમહાપ્રભુજી એમ સમજાવે છે કે જેમણે શ્રીયમુનાજીનું શરણ સ્વીકાર્યું છે, એવા તેમના સેવકોના સર્વ દોષો, સેવકોના પ્રયત્ન વિના જ, નિવૃત્ત થશે. તેમના કાયિક, વાચિક, માનસિક ત્રણે કાળના - ભૂત, વર્તમાન, ભવિષ્ય-દોષો નિવૃત્ત કરી પ્રભુ તેમનો અંગીકાર કરશે. આમ, આ પંક્તિ યોગ્ય જ છે કે શ્રીયમુનાજીની કૃપાથી ભગવાનમાં પરમ પ્રીતિ થવી દુર્લભ નથી.

ભગવાન મુકુન્દ મોક્ષદાતા છે. પુષ્ટિમાર્ગીય મોક્ષ, મર્યાદામાર્ગીય મોક્ષથી ભિન્ન છે. મર્યાદામાર્ગીય મોક્ષ એટલે ભગવાનના આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મમાં જીવાત્માનો લય. પુષ્ટિમાર્ગીય મોક્ષ એટલે સાક્ષાત્ ભગવાનની સેવા, અને ભગવાનમાં પ્રેમ દ્વારા ભગવદીયત્વની પ્રાપ્તિ. શ્રીયમુનાજી આવો પુષ્ટિમાર્ગીય મોક્ષ આપનારાં ભગવાનનાં પ્રિયા છે, તેથી ભગવાનનું આ સામર્થ્ય તેમનામાં પણ છે, માટે તેમને 'મુકુન્દપ્રિયે' કહ્યાં.

શ્રીદ્વારકેશજીના મતે શ્રીયમુનાજી સર્વભક્ત શિરોમણિ છે. જેમ વૃક્ષના મૂળમાં જળ સીંચવાથી સમગ્ર વૃક્ષને પોષણ મળે છે, તેમ શ્રીયમુનાજી પ્રસન્ન થતાં સર્વ ભક્તો પ્રસન્ન થાય છે અને તેમના થયેલા અપરાધોમાંથી આપણને નિવૃત્ત કરે છે. પરિણામે તે અપરાધો ભગવત્પ્રેમ પ્રાપ્ત કરવામાં પ્રતિબંધક થતા નથી. આમ, શ્રીહરિરાયજીના મતે શ્રીયમુનાજી પણ ભગવાનની જેમ સ્વતંત્ર ભક્તિદાયિકા હોવાથી 'મુકુંદપ્રિયા' છે.

શ્રીપુરુષોત્તમજી કહે છે : મોક્ષ આપવો એ તો ભગવાનનો સહજ સ્વભાવ છે, પણ શ્રીયમુનાજી મુકુંદનાં પ્રિયા હોવાથી, તેમના અનુરોધથી સહજ સ્વભાવ છે, પણ શ્રીયમુનાજી મુકુંદનાં પ્રિયા હોવાથી, તેમના અનુરોધથી ભગવાન તેમના સેવકોને અલૌકિક દેહ - તનુનવત્વ - આપે છે, એમ સૂચવવા શ્રીયમુનાજીને 'મુકુંદપ્રિયા' કહ્યાં છે.

કીર્તનસંગતિ :

(૧) શ્રીયમુનાજી તુમ હો પરમ ઉદાર,
તુમ્હારી કૃપા ભઈ જાન કૃષ્ણજુ કરત તાહિ અધિકાર. (શ્રીહરિદાસ)

(૨) કેલી શ્રમ સુરત પયરૂપ બ્રજભૂપકો,
પુત્ર પયપાન દે વિશ્વમાતા,
અંગ નૂતન કરત પુષ્ટિ તબ અનુસરત,
ત્રિદલ રસ કેલકી અમિત દાતા (શ્રીદ્વારકેશજી)

(૩) યમુને તટ-રેણુતે હોત હૈ નવીન તનુ,
ઈન કે સુખ દેન કી, કહા કરૌ બડાઈ? (શ્રીકુંભનદાસ)

શ્રીમહાપ્રભુજી હવે આ શ્લોકની ત્રીજી પંક્તિમાં કહે છે કે "અતોઽસ્તુ તવ લાલના" જ્યાં સુધી અમારું આ શરીર અલૌકિક સામર્થ્ય વિનાનું લૌકિક છે, ત્યાં સુધી તનુનવત્વ માટે અમે આપનાં ગુણગાન કરીશું. આ ગુણગાન પણ અમારી શક્તિથી શક્ય નથી, તમારી કૃપાથી જ થશે; માટે તમારી સ્તુતિરૂપી આ લાલના અમે કરીએ તેવી અમારા ઉપર આપ કૃપા કરો.

શ્રીહરિરાયજી 'લાલના' પદનું રહસ્ય સમજાવે છે. લાલનાને લૌકિક ભાષામાં પ્રેમભર્યા હાલરડા સાથે સરખાવાય છે. જેમ માતા તેનાં બાળકોને વહાલ કરતી વખતે પ્રેમવશ થઈ, તેની પ્રશંસા કે ગુણગાન કરે છે; તેમ આપની આ સ્તુતિ ગુણસંકીર્તન નથી, પણ કેવળ લાલના જ છે. લાલના વાસ્તવિક માહાત્મ્ય-નિરૂપણ, ગુણસંકીર્તન અને સ્તુતિથી ભિન્ન હોય છે. શ્રીગોકુલનાથજી એમ બતાવી રહ્યા છે કે શ્રીયમુનાજીની આ સ્તુતિ લૌકિક પ્રકારની કેવળ લાલના નથી, પણ માહાત્મ્ય ગુણગાનરૂપી સ્તુતિ છે. તેથી તેમણે લાલનાને સ્તુતિરૂપા કહી છે.

શ્રીમહાપ્રભુજી આ શ્લોકની છેલ્લી દોઢ પંક્તિમાં ફરીથી શ્રીયમુનાજી સાથેનો શ્રીગંગાજીનો સંબંધ બતાવે છે. ગંગાજી ભગવાનની વિભૂતિરૂપ છે, તેથી તેમાં સ્નાન કરવાથી અનેક મોટા યજ્ઞોનું ફળ મળે છે. શાસ્ત્રવચનોથી ગંગાજી પણ તનુનવત્વ આપનારાં સમજાય છે; પરંતુ સ્વતંત્ર સ્વરૂપે ગંગાજી મર્યાદામાર્ગીય ફળ આપી શકે છે, ભજનાનંદનું પુષ્ટિફળ નહીં. અલૌકિક દેહ દ્વારા પ્રભુની સાક્ષાત્ લીલાના અનુભવનું ફળ તો ગંગાજી શ્રીયમુનાજીના સંબંધથી જ આપી શકે છે. તેથી શ્રીયમુનાજીના સંગથી જ શ્રીયમુનાજીને વેદની શ્રુતિઓએ પરમ ફળ આપનારાં કહ્યાં છે. માટે શ્રીમહાપ્રભુજી પણ કહે છે કે શ્રીયમુનાજીના સંગમથી જ ગંગાજી પૃથ્વી પર વિશેષ કીર્તિને પામ્યાં છે; છતાં પુષ્ટિમાર્ગીય

ભક્તોમાં સર્વોત્તમ એવા વ્રજભક્તોએ કેવળ ગંગાજીનું ગુણગાન કર્યું નથી. ગંગાજીની જે કંઈ સ્તુતિ થઈ છે તે શ્રીયમુનાજીના સંબંધને લઈને જ પુષ્ટિભક્તોએ કરેલી છે. આમ, ગંગાજીને પણ અલૌકિક તનુનવત્વ શ્રીયમુનાજીના સંગમથી જ પ્રાપ્ત થયું છે. આમ કહીને શ્રીમહાપ્રભુજી આધુનિક પુષ્ટિજીવોને આશ્વાસન આપે છે કે શ્રીયમુનાજીની કૃપાથી તમને પણ તનુનવત્વની પ્રાપ્તિ અને તે દ્વારા ભગવત્પ્રેમ અને ભગવલ્લીલાનો અનુભવ અવશ્ય થશે.

આ શ્લોકનો અર્થ ફરીથી યાદ કરી લઈએ. શ્રીમહાપ્રભુજી શ્રીયમુનાજીને વિનંતી કરે છે કે હે શ્રીયમુનાજી, તમે મુકુંદપ્રિયા છો, તેથી ભક્તોના સર્વ અપરાધો દૂર કરી તમે ભગવાનમાં ભક્તોનો પ્રેમ વધારનારાં છો. આથી તમારી પાસે રહેનારા ભક્તોને તમે તનુનવત્વ આપી ભગવાનનો પ્રેમ સુલભ કરી આપો છો. આથી તનુનવત્વ અને તે દ્વારાં પ્રભુનો પ્રેમ મેળવવા આપની કૃપાથી હું આપની સ્તુતિ કરું છું. ગંગાજીની સ્વતંત્ર સ્તુતિ પુષ્ટિભક્તોએ કરી નથી, તમારા સંગમથી જ ગંગાજી પણ સ્તુતિને પાત્ર બન્યાં છે.

આ શ્લોકમાં શ્રીપુરુષોત્તમજીના મતે શ્રીયમુનાજીનું સાતમું અલૌકિક ઐશ્વર્ય-તનુનવત્વની પ્રાપ્તિ વર્ણવાયું છે; જ્યારે શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીના મતે ભક્તોને ભગવાનને પ્રિય બનાવવાનું અલૌકિક, સામર્થ્ય વર્ણવાયું છે. વાસ્તવમાં આ બંને ઐશ્વર્ય પણ એક જ છે.

હવે આપણે તેનો પદ્યાનુવાદ ગાઈએ.

શ્રીકૃષ્ણને પ્રિય આપ છો, મમ દેહ સુંદર રાખજો,
ભગવલ્લીલામાં થાય પ્રીતિ સ્નેહ એવો આપજો.
જ્યમ આપના સંગમ થકી શ્રીજાહ્નવી પુષ્ટિ બન્યાં,
મમ દેહ મન શ્રીકૃષ્ણને પ્રિય થાય એવાં રાખજો.
વિરહાર્તિમાં હે માત! મારા હૃદયમાં બિરાજજો,
વંદન કરું શ્રીયમુનાજીને : શ્રીકૃષ્ણ-આશ્રય આપજો.

■

૧૦:૮. શ્લોક આઠમો

મૂળ શ્લોક

સ્તુતિં તવ કરોતિ કઃ કમલજા-સપત્નિ પ્રિયે!
હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષતઃ ।
ઇયં તવ કથાઽધિકા સકલ ગોપિકા-સંગમ-
સ્મર-શ્રમ-જલાણુભિઃ સકલ ગાત્રજૈઃ સંગમઃ ॥૮॥

પદ્યાનુવાદ

સધાય સુખ મોક્ષ સુધી અનુસેવથી જેની, તે
શ્રીલક્ષ્મી તણી શોક્ય છો; હરિપ્રિયે! સ્તવી કો શકે?
કથા અધિકી તાહરી આ સકલ ગોપીના સંગના
સ્મર શ્રમિત અંગનાં જલકણો ઢળે તુજમાં. (૮)

અન્વયાર્થ :

કમલજા-સપત્નિ = હે લક્ષ્મી સમાન સૌભાગ્યશાળી (સપત્ની = શોક્ય); **પ્રિયે** = (અને) ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રિયા (શ્રીયમુનાજી)!; **તવ સ્તુતિં** = તમારી સ્તુતિ; **કઃ કરોતિ** = કોણ કરી શકે? **યત્** = કારણ કે; **હરેઃ અનુ** = શ્રીહરિની (સેવાની) સાથે અથવા શ્રીહરિની (સેવા) પછી; **સેવયા** = (શ્રીલક્ષ્મીની) સેવા કરવાથી; **આમોક્ષતઃ** = મોક્ષ સુધીનું; **સૌખ્યં ભવતિ** = સુખ મળે છે.; **તવ ઇયં** = (પરંતુ) તમારી આ; **કથા અધિકા** = (લક્ષ્મીજીની અપેક્ષાએ) કથા અધિક અથવા શ્રેષ્ઠ છે.; **સકલ-ગોપિકા સંગમ** = (કારણ કે) બધી ગોપિકાઓ સાથેના વિવિધ પ્રકારના સંગમથી; **સ્મર-શ્રમ-જલાણુભિઃ** = (ભગવાનનાં દિવ્ય અંગોમાંથી પ્રસ્રવિત થયેલાં) સ્મર-શ્રમ-જન્ય જલબિંદુઓ; **સકલગાત્રજૈઃ** = જે ભગવાનનાં દિવ્ય અંગોમાંથી પ્રકટ થયાં છે; **સંગમઃ** = તેમનો તમારી સાથે સંગમ (સંબંધ) થયો છે. (૮)

શ્લોકાર્થ :

લક્ષ્મીનાં સપત્ની હોવાથી લક્ષ્મી સમાન સૌભાગ્યશાળી અને ભગવાનનાં પ્રિયા એવાં હે શ્રીયમુનાજી! તમારી સ્તુતિ કોણ કરી શકે? કારણ કે ભગવાન શ્રીહરિની સેવાની સાથે અથવા પછી લક્ષ્મીની સેવા કરનારને મોક્ષ સુધીનું જ સુખ મળે છે, તેથી અધિક સુખ મળતું નથી; જ્યારે તમારી આ કથા તો તેથીય અધિક-શ્રેષ્ઠ છે, કેમકે બધી ગોપિકાઓ સાથેના સંગમથી, ભગવાનનાં દિવ્ય અંગોમાંથી જે સ્મર-શ્રમયુક્ત જલબિંદુઓ પ્રસ્રવિત થયાં, તેમનો તમારી સાથે સંગમ થયો છે. તેથી તમારી સેવા કરનારા ભક્તોને પણ ભગવાનનાં આ દિવ્ય રસબિંદુઓ સાથે સંગમ (સંબંધ) થઇ જાય છે, અર્થાત્ મોક્ષથી અધિક ભગવદ્-રસની પ્રાપ્તિ થાય છે. (૮)

વિવૃત્તિ-અર્થ અને વિવરણ :

ટીકાના પ્રારંભમાં શ્રીપુરુષોત્તમજી એક પ્રશ્ન રજૂ કરે છે : કોઈ પણ વ્યક્તિ કે વસ્તુ સ્તુતિયોગ્ય છે કે નહિ? તેમની સ્તુતિ કેટલા પ્રમાણમાં કરવી? આનો નિર્ણય કરવાનો માપદંડ કયો? તેઓ આ પ્રશ્નનો જવાબ આપે છે : વ્યક્તિ કે વસ્તુનો ભગવાન સાથેનો સંબંધ તેમની સ્તુતિ માટેનો માપદંડ છે. ભગવાન સાથેનો સંબંધ જેટલો વધારે, તેટલી સ્તુતિની યોગ્યતા વધુ.

આ માપદંડને લઈને ચાલીએ, તો ગંગા કરતાં શ્રીયમુનાજીનો ભગવાન સાથે અધિક સંબંધ છે. આગળના શ્લોકોમાં જોઈ ગયા તેમ, શ્રીયમુનાજીના સંબંધથી જ ગંગાજી પરમ ઉત્કર્ષને પામ્યાં છે, મર્યાદામાર્ગીય ફળ આપવા સક્ષમ શ્રીગંગાજી પુષ્ટિમાર્ગીય ફળ આપવા સમર્થ બન્યાં છે. માટે ગંગાજી કરતાં શ્રીયમુનાજીનો ભગવાન સાથેનો સંબંધ અધિક છે, તેથી ગંગાજી કરતાં શ્રીયમુનાજી તો અધિક સ્તુતિને યોગ્ય છે જ.

પરંતુ લક્ષ્મીજી કરતાં શ્રીયમુનાજી અધિક સ્તુતિને યોગ્ય કેવી રીતે? લક્ષ્મીજી ભગવાનનાં પત્ની છે, સદા ભગવાનનાં વક્ષઃસ્થળ સાથે જોડાયેલાં છે. આથી 'તનુનવત્વ' મેળવવા જે પ્રાર્થના શ્રીયમુનાજીને કરવામાં આવી, તે ખરેખર તો લક્ષ્મીજીને કરવી જોઈએ; એવો પ્રશ્ન થાય. સાથે સાથે એવો પણ પ્રશ્ન થાય કે કલિના દોષો દૂર કરવા એ કોઈ મહાન ધર્મ નથી, સાધારણ ધર્મ છે; કારણ ભગવાનનાં મહાન ગુણાતીત ભક્તોમાં પણ તે સામર્થ્ય તો છે જ. આમ કરતાં શ્રીયમુનાજીને લક્ષ્મીજી અધિક સ્તુતિયોગ્ય કેવી રીતે માની શકાય?

તેનો જવાબ શ્રીપુરુષોત્તમજી આપે છે : લક્ષ્મીજી કરતાં ગંગાજી જીવો પર વધુ ઉપકાર કરનારાં છે એ જાણીતી બાબત છે. આ ગંગાજીની સ્તુતિ પણ શ્રીયમુનાજીના સંબંધને કારણે જ થાય છે, તેથી ગંગાજી કરતાં શ્રીયમુનાજી અધિક ઉત્કર્ષશાળી છે. માટે ગંગાજીથી ઓછાં ઉત્કર્ષશાળી લક્ષ્મીજી છે. ગંગાજીથી વધુ ઉત્કર્ષશાળી શ્રીયમુનાજી છે. આ સંજોગોમાં એમ કહેવું બરાબર નથી કે શ્રીયમુનાજીથી પ્રાપ્ત તનુનવત્વ લક્ષ્મીજીથી પણ મળે. માટે આ શ્લોકમાં શ્રીયમુનાજીને લક્ષ્મીજીથી વધુ ઉત્કર્ષશાળી કહી, તેમની સ્તુતિ કરવી અશક્ય છે તેમ કહ્યું.

આથી શ્રીમહાપ્રભુજી આ શ્લોકની પ્રથમ પંક્તિમાં કહે છે **કે "સ્તુતિં તવ કરોતિ કઃ કમલજા-સપત્નિ-પ્રિયે"** અર્થાત્ તમારી સ્તુતિ કોઈ **કરી શકતું નથી.** આગળ જોયું તેમ ભગવાન સાથે જેટલો વધારે નિકટ સંબંધ તેટલી તેની સ્તુતિ માટેની યોગ્યતા વધારે. બ્રહ્માજીથી લઈને તેમના દ્વારા રચાયેલી જડ-ચેતન પદાર્થોની આ સૃષ્ટિમાં ભગવાન સાથે સૌથી અધિક સંબંધ લક્ષ્મીજીનો છે; કારણ કે કેવળ લક્ષ્મીજી ભગવાનનાં વક્ષઃસ્થળ પર બિરાજમાન છે. ગોપીજનોને ભગવાન સાથે ઘનિષ્ઠ સંબંધ છે ખરો, અને તેથી તેમને ભગવાનની રસાત્મક લીલાઓનો અનુભવ પણ છે; પરંતુ તેમનો સંબંધ વ્રજમાં ભગવાન બિરાજે તે સમય પૂરતો જ છે. તે સિવાયના સમયમાં ભગવાને અન્યત્ર કરેલી લીલાઓમાં ગોપીજનોને ભગવાનના નિકટના સહવાસનું સુખ મળ્યું નથી, પરંતુ વિરહનું દુઃખ મળ્યું છે. જ્યારે લક્ષ્મીજીને વ્રજલીલા સિવાયના સમયમાં ભગવાનનો ઘનિષ્ઠ સંબંધ રહ્યો છે. વળી, લક્ષ્મીજી ભગવાનનાં સર્વ પત્નીઓમાં મુખ્ય અને સ્વતંત્ર સૌભાગ્યશાળી છે. ભગવાનનાં અન્ય પત્નીઓ લક્ષ્મીજીનાં અંશરૂપા હોઈને લક્ષ્મીજીને આધીન છે.

પરંતુ શ્રીયમુનાજીની વાત જ જુદી છે. લક્ષ્મીજીની જેમ તેઓ પણ ભગવાનનાં સ્વતંત્ર અને સૌભાગ્યવતી પત્ની છે. વળી તેઓ લક્ષ્મીજીનાં અંશરૂપા નથી અને તેથી લક્ષ્મીજીને અધીન પણ નથી. વિશેષમાં વ્રજલીલામાં પણ તેઓ પ્રભુનાં ચતુર્થ પ્રિયા છે. જ્યારે દ્વારકાલીલામાં તેમનાં જ અંશરૂપા કાલિંદીજી ભગવાનનાં ચોથાં પટરાણી છે. આમ, શ્રીયમુનાજીનો શ્રીભગવાન સાથે સર્વ દેશ અને કાળમાં સર્વ લીલાઓમાં અત્યંત ગાઢ સંબંધ છે. તેઓ સદૈવ ભગવાનનાં સંયોગસુખનો અનુભવ કરનારાં છે. આગળ જોઈ ગયા તેમ, લક્ષ્મીજી ભગવાનનાં પત્ની છે. બંને વચ્ચે આટલી જ સમાનતા છે. તે સિવાય અન્ય કોઈ સમાનતા

નથી. લક્ષ્મીજીના સ્વભાવથી વિપરીત શ્રીયમુનાજીનો સ્વભાવ છે. શ્રીહરિરાયજી બંનેના સ્વભાવનો અર્થ સમજાવે છે. લક્ષ્મીજીનું સ્વરૂપ બ્રહ્માનંદમાંથી પ્રકટ થયું છે. તેથી પ્રમાણ પ્રસિદ્ધ છે. વેદ વગેરેમાં તેમના માહાત્મ્યનું નિરૂપણ છે. જ્યારે શ્રીયમુનાજીનું સ્વરૂપ રસાત્મક પૂર્ણ પુરુષોત્તમમાંથી પ્રકટ થયું છે. માટે રસાત્મક પ્રભુની જેમ તેઓ પણ રસસ્વરૂપા છે. રસરૂપ ભગવાનનું માહાત્મ્ય અને સ્વરૂપ મન અને વાણીથી સમજી શકાય તેમ નથી. તેવી રીતે રસસ્વરૂપા શ્રીયમુનાજીનું માહાત્મ્ય અને સ્વરૂપ પણ મન અને વાણીથી સમજી શકાય તેવું નથી. વ્રજલીલામાં ભગવાન શ્રીકૃષ્ણનાં ચાર સ્વામિનીઓ છે. શ્રીયમુનાજી અન્ય ત્રણ સ્વામિનીઓ સાથે કદાપિ સપત્નીભાવ રાખતાં નથી. સૌને ભગવત્સંબંધ કરી આપવામાં સહાયરૂપ બને છે. આમ, શ્રીયમુનાજીમાં સ્વભાવથી સપત્નીભાવ નથી; જ્યારે લક્ષ્મીજીમાં સ્વભાવથી સપત્નીભાવ છે. માટે જગતમાં લક્ષ્મીજીની સ્તુતિ શક્ય છે, પણ શ્રીયમુનાજીની સ્તુતિ શક્ય નથી. શ્રીયમુનાજીના ગુણો સંખ્યામાં અને સ્વરૂપમાં અવર્ણનીય છે.

લક્ષ્મીજી અને શ્રીયમુનાજી ભગવાનનાં પત્ની હોવા છતાં લક્ષ્મીજી ભગવાનનાં પ્રિયા નથી. સ્વયં ભગવાને કહ્યું છે કે મારા ભક્તો વિના મને મારામાં કે મારી અત્યંત નિકટ રહેલી લક્ષ્મીમાં પણ કોઈ રુચિ નથી. આ ભગવાનની આજ્ઞામાં મર્યાદાભક્તોનો નિર્દેશ છે. આથી લક્ષ્મીજી ભગવાનના મતે મર્યાદાભક્તોથી પણ ઊતરતાં છે. જ્યારે શ્રીયમુનાજી ભગવાનનાં પત્ની ઉપરાંત ભગવાનનાં પ્રિયા છે. તેથી તેમને ભગવાનની અંતરંગતા અને પ્રિયતાનો વિશેષ સંબંધ છે.

આમ, શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી લક્ષ્મી કરતાં શ્રીયમુનાજીની અધિકતા સમજાવે છે. તેથી તેઓ કહે છે કે આ અધિકતા બતાવવા શ્રીમહાપ્રભુજીએ આ શ્લોકની પ્રથમ પંક્તિમાં શ્રીયમુનાજીને કેવળ ''કમલજા-સપત્ની'' ન કહેતાં ''કમલજા-સપત્ની-પ્રિયા'' કહ્યાં.

હવે, શ્રીમહાપ્રભુજી બીજી પંક્તિમાં લક્ષ્મીજી કરતાં શ્રીયમુનાજીની એક બીજી વિશેષતા બતાવે છે.

''હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષતઃ'' અર્થાત્ ભગવાનની સેવાની સાથે અથવા ભગવાનની સેવાની પછી લક્ષ્મીજીની સેવા કરવાથી મોક્ષ સુધીનું સુખ મળે છે. આ પંક્તિની ટીકામાં શ્રીદ્વારકેશજી સમજાવે છે કે લક્ષ્મીજીનાં બે

રૂપ પ્રસિદ્ધ છે. પ્રથમ રૂપ કેવળ વિભૂતિરૂપ છે. આ રૂપની ભગવાનથી સ્વતંત્ર રીતે અલગ પૂજા કરી શકાય છે. તે કરનાર ભક્તને વિભૂતિરૂપા લક્ષ્મી ધન-સંપત્તિ આપે છે. લક્ષ્મીજીનું બીજું રૂપ ભગવાનનાં પત્નીનું છે. તેઓ ભગવાનનાં પત્ની હોઈને ભક્તો તેમની ભગવાનથી અલગ સ્વતંત્ર સેવા કરતા નથી. અને લક્ષ્મીજી તે સેવા સ્વીકારતાં પણ નથી. ભગવાનનાં પત્ની તરીકે ભક્તો તેમની બે પ્રકારે સેવા કરે છે : (૧) ભગવાનની સાથે જ તેમની સેવા થાય છે. (૨) ભગવાનની સેવા કર્યા પછી તેમની સેવા થાય છે. આમ, કોઈ પણ પ્રકારે તેમની સેવા કરનાર ભક્તોને તેઓ મોક્ષ સુધીનું ફળ આપે છે.

વિભૂતિરૂપા લક્ષ્મી જીવોને ધન-સંપત્તિ આપી વિષયાસક્તિ અને આસુરાવેશ વધારે છે. પરિણામે તે જીવો પ્રવાહી બને છે, ભગવાનને ભૂલી જાય છે અને ભગવાનથી વિમુખ બને છે. ધન-સંપત્તિનું ફળ મોક્ષ મળવામાં બાધક અને અનર્થ રૂપ છે. તેથી મોક્ષ ઈચ્છતા મર્યાદાભક્તો પણ વિભૂતિરૂપા લક્ષ્મીની પૂજા કરતા નથી. તેઓ મોક્ષકામનાથી ભગવાન સાથે લક્ષ્મીની પૂજા કરે છે.

લક્ષ્મીજી મોક્ષથી આગળ ભગવત્પ્રાપ્તિનું સુખ કેમ આપતાં નથી? તેનું કારણ શ્રીમહાપ્રભુજીએ 'બાલબોધ' ગ્રંથમાં સમજાવ્યું છે. દુનિયામાં એવું જોવા મળે છે કે આપણને જે વસ્તુ પ્રિય હોય તે આપણે બીજાને આપતા નથી. લક્ષ્મીજીને ભગવાનનો નિત્ય સંગ પ્રિય છે. તેથી તેઓ ભગવાનના નિત્ય સંગનું દાન પોતાના ભક્તોને કદાપિ કરતાં નથી. બીજી બાજુ પુષ્ટિભક્તો મોક્ષનો સ્વીકાર કરવા તૈયાર નથી, એમ સ્વયં ભગવાને કહ્યું છે. લક્ષ્મીજીથી અપાતું મોક્ષનું ફળ મધ્યમકક્ષાનું છે, ઉત્તમ કક્ષાનું નથી.

શ્રીયમુનાજી તેમના ભક્તોને આ દુર્લભ ભજનાનંદનું દાન કરવા સમર્થ છે. માટે પ્રમાણ, પ્રમેય, સાધન, ફળ અને સ્વભાવની દૃષ્ટિએ લક્ષ્મીજી કરતાં શ્રીયમુનાજી વધારે મહાન છે અને તેથી તેમની સ્તુતિ તેમની કૃપા વિના કોઈ કરી શકતું નથી. આમ, લક્ષ્મીજી કરતાં શ્રીયમુનાજીની કથા અધિક છે, શ્રેષ્ઠ છે. માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું "ઈયં તવ કથાઽધિકા."

શ્રીયમુનાજીની કથા ગંગાજી અને લક્ષ્મીજીની કથા કરતાં એક બીજી રીતે પણ અધિક છે. તેનું નિરૂપણ છ શ્લોકની છેલ્લી દોઢ પંક્તિમાં કર્યું. "સકલગોપિકા સંગમ-સ્મર-શ્રમ-જલાણુભિઃ સકલગાત્રજૈઃ સંગમઃ" - અર્થાત્ સકલ એટલે સંપૂર્ણ કલાઓથી યુક્ત પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણનો સર્વ કલાઓયુક્ત ચારે પ્રકારનાં ગોપી-

યૂથો સાથે સંગમ થવાથી, પ્રભુના શ્રીઅંગ પર જલબિંદુઓ પ્રકટ થયાં. તેમનો સંગમ શ્રીયમુનાજી સાથે થયો. શ્રીયમુનાજીએ કૃપા કરીને પોતાના આશ્રિત જીવોને આ દિવ્ય જલ રસબિંદુઓનો સંગમ કરાવી, તેમને તનુનવત્વ પ્રાપ્ત કરાવ્યું છે.

અહીં એક પ્રશ્ન થાય : આ જલબિંદુઓ સંગમ-જન્ય છે, તો તેનાથી 'તનુનવત્વ' કેવી રીતે મળે? શ્રીદ્વારકેશજી તેનો જવાબ આપે છે : આ જલબિંદુઓ સામાન્ય સ્વેદ (પરસેવો) બિંદુઓ નથી. વિવિધ લીલાઓનો દિવ્ય આનંદ પ્રભુના હૃદયમાંથી બહાર પ્રકટ થયો. તે દિવ્ય આનંદ-સ્વરૂપ રસબિંદુઓ છે. ભગવદ્રસ હોવાથી તે તનુનવત્વની પ્રાપ્તિ કરાવનાર છે. આ બિંદુઓ જો સામાન્ય સ્વેદબિંદુઓ હોત, તો શ્રીમહાપ્રભુજી તેમનું ઉદ્ભવસ્થાન 'સકલગાત્રજૈઃ' - બધા અવયવોમાંથી પ્રકટેલાં - ન કહેત, કારણ સામાન્ય પરસેવો શરીરનાં બધાં જ અંગોમાંથી ઉત્પન્ન થતો નથી, તે કેવળ ચામડીમાંથી જ ઉત્પન્ન થાય છે. નખ, વાળ વગેરેમાંથી નહિ. આ રસબિંદુઓના સંગમથી 'તનુનવત્વ' પ્રાપ્ત થતાં જીવ, સાક્ષાત્ ભગવદ્દર્શન, ભગવલ્લીલારસનો અનુભવ કરવા સક્ષમ બને છે. આવા અલૌકિક ભગવદ્રસનું દાન કેવળ શ્રીયમુનાજી જ કરે છે, તે તેમનું સર્વાધિક સામર્થ્ય છે.

શ્રીપુરુષોત્તમજી આ પંક્તિઓમાં વર્ણવાયેલી કથાઓનું પ્રમાણ શાસ્ત્રોમાંથી મેળવી આપે છે. 'પદ્મપુરાણ'ના 'શ્રીયમુનામાહાત્મ્ય'માં શ્રીયમુનાજીનાં બે નામ મળે છે - 'કેલિસલિલા' - અર્થાત્ જેમનાં જળમાં ભગવાન કેલિ-વિહાર કરે છે અને 'બ્રહ્મવિદ્યાસુધાવહા' - અર્થાત્ જેમના જળમાં લીલાવિહાર કરતાં પ્રભુના મુખમાં ગયેલું જળ બહાર આવતાં - બ્રહ્મવિદ્યારૂપી અમૃત બને છે. આવા અલૌકિક અમૃતરસને વહન કરનારાં છે. આ ભગવલ્લીલા સામયિક હોવા છતાં તે નિત્ય છે અને તેથી તેનો સંબંધ આજે પણ શ્રીયમુનાજી સાથે છે જ. માટે આજે પણ શ્રીયમુનાજીનું એ જ માહાત્મ્ય છે.

આ લીલાનું નિરૂપણ કરતાં શ્રીમહાપ્રભુજીએ ચાર વિશેષણો આપ્યાં : (૧) સકલગોપિકાસંગમ (૨) સ્મરશ્રમજલાણુભિઃ (૩) સકલ ગાત્રજૈઃ (૪) સંગમઃ 'શ્રીગોકુલનાથજી અને શ્રીદ્વારકેશજીના મતે આ ચાર વિશેષણો શ્રીયમુનાજીના નિગૂઢ સ્વરૂપને સમજાવનારાં છે. 'સકલ-ગોપિકા-સંગમ' પદથી એમ સમજાય છે કે શ્રીયમુનાજી પુષ્ટિમાર્ગનાં અંતરંગ ભગવદીયા છે 'સ્મર-શ્રમ-જલાણુભિઃ' પદ સૂચવે છે કે શ્રીયમુનાજી સ્મર-શ્રમ-જલ-બિંદુરૂપ

ભગવદ્‌રસથી સર્વદા પરિપૂર્ણ છે. 'સકલગાત્રજૈઃ' પદ બતાવે છે કે શ્રીયમુનાજી ભક્તાનુગુણા-ભક્તો પર ઉપકાર કરનારાં છે. તેઓ પોતાને પ્રાપ્ત ભગવદ્‌રસનું દાન ભક્તોને કરનારાં છે. 'સંગમ' પદ દ્વારા એમ બતાવાયું કે શ્રીયમુના લીલામધ્યપાતિની-લીલારસનો આસ્વાદ કરનારાં છે.

લક્ષ્મીજી સપત્નીઓ તરફ ઈર્ષાભાવવાળા સ્વભાવનાં હોવાથી, તેમની સેવા કરનારને પ્રવાહમાર્ગમાં વહેવડાવે છે, ભગવત્‌-સાન્નિધ્ય પ્રાપ્ત થવા દેતાં નથી, જ્યારે શ્રીયમુનાજી તેથી વિપરીત સ્વભાવનાં છે. પોતાના આશ્રિત જીવોને ભગવત્‌પ્રાપ્તિ કરાવે છે.

શ્રીદ્વારકેશજી શ્રીયમુનાજીનું આ સામર્થ્ય સમજાવતાં ઉદાહરણ આપે છે કે દુનિયામાં રાજાના મોટામાં મોટા અધિકારી પણ રાજાની મહેરબાની વિના પોતાની ઈચ્છાથી કશું કરી શકતા નથી, જ્યારે નાનામાં નાનો સેવક રાજાની આજ્ઞાથી મોટામાં મોટાં કાર્ય કરે છે. શ્રીયમુનાજી ભગવાન શ્રીકૃષ્ણને પોતાના પ્રાણોથી પણ અધિક પ્રિય હોવાથી, ભગવાનની અનુમતિથી તેઓ ભક્તોને ભગવદ્‌રસ-સ્વરૂપાનંદનું દાન છૂટા હાથે કરે છે.

શ્રીહરિરાયજીના મતે આ શ્લોકમાં શ્રીયમુનાજીનું આઠમું ઐશ્વર્ય તનુનવત્વની પ્રાપ્તિ છે; જ્યારે શ્રીપુરુષોત્તમજીના મતે પ્રભુના સ્મર-શ્રમ-જલબિંદુઓની પ્રાપ્તિ છે. અંતતઃ બંને બાબતો એક જ છે.

કીર્તનસંગતિ

(૧) કેલિ કલ્લોલન દેખ યમુને,
નંદનંદન કે કુંવર કે કેલિ રસમત્તહી
સુંદરી સંગ લે સુગમ ભવને.
અધર મધુપાન કર સુરત રસદાન
કર પિય પ્યારી નિત કરત રમને
તાહિ સમે રસભરી ભાનુતનયા ખરી,
પ્રેમ આનંદમેં કરત ગવને. (શ્રીહરિદાસ)

(૨) શ્રમ જલ સહિત અગાધ મહારસ,
લીલા સિંધુ તરંગન છાયે,
સકલ સિદ્ધિ અલૌકિક દાતા.
જે જન તાકિ ચરનન ચિત્ત લાયે. (શ્રીહરિદાસ)

(૩) ભક્ત વરદાયિની, ભક્તમનભાંવિની,
ભક્ત સહાયિની, ભક્ત ભેરી,
દીજિયે ભક્તિ અબ લાલ ગિરિધરનકી,
કાટિયેં વિષય 'કૃષ્ણદાસ' કેરી. (શ્રીકૃષ્ણદાસ)

(૪) શ્રમ જલ હસત ન્હાત અતિ રસ
ભર જલ ક્રીડા સુખકારી. (શ્રીપરમાનંદદાસ)

(૫) રાસ-રસ-સાગર શ્રીયમુને જુ જાની,
બહત ધારા તન પ્રતિ છિન નૌતન,
રાખત અપને ઉરમેં જુ ઠાની. (શ્રીગંગાબાઈ)

(૬) સુરત શ્રમ બિંદુતે સિંધુસી બહી ચલી,
માનો આતુર અલી રહી ન ભવને. (શ્રીગોવિંદસ્વામી)

(૭) કેલિ પિયસોં કરે, ભ્રમર તબહી પરે,
શ્રમ-જલ ભરત આનંદ મનયા. (શ્રીહરિરાયજી)

આ શ્લોકનો ભાવ ફરીથી યાદ કરી લઈએ :

હે શ્રીયમુનાજી, તમે શ્રીલક્ષ્મીજીનાં સપત્ની હોવા છતાં ભગવાનનાં પ્રિયા છો. ભગવાનની સાથે કે પછી, લક્ષ્મીજીની સેવા કરનારને લક્ષ્મીજી વધુમાં વધુ મોક્ષ જ આપે છે; ત્યારે તમે તો શ્રીકૃષ્ણ અને વ્રજભક્તોના સ્મર-શ્રમ-જલ રૂપી દિવ્ય ભગવદ્રસથી પૂર્ણ છો. આ દિવ્ય રસનું ભક્તોને દાન કરી, તનુનવત્વ આપનારાં છો અને તે દ્વારા જીવોને સાક્ષાત્ ભગવલ્લીલારસનો અનુભવ કરાવનારાં છો, જે મોક્ષથી અનેકગણું વિશેષ ફળ છે. તમારી આ કથા સર્વાધિક છે. આવા અનંતગુણોયુક્ત હોવાથી તમારી સ્તુતિ કરવાનું સામર્થ્ય કોનામાં હોય? અર્થાત્ કોઈ તમારી સ્તુતિ કરી શકતું નથી.

આવો, આ શ્લોકનો અન્ય પદ્યાનુવાદ ગાઈએ :

હું આપની સ્તુતિ શું કરું? માહાત્મ્ય અપરંપાર છે;
શ્રીલક્ષ્મી-વિષ્ણુ સેવવાથી મોક્ષનો અધિકાર છે.
પણ આપની સેવા થકી અદ્ભુત જલ-ક્રીડા તણાં
જલના અણુની પ્રાપ્તિ થાયે ગોપીજનોનાં સ્નેહનાં.
એ સ્નેહનું સુખ દિવ્ય છે, મન મારું એમાં સ્થાપજો,
વંદન કરું શ્રીયમુનાજીને : શ્રીકૃષ્ણ-આશ્રય આપજો.

■

૧૦:૯. શ્લોક નવમો

મૂળ શ્લોક

તવાષ્ટકમિદં મુદા પઠતિ સૂરસુતે સદા,
સમસ્તદુરિતક્ષયો ભવતિ વૈ મુકુંદે રતિઃ ।
તયા સકલસિદ્ધયો મુરરિપુશ્ચ સંતુષ્યતિ,
સ્વભાવવિજયો ભવેત્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ॥૯॥

પદ્યાનુવાદ

સદા ય રવિપુત્રિ! તુજ ભણે મુંહે અષ્ટક,
ટળે દૂરિત તેહનાં સહુ, કરે મુકુન્દે પ્રીત;
મળે સકલ સિદ્ધિઓ, પ્રભુજી યે રીઝે, ને નર
સ્વભાવગુણને જીતે; શ્રીહરિનો ભણે વલ્લભ. (૯)

અન્વયાર્થ :

(હે) **સૂરસુતે** = હે સૂર્યનાં પુત્રી શ્રીયમુને! **ઈદં તવાષ્ટકમ્** (તવ + અષ્ટકમ્) = તમારા આ શ્રીયમુનાષ્ટક સ્તોત્રનો; **સદા** = હમેશાં; **મુદા** = આનંદપૂર્વક; (યઃ) **પઠતિ** = જે પાઠ કરે છે; (તસ્ય) **સમસ્ત દુરિત** = તેનાં બધાં પાપોનો; **ક્ષયો** (ક્ષયઃ) **ભવતિ** = નાશ થાય છે; **વૈઃ** = (અને) નિશ્ચિત રૂપે; **મુકુન્દે રતિઃ** (ભવતિઃ) = ભગવાન શ્રીહરિમાં રતિ (ભક્તિ) થાય છે; **તયા સકલસિદ્ધયઃ** (ભવન્તિ) = તેને સર્વાત્મભાવ આદિ સર્વ સિદ્ધિઓ મળે છે; **મુરરિપુશ્ચ** (મુરરિપુઃ + ચ) **સંતુષ્યતિ** = અને ભગવાન શ્રીકૃષ્ણ તેના પર પ્રસન્ન થાય છે; (તસ્ય) **સ્વભાવવિજયો ભવેત્** = તેના સ્વભાવ પર વિજય મેળવે છે; **શ્રીહરેઃ વલ્લભઃ વદતિ** = ભગવાન શ્રીહરિના અતિ પ્રિય અને સ્વીય એવા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી આમ કહે છે.

શ્લોકાર્થ :

હે સૂર્યપુત્રી શ્રીયમુને! મારા દ્વારા તમારી સ્તુતિમાં રચાયેલા આ શ્રીયમુનાષ્ટક સ્તોત્રનો પાઠ જેઓ નિયમિતરૂપે, હમેશાં આનંદથી કરે છે, તેનાં

બધાં પાપો નાશ પામે છે. ભગવાન મુકુંદમાં તેને પરમ પ્રીતિ અથવા ભક્તિ થાય છે. તેને સર્વાત્મભાવ વગેરે સર્વ અલૌકિક સિદ્ધિઓ મળે છે. ભગવાન શ્રીકૃષ્ણ તેના પર પ્રસન્ન થાય છે. પરિણામે તે પોતાના સ્વભાવ પર વિજય મેળવે છે. આમ, ભગવાન શ્રીહરિના પ્રિય અને સ્વીય એવા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી કહે છે :

વિવૃત્તિ-અર્થ અને વિવરણ :

શ્રીગુસાંઈજીએ શ્રીયમુનાષ્ટકની તેમની ટીકાના પ્રારંભમાં આજ્ઞા કરી હતી કે શ્રીમહાપ્રભુજીને શ્રીયમુનાજીનાં આઠ અલૌકિક ઐશ્વર્યો-સામર્થ્યોનું નિરૂપણ કરવાનું હોવાથી, આપશ્રીએ આઠ શ્લોક રચ્યા. રાસલીલામાં પણ ભગવાને ''દો દો ગોપી બીચ બીચ માધો'' - એમ આઠ સ્વરૂપે પ્રકટ થઈ, ગોપીજનોને સ્વરૂપાનંદનું દાન કર્યું. એમ શ્રીયમુનાજી અને શ્રીઠાકોરજી પોતાનાં આઠ અલૌકિક ઐશ્વર્ય સ્વરૂપે આ સ્તોત્ર દ્વારા આધુનિક જીવોને પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવશે એમ સમજાવે છે.

આ આઠ શ્લોકમાં વર્ણવાયેલાં, શ્રીઠાકોરજીએ શ્રીયમુનાજીને આપેલાં આઠ અલૌકિક ઐશ્વર્યોને ફરીથી યાદ કરી લઈએ.

શ્લોક સંખ્યા	**શ્લોક-પંક્તિ**	**શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજીના મતે**	**શ્રીપુરુષોત્તમજીના મતે**
૧.	સકલસિદ્ધિહેતુમ્	સર્વ અલૌકિક સિદ્ધિઓનું દાન	સર્વ અલૌકિક સિદ્ધિઓનું દાન
૨.	મુકુન્દરતિવર્ધિની	ભગવાન મુકુંદમાં પ્રેમ (ભક્તિ)ની વૃદ્ધિ	ભગવાન મુકુંદમાં પ્રેમ (ભક્તિ)ની વૃદ્ધિ
૩.	ભુવનપાવની	ભગવાન સાથેનો જીવનો સંબંધ જોડવામાં નડતા પ્રતિબંધોનો નાશ	ભગવાન સાથેનો જીવનો સંબંધ જોડવામાં નડતા પ્રતિબંધોનો નાશ.
૪.	કૃપાજલધિસંશ્રિતે	સહજ રીતે ભગવત્ સંબંધ પ્રાપ્ત કરાવવો	સહજ રીતે ભગવત્ સંબંધ પ્રાપ્ત કરાવવો.
૫.	કલિન્દયા	જીવને ભગવાનને પ્રિય બનાવવા કલિના દોષોનું નિવારણ	જીવને ભગવાનને પ્રિય બનાવવા કલિના દોષોનું નિવારણ
૬.	પ્રિયો ભવતિ સેવનાત્	ભગવદીયોનો ઉત્કર્ષ	ભગવત્-પ્રિયત્વની પ્રાપ્તિ

૭.	તનુનવત્વમ્	ભગવત્પ્રિયત્વની પ્રાપ્તિ	તનુનવત્વની પ્રાપ્તિ
૮.	સ્મર-શ્રમ-જલાણુભિઃ સકલ ગાત્રજૈઃ સંગમઃ	તનુનવત્વની પ્રાપ્તિ	સ્મર-શ્રમ-જલની પ્રાપ્તિ

ટૂંકમાં, જે જીવો શ્રીયમુનાજીના સાન્નિધ્યમાં રહીને તેમનું સેવન, ગુણગાન, પયપાન કરે છે, તેમને આ આઠ અલૌકિક ઐશ્વર્યો પ્રાપ્ત થાય છે. અર્થાત્ તે જીવને લાગેલા કલિના દોષો નાશ પામે છે. પરિણામે, ભગવાન સાથે તે જીવનો સંબંધ થવામાં કોઈ પ્રતિબંધ નડતા નથી, આથી સહજ રીતે તેનો ભગવાન સાથે સંબંધ જોડાય છે. તેના ફળ-સ્વરૂપે ભગવાનમાં તે જીવનો પ્રેમ (ભક્તિ) વધે છે. તે જીવને તનુનવત્વ પ્રાપ્ત થતાં, તે ભગવાનને પ્રિય બને છે. તેને આઠે અલૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. તે ભગવાનનાં સ્વરૂપાનંદનો અધિકારી બને છે - જે તેની ભગવદીયતાનો ઉત્કર્ષ છે.

આ આઠ ઐશ્વર્યો દ્વારા શ્રીમહાપ્રભુજીએ પોતાની સન્મુખ ગોકુળમાં જળ-સ્વરૂપે અને સ્વામિની-સ્વરૂપે બિરાજતાં શ્રીયમુના મહારાણીનાં નામ, રૂપ, ગુણ અને લીલાનું વર્ણન પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળથી કર્યું. માટે શ્લોકસંખ્યા આઠની થઈ.

હવે અંતિમ-નવમા-શ્લોકમાં આ સ્તોત્રોનો પાઠ કરવાથી મળનારા ફળનું નિરૂપણ છે. આપણાં શાસ્ત્રોમાં નવના આંકને પૂર્ણાંક માન્યો છે. તેથી નવની શ્લોકસંખ્યાથી અહીં એવું પણ સૂચન મળે છે કે જેમ શ્રીકૃષ્ણ પૂર્ણબ્રહ્મ છે તેમ શ્રીયમુનાજી પણ પૂર્ણબ્રહ્મ છે. 'ઈશાવાસ્ય' મુજબ તેઓ પૂર્ણ હોઈને પૂર્ણ આપનારાં છે. એટલે આ સ્તોત્રના પાઠનું ફળ પૂર્ણ ફળ છે. તે પ્રાપ્ત થયા પછી કોઈ જ ફળ બાકી રહેતું નથી. આમ, આ સ્તોત્રના પાઠથી પૂર્ણ ભગવદીયત્વની પ્રાપ્તિ થાય છે, એમ સૂચવવા નવમા શ્લોકમાં ફળનું નિરૂપણ છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે : "તવાષ્ટકમિદં(સ્તોત્રં) પઠતિ" - આ સ્તોત્રનો પાઠ કરનારને આ ફળો મળશે. અહીં 'ઇદમ્' - આ શબ્દ પર ભાર છે; કારણ કે શ્રીયમુનાજીની સ્તુતિ તો, આપણે આગળ જોઈ ગયા તેમ, વેદથી લઈ શંકરાચાર્ય સુધી અનેકે કરી છે; પરંતુ આ સ્તોત્રથી જે પુષ્ટિમાર્ગીય પરમ ફળની પ્રાપ્તિ છે, તે બીજાં સ્તોત્રોથી નથી, કારણ કે શ્રીયમુનાજીનું પુષ્ટિમાર્ગીય પ્રમેય સ્વરૂપ, આ સ્તોત્રમાં જ વર્ણવાયું છે, જે અન્ય સ્તોત્રોમાં વર્ણવાયું નથી.

અહીં શ્રીમહાપ્રભુજી એમ સૂચવી રહ્યા છે કે પુષ્ટિમાર્ગનું પરમ ફળ આ સ્તોત્રથી પ્રાપ્ત થતું હોવાથી, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ અન્ય સ્તોત્રો પાછળ પોતાનો

સમય અને શક્તિ વાપરવાની જરૂર નથી. તેમણે આ જ સ્તોત્રનો પાઠ કરવો. આ પાઠ કરવાની રીત 'સદા' અને 'મુદા' એવાં બે ક્રિયાવિશેષણોથી બતાવી. મર્યાદામાર્ગની રીતે નામસ્મરણ માટે અનુષ્ઠાનનાં વિધાનો મળી આવે છે, જે કષ્ટકર છે. તેનું સુવાંગ પાલન ન થવાથી તેનું અપેક્ષિત ફળ મળતું નથી. તેના યમ, નિયમ આકરા લાગે છે. ત્યારે અહીં શ્રીમહાપ્રભુજી બે જ વાત સાચવી લેવા જણાવે છે.

પહેલી વાત છે : આ સ્તોત્રનો પાઠ 'સદા' કરવો. શ્રીપુરુષોત્તમજીના મતે 'સદા' એટલે નિયમિતરૂપે, હમેશાં વિશ્વાસપૂર્વક પાઠ કરવો. શ્રીમહાપ્રભુજીની વાણીમાં અને શ્રીયમુનાજીના સ્વરૂપમાં પૂર્ણ શ્રદ્ધા રાખવી. શ્રદ્ધાના કારણે વિશુદ્ધ બુદ્ધિ પ્રાપ્ત થાય. પરિણામે તે કાર્ય નિયમિતરૂપે નિત્ય થાય; આદર અને આગ્રહપૂર્વક થાય. આનો અર્થ એ કે આપણે વૈષ્ણવોએ દરરોજ સવારે સ્નાનથી શુદ્ધ થઈને, સ્વસ્થ અને શ્રદ્ધાયુક્ત ચિત્તથી આસન પર બેસીને, હૃદયમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીયમુનાજીનું ચિંતન કરીને, અર્થના અનુસંધાન સાથે આ સ્તોત્રનો નિયમથી પાઠ કરવો. પછી આખા દિવસમાં હરતાં ફરતાં પણ પાઠ થાય તો કરવા.

બીજી વાત છે એમાં સ્તોત્રનો પાઠ 'મુદા' કરવો. આ અર્થાત્ આનંદપૂર્વક, પ્રસન્ન ચિત્તથી કરવો. મોટાભાગે નિયમ લઈને જે કાર્ય થાય છે, તે સકામ ભાવથી થાય છે. માટે ચિત્ત તેને પરિપૂર્ણ કરવામાં જ રોકાયેલું રહે છે. તેથી તે કાર્યમાં મનનો આનંદ આવતો નથી. આનંદ વિનાનું કાર્ય કંટાળાજનક, 'વેઠ' જેવું લાગે છે. શ્રીયમુનાજી 'આનંદ'રૂપા છે. શ્રીમહાપ્રભુજી પણ 'આનંદ'-સ્વરૂપ હોઈને, તેમની વાણી પણ આનંદરૂપા છે. આ અલૌકિક આનંદને માણવા માટે આપણા ચિત્તને પણ પ્રસન્ન, આનંદયુક્ત રાખવું જરૂરી છે; કારણ કે "જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે." આપણા મનમાં ક્લેશ હોય, ત્યાં સુધી આનંદનો અનુભવ થતો નથી. ડાયાબીટીસનો દર્દી હાફૂસ કેરીનો રસ લઈને ખાવા બેસે, પણ એના મનમાં ભય - ચિંતા છે કે આ ખાવાથી મારી તબિયત વધારે બગડશે. તો આ સ્થિતિમાં તે રસનો મધુર સ્વાદ પોતે માણી શકતો જ નથી. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભલે તમે નિયમિતરૂપે, રોજ એક જ પાઠ કરો, પણ તે આનંદપૂર્વક કરો. આનંદ ક્યારે જાગે? તે બાબતની સાચી સમજ મળે ત્યારે. આમ, અર્થાનુસંધાન એ આનંદ પ્રાપ્ત કરવામાં પાયાની બાબત છે. માટે આ સ્તોત્રનો પાઠ પોપટની જેમ ન કરી જવો. "ગોવિંદ

પ્રભુ બિના સ્નેહ સુવા લોં રસના કહા જુ નચૈયે?'' મનમાં સ્નેહ ન હોય અને પોપટની જેમ અર્થ જાણ્યા વિના 'રાધેશ્યામ' બોલવાથી શું? એક પક્ષી છે, જેનો કલરવ 'ગોકુલચંદ' જેવો સંભળાય છે, પણ તે પક્ષી 'ગોકુલચંદ' બોલે અને આપણે પ્રેમસહિત વિરહતાપથી 'ગોકુલચંદ' રટીએ, તેમાં કેટલો બધો ફેર પડે? આથી જેમ એક બાળકને રાત-દિવસ જેટલી વાર તેની માતા યાદ આવે, તેટલી વાર પ્રેમથી 'બા' 'બા' કહી તેને બોલાવે, યાદ કરે, તેમ આપણે પણ વારંવાર પ્રેમથી શ્રીયમુનામાને યાદ કરી, પ્રસન્નચિત્તથી, આ સ્તોત્રનો અર્થ મનમાં વિચારતાં વિચારતાં પાઠ કરવો.

'પઠતિ' પદની વ્યાખ્યા શ્રીગોકુલનાથજીએ 'શ્રીસર્વોત્તમસ્તોત્ર' પરની તેમની ટીકામાં કરી છે. ત્યાં તે સ્તોત્રના પાઠ અને જપ કરવાનું વિધાન છે. પાઠ અને જપનો તફાવત બતાવતાં શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે જ્યાં સુધી સ્તોત્ર કંઠસ્થ ન થાય ત્યાં સુધી, મોટેથી તેનો પાઠ કરવો. સ્તોત્ર કંઠસ્થ થયા પછી મનમાં તેનો જપ કરવો. અહીં શ્રીમહાપ્રભુજીએ પાઠ કરવાની આજ્ઞા કરી છે. તેથી તેનો છંદોબદ્ધ ઉચ્ચ સ્વરે પાઠ કરવો, એવો અર્થ થાય. જીભ પાઠ કરે, કાન તે સાંભળે, બુદ્ધિ અર્થ વિચારે, હૃદય તે રસનો અનુભવ કરે. આંખો અને અંતઃકરણ એ સ્વરૂપને નીરખે. આમ, સર્વ ઇન્દ્રિયો દ્વારા પાઠમાં એકરૂપ થવાનું.

અહીં શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીને 'સૂરસુતે' કહ્યાં. શ્રીયમુનાજી અલૌકિક સૂર્યમાંથી પ્રકટ થયાં છે, તેથી શ્રીયમુનાજીમાં પિતા સૂર્યના ગુણો છે - સૂર્ય સાથે સમાનતા છે. બંનેની સમાનતા પણ વિચારી લઈએ. શ્રીઇન્દિરાબેટીજીએ બંનેની સમાનતા નીચે પ્રમાણે સમજાવી છે.

સૂર્ય	સૂર્યસુતા-શ્રીયમુનાજી
૧. સૂર્ય તડકો-ગરમી આપે છે.	૧. શ્રીયમુનાજી વિરહતાપ આપે છે.
૨. સૂર્ય જીવન-પ્રવૃત્તિ આપે છે.	૨. શ્રીયમુનાજી ભગવદીય જીવન આપે છે.
૩. સૂર્ય પ્રકાશ આપે છે.	૩. શ્રીયમુનાજી ભગવદ્‌જ્ઞાન અને ભાવનાથી હૃદયને પ્રકાશિત કરે છે.
૪. સૂર્ય અંધકારનો નાશ કરે છે.	૪. શ્રીયમુનાજી જીવોના અજ્ઞાનનો નાશ કરે છે.
૫. સૂર્ય કમળનો મિત્ર છે. બંનેની પ્રીતિ નિર્દોષ અને નિઃસ્વાર્થ છે.	૫. શ્રીયમુનાજી ભગવાનમાં નિર્દોષ અને નિઃસ્વાર્થ પ્રેમ ધરાવનારાં છે.
૬. સૂર્ય કમળને ખીલવે છે.	૬. શ્રીયમુનાજી ભક્તોનાં હૃદયકમળોને ખીલવે છે.

૭. સૂર્ય સ્થિર હોવા છતાં, ભ્રમણશીલ જણાય છે.	૭. શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની પાસે સ્થિર હોવા છતાં, ભક્તોની પાસે દોડી જનારાં છે.
૮. સૂર્યમંડળમાં કોઈ પહોંચી શકતું નથી.	૮. શ્રીયમુનાજીને પણ ભક્તો સિવાય અન્ય જાણી શકતા નથી.
૯. સૂર્ય શક્તિદાયક છે.	૯. શ્રીયમુનાજી કૃપાશક્તિસ્વરૂપા છે.
૧૦. સૂર્ય સૌને સમાન રીતે તાપ, પ્રકાશ આપે છે.	૧૦. શ્રીયમુનાજી પણ શરણસ્થ જીવો માટે કરુણાસાગર છે.

આવાં સર્વસમર્થ, કૃપાશક્તિ સ્વરૂપા, ભક્ત-વત્સલા શ્રીયમુનાજીને શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે તમારા આ સ્તોત્રનો જે સદા, આનંદપૂર્વક પાઠ કરે છે, તેને નીચેનાં અલૌકિક ફળો તમે આપો છે. આ ફળોનો ક્રમ શ્રીગોકુલનાથજીએ બતાવ્યો. સૌ પહેલાં પાપો-દોષો નિવૃત્ત થતાં, મોક્ષદાતા મુકુંદ ભગવાનમાં તેની સ્નેહાત્મિકા ભક્તિનો ઉદય થાય છે, જે ભક્તિ અત્યંત દુર્લભ છે.

શ્રીહરિરાયજી સમજાવે છે : જેમ બ્રહ્મસંબંધ દ્વારા સર્વ દોષો નિવૃત્ત થતાં, જીવ પ્રભુની સેવાનો અધિકારી બને છે, તેમ શ્રીયમુનાષ્ટકના પાઠથી જીવના સર્વ દોષો નિવૃત્ત થતાં તે જીવ સ્નેહાત્મિકા ભક્તિનો અધિકારી બને છે. શાસ્ત્રવચન છે કે હજારો વર્ષો સુધી તપ, ધ્યાન, સમાધિ આદિ કરવાથી જીવ નિર્દોષ બને છે, ત્યારે તેને કૃષ્ણભક્તિ પ્રાપ્ત થાય છે. જે નિર્દોષતા મેળવવામાં હજારો વર્ષોની ઉગ્ર સાધના આવશ્યક છે, તે નિર્દોષતા શ્રીયમુનાજીની કૃપાથી કેવળ તેમના સ્તોત્રનો પાઠ કરવાથી મળે છે! આ ફળ નાનુંસૂનું નથી.

ગીતાજીમાં સ્વયં ભગવાનની આજ્ઞા છે કે જ્ઞાનરૂપી અગ્નિ બધાં કર્મોને ભસ્મ કરી જીવને નિર્દોષ બનાવે છે. જીવ ચેતન છે. શરીર જડ છે. બંને અશુદ્ધ છે. બંને જ્ઞાનથી શુદ્ધ થાય છે. જ્ઞાનનો માર્ગ પણ ક્લેશદાયક છે. જ્ઞાનરૂપી અગ્નિ સળગાવવાનાં આઠ સાધનો છે : (૧) તપ (૨) બ્રહ્મચર્ય (૩) શમ (૪) દમ (૫) ત્યાગ (૬) સત્ય (૭) યમ (૮) નિયમ. આજના સમયમાં બધા જીવો માટે જ્ઞાનનો માર્ગ સરળ નથી.

જીવમાં અવિદ્યા-માયાનો સંબંધ થવાથી, સૂક્ષ્મ વાસના રહેલી છે. તેથી જીવ સ્વભાવે દુષ્ટ છે. શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાંત રહસ્ય'માં જીવના અને દેહના પાંચ પ્રકારના દોષો બતાવ્યા છે : (૧) સહજ (૨) દેશજ (૩) કાલજ (૪) સંયોગજ (૫) સ્પર્શજ. આ બધા દોષો વિદ્યમાન હોય, ત્યાં સુધી અંતરમાં

ભક્તિ જાગતી નથી. પુષ્ટિ-ભક્તિ-માર્ગમાં મોટામાં મોટું પાપ-દોષ-ભગવાનથી વિમુખ રહેવું તે છે. ભગવાનથી વિમુખતા ત્રણ પ્રકારે થાય છે : (૧) કાયિક (૨) વાચિક (૩) માનસિક. કાયિક વિમુખતાની નિવૃત્તિ સેવાથી થાય, વાચિક વિમુખતાની નિવૃત્તિ ગુણગાનથી થાય, માનસિક વિમુખતાની નિવૃત્તિ સેવા-સ્મરણમાં ચિત્ત પરોવવાથી થાય. માટે આ સર્વ વિમુખતાઓ દૂર કરવા માટે દોષો દૂર કરવાની પ્રથમ જરૂર છે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, "સમસ્ત દુરિતક્ષયો ભવતિ." આ પાઠ કરવાથી સર્વ પાપો નાશ પામે છે.

પછી "ભવતિ વૈ મુકુન્દે રતિઃ" મુકુંદ ભગવાનમાં ચોક્કસ પ્રીતિ (ભક્તિ) થાય છે. પુષ્ટિભક્તિ પ્રેમલક્ષણા-સ્નેહાત્મિકા-ભક્તિ છે. મન મલીન હોય, સકામ અને સ્વાર્થી હોય, ત્યાં સુધી શુદ્ધ સ્નેહ સંભવતો નથી. પ્રભુમાં સર્વતોધિક સુદૃઢ સ્નેહને ભક્તિ કહી છે. આવી ભક્તિ પ્રાપ્ત થવી એ જ માનવજીવનનો પરમ પુરુષાર્થ છે. શ્રીયમુનાજી ભક્તિ મહારાણી છે, તેથી તેઓ શાસ્ત્ર રીતે દુર્લભતમા એવી ભક્તિ, શરણસ્થ જીવોને સહજમાં આપે છે. આ સ્તોત્રના પાઠનું આ બીજું ફળ છે. મુકુંદ એટલે મોક્ષદાતા. બીજો અર્થ = મુ = મુખ. કુંદ એટલે મોગરાની કળી. જેનું મુખ મોગરાની કળી જેવું છે તે.

"તયા સકલ સિદ્ધયોઃ" - પ્રથમ શ્લોકમાં બતાવેલી ચાર સંયોગ અને ચાર વિયોગ સિદ્ધિઓ - (૧) ભગવત્‌સેવોપયોગી દેહની પ્રાપ્તિ (તનુનવત્વ) (૨) ભગવલ્લીલાનાં દર્શન (૩) તે લીલારસનો અનુભવ (૪) સર્વાત્મભાવ - પ્રાપ્ત થાય છે. શ્રીદ્વારકેશજીના મતે 'સકલ' એટલે સર્વકલાયુક્ત-શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણ સાથે રમણની સિદ્ધિ જેમને મળી છે, તેવાં ગોપીજનો સહિત શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે. આ ત્રીજું ફળ છે.

"મુરરિપુશ્ચ સંતુષ્યતિ" : અલૌકિક સિદ્ધિ અને ભક્તિ પામનારા જીવ પર શ્રીપ્રભુ પ્રસન્ન થાય છે. ભક્તોના પ્રતિબંધો દૂર કરવાની ભગવાનની સહજ વૃત્તિ છે, એમ જણાવવા 'મુરરિપુ' પદનો પ્રયોગ થયો છે. 'મુરરિપુ'ની કથાથી આપણે સુપરિચિત છીએ. 'ચ' પદથી સર્વ વ્રજભક્તોનો નિર્દેશ થાય છે એમ શ્રીહરિરાયજી અને શ્રીદ્વારકેશજી કહે છે. શ્રીગુસાંઈજી 'રાધાપ્રાર્થના' 'ચતુઃશ્લોકી'માં આજ્ઞા કરે છે કે, શ્રીરાધિકાજીની કૃપાથી જ શ્રીપ્રભુ કૃપાયુક્ત બને છે, જીવને પ્રાપ્ત થાય છે - 'કૃપયતિ યદિ રાધિકા શેષ બાધા.' તેથી કહ્યું : "હમારે માઈ શ્યામા જુ કો રાજ." પૃથ્વી પર શ્રીમહાપ્રભુજીની

કૃપાથી શ્રીઠાકોરજી મળે, નિત્યલીલામાં શ્રીરાધિકાજીની - શ્રીયમુનાજીની કૃપાથી શ્રીઠાકોરજી મળે.

પોતાનાં ગુણગાનથી આપણને જેટલી પ્રસન્નતા થાય, તેના કરતાં આપણા સ્નેહીનાં ગુણગાનથી આપણને વિશેષ પ્રસન્નતા થાય છે. તેમ સર્વ સ્વામિનીઓ અને વ્રજભક્તોનાં પ્રિયા શ્રીયમુનાજી છે. આથી શ્રીયમુનાજીનાં ગુણગાનથી શ્રીઠાકોરજી સહિત સૌ વ્રજભક્તો અધિક પ્રસન્ન થાય છે. વ્રજગોપિકાઓ પ્રભુની મુરલી તરફ જેવો ઈર્ષાભાવ દાખવે છે, તેવો ઈર્ષાભાવ શ્રીયમુનાજીનું ગુણગાન કરનાર ભક્તો તરફ રાખતાં નથી, કારણ કે શ્રીયમુનાજીએ તે ગોપિકાઓમાં રહેલા કલિના દોષો નિવૃત્ત કર્યા છે.

શ્રીહરિરાયજી વાર્તાસાહિત્યના ''ભાવપ્રકાશ''માં આજ્ઞા કરે છે કે ''પુષ્ટિમાર્ગ વૈષ્ણવો દ્વારા જ ફલિત થાય છે.'' અર્થાત્ ભક્તો જ ભગવાનને મેળવી આપે છે. તેથી ભક્તોની પ્રસન્નતા અધિક આવશ્યક છે. ગોપીજનો પ્રસન્ન થતાં શ્રીગોપીજનવલ્લભ પણ પ્રસન્ન થાય છે. આ ચોથું ફળ થયું.

હવે પાંચમું-અંતિમ-ફળ બતાવે છે : ''સ્વભાવવિજયો ભવેત્'' - આ સ્તોત્રના પાઠથી જીવ પોતાના સ્વભાવ પર વિજય મેળવે છે. ટીકાકાર મહાનુભાવોએ સ્વભાવ પર વિજયના જુદા જુદા અર્થ કર્યા, જે નીચે પ્રમાણે છે:

(૧) શ્રીભગવાનનો મોક્ષ આપવાનો સ્વભાવ શ્રીયમુનાજીએ બદલી, તેમને ભક્તિદાતા બનાવ્યા. ભગવાનનો ય સ્વભાવ બદલનાર શ્રીયમુનાજી જીવનો સ્વભાવ બદલે તેમાં શું આશ્ચર્ય?

(૨) જીવ દુષ્ટ સ્વભાવવાળા છે, તેથી ભગવાનથી વિમુખ છે. તેમને શ્રીયમુનાજી ઉત્તમ સ્વભાવવાળા બનાવી, શ્રીઠાકોરજીની સન્મુખતાવાળા કરે છે. જીવાત્મામાંથી આનંદ-અંશ તિરોધાન થવાથી, તેનામાં જીવભાવ આવ્યો. તેથી તે ભગવદંશ અને ભગવત્સેવક હોવાનું ભૂલી ગયો. આ બહિર્મુખતા જીવનો મુખ્ય દોષ. આવા જીવને આ સ્તોત્રના પારાયણથી દીનતાવાળો બનાવી, ભગવત્સન્મુખ કરે છે. બહિર્મુખતાની નિવૃત્તિ એ સ્વભાવવિજય.

(૩) 'સ્વભાવ' શબ્દ મનનો બોધક છે. લૌકિક વૃત્તિઓથી પરતંત્ર બનેલા મનને સ્વતંત્રતાપૂર્વક પ્રભુમાં જોડવું તે સ્વભાવનો વિજય.

(૪) 'સ્વ' = જીવ, ''ભાવ'' = શ્રીકૃષ્ણની સેવારૂપ સહજ ધર્મ. 'વિજય'= પરમ ઉત્કર્ષ. જીવમાં ભગવત્સેવા રૂપ સહજધર્મનો ઉત્કર્ષ થાય; સેવામાં રુચિ વિશેષ વધતી રહે તેનું નામ સ્વભાવ વિજય.

(૫) 'વિજય'નો બીજો અર્થ છે - 'પરાવૃત્તિ.' અર્થાત્ પુનઃ પુનઃ સેવન. બીજા શબ્દોમાં સંપૂર્ણ સેવાધિકારની સિદ્ધિ; અર્થાત્ માનસી સેવારૂપ અલૌકિક સામર્થ્યફળની પ્રાપ્તિ થાય છે.

(૬) 'વિજય'નો ત્રીજો અર્થ છે : વિભિન્ન વાસનાઓ અથવા મનોરથોની પૂર્તિ, ભગવત્સુખાર્થે વિવિધ મનોરથોમાં તત્પરતા થાય છે.

શ્રીદ્વારકેશજીએ ઉપરોક્ત છ અર્થ બતાવ્યા છે.

શ્રીહરિરાયજી 'સ્વભાવવિજય'ના બીજા અર્થ સમજાવે છે :

(૧) જીવનો કામભાવરૂપ લૌકિક સ્વભાવ બદલાઈને સર્વાત્મભાવવાળો અલૌકિક બને છે.

(૨) સાત્ત્વિક, રાજસ્, તામસ્ જેવા લૌકિક ગુણો, લીલામાં રસરૂપ અલૌકિક બને છે.

(૩) દેહજીવમાં ભગવદ્ધર્મો પ્રવેશતાં માનભાવ આવે છે; જે પુષ્ટિમાર્ગમાં દોષરૂપ છે. તેની નિવૃત્તિ દીનતાથી થાય છે. માનભાવવાળા સ્વભાવનું દૈન્યભાવમાં પરિવર્તન એટલે સ્વભાવવિજય.

શ્રીબાલકૃષ્ણ ભટ્ટ કહે છે : સતત વેગવાળાં શ્રીયમુનાજી વેણુનાદ સાંભળી સ્થિર થઈ ગયાં. આમ, શ્રીયમુનાજીનો સ્વભાવ પણ બદલાઈ ગયો છે. લૌકિક તરફનો મનોવેગ. સતત પ્રભુમાં સ્થિર થાય તે સ્વભાવ-વિજય.

આમ, શ્રીમહાપ્રભુજીએ આ સ્તોત્રના પારાયણથી પ્રાપ્ત થનારાં પંચામૃત સમાન પાંચ અલૌકિક ફળો બતાવ્યાં.

અહીં પ્રશ્ન થાય કે આ પાંચ ફળો મળશે એની ખાતરી શી? કોઈ પ્રમાણ ખરું? શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે : "વદતિ વલ્લભઃ શ્રીહરેઃ" શ્રી = સ્વામિની, હરિ = ભગવાન. શ્રીસ્વામિનીઓ સહિત શ્રીપ્રભુને પ્રિય અને સ્વીય (વલ્લભ) એવો હું વલ્લભ આ વાત કહું છું. એ જ મોટામાં મોટું પ્રમાણ છે.

શાસ્ત્રોમાં આપ્તવાક્યને પ્રમાણ કહ્યું છે. શ્રીમહાપ્રભુજી આપણા આપ્તજન છે, તેથી તેમની આજ્ઞા જ આપણા માટે પરમ પ્રમાણ છે.

શ્રીમહાપ્રભુજી ગોપીજનોના અને શ્રીગોપીજનવલ્લભના અંતરંગ હોવાથી તેમના હાર્દને સારી રીતે જાણનારા છે. તેથી શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીના હૃદયનો વિચાર તેમનાથી વધુ સારી રીતે બીજું કોઈ બતાવી શકે તેમ જ નથી. માટે શ્રીમહાપ્રભુજીનાં વાક્યો પ્રમાણરૂપ છે. તેમને અન્ય પ્રમાણોની આવશ્યક્તા નથી.

શ્રીપુરુષોત્તમજી આજ્ઞા કરે છે 'મુદા' એટલે - આનંદ. આનંદ સહિત શ્રીમહાપ્રભુજીમાં નિષ્ઠાપૂર્વક અને 'સદા' એટલે નિત્ય વિશ્વાસપૂર્વક આ સ્તોત્રનું પારાયણ કરવાથી આ શ્લોકોમાં બતાવેલાં પાંચે ફળો અવશ્ય પ્રાપ્ત થાય છે.

આમ, 'શ્રીયમુનાષ્ટક'નું વિવરણ પરિપૂર્ણ કરતાં શ્રીગોકુલનાથજી પોતાનો નામોલ્લેખ ન કરતાં, તેમના પિતૃચરણ શ્રીગુસાંઈજીનું કર્તૃત્વ બતાવે છે - ''ઈતિ શ્રીવિઠ્ઠલેશ્વર વિરચિતા શ્રીયમુનાષ્ટક વિવૃત્તિઃ સમ્પૂર્ણા ।''

શ્રીહરિરાયજી પોતાની 'વિવૃત્તિ-ટિપ્પણ'ના અંતમાં બે શ્લોકોથી કહે છે :

શ્રીઆચાર્યચરણની પરમ કૃપાથી, શ્રીપ્રભુચરણ શ્રીગુસાંઈજીની વિવૃત્તિ પર મેં શ્રીહરિદાસે આ ટિપ્પણ લખ્યું. નિજવંશમાં જન્મેલા પોતાના દાસ પર શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પ્રસન્ન રહો. શ્રીયમુનાજી સહિત શ્રીહરિ પોતાના ભાવનું મને દાન કરો.

શ્રીપુરુષોત્તમજી પોતાની 'વિવૃત્તિ-વિવૃત્તિ'ના અંતમાં એક શ્લોકથી આજ્ઞા કરે છે - મારા બુદ્ધિજન્ય દોષોને કારણે મારાથી જે કંઈ અયોગ્ય કહેવાયું હોય, તે મારા દોષોને ક્ષમા કરજો; કારણ શ્રીપ્રભુચરણની 'વિવૃત્તિ' પરની મારી આ 'વિવૃત્તિ' તેમના કૃપાબળથી જ લખાઈ છે.

શ્રીદ્વારકેશજી તેમની ટીકા 'સુગમાન્વયબોધિની'નો ઉપસંહાર સાત શ્લોકથી કરે છે. શ્રીમહાપ્રભુજી અને સ્વસ્વામી શ્રીગોવર્ધનનાથજીની કૃપાથી શ્રીગુસાંઈજીની કૃતિ એવી આ 'વિવૃત્તિ'ની ટીકા મારાથી પૂર્ણ થઈ છે. મેં જે કંઈ કહ્યું છે તે મારી સ્વલ્પ બુદ્ધિથી કહ્યું છે. નિજવંશજ એવા આ દાસને શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી ક્ષમા કરે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોવર્ધનનાથજીએ અંતઃકરણમાં બિરાજી મને શ્રીમથુરાનાથ-પુત્રને આ કૃતિ રચવા પ્રેર્યો છે. તેના દ્વારા મારી શ્રીકૃષ્ણ-શ્રીયમુનાના યુગલ-સ્વરૂપમાં પ્રીતિ થાવ. શ્રીનાથજીની સેવામાં નડતા મારા સર્વ પ્રતિબંધો નાશ પામો.

આ પ્રમાણે 'શ્રીયમુનાષ્ટક' સ્તોત્ર સર્વ વિવરણ સહિત પરિપૂર્ણ થયું.

''ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિતમ્ શ્રીયમુનાષ્ટકમ્ સમાપ્તમ્.''

પરિશિષ્ટ

૧. શ્રીયમુનાજીની સ્તુતિ-વંદના

(શ્રીગુસાંઈજી વિરચિત શ્રીયમુનાષ્ટપદી)

ઉષ્ણકાળમાં શ્રીઠાકુરજી સન્મુખ ગવાતી, સ્નાનયાત્રાના પદમાં પ્રથમ પ્રાપ્ત થતી, આ અષ્ટપદી છે. શ્રીમત્પ્રભુચરણ શ્રીગુસાંઈજીની અલૌકિક સંસ્કૃત વાણી છે. કવિત્વ અને ભાવનાઓથી છલોછલ ભરેલી, પુષ્ટિ-રસાત્મક ભાવોથી સભર શ્રીયમુના મહારાણીજીની આ અણમોલ સ્તુતિ છે.

મધુર પદ-રચનાવાળી આ કાવ્યકૃતિમાં કેવા નિગૂઢ ભાવો છે અને તે કેવી અલંકારિક રીતે વર્ણવાયા છે, તે તો તેના અર્થ-ભાવ વિચારીએ ત્યારે જ સમજાય. તદર્થ યથામતિ પ્રયાસ કરીએ. ખરેખર આ આનંદ લેવા જેવો છે, જીવનનો અણમોલ લહાવો છે. (વ્ર. ચિ.)

નમો દેવિ યમુને! નમો દેવિ યમુને! હર-કૃષ્ણ મિલનાંતરાયમ્ ।
નિજનાથ માર્ગદાયિની! કુમારિકામપૂરિકે! કુરુ ભક્તિરાયમ્ ॥(ધ્રુવ)॥

હે દેવી યમુને! હે દેવી યમુને! આપને મારાં વંદન હો. યમુનાજી! શ્રીકૃષ્ણમિલનમાં આવતા મારા અંતરાયને આપ દૂર કરો. નિજ નાથને પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવનાર હે યમુને! કુમારિકાઓની કામનાઓને પૂર્ણ કરનારાં હે યમુને! મને ભક્તિની પ્રાપ્તિ કરાવો.

મધુપકુલ-કલિત-કમલાવલી, વ્યદેશધારિત શ્રીકૃષ્ણયુત ભક્ત હૃદયે ।
સતત-મતિશયિત હરિ ભાવના, જાત તત્સારૂપ્ય ગદિત હૃદયે ॥૧॥

હે શ્રીયમુનાજી! આપનાં જળમાં કમળો ખીલ્યાં છે; એમાં ભ્રમરો બેસીને ગુંજારવ કરે છે - આવું દેખાય છે; પણ ના ના, એવું નથી.

એ જે કમળો છે, તે તો ભક્તોનાં કોમળ હૃદયો છે; અને તેમાં ભ્રમર-સ્વરૂપ શ્યામસુંદર શ્રીકૃષ્ણ જ બિરાજી રહ્યા છે. અર્થાત્ આપ કૃષ્ણયુક્ત ભક્તહૃદયોને આપના સ્વરૂપમાં ધારણ કરી રહ્યાં છો.

નિરંતર શ્રીકૃષ્ણના સ્વરૂપની સતત ભાવના કરતાં કરતાં આપનું હૃદય પણ શ્રીકૃષ્ણ સમાન બન્યું છે. 'કૃષ્ણ તન વરણ ગુણધર્મ શ્રીકૃષ્ણકે કૃષ્ણલીલા શ્રીકૃષ્ણ સુખકંદની!'

નિજકૂલ ભવ વિવિધ તરુકુસુમયત નીરશોભયા વિલસદલિ વૃન્દે ।
સ્મારયસિ ગોપીવૃન્દ પૂજિત સરસ મીશવ પુરાનંદકંદે ॥૨॥

તટ ઉપર ઊગેલ વિવિધ વૃક્ષોનાં પુષ્પો આપના જળમાં પડે છે તેમજ ભ્રમરો ઊડે છે. તેની શોભાથી આપ શોભી રહ્યાં છો; એટલું જ નહીં, આ દશ્ય દ્વારા આપ અમને એવું સ્મરણ કરાવો છો કે ગોપીજનો જળ અને પુષ્પો વડે શ્રીકૃષ્ણના આનંદકંદ શ્યામ શ્રીઅંગનું જ્યારે પૂજન કરતાં હોય ત્યારે ત્યાં કેવી શોભા પ્રકટ થતી હશે!

ઉપરિચલદમલ કમલારુણધતિ-રેણુ પરિમલિત જલભરેણામુના ।
વ્રજયુવતિ કુચકંભકુંકુમારુણમુરઃસ્મરયસિ મારપિતુરધુના ॥૩॥

આપના શ્યામ જળ ઉપર લાલ કમળોની સુંદર લાલિમા દશ્યમાન થાય છે. વળી કમળોના મકરંદની સુગંધથી જળ સુવાસિત બને છે. એના દ્વારા આપ અમને શાનું સ્મરણ કરાવો છો તે કહું? સાંભળો. શ્રીઠાકુરજીના શ્યામ ઉરસ્થલ ઉપર રમણ સમયે લાગેલા વ્રજયુવતીઓના કુચકુંકુમનું સ્મરણ કરાવો છો. (જે કેસર, ચંદન વ.ની સુગંધથી સુગંધિત હોય છે.)

અધિરજનિ હરિવિર્હ્યતમીક્ષિતું કુવલયામિષ, સુભગ નયનાન્યુશતિ તનુષે ।
નયન યુગમલ્પમિતિ બહુતરાણી ચ, તાનિ રસિકતાં નિધિતયા કુરુષે ॥૪॥

હે શ્રીયમુને! સુંદરી! આપના જળમાં જે શ્વેત કમળો (પોયણાં, કુમુદિનીઓ) રાત્રિભર ખીલેલાં રહે તે છે શું છે? કહું? (શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે.)

વસ્તુતઃ એ શ્વેત કમળો નથી. તે તો આપનાં સુંદર નયનો છે. રાત્રિભર શ્રીઠાકુરજી જે અનેક રસાત્મક લીલાઓ કરે છે, તેને નીરખવામાં આપને અધિક રસ છે. એ અનંત લીલાઓ નિહાળવા માટે બે નેત્રો પૂરતાં ન લાગવાથી, આ શ્વેત કમળોરૂપી અનેક નેત્રો આપના સ્વરૂપમાં આપ પ્રગટ કરો છો, અને રજનીભર ખુલ્લાં રાખો છો. એ નેત્રો દ્વારા રસિક-શિરોમણિની રસલીલાઓ આપ નીરખ્યા કરો છો, કેમ કે આપ રસનિધાન છો!

રજનિ-જાગર-જનિત રાગ-રંજિત-નયન, પંકજૈ રહનિ હરિ મીક્ષસે ।
મકરંદભર મિષેણાનંદ પૂરતા, સતતમિહ હર્ષાશ્રુ મુંચસે ॥૫॥

વળી, શ્રીઠાકુરજીનો લીલાવિહાર તો રાત્રિ-દિવસ ચાલુ જ રહે છે. એટલે દિવસની લીલાઓ નીરખવા માટે પણ બે નયનો અપૂરતાં લાગવાથી લાલ કમળોરૂપી અનેક નેત્રો દિવસે વિકસાવો છો. તેના વડે દિવસની લીલાઓનાં દર્શન કરો છો. આવું કેમ બની શકે? રાત્રિભર જાગરણ કરીને લીલાઓ નીરખવાથી નેત્રોમાં ઉજાગરાની લાલાશ છવાય છે. એટલે દિવસે એ બધાં નયનો લાલ બને છે. એટલે કે આપના જળમાં દિવસે ખીલતાં લાલ કમળો, એ પણ વસ્તુતઃ કમળો નથી; પરંતુ જાગરણની લાલિમાયુક્ત આપનાં અનંત નેત્રો જ છે. કમળ અને કુમુદમાં મકરંદ હોય છે. આપનાં નયનકમળોમાં પણ લીલાદર્શનને કારણે આનંદરૂપી મકરંદ છવાયેલો રહે છે. કમળો અને કુમુદોમાંથી જલબિંદુઓ સ્રવે છે. આપનાં નયનોમાંથી ભગવલ્લીલાનાં દર્શન કરવાથી, હર્ષનાં અશ્રુ સરતાં રહે છે.

તટગતાનેક શુકસારિકા મુનિગણસ્તુત, વિવિધ ગુણ સીધુ સાગરે ।
સંગતા સતતમિહ ભક્તજન, તાપહૃતિ રાજસે રાસ રસસાગરે ॥૬॥

હે શ્રીયમુને! આપના તટ ઉપર વૃક્ષો છે. તેના ઉપર મેના, પોપટ આદિ અનેક પક્ષીઓ કલરવ કરે છે; પરંતુ વાસ્તવમાં એ પક્ષીઓ નથી, એ તો મુનિજનો છે, અને તેઓ આપના માદક રસ સમા (મનને મસ્ત બનાવનાર) વિવિધ ગુણોનું ગાન કરે છે; કેમ કે આપ ગુણ-સાગર છો!

એટલું જ નહીં, રાસ-રસ-સાગર શ્યામસુંદર સાથે સમાગમ સાધવા આપ સતત ગતિ કરી રહ્યાં છે. ભક્તજનોના વિરહતાપને દૂર કરવાનું આપનું લક્ષ્ય છે; એટલે આપ રસસાગર શ્રીકૃષ્ણને મળો છો અને નિજભક્તોને મેળવી આપો છો. (રાસ-રસ-સાગર શ્રીયમુને જુ જાની).

રતિભર શ્રમજલોદિત કમલ પરિમલ, બ્રજ યુવતિજન વિહૃતિ મોદે ।
તાટંક ચલન સુનિરસ્ત સંગીતયુત, મદમુદિત મધુપકૃત વિનોદે ॥૭॥

શ્રીઠાકુરજી વ્રજયુવતીઓ સાથે વિવિધ પ્રકારની રસકેલિ કરે છે, તેથી અતિશય શ્રમજલ (પ્રસ્વેદ) પ્રગટે છે. શ્રીજીના એ શ્રમજલમાં કમલના મકરંદ સમી મોદક સુગંધ હોવાથી વ્રજયુવતીઓ હર્ષિત થાય છે. હે શ્રીયમુને! આ શ્રીજીનું શ્રમજલ એ જ આપનું જલ છે. એ સુગંધ તે આપનાં જળ-કમળોની સૌરભ છે. (સુરત શ્રમ-બિંદુ તે સિંધુસી બહી ચલી.) વળી એ રતિકેલી (નિષ્કામપ્રેમ) સમયે શ્રીઠાકુરજીનાં લટકતાં કુંડલો ડોલે છે. (જે શ્યામ મરકત

મણિજડિત) લાગે છે કે જાણે મદમસ્ત અને આનંદિત ભમરા ન ડોલતા હોય! પરંતુ ભમરા ફૂલો ઉપર ડોલે છે, ત્યારે બોલે (ગુંજારવ કરે) છે. આ કુંડલો ડોલે છે પણ બોલતાં નથી!

એટલે લાગે છે કે ભમરાઓના ગુંજારવ-સંગીતને આ કર્ણાભૂષણો જાણે કે તુચ્છ ગણતાં હોય અને તેથી માત્ર નીરવ ડોલન કરી રહ્યાં હોય!

આમ, આપનાં જળકમળો ઉપર ઊડતા ભ્રમરોને શ્રીઠાકુરજીનાં આવાં કર્ણભૂષણો કેમ ન કહી શકાય, વારુ! (આમ-આપનું બધું જ શ્રીકૃષ્ણ-સંબંધી છે. બધું જ અલૌકિક છે - અસાધારણ છે.)

નિજ વ્રજજનાવન અત્તગોવર્ધને, રાધિકા હૃદયગત હૃદ્ય કરકમલે ।
રતિમતિશયિત રસ બિઠ્ઠલસ્યાસુ, કુરુ વેણુનિનાદાહત સરલે ॥૮॥

(પ્રભુ પણ આપને આધીન છે. કેવા પ્રભુ?) પોતાના વ્રજજનોનું રક્ષણ કરવા જેમણે ગિરિ ગોવર્ધન ધર્યો એવા સમર્થ! શ્રીરાધાના ઉરઃસ્થળમાં પોતાનો સુંદર કરકમળ ધરનારા-રસિક શિરોમણિ! અને વેણુનાદ કરીને વ્રજજનોને બોલાવનારા અતિ ઉદાર! આવા પ્રભુ.

પ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશ શ્રીમહારાણીજીને વીનવે છે. આ શ્રીકૃષ્ણપ્રભુમાં મને પ્રેમભાવ પ્રગટ થાય અને મનમાં રસનો સાગર ઊછળે એવી મારા ઉપર આપ સત્વર કૃપા કરો ને!

વ્રજપતિ પરિવૃઢ વલ્લભે કદાત્વચ્ચરણ, સરોરુહ સીક્ષણાસ્પંદ મે ।
તવ તટ ગત વાલુકા કદાહં સકલનિજાંગગતા મુદા કરિષ્યે ॥૧॥

વ્રજના સ્વામીનાં વહાલાં, હે શ્રીપ્રિયાજી! શ્રીયમુનાજી! આપનાં ચરણકમલોનાં સાક્ષાત્ દર્શન હું ક્યારે કરીશ? આપના તટ ઉપરની રજને મારા સર્વાંગમાં હું ક્યારે લગાવીશ? આવી કૃપા આપ ક્યારે કરશો?

વૃંદાવને ચારુ બ્રહ્મને મન્મનોરથં, પૂરયં સૂર સૂતે ।
દૃગ્ગોચરઃ કૃષ્ણ વિહાર એવ, સ્થિતિસ્ત્વદીયે તટ એવ ભૂયાત્ ॥૨॥

શ્રીયમુને! સુંદર વૃંદાવનમાં કે મહાવનમાં મને શ્રીજીની લીલાનાં સાક્ષાત્ દર્શન થાય એવું આપ કરજો. એ દર્શન માટે આપના તટ ઉપર નિવાસ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થજો. હે દેવિ યમુને! મારા આ મનોરથો આપ પૂર્ણ કરશો ને?

(અનુવાદક : પ.ભ. વ્રજરત્નદાસ ચિ. પરીખ)

શ્રીહરિરાયજી વિરચિત

૨. શ્રીયમુનાવિજ્ઞપ્તિઃ

(અનુષ્ટુપ)

કૃષ્ણાં કૃષ્ણસમાં કૃષ્ણરૂપાં કૃષ્ણરસાત્મિકામ્ ।
કૃષ્ણલીલામૃતજલાં કૃષ્ણસમ્બન્ધકારિણીમ્ ॥૧॥

શ્યામ, શ્રીકૃષ્ણ જેવાં, શ્યામસ્વરૂપ, શ્રીકૃષ્ણચંદ્રજીની લીલા માટેનાં અમૃત જળવાળાં અને શ્રીકૃષ્ણચંદ્રજીનો સંબંધ કરનારાં (છેલ્લા શ્લોકમાં "નમામિ યમુનાં" સાથે બધા શ્લોકોનો અન્વય છે, તેથી) શ્રીયમુનાજીને હું નમન કરું છું. (૧)

કૃષ્ણપ્રિયાં કૃષ્ણમુખ્યરસસંગમદાયિનીમ્ ।
કૃષ્ણક્રીડાશ્રયાં કૃષ્ણપદવીપ્રાપિકામપિ ॥૨॥

પ્રભુને વહાલાં, પ્રભુના મુખ્ય રસનો સંગમ દેનારાં, પ્રભુને ખેલવાના ધામરૂપ અને પ્રભુના માર્ગનો બોધ કરનારાં શ્રીયમુનાજીને હું નમન કરું છું. (૨)

કૃષ્ણસ્થિતાં કૃષ્ણવાસહૃદયાં કૃષ્ણભાવુકામ્ ।
કૃષ્ણપ્રિયાપ્રિયાં કૃષ્ણસ્થાયિભાવસમુદ્ભવામ્ ॥૩॥

પ્રભુમાં હૃદયવાળાં, પ્રભુ પોતાના આવી રહે તેવી ઇચ્છાવાળાં, પ્રભુને ચાહતાં, શ્રીસ્વામિનીજીને વહાલાં અને પ્રભુના સ્થાયી ભાવ-રતિમાંથી ઉદ્ભવેલાં શ્રીયમુનાજીને હું નમું છું. (૩)

કૃષ્ણૈકમિલનસ્થાનભૂતાં કૃષ્ણસુખાર્થિનીમ્ ।
કૃષ્ણગોપીસહચરીં કૃષ્ણસમ્માનવર્ધિનીમ્ ॥૪॥

પ્રભુને મળવાનાં સ્થાનરૂપ, પ્રભુના સુખની ઇચ્છાવાળાં, પ્રભુનાં ગોપીજનોનાં સહચરી અને પ્રભુનાં માનને વધારનારાં શ્રીયમુનાજીને હું નમન કરું છું. (૪)

કૃષ્ણકાર્યપરાં કૃષ્ણલીલાસ્થલવિશોધિકામ્ ।
કૃષ્ણક્રીડાકુંકુમાદિયુતાં કૃષ્ણરસાતુરામ્ ॥૫॥

પ્રભુનું કાર્ય કરવામાં પરાયણ, પ્રભુની લીલા માટેના સ્થળને શુદ્ધ કરનારાં, પ્રભુની ક્રીડાનાં કંકુ વગેરે-વાળાં અને પ્રભુસંબંધી રસ માટે આતુર એવાં શ્રીયમુનાજીને હું નમું છું. (૫)

કૃષ્ણગોપીપૂજ્યદેવીં કૃષ્ણવ્રતફલપ્રદામ્ ।
કૃષ્ણલીલાર્થમાયાતાં કૃષ્ણનીરધિસંગતામ્ ॥૬॥

પ્રભુનાં ગોપીજનોનાં પૂજ્ય દેવી, પ્રભુ-સંબંધી વ્રતનું ફળ આપનારાં, પ્રભુની લીલા માટે ભૂતળ પર પધારેલાં અને પ્રભુરૂપી મહાસાગરને મળેલાં શ્રીયમુનાજીને હું નમું છું. (૬)

કૃષ્ણપાદસ્પર્શકામાં કૃષ્ણમાનસસંશ્રિતામ્ ।
કૃષ્ણાસક્તાં કૃષ્ણભક્તાં કૃષ્ણપ્રીતિપ્રસાધિનીમ્ ॥૭॥

શ્રીકૃષ્ણચંદ્રજીના ચરણનો સ્પર્શ કરવાની ઇચ્છાવાળાં, પ્રભુના ચિત્તના આશ્રયવાળાં, પ્રભુમાં આસક્તિવાળાં પ્રભુનાં ભક્ત અને પ્રભુની પ્રીતિ થાય તેવું કરનારાં શ્રીયમુનાજીને હું નમું છું. (૭)

કૃષ્ણાંઘ્રિરેણુબહુલાં કૃષ્ણસેવકસમ્મુખામ્ ।
કૃષ્ણભાવવિરોધિસ્વદાસપ્રકૃતિનાશિનીમ્ ॥૮॥

પ્રભુના ચરણકમળની પુષ્કળ રજવાળાં, પ્રભુના ભક્તો તરફ સહાનુભૂતિવાળાં અને પ્રભુવિષયક ભાવથી વિરુદ્ધ એવી સ્વભક્તોની પ્રકૃતિનો નાશ કરનારાં શ્રીયમુનાજીને હું નમું છું. (૮)

નમામિ યમુનાં કૃષ્ણતૂર્યપ્રિયતમામહમ્ ।
નિજાચાર્યપદામ્ભોજદાસે ભાવં પ્રયચ્છતુ ॥૯॥

પ્રભુનાં ચતુર્થ પ્રિયા એવાં શ્રીયમુનાજીને હું નમન કરું છું શ્રીમદાચાર્યચરણકમલના દાસ એવા આ હરિદાસને શ્રીયમુનાજી પ્રભુ-સંબંધી ભાવ અર્પો. (૯)

ઇતિ શ્રીહરિદાસોક્તા શ્રીયમુનાવિજ્ઞપ્તિઃ સમાપ્તા ।

■

શ્રીદેવકીનન્દનજી વિરચિતમ્

૩. શ્રીયમુનાષ્ટકમ્

યા ગોકુલાગમન સમ્ભ્રમદત્તમાર્ગા કૃષ્ણાય શૌરિમુદકૈરવિભાવયન્તી ।
સ્પ્રષ્ટુતદંઘ્રિકમલેભવદુત્તરંગા સા મન્મનોરથશતં યમુના વિધત્તામ્ ॥૧॥

ભાવાર્થ : જે શ્રીયમુનાજી મથુરાથી ગોકુલમાં શ્રીકૃષ્ણના પધારતી વખતે આનંદવિભોર બની શ્રીકૃષ્ણ માટે માર્ગ આપતાં થયાં, અને શ્રીવાસુદેવજીનો પોતાના જલથી આદર કરતાં થયાં, ભગવાનના ચરણસ્પર્શ કરવા માટે જે અતિ ઊછળતા તરંગવાળાં થયાં હતાં, તે શ્રીયમુનાજી અમારા અનેક મનોરથોને પૂર્ણ કરો. (૧)

યા નન્દનસૂનુ મુરલીરવલીલયોદ્યદ્-ભાવપ્રભાવગલદશ્રુપરાગમંઘ્રિમ્ ।
ઉન્મીલિતાબ્જનયનાસ્પૃશદૂર્મિદોર્ભિઃ સા મન્મનોરથશતંયમુનાવિધત્તામ્ ॥૨॥

ભાવાર્થ : પ્રફુલ્લિત કમલ જેવા સુંદર નયનવાળાં જે શ્રીયમુનાજી પોતાના તરંગરૂપી ભુજાઓથી શ્રીનંદગોપકુમારની વેણુનાદ સંબંધી લીલાથી ઉત્પન્ન દિવ્ય ભાવોના પ્રભાવથી ગરતાં અશ્રુઓરૂપી પરાગથી યુક્ત એવા શ્રીકૃષ્ણપ્રભુજીના ચરણકમલને સ્પર્શ કરતાં હતાં, તે શ્રીયમુનાજી અમારા અનેક મનોરથો પરિપૂર્ણ કરો. (૨)

યા ગોકુલેશમુષિતાંશુકલજ્જિતતાન્તરાકંઠમગ્નનવનન્દકુમારિકાણામ્ ।
કમ્પોદ્ગમંવિદધતી ન વિલમ્બમૈચ્છત્ સા મન્મનોરથશતંયમુનાવિધત્તામ્ ॥૩॥

ભાવાર્થ : જે શ્રીયમુનાજી શ્રીગોકુલપતિ શ્રીકૃષ્ણ દ્વારા ચીરહરણ થવાથી લજ્જાયુત અંતઃકરણવાળાં અને ગળા સુધી યમુનાજલમાં નિમગ્ન થયેલાં એવાં નૂતન પ્રેમવાળાં વ્રજકુમારિકાઓના (શીતથી) કંપિત થવાથી ઉત્પન્ન થયેલા રોમાંચોને ધારણ કરતાં, (ફલપ્રાપ્તિના) વિલંબને ન ઇચ્છતાં હતાં, એવાં તે શ્રીયમુનાજી અમારા હૃદયની સેંકડો અભિલાષાઓ પૂર્ણ કરો. (૩)

યા રાધિકાડધરપયોધરકામુકાય તસ્મૈ નિકુંજનિલયં સ્વકરૈશ્ચકાર ।
સ્વચ્છોચિતાતિમૃદુવાલુકભૂવિતાનં સા મન્મનોરથશતં યમુના વિધત્તામ્ ॥૪॥

ભાવાર્થ : જે શ્રીયમુનાજી, મુખ્યસ્વામિનીજી શ્રીરાધિકાજીના અધરરસ અને કુચકલશની ઈચ્છા રાખનારા (લોભી) એવી શ્રીકૃષ્ણપ્રભુને માટે પોતાના તરંગરૂપી શ્રીહસ્તથી અતિ નિર્મલ અને (પ્રભુને) લીલામાં અનુકૂલ થાય તેવી રીતે સુકોમળ રેણુવાળી ભૂમિ જેવાં બનાવેલી છે એવા નિકુંજગૃહને કરતાં હતાં, એવાં તે શ્રીયમુનાજી અમારા હૃદયની અનેક અભિલાષાઓ પૂર્ણ કરો. (૪)

યા રાસકેલિજનિતશ્રમહારિવારિ-ક્રીડાસુ ઘોષવનિતોચ્છલદમ્બુરાશિઃ ।
નન્દાત્મજં સુખયતિ સ્મ કૃતાભિષેકં સા મન્મનોરથશતં યમુના વિધત્તામ્ ॥૫॥

ભાવાર્થ : રાસરસકેલિથી ઉત્પન્ન પરિશ્રમને હરણ કરનારી, જલવિહાર લીલાઓમાં વ્રજસ્ત્રીઓ દ્વારા ઊછાળાતાં શ્રીયમુનાજીના જલનો સમુદાય પ્રભુને અભિષેક કરી રહેલો હોય તેમ શ્રીનંદકુમારને અતિ સુખ ઉપજાવતો હતો, એવાં તે શ્રીયમુનાજી અમારા અનેક મનોરથોને પરિપૂર્ણ કરો. (૫)

યા ચંચદંચલદૃશઃ સમયં વ્રજસ્ત્રીઃ પીનોન્નતસ્તનતટી પરિરભ્યમંદમ્ ।
પારે નયન્તુ પલક્ષ્ય હરિં સમાસીત્ સા મન્મનોરથશતં યમુના વિધત્તામ્ ॥૬॥

ભાવાર્થ : અતિ ચંચલ કુટિલ કટાક્ષવાળાં, તથા મોટા ઉચ્ચ કુચપ્રદેશને ધારણ કરતાં, અને લીલામાં ચક્તિ થતાં હોય એવાં વ્રજગોપીઓને ધીરે ધીરે આલિંગન કરીને શ્રીયમુનાજીને કાંઠે લઈ જતા શ્રીકૃષ્ણને નીરખીને અતિ પ્રસન્ન થયાં હતાં, તે શ્રીયમુનાજી અમારા હૃદ્ગત ભાવોને પૂરિપૂર્ણ કરો. (૬)

યા વિભ્રમદ્ભ્રમરપંક્તિદંગસંગ-સંલગ્નરાગરુચિરદ્યુતિદામનેત્રી ।
તત્પાદપંકજરજોપચિતાંગદાત્રી સા મન્મનોરથશતં યમુના વિધત્તામ્ ॥૭॥

ભાવાર્થ : મધુગણ જેમાં ગુંજારવ કરી રહ્યા છે એવા 'શ્રીવ્રજલલનાઓના શ્રીઅંગના સંગથી ચોંટેલા અંગરાગથી અતિ સુંદર પ્રફુલ્લિત કમળની હારમાળારૂપ નેત્ર ધારણ કરનારાં વ્રજસીમંતિનીઓના પદકમલની રજોથી સંયુક્ત સ્વરૂપનું દાન કરનારાં એવાં તે શ્રીયમુનાજી અમારા વિવિધ મનોરથો પરિપૂર્ણ કરો. (૭)

યા સેવિતાનિશમશેષજનૈર્વ્રજેશ પાદામ્બુજેતિરતિમાશુ દદાતિ તેભ્યુઃ ।
સંસ્તૂયતે શિવવિરંચમુનીંવર્થ્યૈઃ સા મન્મનોરથશતં યમુના વિધત્તામ્ ॥૮॥

ભાવાર્થ : જે શ્રીયમુનાજી સર્વદા સમસ્ત ભક્તજનો દ્વારા સેવિત છે, અને તે ભક્તજનોને વ્રજપતિના પાદપદ્મમાં જલદીથી અત્યંત પ્રેમનું દાન કરનારાં અને શંકર, બ્રહ્માદિ અને મુનિવરો જેમની સર્વદા સુંદર સ્તુતિ કરે છે એવાં શ્રીયમુના મહારાણીજી, અમારા અનેક મનોરથો પરિપૂર્ણ કરો. (૮)

ઉક્તં મયાઽષ્ટકમિદં તવ સૂરસૂતે યઃ સાદરં ત્વયિ મનઃ પ્રપઠેન્નિધાય ।
તસ્યાચલા વ્રજપતૌ રતિરાવિરાસ્તાં નિત્યં પ્રસીદ ગ્રથિ દેવકિનન્દનેઽપિ ॥૯॥

ભાવાર્થ : હે સૂર્યપુત્રી! મારાથી કથન કરાયેલ આ આપના અષ્ટકને જે ભક્તજનો આપણાં પોતાના મનને સ્થિર કરીને આદર સહિત પાઠ કરશે, તેની વ્રજાધિપતિ શ્રીકૃષ્ણમાં અવિચલ પ્રીતિ થશે, અને હે શ્રીયમુને! ગ્રંથકર્તા હું જે દેવકીનંદન ઉપર સર્વદા કૃપા કરી પ્રસન્ન થાઓ. (૯)



કાશીસ્થ ગો. શ્રીજીવનલાલજી વિરચિતમ્

૪. શ્રીયમુનાષ્ટકમ્

હા હા શ્રી યમુને પ્રાણ હા હા શ્રીપ્રાણવલ્લભે ।
હા હા ભાવરસાવિષ્ટે દેહિ મે નિજદર્શનમ્ ॥૧॥

ભાવાર્થ : (દીનભાવથી) હા હા! વહાલાં શ્રીયમુનાજી! હા હા! પ્રાણથી પણ અતિ પ્યારાં, શ્રીકૃષ્ણના રસભાવમાં તન્મય બનેલાં એવાં શ્રીયમુનાજી! આપનાં દર્શન મને આપો. (૧)

હા હાલકાવાલિમુખિ! હાહાનંગનવાંકુરે ।
હા હા સ્વરૂપમાધુર્યે દેહિ મે નિજદર્શનમ્ ॥૨॥

ભાવાર્થ : હા હા! કેશસમૂહથી સુશોભિત મુખવાળાં! હા હા! અલૌકિક કામના નૂતન અંકુરરૂપા! હા હા! મધુર સ્વરૂપવાળાં હે શ્રીયમુનાજી! આપના દર્શનનું મને દાન કરો. (૨)

હા હાલસ્યાઢ્યનયને હાહાસ્વેદકણાવલિ ।
હા હા મુકુન્દહૃદયે દેહિ મે નિજદર્શનમ્ ॥૩॥

ભાવાર્થ : હા હા! આલસ્યથી ભરેલા નેત્રવાળાં! હા હા! પ્રસ્વેદના બિંદુસમૂહવાળાં! હા હા! મુકુંદ ભગવાનના હૃદયમાં વસનારાં શ્રીયમુનાજી! મને આપનાં દર્શન આપો. (૩)

હા હા સ્મિતમુખામ્ભોજે હા હા સંગીતસાગરે ।
હા હા મનોવિભાવજ્ઞે દેહિ મે નિજદર્શનમ્ ॥૪॥

ભાવાર્થ : હા હા! મંદ હાસ્યયુત વદનકમળવાળાં; હા હા! સંગીતનાં સાગર! હા હા! ભક્તજનોના મનના ભાવોને જાણનારાં શ્રીયમુનાજી! મને આપનું દર્શન આપો. (૪)

હા હા સ્વભક્તનયને હા હા ભ્રૂકુટિચંચલે ।
હા હા વિયોગદુ:ખઘ્નિ દેહિ મે નિજદર્શનમ્ ॥૫॥

ભાવાર્થ : હા હા! સ્વામીભક્તોનાં નયનરૂપા! હા હા! ચંચલ ભ્રૂકુટિવાળા! હા હા! ભગવદ્-વિરહદુઃખને મિટાવનારાં શ્રીયમુનાજી! મને આપનું દર્શનસુખ આપો. (૫)

હા હા સ્વીયમનોહર્ષે, હા હા ભક્તિદયાકરે ।
હા હા ગોપીશ્રીમંજૂષે દેહિ મે નિજદર્શનમ્ ॥૬॥

ભાવાર્થ : હા હા! પોતાના ભક્તોનાં મનને હર્ષિત કરનારાં! હા હા! ભક્તિરૂપ દયાને કરનારાં! હા હા! ગોપીજનોની શોભાની પેટી (સ્થાન)રૂપા હે શ્રીયમુનાજી! આપ મને દર્શન આપો. (૬)

હા હા પ્રાણપ્રિયપ્રાણે હા હા કંદર્પદર્પહન્ ।
હા હા પ્રસન્નવદને દેહિ મે નિજદર્શનમ્ ॥૭॥

ભાવાર્થ : હા હા! પ્રાણનાથ શ્રીકૃષ્ણનાં પ્રાણસમ પ્રિયા! હા હા! કામદેવના ઘમંડને દૂર કરનારાં! હા હા! અતિ આનંદિત મુખકમલવાળાં, એવાં હે શ્રીયમુનાજી! મને આપનું દર્શન આપો. (૭)

હા હા જીવનસર્વસ્વે હા હા રાજીવલોચને ।
હા હા દયાર્દ્રહૃદ્દેશે દેહિ મે નિજદર્શનમ્ ॥૮॥

ભાવાર્થ : હા હા! જીવનના (ગ્રંથકર્તાના) સર્વસ્વરૂપ! હા હા! કમલ સરખાં નેત્રોવાળાં! હા હા! દયાથી આર્દ્ર હૃદયવાળાં! કૃપા કરી આપના દર્શનનું સૌભાગ્ય મને આપો. (૮)

■

ગો. શ્રી જીવનેશજી વિરચિત

૫. શ્રીયમુનાચતુષ્પદી

જયતિ તરણિતનયા સદા કૃષ્ણહૃદયંગમા-
સુરાસુરમનુઅપ્રથિતસ્વભૂમા ।
તરલ-લહરી-લાભ-લુલિત કલિકલિતમતિ
પતિતતતિનિરયસૃદ્ધરણકામા ॥૧॥

ભાવાર્થ : સર્વદા વ્રજકિશોર શ્રીકૃષ્ણ જેમના હૃદયકમલમાં બિરાજે છે એવાં, અથવા શ્રીકૃષ્ણના હૃદયમાં બિરાજનાર (પરસ્પર પ્રીતિવાળાં એવાં), અને સુર-સાત્ત્વિક ભાવવાળા, અસુર-તામસભાવવાળા, મનુજ-રાજસભાવવાળા જીવોમાં પોતાના સુમાહાત્મ્યનું જ્ઞાન કરાવનારાં, અને પોતાના ચંચલ જલના તરંગોનો લાભ પ્રાપ્ત કરી તેમાં લોટતી, કલિયુગના પ્રભાવથી જેમની ક્લેશવાળી મતિ છે, એવી પતિતજનોની પંક્તિને (પતિતોના સમૂહને) નરકમાંથી સારી રીતે ઉદ્ધાર કરવાની ઇચ્છા રાખનારાં, શ્રીસૂર્યસુતા શ્રીયમુનાજી! સર્વદા સર્વોત્કૃષ્ટ રીતે બિરાજે છે. (૧)

કમલ-નિલયા-નિલય કમલનયનાયન
પૃથુ-સુખદ-શુચિ-સરણિ-નીલધામા ।
સુર-ઋષભ-દૃષત્-સમ-ભુવન-નવ-કુંજ-
મકરંદ રસ-પાયિ-મધુપાભિધામા-(રામા) ॥૨॥

ભાવાર્થ : શ્રીલક્ષ્મીજીનું નિવાસસ્થાન કમલ, તેના જેવાં જેમનાં સકલ શોભાયુક્ત વિશાલ નેત્ર છે, એવા પ્રભુનાં સ્થાન (નિત્યલીલાધામ)ની વિશાલ, સુખકારી પવિત્ર કેડીરૂપ શ્યામકાંતિને ધારણ કરનારાં (શ્યામસુખધામ જહાં નામ ઈનકે), દેવતાઓમાં શ્રેષ્ઠ ઇંદ્ર નામા ઇંદ્રનીલમણિ જેવી શ્યામ પ્રભુયુક્ત સ્વચ્છ જલમાં ઉત્પન્ન નૂતન કમલોના મકરંદરસનું પાન કરનારા ભ્રમરોથી અતિ સુંદર દર્શન આપતાં (શ્રીયમુનાજી સર્વોત્કૃષ્ટ રીતે બિરાજે છે). (૨)

કૃત-સલિલ-મજ્જન-મનજ્જન-મનોહૃત-
ભ્રમ-નિચય-ભવ-જલાવર્ત્ત-દામા ।

તટ-નિકટ-વિસ્ફાલનોચ્છલિત-વિમલ જલ
ફેન-કુલ-સિતા-પિ-દ્વિધા-શ્યામા ॥૩॥

ભાવાર્થ : (શ્રીયમુનાજી) પોતાનાં જલમાં સ્નાન કરનાર અને નમન કરનાર ભક્તજનોના મનમાંથી ભ્રમોને હરનારાં, અથવા સંસારભ્રમણને હરનારાં, તથા અત્યંત વમળરૂપ માલાથી સુશોભિત થતાં, અને તીરની પાસે સ્વચ્છ જલના જોરથી ફીણ વડે શ્વેત જણાતાં; છતાં પણ આપ બે પ્રકારે શ્યામ જ બિરાજે છે. (એક તો આ પ્રગટ જલરૂપે અને બીજું, નિત્યલીલામાં આધિદૈવિક સ્વરૂપે બિરાજે છે. (શ્યામસંગશ્યામ હ્વે રહી શ્રીયમુને.) (૩)

કૃષ્ણજીવનવહા ત્વમસિ પ્રતિદિનમતઃ-
પ્રપાબશવર્તિની-ખલુ-સદામા ।
મમ મમેતિ વિચિન્ત્ય મનસિ ઘનશર્મદા-
મામવતુ ભવભયાચ્છૌરિવામા ॥૪॥

ભાવાર્થ : હમેશાં શ્યામ જ જલ વહેવડાવનારાં અથવા શ્રીકૃષ્ણના જીવનરૂપા પ્રાણપ્રિયા આપ છો, માટે આપની અલૌકિક શોભાથી લક્ષ્મીજી સર્વદા લજ્જિત રહે છે. આપ અલૌકિક સુખ આપનારાં છો, ભગવાનનાં પ્રિયા છો, આપ કૃપા કરી પોતાના મનમાં 'આ મારો છે, આ મારો છે.' એમ વિચાર કરીને સંસારભયથી મને બચાવો. (૪)

ઈતિ શ્રીગોકુલોત્સવાત્મજ જીવનેશજી વિરચિતા-યમુનાચતુષ્પદી સમાપ્તા ।



ગો. શ્રી ઈન્દિરાબેટીજી વિરચિત

૬. શ્રીયમુનાષ્ટકમ્

અનંગરંગસાગરસ્ય માધવસ્ય વલ્લભે
નિજાન્તરંગભક્તસંગમાતિરિક્તદુર્લભે ।
સુધાનિકેતને શુભે પ્રભૂતરોચિષાં નિધે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૧॥

હે મન્મથસાગર શ્રીમાધવનાં વલ્લભા, પોતાના અંતરંગ ભક્ત સિવાય સર્વને દુર્લભ, અમૃતનિધિ શુભસ્વરૂપ, પ્રગલ્ભ તેજના ભંડાર શ્રી કાલિન્દીજી! આપ સ્વકીય જન ઉપર કૃપા ક્યારે કરશો? (૧)

સ્વભક્ત મૌલિમણ્ડિતે મતિપ્રબોધપણ્ડિતે
મનીષિભિશ્ચરંજિતે(ઙ)તિમાનમોહખણ્ડિતે ।
તમાલપર્ણ શ્યામલે સુમંગલે યમાનુજે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૨॥

પોતાના ભક્તના મસ્તકને મંડિત કરનાર, બુદ્ધિને જગાડવામાં પરમવિદુષી, બુદ્ધિશાળી લોકોને આનંદ આપનાર, એમના અતિ માન અને મોહનું ખંડન કરનાર, તમાલના પાંદડા જેવાં શ્યામ, સુમંગલ સ્વરૂપા, યમનાં નાનાં બેનડી, હે કાલિન્દીજી! આપ સ્વકીયજન ઉપર કૃપા ક્યારે કરશો? (૨)

વિશાલભાવભાસિતે શુભાનને સુલક્ષણે
પ્રફુલ્લકંજલોચને સ્મિતાસ્યહાસ્યશોભિતે ।
પ્રવાલરાગસં નિભાચ્છવર્ણ બિમ્બકાધરે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૩॥

વિશાળ ભાલથી શોભતા શુભ મુખવાળાં, સુલક્ષણવાળાં, વિકસેલા કમલ જેવા નેત્રવાળાં, સ્મિતસભર મુખ ઉપર હાસ્યથી શોભતા પ્રવાલમણિ જેવા લાલ અને સ્વચ્છ અધરવાળાં હે કાલિન્દીજી! આપ સ્વકીય જન ઉપર કૃપા ક્યારે કરશો? (૩)

સુકર્ણિકાવતંસકે મૃણાલનાલકંકણે
શિરીષપુષ્પમાલિકા-કલાપહારભૂષિતે ।
કદમ્બકુન્દયૂથિકાદિભૂષણૈરલંકૃતે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૪॥

સુંદર કમળના ફૂલને ધારણ કરનાર, મૃણાલની પાતળી દાંડીને કંકણ તરીકે પહેરનાર, શિરીષનાં પુષ્પોની માળાથી વિભૂષિત, (ઉષ્ણકાલમાં) કદમ્બ-મોગરા વગેરે પુષ્પાભરણોથી અલંકૃત હે કાલિન્દીજી! આપ સ્વકીય જન ઉપર કૃપા ક્યારે કરશો? (૪)

કલિન્દમસ્તકે પતત્પ્રપાતપાતફેનિલે
સિતામ્બરાંગવિષ્ટિતેવ નિર્મલે સમુજ્જવલે ।
સુનીલલીનવાલુકાપદાંકરાગપંકિલે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૫॥

કલિન્દ પર્વતના મસ્તક ઉપર પડવાને લીધે ફીણવાળી, જાણે શ્વેતવસ્ત્રો ધારણ કર્યાં હોય તેવી નિર્મળ અને ઉજ્જવળ, પોતાનામાં સમાઈ જાય તેવી શ્યામ રંગની રેતીથી જેમનાં ચરણ ખરડાયાં છે, તેવાં હે કાલિન્દીજી! આપ સ્વકીયજન ઉપર કૃપા ક્યારે કરશો? (૫)

સુરાસુરૈઃ સુપૂજિતે(ઙ)જિતે જગજ્જનાર્ચિતે
સમસ્તશર્મમર્મરૂપ 'પુષ્ટિભક્તિ' ભાવિતે ।
સ્વનામગાનનન્દિતે યશસ્તવેન વન્દિતે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૬॥

સુર અને અસુરથી સારી રીતે પૂજાયેલાં, (બીજા સર્વથી) નહિ જિતાઓ તેવાં, જગતના જનોથી પૂજાયેલાં, સમસ્ત કલ્યાણના સારસ્વરૂપ પુષ્ટિભક્તિથી ભાવિત, પોતાનાં નામ-ગાનથી આનંદિત બનનાર, યશસ્તવ દ્વારા વંદિત શ્રીકાલિન્દીજી! આપ સ્વકીય જન ઉપર કૃપા ક્યારે કરશો? (૬)

પ્રબુદ્ધવેણુગાનતાનનાદરાગમોહિતે
પ્રફુલ્લપદ્મમાલિકાકરામ્બિતે કૃપાયુતે ।
સ્મરશ્રમામ્બુસેવનાર્થમેવ ભૂસમાગતે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૭॥

વેણુના ઊર્ધ્વ ગાન તથા તાનના રાગથી મોહિત, ખીલેલા કમળની માળા હસ્તમાં ધારણ કરનાર, કૃપાયુક્ત, સ્મરશ્રમ-જળના સેવન માટે ભૂતળમાં પધારેલાં હે કાલિન્દીજી! સ્વકીય જન ઉપર આપ કૃપા ક્યારે કરશો? (૭)

નવીનદેહદાયિકે સ્વભાવદોષનાશિકે
મુકુન્દપાદપંકજે સુભક્તિશક્તિવર્ધિકે ।
તરંગભંગલીલયા નિકુંજભાવપોષિકે
કલિન્દજે કૃપાં કદા કરિષ્યસિ સ્વકીયકે ॥૮॥

નવીન દેહ આપનાર, સ્વભાવદોષનો નાશ-કરનાર, મુકુંદ ભગવાનના ચરણકમલસ્વરૂપ, ભક્તિની શક્તિ વધારનાર, તરંગના આવાગમનથી નિકુંજના ભાવોનું પોષણ કરનાર હે કાલિન્દીજી! આપ સ્વકીય જન ઉપર કૃપા ક્યારે કરશો? (૮)

સમસ્તતાપપાપપુંજવૈભવાન્તકારિકે
કૃપાલવેન લીલયા(ઽ)બલાબલપ્રસાધિકે ।
પદામ્બુજદ્વયે(ઽ)ર્પયામિ યામુનાષ્ટકં મુદા
તવાસ્મિ કિંકરી સદા પ્રસીદ સૂર્યસંભવે ॥૯॥

સમગ્ર તાપ અને પાપના પુંજનો નાશ કરનાર, પોતાની કૃપાના એક બિન્દુ દ્વારા અબળાના (ઈન્દિરાના) બળને વધારનાર હે કાલિન્દીજી! આપના ઉભય ચરણકમલમાં આનંદથી આ યમુનાષ્ટક સમર્પિત કરું છું. હું આપની દાસી છું; હે સૂર્યપુત્રી! (મારી ઉપર) પ્રસન્ન થાઓ. (૯)

■

પંડિત શ્રીગદાધરવિરચિત

૭. શ્રીયમુનાદ્વાદશપદી

જયતિ યમુનાભિધા જયતિ જગદમ્બા, પુષ્પ પયસાનુખંડિત-કલિકદમ્બા ॥૧॥
સુભગ-નવજલજ-જલપૂરા, નિખિલ-કલિકલુષૌઘ-નિદલનશૂરા ॥૨॥
ધર્મ-ધન-કામાદિ-કામિતવિધાયિની, તીરભુવિ તનુમુચે પરમપદદાયિની ॥૩॥
કલ્પતરુ-નિકર-સંકલિતમણિકૂલા, સ્વચ્છસૈકત-નિરાકૃતમૂલતૂલા ॥૪॥
સ્નાનકૃન્નિજ-સહજમલ-તિરસ્કારિણી, પાનકારિણી મનઃશુદ્ધિવિસ્તારિણી ॥૫॥
સુકૃતિ-કૃતિ-સુકૃતિચય-સંચયવિવર્ધિની કૃષ્ણચરણામ્બુજે રતિરસસમર્ધિની ॥૬॥
કમલકુલ-લોચના મધુપરુચિકજ્જલા, હાસનિભ-હંસગણ-સંત-સમુજ્જવલા ॥૭॥
તટનિકટ-ફલ્લવન-ચિત્રપટધારિણી, કોકરવ-બાગમલફેનધર-હારિણી ॥૮॥
વિશદવૃન્દાવન-પરાગભર-રંજિતા, બહુવિરહહારિણી લતાભરણસિંજિતા ॥૯॥
ભૃંગભૃકુટીભંગ-સૂચિતાનુગ્રહા, પરમવત્સલતયા સર્વજનસુગ્રહા ॥૧૦॥
સારસનિનાદનિભ-સરસનિનાદિની, સુખદ-શીકર-ભર-સ્મરજનાહ્લાદિની ॥૧૧॥
સમાબ્ધિભેદિની સત્પથસમુદ્ભવા, હરિચરણરત-ગદાધર-વિરચિતસ્તવા ॥૧૨॥

ઇતિ શ્રીગદાધરપંડિતવિરચિતા શ્રીયમુનાદ્વાદશપદી સમાપ્તા ।

■

કવિરત્નભટ્ટશ્રીગિરિધારિશર્મપ્રણીતા

૮. શ્રીયમુનાવિંશતિ :

પીયૂષગર્વ-પરિહારિ શિવ-પ્રસારિ, સંસારિલોક-કૃતપાતક-પાતકારિ ।
ઉદ્‌ભિન્ન નીલનલિનાવલિ-કાન્તિભારિ, ભાસ્વદ્‌ભુવો ભવતુ વારિ વિભૂતયે નઃ ॥૧॥
સર્વસ્વમૌપનિષદં, તદકિંચનાનામાપદ્ધનં, ત્રિજગતાં સુકૃતં સમૂર્તિ, ।
માહાત્મ્યમુજ્જવલતમં વ્રજવલ્લભસ્ય, ભાસ્વદ્‌ભુવો જયતિ મંગલમૂલમંભઃ ॥૨॥
વૃંદાવનાવનિસુધાનિધિ-નિત્ય સિદ્ધિલીલૈકસાક્ષિ મુનિચિંતિત-સિદ્ધિબીજમ્ ।
નક્તંદિવં ભવમહામયમૂર્ચ્છિતાનાં સંજીવનં જયતિ યામુનજીવનં તત્ ॥૩॥
યદ્ દૃષ્ટમાત્રમપિ દેહભૃતામજસ્રમ્ ઉજ્જાસયત્યખિલદુષ્કલિકલ્મષાણિ ।
તન્નિત્યસિદ્ધ-હરિકેલિ-વિલોકનૈકસિદ્ધાંજનં જયતિ કિંચન યામુનામ્ભઃ ॥૪॥
વન્દે કલિન્દજનુષસ્તદશેષ-વિઘ્નવીચિવ્યપાસન સમર્થમજસ્રમમ્ભઃ ।
સદ્યો નિવર્હયતિ નિર્જરરાજ-રત્નસૌન્દર્યહાર્યપિ યદાન્તરનીલિમાનમ્ ॥૫॥
તાપાનપાસયતિ શૂલમપાકરોતિ, હૃત્સ્થં કિયપ્યભિનવં બલમાદધાતિ ।
નેત્રાન્ધ્યમન્તયતિ યત્તદિદં ભવાર્તિદિવ્યોષધં જયતિ વારિજબન્ધુજામ્ભઃ ॥૬॥
યસ્મિન્ મનાગપિ નિમજ્જનતો જનાનાં નવ્યા ભવન્તિ તનવસ્તદિહાર્કજાયાઃ ।
શ્રેયાંસિ કલ્પયતુ કિંચન ચિત્રસૃષ્ટિનિર્માણકેલિ-કુશલં વિમલં જલં નઃ ॥૭॥
તદ્‌ભક્તસન્તતિ મનીષિત-પૂરણૈકચિન્તામણિર્ભુવનમંગલભૂતિહેતુઃ ।
ઉત્તાલ-કાલભટ-ચંડિમખણ્ડનૈકપારંગમાં વિજયતે મિહિરોદ્‌ભવામ્ભઃ ॥૮॥
કિંચિત્પ્રપંચયતુ નઃ કુશલં જલં તદ્, દેવ્યા વિભાકરભુવો ભવભીતિહારિ ।
યત્સેવનાદહરહઃ પરમસ્ય પુંસો પાદારવિન્દ-પદવી ન દવીયસી સ્યાત્ ॥૯॥
સંસાર-દુર્દમદવાનલ-દગ્ધજીવ-જીવાતવે ભગવતઃ પુરુષોત્તમસ્ય ।
હૃત્કોષનિર્ગતમિદં યમુનાભિધાનમાનન્દરૂપમમૃતં સતતં શ્રયામઃ ॥૧૦॥
શ્રીમન્મુકુન્દપરિચાયનસુપ્રવીણા સા વેણિકા જયતિ વારિજબન્ધુજાયાઃ ।
નિશ્શેષલોકવલયેઽપિ યદીયસંગાદ્ ગંગા સુગૌરવનિધિત્વમુપાસસાદ ॥૧૧॥

કલ્યાણિની જયતિ નીરદપુંજમંજુર્દૈયા દિવાકરભુવો જલવેણિકા સા ।
યા ભાતિ ભક્તકૃત્દુગ્ધમહાભિષેકૈરસ્થાનસંતસુપર્વતરંગિણીવ ॥૧૨॥
સા દેવતા કમલબાન્ધવસમ્ભવા નો નિઃશ્રેયસં સપદિ શાશ્વતિકં તનોતુ ।
મન્યે સમાહ્‌વયતિ યા દુરિતાવલીઢાન્ રોધોવનાનિલવિચાલિતવીચિહસ્તૈઃ ॥૧૩॥
યા નીલનીરરુહસંચયબન્ધુરાપિ દુષ્કાલકલ્મષમષીમનિશં પ્રમાર્ષ્ટિ ।
શ્રીમત્કલિન્દ-ગિરિશેખર-પાતિ-નીલાસારા નિશાતયતુ પાતકજાતકં નઃ ॥૧૪॥
તે કલ્પયન્તુ કુશલં નવનીલકંઠકંઠોપના રવિભુવો વિતતાસ્તરંગાઃ ।
યે સંગમાદ્રવિરુચાં બહુરંગભાં પૌરન્દરસ્ય ધનુષઃ શ્રિયમુદ્વહન્તિ ॥૧૫॥
લોકાવલી-જયજયધ્વનિસંવિમિશ્ર-ઘંટાટણત્કૃતિવિપૂરિત-લોકકોષમ્ ।
દૈનંદિનં વિજયતે કુસુમાંચિતં તન્નનીરાજનોત્સવવિધાનકમર્કસૂતેઃ ॥૧૬॥
તેષાં ન દુર્દમતમા અપિ દેશકાલસમ્ભૂતદોષનિચયા નિકટીભવન્તિ ।
સદ્‌ભાવતો ભગવતો દયિતા ચતુર્થી દેવી દિવાકરભવા શરણીકૃતા યૈઃ ॥૧૭॥
નિષ્કિંચના અપિ જના યદુપાન્તકુંજપુંજેષુ કિંચન સુદુર્લભમાપ્ય વસ્તુ ।
કાલં સુદુર્જયમપિ સ્વવશે વિધાય સામ્રાજ્યમૈન્દ્રમપિ નાત્મદશા સ્પૃશન્તિ ॥૧૮॥
યત્નેન કેચન જના વિવિધાગમાલિ-નિર્દિષ્ટસાધનશત-પ્રવણા ભવન્તુ ।
નિઃસાધના નનુ વયં તુ સમગ્રસિદ્ધિબીજં વિભાકરભુવં શરણં શ્રયામઃ ॥૧૯॥
તત્પુણ્યચિન્તનવિધૌ મનસે ચિરાવકાશં દિશન્તિ સુરપત્તનવાસિનોઽપિ ।
યે યામુને પરિસરે વિહિતાવિધિવાસા ગોવિન્દદિવ્યચરિતાનિ ગૃણન્તિ સન્તઃ ॥૨૦॥
આવેદિતોઽલવરપત્તનવાસશાલિભટ્ટાન્વયે જનિજુષા કવિકિંકરેણ ।
સૌરભ્યમાવહતુ કિંચને હૃદ્યપદ્યપુષ્પાંજલિશ્ચરણયોસ્તરણેઃ સુતાયાઃ ॥૨૧॥
ઇતિ શ્રીકવિકિંકરોપાહ્વ ભટ્ટ શ્રી ગિરિધારિશર્મપ્રણીતા શ્રીયમુનાવિંશતિઃ સમાપ્તા ।

સૌભરિમુનિકૃત

૯. યમુનાસ્તવ

માંધાતોવાચ

યમુનાયાઃ સ્તવં દિવ્યં સર્વસિદ્ધિકરં પરમ્; ।
સૌભરે મુનિશાર્દૂલ વદ માં કૃપયા ત્વરમ્. ॥૧॥

અર્થ : હે મુનિશાર્દૂલ સૌભરિ, સર્વ સિદ્ધિઓ આપનાર, પરમ અને દિવ્ય એવું યમુનાજીનું સ્તવન કૃપા કરીને મને જલદી સંભળાવો.

શ્રીસૌભરિરુવાચ

માર્તંડકન્યકાયાસ્તુ સ્તવં શૃણુ મહામતે ।
સર્વ સિદ્ધિકરં ભૂમૌ ચાતુર્વર્ગ્યફલપ્રદમ્ ॥૨॥

અર્થ : હે મહામતિ, પૃથ્વી પર સર્વસિદ્ધિદાયક તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય ફળ આપનાર એવું સૂર્યકન્યાનું સ્તવન સાંભળો.

કૃષ્ણવામાંસભૂતાયૈ કૃષ્ણાયૈ સતતં નમઃ ।
નમઃ શ્રીકૃષ્ણરૂપિણ્યૈ કૃષ્ણે તુભ્યં નમોનમઃ ॥૩॥

અર્થ : ભગવાન શ્રીકૃષ્ણના ડાબા અંગ બાજુ રહેલાં; શ્યામલ, શ્રીકૃષ્ણ સ્વરૂપ એવાં હે કૃષ્ણે, તમને વારંવાર નમસ્કાર.

યઃ પાપપંકાબુકલંકકુત્સિતઃ કામી કુધીઃ સત્સુ કલિં કરોતિ ।
વૃંદાવનં ધામ દદાતિ તસ્મૈ નદન્મિલિન્દાદિ કલિન્દનંદિની ॥૪॥

અર્થ : જેઓ પાપના ગંદા પાણી અન કલંકથી ખરડાયેલા હોય; કામી, દુર્બુદ્ધિ હોય અને સજ્જનોનું અનિષ્ટ કરતા હોય એમને કલિન્દપુત્રી મિલિન્દ આદિથી ગર્જના કરીને વૃંદાવન ધામ અર્પણ કરે છે.

કૃષ્ણે સાક્ષાત્કૃષ્ણરૂપા ત્વમેવ વેગાવર્તે વર્તતે મત્સ્યરૂપી ।
ઊર્માવૂર્મૌ કૂર્મરૂપી સદા તે બિંદૌ બિંદૌ ભાતિ ગોવિન્દદેવઃ ॥૫॥

અર્થ : હે કૃષ્ણે, તમે સાક્ષાત્ શ્રીકૃષ્ણરૂપ છો, વહેણ અને વમળોમાં મત્સ્યરૂપ છો, મોજાંમાં કાચબારૂપે છો અને તમારા બિંદુએ બિંદુમાં શ્રીગોવિન્દદેવ પ્રકાશે છે.

વંદે લીલાવતીં ત્વાં સઘનઘનનિભાં કૃષ્ણવામાંસભૂતાં
વેગં વૈ વૈરજાખ્યં સકલજલચયં ખંડયંતીં બલાત્ સ્વાત્ ।
છિત્ત્વા બ્રહ્માંડમારાત્સુરનગરનગાનાંડશૈલાદિદુર્ગાન્
ભિત્ત્વા ભૂખંડમધ્યે તટિનિધૃતવતીમૂર્તિમાલાં પ્રયાંતીમ્ ॥૬॥

અર્થ : અનેક લીલાઓ કરનારી, ઘનઘોર વાદળ જેવી ચમકતી, ભગવાન શ્રીકૃષ્ણની ડાબી બાજુ રહેલી, અત્યન્ત વેગવતી, પોતાના બળથી સમગ્ર જળસમૂહને ભેદતી, બ્રહ્માંડને ભેદીને સ્વર્ગ તથા પર્વતને પણ ભેદીને પૃથ્વી મધ્યે કિનારાઓ ધારણ કરનારી તથા મોજાંઓની માળાઓ ધારણ કરતાં અને આગળ વધતાં હે યમુનાજી, તમને હું વંદન કરું છું. (૬)

દિવ્યંકૌ નામધેયં શ્રુતમથ યમુને દંડત્યદ્રિતુલ્યં.
પાપવ્યૂહં ત્વખંડં વસતુ મમ ગિરામંડલે તુ ક્ષણં તત્ ।
દંડ્યાશ્ચાકાર્યદંડ્યાન્સકૃદપિ વચસા ખંડિતં યદ્ ગૃહીતં
ભ્રાતૃર્માર્તંડસૂનો રટતિ પુરિ દૃઢસ્તે પ્રચંડેતિ દંડઃ ॥૭॥

અર્થ : હે યમુનાજી, તમારું દિવ્ય નામ સંભળાય છે. આ નામ પર્વતતુલ્ય પાપના સમૂહનો નાશ કરે છે. આ નામ ક્ષણવારમાં જ મારી વાણીમાં અખંડ વાસ કરો. જેઓ કાર્યમાં દંડ કરવા લાયક છે, તેઓ એક વાર પણ ખંડિત ઉચ્ચારમાંય તમારું નામ બોલે અને તમારા ભાઈ યમરાજાએ એને પકડ્યો હોય; તો પણ હે સૂર્યપુત્રી! તે પાપી તમારા નગરનું રટણ કરે છે. હે પ્રચંડે, આમ તમારો દંડ (યમરાજ માટે પણ) અતિદંડ છે.

રજ્જુર્વા વિષાયાંધકૂપતરણે પાપાખુદર્વી કરી-
વેણ્યુષ્ણિક્ ચ વિરાજમૂર્તિ શિરસો માલાસ્તિ વા સુંદરી ।
ધન્યં ભાગ્યમતઃ પરં ભુવિ નૃણાં યત્રાદિકૃદ્વલ્લભા
ગોલોકેપ્યતિ દુર્લભાતિસુભગા ભાત્યદ્વિતીયા નદી ॥૮॥

અર્થ : વિષયથી અંધ બનેલા જીવ માટે કૂવામાંથી બચવા માટે રજ્જુ સમાન, પાપરૂપી ઉંદર માટે ખાડારૂપ, શિર પર માળાઓની વેણીથી શોભતા કેશથી ચમકતા સ્વરૂપવાળી, પરમાત્માનાં પ્રિયા શ્રીયમુનાજી ગોલોકમાં પણ અતિદુર્લભ છે. અને જાણે અન્ય સરિતા હોય એવાં ભાસે છે તે પૃથ્વી પરના મનુષ્યોનું પરમ ભાગ્ય છે. (૮)

ગોપી ગોકુલગોપકેલિકલિતે કાલિન્દિં કૃષ્ણપ્રભે
ત્વત્કૂલે જલલોલગોલવિચલત્કલ્લોલકોલાહલઃ ।

ત્વત્કાંતારકુતૂહલાલિકુલકૂજ્ઝંકારકેકાકુલઃ
કૂજત્કોકિલસંકુલો વ્રજલતાલંકારભૃત્પાતુ મામ્ ॥૯॥

અર્થ : હે કાલિન્દી, હે શ્યામ પ્રકાશમય; ગોપીઓ, ગાયોનાં ધણ અને ગોપકુમારોના સ્મરણથી ધન્ય બનેલી, તમારા કિનારા પર આનંદનો જે કોલાહલ થાય છે; એનાથી જલમાં વર્તુળાકાર તરંગો ઉત્પન્ન થાય છે. તમારા કિનારા પરનાં અરણ્યો રસિયાઓના ઝંકાર અને અવાજોથી ગાજે છે, તથા ત્યાં કોયલોના સમૂહો કૂજન કરે છે. તમે વ્રજની લતાઓના અલંકાર ધારણ કરો છો. તમે મારું રક્ષણ કરો. (૯)

ભવંતિ જિહ્વાસ્તનુ રોમતુલ્યા ગિરો યદા ભૂસિકતા ઈવાશુ ।
તદપ્યલં યાતિ ન તે ગુણાન્તસંતો મહાંતઃ કિલ શેષતુલ્યાઃ ॥૧૦॥

અર્થ : શરીર પર જેટલા વાળ હોય એટલી જો જીભો થાય, પૃથ્વી પરના રેતીના કણો જેટલા શબ્દો થાય અને શેષ ભગવાન સમાન મહાન સંતો તમારી સ્તુતિ કરે, તોપણ તમારા ગુણોનો પાર આવે તેમ નથી. (૧૦)

કલિન્દગિરિનંદિનિસ્તવ ઉષસ્યયં વા પરઃ
શ્રુતશ્ચ યદિ પાઠિતો ભુવિ તનોતિ સન્મંગલમ્; ।
જનોડપિ યદિ ધારયેત્કિલ પઠેચ્ચ યો નિત્યશઃ
સ યાતિ પરમં પદં નિજનિકુંજલીલાવૃતમ્ ॥૧૧॥

અર્થ : હે કલિન્દગિરિની પુત્રી, તમારા આ સ્તવનને જે કોઈ પોતે સવારે અથવા સાંજે સાંભળે અથવા તેનો પાઠ કરે, તો પૃથ્વી પર તેનું અત્યન્ત મંગલ થાય છે. વળી જો કોઈ મનુષ્ય એને ધારણ કરે અથવા નિત્ય એનો પાઠ કરે, તો તે તમારા નિકુંજની લીલાથી ઘેરાયેલા પરમ પદને પ્રાપ્ત કરે. (૧૧)

ઈતિ શ્રીસૌભરિમાંધાતૃસંવાદે શ્રીયમુનાસ્તોત્રં સંપૂર્ણમ્ ।

આમ, સૌભરિ અને માંધાતાના સંવાદમાં શ્રીયમુનાસ્તોત્ર પૂરું થયું.

■

શ્રીમત્ શંકરાચાર્યવિરચિતં

૧૦. યમુનાષ્ટક (૧)

મુરારિકાયકાલિમાલલામવારિધારિણી
તૃણીકૃતત્રિવિષ્ટપા ત્રિલોકશોકહારિણી ।
મનોઽનુકૂલકૂલકુંજપુંજધૂતદુર્મદા
ધુનોતુ મે મનોમલં કલિન્દનંદિની સદા ॥૧॥

અર્થ : ભગવાન શ્રીકૃષ્ણના શરીર જેવું શ્યામસુંદર જલ ધારણ કરનારી, સ્વર્ગને તૃણ સમાન બનાવી દેનારી, ત્રણેય લોકના શોકનો નાશ કરનારી, મનને અનુકૂલ એવા કિનારા પરના કુંજોના સમૂહથી અનિષ્ટકારક અહંકારને ધોઈ નાંખનારી એવી કલિન્દ પર્વતની પુત્રી મારા મનની મલિનતાને સદાય દૂર કરો. (૧)

મલાપહારિવારિપૂરભૂરિમંડિતામૃતા
ભૃશં પ્રપાતકપ્રપંચનાતિપંડિતાનિશમ્ ।
સુનંદનંદિનાંગસંગરાગરંજિતા હિતા
ધુનોતુ મે મનોમલં કલિન્દનંદિની સદા ॥૨॥

અર્થ : અનિષ્ટ અને પાપરૂપી મલિનતાનો નાશ કરનાર વિપુલ જલને લીધે અત્યન્ત શોભાયમાન અને અમૃતતુલ્ય, ભયંકર પાપોનો નાશ કરવામાં અત્યન્ત દક્ષ, ભગવાન શ્રીકૃષ્ણનાં શરીરનાં અંગો પરનાં સૌન્દર્યવર્ધક વિલેપનોથી રંગીન બનેલી, હિતકારક એવી કલિન્દ પર્વતની પુત્રી મારા મનની મલિનતાને સદાય દૂર કરો. (૨)

લસત્તરંગસંગધૂતભૂતજાતપાતકા
નવીનમાધુરીધુરીણભક્તિજાતચાતકા ।
તટાન્તવાસદાસહંસસંસૃતા હિ કામદા
ધુનોતુ મે મનોમલં કલિન્દનંદિની સદા ॥૩॥

અર્થ : ચમકતા તરંગોના સંગથી ભૂતમાત્રનાં થયેલાં પાપોનો નાશ કરનાર, નવીન માધુર્યની લગામ ધારણ કરી, ભક્તિ માટે ચાતકોને દોરી જતી, કિનારા

પર વસતા દાસરૂપી હંસો વડે વિશાળ લાગતી તથા મનોવાંછનાઓ પૂરી કરનારી એવી કલિન્દ પર્વતની પુત્રી મારા મનની મલિનતાને સદાય દૂર કરો. (૩)

વિહારરાસખેદભેદ-ધીરતીરમારુતા
ગતા ગિરામગોચરે યદીયનીરચારુતા ।
પ્રવાહસાહચર્ય પૂતમેદિનીનદીનદા
ધુનોતુ મે મનોમલં કલિન્દનંદિની સદા ॥૪॥

અર્થ : (ભગવાન શ્રીકૃષ્ણ અને ગોપગોપીઓના) વિહારના અને રાસના થાકને દૂર કરનારો એવો મંદ સમીર પોતાના કિનારા પર ધરાવનારી, જેનાં જલનું સૌન્દર્ય વાણીથી પણ પર બનેલ છે એવી, પોતાના પ્રવાહની સાથે સંપર્કમાં આવેલી પૃથ્વી, નદીઓ અને વિશાળ નદીઓને પવિત્ર કરનારી કલિન્દ પર્વતની પુત્રી મારા મનની મલિનતાને સદાય દૂર કરો. (૪)

તરંગસંગસૈકતાન્તરાન્તિતં સદાસિદા
શરન્નિશાકરાંશુમમંજરી સભાજિતા ।
ભવાર્ચ નાપ્રચારુણાંબુનાધુનાનિશારદા
ધુનોતુ મે મનોમલં કલિન્દનંદિની સદા ॥૫॥

અર્થ : તરંગોના સંપર્કને લીધે અંદરના ભાગમાં રેતીને એકઠી કરતી, સદાય શ્યામસુંદર, શરદ ઋતુના ચન્દ્રનાં કિરણોરૂપી મનોહર, મંજરીના સમૂહને જીતી લેનાર, ભગવાન શંકરની પૂજા કરવા માટે હવે મનોહર જલને લીધે કાર્યસાધક એવી કલિન્દ પર્વતની પુત્રી મારા મનની મલિનતાતે સદાય દૂર કરો. (૫)

જલાન્તકેલિકારિચારુરાધિકાંગરાગિણી
સ્વભર્તુરન્યદુર્લભાંગસંગતાંશભાગિની ।
સ્વદત્તસુપ્તસપ્તસિન્દુભેદનાન્તિ કોવિદા
ધુનોતુ મે મનોમલં કલિન્દનંદિની સદા ॥૬॥

અર્થ : પોતાના જલમાં ક્રીડા કરનાર મનોહર રાધિકાના અંગનાં સૌન્દર્યવર્ધક વિલેપનોને કારણે રંગીન બનેલી, પોતાના સ્વામી સિવાય અન્યને દુર્લભ એવો અલ્પ સંપર્ક સાધનારી, પોતે આપેલ સુપ્ત એવા સપ્તસિન્ધુના જીવનરૂપ, એવી કલિન્દ પર્વતની પુત્રી મારા મનની મલિનતાને સદાય દૂર કરો ॥૬॥

જલચ્યુતાચ્યુતાંગરાગલંપટાલિશાલિની
• વિલોલરાધિકાકચાન્તચંપકાલિમાલિની ।

સદાવગાહનાવતીર્ણભર્તૃ ભૃત્યનારદા
ધુનોતુ મે મનોમલં કલિન્દનંદિની સદા ॥૭॥

અર્થ : ભગવાન શ્રીકૃષ્ણના અંગ પરનાં વિલેપન પાણીમાં મિશ્ર થવાથી વીંટળાયેલા ભમરાવાળી, રાધિકાજીના ફરફરતા કેશને છેડે આવેલાં ચંપક પુષ્પોને કારણે ભમરાઓરૂપી માલા ધારણ કરનારી, પોતાના સ્વામીના સેવક નારદ તેમાં સદા સ્નાન કરતા હોવાથી તેમનો ઉદ્ધાર કરનારી, એવી કલિન્દ પર્વતની પુત્રી મારા મનની મલિનતાને સદાય દૂર કરો. (૭)

સદૈવ નંદનંદકેલિશાલિકુંજમંજુલા
તટોત્થફુલ્લમલ્લિકાકદંબરેણુસૂજ્જવલા ।
જલાવગાહિનાં નૃણાં ભવાબ્ધિસિન્ધુપારદા
ધુનોતુ મે મનોમલં કલિન્દનંદિની સદા ॥૮॥

અર્થ : સદાય નંદજીને આનંદ આપનાર ભગવાન શ્રીકૃષ્ણની ક્રીડાઓને કારણે મનોહર કુંજો ધરાવતી, કિનારા પર રહેલ અને વિકસેલ મલ્લિક અને કદંબના પરાગને લીધે અત્યન્ત ઉજ્જવલ જણાતી, પોતાના જલમાં સ્નાન કરનારા માનવીઓને ભવસાગરમાં પાર કરતી, એવી કલિન્દ પર્વતની પુત્રી મારા મનની મલિનતાને સદાય દૂર કરો. (૮)

ઈતિ શ્રીમત્ શંકરાચાર્યવિરચિતં શ્રીયમુનાષ્ટકં સંપૂર્ણમ્ ।



શ્રીમત્ શંકરાચાર્ય વિરચિત

૧૧. યમુનાષ્ટક (૨)

કૃપાપારાવારાં તપનતનયાં તાપશમની
મુરારિપ્રેયસ્કાં ભવભયદવાં ભક્તવરદામ્ ।
વિયજ્જાલાન્મુક્તાં શ્રિયમપિ સુખાપ્તેઃ પ્રતિદિનં
સદા ધીરો નૂનં ભજતિ યમુનાં નિત્યફલદાં ॥૧॥

અર્થ : કૃપાના સાગરરૂપ, ભગવાન સૂર્યની પુત્રી, (ત્રિવિધ) તાપનું શમન કરનારી, ભગવાન શ્રીકૃષ્ણની પ્રિયતમા, સંસારના ભયને માટે અગ્નિ સમાન, ભક્તોને વરદાન આપનારી, અંકુશોના સમૂહથી મુક્ત, સુખની પ્રાપ્તિ માટે દરરોજ લક્ષ્મી તથા નિત્ય ફળ આપનાર યમુનાને, ખરેખર સદાય ધીર પુરુષો ભજે છે. (૧)

મધુવનચારિણિ ભાસ્કરવાહિનિ જાહ્નવીસંગિનિ સિન્ધુસુતે
મધુરિપુભૂષિણિ માધવતોષિણિ ગોકુલભીતિવિનાશકૃતે ।
જગદઘમોચનિ માનસદાયિની કેશવકેલિનિદાનગતે
જય યમુને જય ભીતિનિવારિણિ સંકટનાશિનિ પાવય મામ્ ॥૨॥

અર્થ : હે મધુવનમાં ફરનારી, ભગવાન સૂર્યમાંથી વહેતી, ગંગાજીની સંગિની, સિન્ધુપુત્રી, ભગવાન શ્રીકૃષ્ણની આભૂષણરૂપ, ભગવાન શ્રીકૃષ્ણને સંતોષ આપનારી, ગોકુલની ભીતિનો વિનાશ કરનારી, જગતને પાપમાંથી મુક્ત કરનારી, મનોવાંછિત ફલ આપનારી, શ્રીકેશવની ક્રીડાના નિદાનરૂપી એવી હે યમુને, તું ભીતિનું નિવારણ કરે છે, તારો જય થાવ, જય થાવ. હે સંકટનો નાશ કરનારી, મને પવિત્ર કર. (૨)

અયિ મધુરે મધુમોદવિલાસિનિ શૈલવિહારિણિ વેગભરે
પરિજનપાલિનિ દુષ્ટનિષૂદિનિ વાંછિતકામવિલાસધરે ।

વ્રજપુર વાસિજનાર્જિતપાતકહારિણિ વિશ્વજનોદ્ધરિકે
જય યમુને જય ભીતિનિવારિણિ સંકટનાશિનિ પાવય મામ્ ॥૩॥

અર્થ : હે મધુર, મધુર આનંદ કરાવનાર વિલાસિની, પર્વતમાં વિહાર કરનાર, વેગવાળી, પાસે વસનારાઓનું પાલન કરનારી, દુષ્ટોનો નાશ કરનારી, મનોવાંછિત કામવિલાસ ધારણ કરનારી, વ્રજનગરમાં રહેનારાઓને થયેલ પાપનો નાશ કરનારા, વિશ્વના માનવીઓનો ઉદ્ધાર કરનાર, તારો જય થાવ, જય થાવ. હે સંકટોનો નાશ કરનારી, તું મને પવિત્ર કર. (૩)

અતિવિપદં બુધિમગ્નજનં ભવતાપ શતાકુલમાનસકમ્
ગતિમતિહીનમશેષભયાકુલમાગતપાદસરોજયુગમ્ ।
ઋણ ભયભીતિમનિષ્કૃતિપાતકકોટિશતાયુંતપુંજતરં
જય યમુને જય ભીતિનિવારિણિ સંકટનાશિનિ પાવય મામ્ ॥૪॥

અર્થ : ભારે વિપત્તિના સાગરમાં ડૂબેલા માનવીને, સંસારનાં સેંકડો દુ:ખોથી વ્યાકુળ બનેલા માનસવાળાને, ગતિ અને મતિ વગરના માનવીને સંપૂર્ણ રીતે ભયના સમૂહમાંથી મુક્ત કરનારી, ઋણના ભયની ભીતિ તથા કરોડની સંખ્યામાં પાતકને દૂર કરનાર એવાં ચરણકમળ ધરાવતી હે યમુને, તારો જય થાવ, જય થાવ. હે સંકટનો નાશ કરનારી, તું મને પવિત્ર કર. (૪)

નવજલદદ્યુતિકોટિલસત્તનુહેમમયાભર રંજિતકે
તડિદવહેલિપદાંચલચંચલશોભિતપીતસુચૈલધરે ।
મણિમયભૂષણચિત્રપટાસનરંજિતગંજિતભાનુકરે
જય યમુને જય ભીતિનિવારિણી સંકટનાશિનિ પાવય મામ્ ॥૫॥

અર્થ : નવા કરોડ વાદળાંના પ્રકાશ જેમ ચમકતાં, સુવર્ણમય આભૂષણોથી રંગીન જણાતાં, વીજળીનો ઉપહાસ કરનાર તથા પગ સુધી પહોંચેલ હોય એવા ફરકતા તથા સુશોભિત રેશમી વસ્ત્રને ધારણ કરનાર, મણિમય ભૂષણો અને ચિત્રોથી અંકિત રંગીન આસન પર બેસવાને લીધે સૂર્યકિરણોની અવગણના કરનાર હે યમુનાજી, તારો જય થાવ, જય થાવ. હે સંકટોનો નાશ કરનારી, તું મને પણ પવિત્ર કર. (૫)

શુભ પુલિને મધુમત્તયદૂદ્ભવરાસમહોત્સવકેલિભરે
ઉચ્ચકુલાચલરાજિતમૌક્તિ કહારમયાભરરોદસિકે ।

નવમણિ કોટિક ભાસ્કરકંચુકિશોભિતતારકહારયુતે
જય યમુને જય ભીતિનિવારિણિ સંકટનાશિનિ પાવય મામ્ ॥૬॥

અર્થ : હે શુભ કિનારાવાળી, મધુમત્ત એવા યદુકુળમાં જન્મેલા ભગવાન શ્રીકૃષ્ણના રાસમહોત્સવની ક્રીડાવાળા, ઊંચા કુલપર્વત પર શોભતી મોતીની માલાઓ સાથે ઉદય પામનારી, નવીન મણિઓને લીધે કરોડો સૂર્ય જેવા શોભતા તારારૂપી હારવાળી હે યમુને, તારો જય થાવ, જય થાવ. હે સંકટનો નાશ કરનારી, તું મને પવિત્ર કર. (૬)

કવિવરમૌક્તિકનાસિકભૂષણવાતચમત્કૃતચંચલકે
મુખકમલામલસૌરભચંચલમત્તામધુવ્રત લોચનિકે ।
મણિગણકુંડલલોલપરિસ્ફુરદાકુલગંડયુગામલકે
જય યમુને જય ભીતિનિવારિણિ સંકટનાશિનિ પાવય મામ્ ॥૭॥

અર્થ : સર્વોત્તમ હાથીઓના ગંડસ્થળ પર નીપજેલાં મોતીઓ નાકના આભૂષણમાં હોવાથી એ મોતી હવાની માફક ચમકતાં અને ચંચલ છે. મુખકમલની શુદ્ધ સુગંધ જેવાં ચંચલ અને મત્ત મધુવ્રતને કારણ (લાલ) લોચનવાળી, અનેક મણિ ધરાવતા અને હાલતા કુંડલને લીધે બંનેય ગાલ ચમકાવતી હે યમુને, તારો જય થાવ, જય થાવ. હે સંકટનો નાશ કરનારી, તું મને પવિત્ર કર. (૭)

કલરવનૂપુરહેમમયાચિતપાદસરોરુહસારુણિકે
ધિમિધિમિધિમિધિમિતાલવિનોદિત-માનસમંજુલપાદગતે ।
તવ પદપંકજમાશ્રિતમાનવચિત્તાસદાખિલતાપહરે
જય યમુને જય ભીતિનિવારિણિ સંકટનાશિનિ પાવય મામ્ ॥૮॥

અર્થ : સુવર્ણના નૂપુરનો ઝણકાર કરતા લાલ ચરણકમલવાળી, ધિમિ ધિમિ ધિમિ ધિમિ એવા તાલથી વિનોદ પામતા મન અનુસાર મનોહર રીતે ચરણની ગતિ ધરાવનારી, તારા ચરણકમલનો આશ્રય લેનાર માનવના ચિત્તનાં તમામ દુ:ખોને સદાય હરનારી હે યમુને, તારો જય થાવ, જય થાવ. હે સંકટનો નાશ કરનારી, તું મને પવિત્ર કર. (૮)

ભવોત્તાપાંભોધૌનિપતિતજનો દુર્ગતિયુતો
યદિ સ્તૌતિ પ્રાતઃ પ્રતિદિનમનન્યાશ્રયતયા ।

હયાહ્રેષઃ કામં કરકુસુમપુંજૈરવિરતં
સદા ભોક્તા ભોગાન્મરણસમયે યાતિ હરિતામ્ ॥૯॥

અર્થ : સંસારના દુઃખના સાગરમાં મનુષ્ય પડ્યો હોય અને દુર્ગતિ પામ્યો હોય અને તે જો સવારમાં દરરોજ એકચિત્ત બની આ સ્તોત્રનો પાઠ કરે, તો જેને ત્યાં ઘોડા હણહણતા હોય તેમ, ખરેખર, હાથમાંનાં કુસુમો સાથે અવિરત રીતે તે ભોગ ભોગવે છે અને મરણ સમયે હરિમય બની જાય છે. (૯)

ઇતિ શ્રીમચ્છંકરાચાર્ય વિરચિત યમુનાષ્ટક સંપૂર્ણમ્ ।



પંડિતરાજ જગન્નાથકૃત

૧૨. કલિન્દનંદિનીસ્તોત્ર

માતઃ પાતકપાતકારિણિ તવ પ્રાતઃ પ્રયાતસ્તટં
યઃ કાલિન્દિમહેન્દ્રનીલપટલસ્નિગ્ધાં તનું વીક્ષતે. ।
તસ્યારોહતિ કિં ન ધન્યજનુષઃ સ્વાન્તં નિતાન્તોલ્લસન્
નીલાંભોધરવૃન્દવંદિતરુચિર્દેવો રમાવલ્લભઃ ॥૧॥

અર્થ : હે માતા, હે પાપનો નાશ કરનારી, પ્રભાતમાં કોઈ તારા કિનારા પર જાય અને જે કાલિન્દીના મહાન ઈન્દ્રનીલમણિ જેવા અને મનોહર પ્રવાહપટને નિહાળે, તો મનુષ્યનો જન્મ ધન્ય થાય છે અને નીલ વાદળના સમૂહ પણ જેના સૌન્દર્યને વંદન કરે છે એવા રમાના પ્રિય પતિ ભગવાન સતત ઉલ્લાસ પામી એના હૃદયમાં આરોહણ નહીં કરે? (૧)

નિત્યં પાતકભંગમંગલજુષાં શ્રીકંઠકંઠત્વિષાં
તોયાનાં યમુને તવ સ્તવવિધૌ કો યાતિ વાચાલતામ્ ।
યેષુ દ્રાગ્વિનિમજ્ય સજ્જતિતરાં રંભાકરાંભોરુહ-
સ્ફૂર્જચ્ચામરવીજિતામરપદં જેતું વરાકો નરઃ ॥૨॥

અર્થ : હે યમુને, તારાં જલ નિત્ય પાપનો નાશ કરવાનું મંગલ કાર્ય કરે છે અને ભગવાનના કંઠની શોભા છે. આવાં તારાં જલની સ્તુતિ કરવા કોણ ઉચ્ચાર કરી શકે? આ જલમાં જરા સરખી ડૂબકી મારનાર દુષ્ટ માનવી પણ એવું અમરપદ પામે છે કે જ્યાં રંભા પોતાના કરકમલથી ચામર ઢોળે છે. (૨)

દાનાંધીકૃતગંધસિંધુરઘટાગંડપ્રણાલીમિલદ્
ભૃંગાલીમુખરીકૃતાય નૃપતિદ્વારાય બદ્ધાંજલિઃ ।
ત્વત્કૂલે ફલમૂલશાલિની મમ શ્લાઘ્યામુરીકુર્વતો
વૃત્તિં હન્ત મુનેઃ પ્રયાંતુ યમુને વીતજ્વરા વાસરાઃ ॥૩॥

અર્થ : મદથી જેમની ગંધ ચાલી ગઈ છે એવા સમૂહગત હાથીઓના ગંડસ્થલ પર ઊભરાતા ભમરાના ગુંજારવ રાજાના દ્વારા પાસે થાય છે, ત્યાં હાથ

જોડી અંજલિ કરી ઊભા રહેવાને બદલે, હે યમુને, તારા કિનારા પર રહીને મુનિ જેવું જીવન જીવવાનું હું પસંદ કરીશ અને એવી રીતે મારા ઉપાધિરહિત દિવસો પસાર થાવ. (૩)

અંતર્મૌક્તિકપુંજમજ્જિમબહિઃસ્નિગ્ધેન્દ્રનીલપ્રભં
માતર્મે મુદમાતનોતુ કરુણાવત્યા ભવત્યા પયઃ ।
યદ્ રૂપદ્વયધારણાદિવ નૃણા-માચૂડમામજ્જતાં
તત્કાલં તનુતેતરાં હરિહરાકારામુદારાં તનુમ્ ॥૪॥

અર્થ : હે માતા, તારા જલની અંદર મોતીઓનો સમૂહ છે અને બહારથી તું સ્નિગ્ધ ઈન્દ્રનીલની પ્રભા ધરાવે છે. તું દયાળુ હોવાથી તારું આવું જલ મને આનંદ આપો. તારા આવા જલમાં મસ્તક ડુબાડી ડૂબકી મારનાર મનુષ્ય બે પ્રકારનું રૂપ ધારણ કરે છે અને તરત જ હરિ તથા હરના આકારનું શરીર ધારણ કરે છે. (૪)

તાવત્પાપકદંબડંબરમિદં તાવત્કૃતાન્તાદ્ભયં
તાવન્માનસપદ્મસદ્મનિ ભવભ્રાન્તેર્મહાનુત્સવઃ ।
યાવલ્લોચનયોઃ પ્રયાતિ ન મનાગંભોજિનીબંધુજે
નૃત્યત્તુંગતરંગભંગિરુચિરો વારાં પ્રવાહસ્તવ ॥૫॥

અર્થ : હે કમલિનીની બંધુ યમુને, જ્યાં સુધી તારા નૃત્ય કરતાં ઊંચા તરંગનો સુંદર અભિનય અલ્પ પ્રમાણમાં પણ નજરે ન પડે, ત્યાં સુધી જ આ પાપરૂપી કદંબનો ગાઢ અંધકાર રહે છે, યમરાજાનો ભય રહે છે, માનસકમલના નિવાસસ્થાનમાં સંસારની ભ્રાન્તિનો મહાન ઉત્સવ રહે છે. (૫)

કાલિન્દીતિ કદાપિ કૌતુકવશાત્ ત્વન્નામવર્ણાનિમાન્
વ્યસ્તાનાલપતાં નૃણાં યદિ કરે ખેલન્તિ સંસિદ્ધયઃ ।
અન્તર્ધ્વાન્તકુલાંતકારિણિ તવ ક્ષિપ્તામૃતે વારિણિ
સ્નાતાનાં પુનરન્વહં સ મહિમા કેનાધુના વર્ણ્યતે ॥૬॥

અર્થ : ક્યારેક પણ કૌતુકવશ થઈને મનુષ્યો 'કાલિન્દી' એ તારા નામના અક્ષરો ઉચ્ચારે, તો એના હાથમાં તમામ સિદ્ધિઓ સાથે મળીને ખેલે છે. હે હૃદયના અંધકારના સમૂહનો નાશ કરનારી યમુને, તારા જલમાં અમૃત ઉમેરવામાં આવ્યું છે. એવા જલમાં સ્નાન કરનારનો મહિમા હમણાં કોણ વર્ણવી શકે? (૬)

સ્વર્ણસ્તેયપરાનપેયરસિકાપાન્થઃ કણાસ્તે યદિ
બ્રહ્મઘ્નાન્ગુરુતલ્પગાનપિ પરિત્રાતું ગૃહીતવ્રતાઃ ।
પ્રાયશ્ચિત્તકુલૈરલં તદધુના માતઃ પરેતાધિપ-
પ્રૌઢાહંકૃતિહારિહુંકૃતિમુચામગ્રે તવ સ્રોતસામ્ ॥૭॥

અર્થ : હે માતા, સોનાની ચોરી કરનારાઓ, ન પીવાનાં પેય પીનારાઓ, રસ્તામાં લૂંટી લેનારાઓ, બ્રહ્મહત્યા કરનારાઓ, ગુરુની શય્યામાં સૂનારાઓ - એ સર્વનું રક્ષણ કરવાનું વ્રત તેં ધારણ કર્યું છે; ત્યારે હવે પ્રાયશ્ચિત્ત કરવાની જરૂર નથી, કારણ કે પ્રેતોના અધિપતિ યમરાજના ભારે અહંકારનો નાશ કરનાર અને અહંકારથી બચાવનાર એવા જે (ભગવાન શ્રીકૃષ્ણ), તે તારા પ્રવાહમાં આગળ છે. (૭૦)

પાયં પાયમપાયહારિ જનની સ્વાદુ ત્વદીયં પયો
નાયં નાયમનાયનીમકૃતિનાં મૂર્તિં દૃશોઃકૈશવીમ્ ।
સ્મારં સ્મારમપારપુણ્યવિભવં કૃષ્ણેતિ વર્ણદ્વયમ્
ચારં ચારમિતસ્તતસ્તવ તટે મુક્તો ભવેયં કદા ॥૮॥

અર્થ : હે જનની! પાપનો નાશ કરનાર એવું તારું મધુર જલ વારંવાર પીને, "આ નહીં, આ નહીં," એમ ઈન્કાર કરીને, તારા કેશવરૂપ રૂપને જોઈને, અપાર પુણ્યના વૈભવ જેવા 'કૃષ્ણ' એવા બે વર્ણને વારંવાર સ્મરીને અને વારંવાર આમતેમ તારા કિનારા પર ફરીને હું ક્યારે મુક્તિ પામીશ? (૮)

માતર્વારિણિ પાપહારિણિ તવ પ્રાણપ્રયાણોત્સવં
સંપ્રાપ્તે ન કૃતાં નરેણ સહતેવજ્ઞાં કૃતાન્તો-પિયતૂ
યદ્વામંડલભેદનાદુદયિની શ્ચડઘાતિર્વેદના-
શ્ચિત્રં તત્ર કિમપ્રમેયમહિમા પ્રેમ્ણા યદોત્પાદિતઃ ॥૯॥

અર્થ : હે માતા, તારાં જલ પાપનો નાશ કરનાર છે. આવા જલમાં જે મનુષ્યના પ્રાણપ્રયાણનો (મૃત્યુનો) ઉત્સવ આવી ચડે, એ મનુષ્ય યમરાજાની પણ અવજ્ઞા કરે છે અને યમરાજા એ સહન પણ કરે છે અથવા શરીર છોડતી વખતે જે ભયંકર વેદના થાય એની પણ મનુષ્ય અવજ્ઞા કરે છે. આમાં આશ્ચર્ય શું છે? આ. પ્રેમને લીધે જન્મેલો તારો અપ્રમેય મહિમા છે. (૯)

સંજ્ઞાકાન્તસુતે કૃતાન્તભગિનિ શ્રીકૃષ્ણનિત્યપ્રિયે
પાપોન્મૂલિનિ પુણ્યધાત્રિ યમુને કાલિન્દિ તુભ્યં નમઃ ।

એવં સ્નાનવિધૌ પઠન્તિ ખલુ યે નિત્યં ગૃહીતવ્રતાદ્
સ્નાનામંત્રિતસંખ્યજન્મજનિતં પાપં ક્ષણાદુંઝતિ ॥૧૦॥

અર્થ : હે સંજ્ઞાના પતિ ભગવાન સૂર્યનારાયણની પુત્રી, યમરાજની બહેન, ભગવાન શ્રીકૃષ્ણની નિત્યપ્રિયા, પાપોનાં નાશ કરનારી પુણ્યદાયિની યમુને કાલિન્દી, તને નમસ્કાર. આ પ્રમાણે જેઓ નિત્ય, વ્રત ધારણ કરીને પાઠ કરે છે; તેમનાં અસંખ્ય જન્મનાં થયેલાં પાપો ક્ષણવારમાં દૂર થાય છે. (૧૦)

અયં પંડિતરાજેન શ્રીજગન્નાથ શર્મણા;
સ્તવઃ કલિન્દનંદિન્યા નિર્મલો નિરમીયત ॥૧૧॥

અર્થ : પંડિતરાજ શ્રીજગન્નાથ શર્માએ કલિન્દ પર્વતની પુત્રીનું આ નિર્મલ સ્તોત્ર રચ્યું છે. (૧૧)

ઇતિ શ્રીપંડિતરાજ જગન્નાથકૃત કલિન્દનંદિનીસ્તોત્ર સંપૂર્ણમ્ ।



શ્રીગોસ્વામિવિરચિત

૧૩. શ્રીયમુનાષ્ટકમ્

વ્રજાધિરાજનંદનાંબુદાભગાત્રચન્દના-
નુલેપગંધવાહિનીં ભવાબ્ધિબીજદાહિનીમ્; ।
જગત્ત્રયે યશસ્વિનીં લસત્સુધીપયસ્વિનીં
ભજે કલિન્દનંદિની દુરન્તમોહભંજનીમ્ ॥૧॥

અર્થ : વ્રજમાં અધિક શોભતા નંદ રાજાને આનંદ આપનાર પુત્ર શ્રીકૃષ્ણ જેવી કાન્તિ યમુનાજીની છે અને તેમાં સ્નાન કરનારાઓનાં ગાત્રો પર ચંદનનો લેપ હોવાથી આ જલ પણ સુગંધને વહન કરે છે. આવાં યમુનાજી સંસારરૂપી સાગરના બીજનું દહન કરે છે. ત્રણેય જગતમાં તેઓ યશસ્વિની બને છે અને એમાં અમૃત જેવું ચમકતું જલ છે. પાપ અને મોહનો નાશ કરનાર આવા કલિન્દ પર્વતનાં પુત્રીને હું ભજું છું. (૧)

રસૈકસીમરાધિકાપદાબ્જ ભક્તસાધિકાં
તદંગરાજપિંજર-પ્રભાત-પુંજમંજુલામ્ ।
સ્વરોચિષાતિમંજુલાંકૃતાજનાધિગંજનાં
ભજે કલિન્દનંદિનીં દુરન્તમોહભંજનીમ્ ॥૨॥

અર્થ : રસની એકમાત્ર સીમા સમાન રાધિકાજીના ચરણકમલની સાધના ભક્તો માટે (સરલ) કરી આપનાર અને રાધાજીના શરીર પર લગાડેલા સુગંધમય પદાર્થોના ચમકતા પુંજ જેવા મંજુલ, પોતાના પ્રકાશથી અતિ મંજુલ અને લોકોને માટે રત્નની ખાણનું સર્જન કરનાર, એવાં કલિન્દ પર્વતનાં પુત્રીને હું ભજું છું. (૨)

વ્રજેન્દ્રસૂનુરાધિકાહૃદિ પ્રપૂર્ણમાનયો-
ર્મહારસાબ્ધિપૂરયોરિવાતિતીવ્રવેગતઃ ।
બહિઃ સમુચ્છલન્ નવપ્રવાહરૂપિણીમહં
ભજે કલિન્દનંદિની દુરન્તમોહભંજનીમ્ ॥૩॥

અર્થ : ભગવાન શ્રીકૃષ્ણના રાધિકાજીના હૃદયમાં જેમ મહાન રસસાગર પૂરેપૂરા પ્રમાણમાં ઊભરાય એના બહારના ઊછળતા નવીન પ્રવાહરૂપ, પાપ અને મોહનો નાશ કરનાર એવાં કલિન્દ પર્વતનાં પુત્રીને હું ભજું છું. (૩)

વિચિત્ર-રત્ન-બદ્ધસત્તટદ્વયશ્રિયોજ્જવલાં
વિચિત્રહંસસારસાદ્યનન્તપક્ષિસંકુલામ્ ।
વિચિત્રહૈમમેખલાં કૃતાતિદીનપાલનાં
ભજે કલિન્દનંદિની દુરન્તમોહભંજનીમ્ ॥૪॥

અર્થ : વિચિત્ર રત્નથી યમુનાજીના બંને કિનારે શોભાયમાન ઘાટ બાંધેલા હોવાથી તે ઉજ્જવલ જણાય છે. વિચિત્ર હંસ, સારસ આદિ અનન્ત પક્ષીઓથી વીંટળાયેલાં છે, સોનાની વિચિત્ર મેખલા ધારણ કરે છે અને જે અતિ દીન જનનું પણ પાલન કરે છે, એવાં પાપ અને મોહનો નાશ કરનાર, કલિન્દ પર્વતનાં પુત્રીને હું ભજું છું. (૪)

અવન્તિકાપ્રિયાં હરેર્મહાકૃપાસ્વરૂપિણીં
વિશુદ્ધભક્તિમુજ્જવલાં પરે રસાત્મિકાં વિદુઃ ।
સુધાસ્રુતિં ત્વલૌકિકીં પરેશવર્ણરૂપિણીં
ભજે કલિન્દનંદિનીં દુરન્તમોહભંજનીમ્ ॥૫॥

અર્થ : અવન્તિકાના પ્રિય, હરિની મહાકૃપાસ્વરૂપ, વિશુદ્ધ અને ઉજ્જવલ ભક્તિરૂપ એવાં યમુનાજીને (લોકો) પરમ રસાત્મિકા જાણે છે. અમૃત ઝરતાં, અલૌકિક, ભગવાન વિષ્ણુના વર્ણવાળાં, પાપ અને મોહનો નાશ કરનાર એવાં કલિન્દ પર્વતનાં પુત્રીને હું ભજું છું. (૫)

સુરેન્દ્રવૃન્દવંદ્યયા રસાદધિષ્ઠિતે વને
સદોપલબ્ધિમાધવાદ્‌ભુતૈકસદ્રસોન્મદામ્ ।
અતીવવિહ્‌વલામિવોચ્છલત્તરંગદોર્લતાં
ભજે કલિન્દનંદિનીં દુરન્તમોહભંજનીમ્ ॥૬॥

અર્થ : મહાન દેવોના વૃન્દથી વંદન કરવા યોગ્ય શ્રીરાધિકાજી વનમાં રસને કારણે વસતાં હોવાથી, ત્યાં સદાય માધવ હાજર હોય છે. તેથી યમુનાજી અદ્‌ભુત રસ અનુભવી ઉન્મત્ત બને છે. જાણે અતિ વિહ્‌વલ હોય એમ ઊછળતા તરંગોરૂપી ઊંચા હાથવાળાં, પાપ-મોહનો નાશ કરનારાં કલિન્દ પર્વતનાં પુત્રીને હું ભજું છું. (૬૦)

પ્રફુલ્લપંકજાનનાં લસન્ નવોત્પલક્ષણાં
રથાંગનામ યુગ્મસુસ્તનીમુદારહંસકામ્ ।
નિતંબચારુરોધસં હરેઃ પ્રિયાં રસોજ્જવલાં
ભજે કલિન્દનંદિની દુરન્તમોહભંજનીમ્ ॥૭॥

અર્થ : સારા પ્રમાણમાં વિકસેલા કમલ સમાન મુખવાળાં, નવા ભૂરા કમલ જેવી ચમકતી આંખોવાળાં, શ્રીકૃષ્ણનાં અંગના, અનુપમ, સુન્દર સ્તનવાળાં અને સારા પ્રમાણમાં હંસોને લીધે મનોહર, સુંદર, કિનારારૂપી નિતંબોવાળાં, હરિનાં પ્રિયા, રસથી ઉજ્જવલ, પાપ અને મોહનો નાશ કરનારાં, કલિન્દ પર્વતનાં પુત્રીને હું ભજું છું. (૭)

સ્મસ્તવેદમસ્તકૈરગમ્યવૈભવાં સદા
મહામુનીન્દ્રનારદાદિભિઃ સદૈવ ભાવિતામ્ ।
અતુલ્યપામરરપિ શ્રિતાં પુમર્થસારદાં
ભજે કલિન્દનંદિનીં દુરન્તમોહભંજનીમ્ ॥૮॥

અર્થ : તમામ વેદોને મસ્તક ઉપર રાખનાર, એમના પર પ્રભુત્વ ધરાવનાર પણ યમુનાજીનો વૈભવ સદાય જાણી શકતા નથી. મહામુનીન્દ્ર નારદ ઇત્યાદિ સદા એમનું સેવન કરે છે, અત્યંન્ત પામર મનુષ્યો પણ એમનો આશ્રય લે છે. તેઓ પુરુષોને ધનનો સાર (સુખ) આપે છે. આવાં, પાપ અને મોહનો નાશ કરનારાં, કલિન્દ પર્વતનાં પુત્રીને હું ભજું છું. (૮)

ય એતદષ્ટકં બુધસ્ત્રિકાલમાદિતઃ પઠેત્
કલિન્દનંદિનીં હૃદા વિચિન્ત્ય વિશ્વવંદિતામ્ ।
ઇહૈવ રાધિકાપતેઃ પદાબ્જભક્તિમુત્તમા-
મવાપ્ય સ ધ્રુવં ભવેત્પરત્ર તુષ્ટયાનગઃ ॥૯॥

અર્થ : કલિન્દ પર્વતની, વિશ્વથી પ્રણામ કરાતી પુત્રીનું હૃદયથી ચિન્તન કરી જે કોઈ શાણો માનવી આ અષ્ટકનો શરૂઆતથી સવાર, બપોર, સાંજ એમ ત્રણ વખત પાઠ કરે છે તે અહીં જ રાધિકાપતિ ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમલમાં ઉત્તમ ભક્તિ પ્રાપ્ત કરીને અન્ય લોકમાં પણ સંતોષ પામે છે. (૯)

ઇતિ શ્રીગોસ્વામિ વિરચિતં યમુનાષ્ટક સંપૂર્ણમ્ ।

■

રમેશસૂરિસૂનુવિરચિત

૧૪. યમુનાષ્ટક

માતર્દેવિ કલિન્દભૂધરસુતે નીલાંબુજશ્યામલ-
સ્નિગ્ધોદ્યદ્ વિમલોર્મિતાંડવધરે તુભ્યં નમસ્કુર્મહે ।
ત્વં તુર્યાડપ્યસિ યત્પ્રિયા મુરરિપોસ્તદ્બાલ્યતારુણ્યયો-
ર્લીલાનામવધાયિકાન્યમહિષીવૃંદેષુ વંદ્યાધિકમ્. ॥૧॥

અર્થ : હે માતા, હે દેવી, હે કલિન્દ પર્વતની કન્યા! નીલ રંગના પાણીમાં શ્યામલ, સ્નિગ્ધ, ચમકતા અને પવિત્ર મોજાંનું તાંડવ ધારણ કરનારી, તને અમે નમસ્કાર કરીએ છીએ. તું મનુષ્યની ચોથી સર્વોચ્ચ (મોક્ષની) સ્થિતિરૂપ હોવા છતાં મુરરિપુ ભગવાનની પ્રિય અને એમના બાળપણ તથા યૌવનની લીલાના સ્થાનરૂપ છે અને એમની અન્ય રાણીઓના સમૂહમાં અધિક વંદનીય છે. (૧)

લોકાન્યાન્કલિકાલકીલિતમહાદુષ્કર્મકૂટાંકિતાન્
નેનિક્તે દિવમુત્પતિષ્યતિ હિ સા ગીર્વાણકૂલંકષા ।
તન્માતસ્ત્વયિ સંસૃતિપ્રસૃમરકલેશાભિભૂતં મનઃ
સ્વર્નિઃ શ્રેણિમુપેતુમર્કતનયે શ્રદ્ધાં નિબધ્નાતિ નઃ ॥૨॥

અર્થ : અન્ય લોકો જે કલિકાળમાં ખીલા સાથે બંધાયેલા છે અને મહાન દુષ્કર્મોના વિષથી અંકિત બન્યા છે તે મુક્ત થાય છે અને આને માટે સમગ્ર વાણીની કસોટી જેવી યમુના (ઉપર સાત લોક આવ્યા હોવાથી) ઉપર પણ ચડશે. તો હે માતા, સંસારના ફેલાતા ક્લેશથી પરાજિત થયેલા મનને અમે તારામાં ધારણ કરીએ છીએ. અને હે સૂર્યપુત્રી, એને લીધે સ્વર્ગમાં મોક્ષ પામવા અમારામાં શ્રદ્ધા બંધાય છે. (૨)

સોન્નાદં નિપતન્ કલિન્દશિખરિ પ્રોત્તુંગશૃંગાન્તરાદ્
ગચ્છન્ પ્રાચ્યમપાં પ્રાચ્યમપાં નિધિં જનનિ સદ્ વારાં પ્રવાહસ્તવં ।
મધ્યે માર્ગમવાપ્તભૂરિવિષયાંસ્તત્કાલમુન્માર્જયન્
દિશ્યાન્નઃ શ્રિયમુદ્ધુરાં મરકતશ્યામાભિરામદ્યુતિઃ ॥૩॥

અર્થ : હે જનની, કલિન્દ પર્વતના એક ઊંચા શિખર પરથી તારા પવિત્ર પાણીનો પ્રવાહ બીજા શિખર પર ભારે અવાજ સાથે પડે છે. તે પૂર્વના સાગરમાં જાય છે અને વચમાં જે માર્ગમાં જાય છે ત્યાં અનેક પ્રદેશો છે, તેને તે સમયે સ્વચ્છ કરે છે. આવાં, મરકત મણિ સમાન મનોહર પ્રકાશ ધારણ કરનાર યમુનાજી અમારું પરમ કલ્યાણ કરો. (૩)

શય્યોત્થાય મજસ્રમાત્મસદનાત્ ત્વાં વીક્ષ્ય લક્ષ્યાં ક્ષણાન્
માતઃ પ્રાતરપોહયામિ વિતતં દુષ્પાતકવ્રાતકમ્ ।
સંધીભૂય સમૂલકાષમખિલં સંકૃષ્ય સત્કર્મણાં
કાંડં દ્રાગપવર્ગ દ્વારગમને યેનાર્ગલીભૂયતે ॥૪॥

અર્થ : હું શય્યામાંથી ઊઠીને મારા નિવાસસ્થાનમાંથી સતત તને, દર્શનીયને જોઈને, હે માતા, મહાભયંકર પાપની વિસ્તાર પામેલી કુટેવને દૂર કરું છું. આવું પાપ એકઠું થઈને તમામ સારા કર્મને ખેંચી લઈને સ્વર્ગમાં જવાના દરવાજા માટે આગળારૂપ બનતું હતું. (૪)

નાવાસં દ્યુસદાં ન પન્નગપુરં નાન્યાશ્ચ ભોગસ્થલી
શ્લાઘેડહં પરમત્ર કિં તુ વિપુલા શ્રીભારતીયા ભુવઃ ।
સ્વેચ્છાધાવદુદગ્રદુષ્કલિકરિ ક્રીડાકૃપાણાયિતા
યાસ્વેતાસ્તવ વારિણાં રવિસુતે ચંચન્તિ વીચિચ્છટાઃ ॥૫॥

અર્થ : હું દેવોના નિવાસસ્થાનરૂપ સ્વર્ગની, નાગલોકોના નગરની કે અન્ય ભોગોના સ્થળોની પ્રશંસા કરતો નથી, પરંતુ હું અહીં વિશાળ ભારતભૂમિની પ્રશંસા કરું છું; કારણ કે અહીં સ્વેચ્છાથી ધસમસતા તારા પાણીમાં ઊંચાં મોજાંની છટા ભયંકર કલિરૂપી હાથીક્રીડા ઉપર અંકુશનું કામ કરે છે અને હે સૂર્યપુત્રી યમુને, તે આવા હાથીને પાછો ધકેલે છે. (૫)

ત્વત્કૂલે નિવસન્ વસન્ ન વૃજિનો વ્યૂહોડભિષુ એવન્મુહુઃ
પાયં પાયમપાયવારિ મધુરં વારિ ગ્રહેશાત્મજે ।
દૂરીકૃત્ય ઋણત્રયં સફલયન્ જન્માત્મનો નિર્ભરા-
નન્દાસ્વાદનત્પરો ગમયિતા કાલં કદાડયં જનઃ ॥૬॥

અર્થ : હે ગ્રહોના ઈશ એવા ભગવાન સૂર્યનારાયણની પુત્રી યમુને! તારા કિનારા પર રહીને, નિષ્પાપ થઈને, વારંવાર સ્નાન કરીને, પવિત્ર, મધુર અને પાપનાશક જલ વારંવાર પીને, ત્રણ પ્રકારનાં ઋણ દૂર કરીને, મારા જન્મને

સફળ કરીને, આનંદના આસ્વાદનમાં તત્પર બનીને હું ક્યારે સમય પસાર કરીશ? (૬)

નો તત્ત્વાવગમસ્પૃહા ન વિપુલાયાસઃ સતાં સંગતૌ
નો તત્તન્નિગમાગમોક્તવિધિનાનુષ્ઠાનનિષ્ઠાનપિ ।
યેષા તેડપિ જનાઃ પતંગતનયે ભિત્ત્વા પિતુર્મંડલં
સોદર્યં ત્વવધીર્યતે સુકૃતિનો બ્રહ્માત્મતાં બિભ્રતિ ॥૭॥

અર્થ : હે સૂર્યપુત્રી, જેમને તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાની સ્પૃહા નથી, જેઓ ભારે પ્રયાસ કરતા નથી, જેઓ સંતસમાગમ કરતા નથી અને વળી જેઓ વેદમાં કહેલ વિવિધ અનુષ્ઠાનો પણ કરતા નથી, તે લોકો પણ પિતાના મંડળને ભેદીને પોતાને તારા પુત્રો ગણે છે. આવા સજ્જનો પણ બ્રહ્મત્વને પામે છે. (૭)

વક્તું તે મહિમાનમસ્મિ ન વિભુર્લોકે વિકુંઠેડપ્યલં
કંસારાતિકુટુંબિનિ પ્રકટયત્ પ્રીતિં પરં કુંઠિતામ્ ।
યદ્ વેદૈરપિ મૃગ્યમાણમનિશં તદ્ બ્રહ્મ માતર્યતસ્
ત્વત્કૂલસ્થનિકુંજમંજુવલયક્રોડેષુ વિક્રીડતિ ॥૮॥

હે કંસના શત્રુની પત્ની, ભગવાન પોતે પણ આ લોકમાં આ વૈકુંઠમાં તારો મહિમા વર્ણવી શકે તેમ નથી અને તારા પ્રત્યે માત્ર કુંઠિત પ્રીતિ જ પ્રગટ કરી શકે છે. (પૂરો પ્રેમ પ્રગટ ન કરી શકે એવો તારો મહિમા છે.) જે બ્રહ્મને વેદો સતત શોધ્યા કરે છે, એ બ્રહ્મ તો, હે માતા, તારા કિનારે રહેલા ગાઢ કુંજોની મધુર હારોમાં વિશિષ્ટ પ્રકારની ક્રીડા કરે છે. (૮)

તૈલંગભૂ-ત્રિદશમંડલમંડનસ્ય
પુર્યામધોર્નિવસતોડત્ર રમેશસૂરેઃ ।
તિષ્ઠન્ કદાપિ કુતુકાત્તટ એવ તસ્યાઃ
સૂનુર્વ્યધાત્સ્તવમિમં તરણેઃ સુતાયાઃ ॥૯॥

અર્થ : તૈલંગમાં જન્મેલ અને દેવમંડળને માટે પણ શોભારૂપ મધુપુરીમાં (મથુરામાં) નિવાસ કરતા રમેશસૂરિના પુત્રે આ સૂર્યપુત્રીનું સ્તવન રચ્યું છે. (૯)

ઇતિ રમેશસૂનુવિરચિતં યમુનાષ્ટક સંપૂર્ણમ્

■

૧૫. શ્રીયમુનાસહસ્રનામ

શ્રીકૃષ્ણાય નમઃ । શ્રીગોપીજનવલ્લભાય નમઃ । શ્રીઆચાર્યચરણકમલેભ્યો નમઃ ।

ૐ અસ્ય શ્રીકાલિન્દીસહસ્રનામસ્તોત્રમંત્રસ્ય સૌભરિ ઋષિઃ શ્રીયમુના દેવતા, અનુષ્ટુપ છંદઃ માયાબીજમિતિ કિલકમ્, રમા-બીજમિતિ શક્તિઃ, શ્રીકલિન્દનંદિનીપ્રસાદસિદ્ધયર્થે જપે વિનિયોગઃ ।

અથ ધ્યાનમ્

શ્યામામંભોજનેત્રાં સઘનઘનરુચિં રત્નમંજુરકૂજત્
કાંચીકેયૂરયુક્તાં કનકમણિમયે બિભ્રતીં કુંડલે દ્વે ।
ભ્રાજચ્છ્રીનીલવસ્ત્રસ્ફુરદિભજચલદ્ધારભારાં મનોજ્ઞાં
ધ્યાયે માર્તંડપુત્રીં તનુકિરણ યોદીપ્તદીપાભિરામાં.

ઇતિ ધ્યાનમ્

ૐ કાલિન્દી યમુના કૃષ્ણા કૃષ્ણરૂપા સનાતની;
કૃષ્ણવામાંશસંભૂતા પરમાનંદરૂપિણી. ૪.
ગોલોકવાસિની શ્યામા વૃંદાવનવિનોદિની;
રાધાસખી રાસલીલારાસમંડલમંડિની. ૫.
નિકુંજવાસિની વલ્લી રંગવલ્લી મનોહરા;
શ્રીરાસમંડલીભૂતા યૂથીભૂતા હરિપ્રિયા. ૬.
ગોલોકતટિની દિવ્યાં નિકુંજતલવાસિની;
દીર્ઘોર્મિ વેગગંભીરા પુષ્પપલ્લવવાહિની. ૭.
ઘનશ્યામા મેઘમાલા બલાકા પદ્મમાલિની;
પરિપૂર્ણતમા પૂર્ણા પૂર્ણબ્રહ્મપ્રિયા પરા. ૮.
મહાવેગવતી સાક્ષાન્ નિકુંજદ્વારનિર્ગતા;
મહાનદી મંગગતિર્વિરજા વેગભેદિની. ૯.
અનેકબ્રહ્માંડગતાબ્રહ્મદ્રવસમાકુલા;
ગંગામિશ્રા નિર્જલાભા નિર્મલા સરિતાં વરા. ૧૦.

રત્નબદ્ધોભયતટી હંસપદ્માદિસંકુલા;
નદી નિર્મલપાનીયા સર્વબ્રહ્માંડપાવની. ૧૧.
વૈકુંઠપરિખીભૂતા પરિખાપાપહારિણી;
બ્રહ્મલોકગતા બ્રાહ્મી સ્વર્ગા સ્વર્ગનિવાસિની. ૧૨.
ઉલ્લસંતી પ્રોત્પતન્તી મેરુમાલા મહોજ્જ્વલા;
શ્રીગંગાભઃ શિખરિણી ગંડશૈલવિભેદિની. ૧૩.
દેશાન્પુનન્તી ગચ્છન્તિ વહન્તી ભૂમિમધ્યગા;
માર્તંડતનુજા પુણ્યા કલિન્દગિરિનંદિની. ૧૪.
યમસ્વસા મંદહાસા સુદ્વિજા રચિતાંબરા;
નીલાંબરા પદ્મમુખી ચરંતી ચારુદર્શના. ૧૫.
રંભોરુઃ પદ્મનયના માધવી પ્રમદોત્તમા;
તપશ્ચરન્તી સુશ્રોણી કૂજન્નૂપુરમેખલા. ૧૬.
જલસ્થિતા શ્યામલાંગી ખાંડવાભાવિહારિણી;
ગાંડી વિભાષિણી વન્યા શ્રીકૃષ્ણં વરમિચ્છતી. ૧૭.
દ્વારકાગમના રાજ્ઞી પટ્ટરાજ્ઞી પરંગતા;
મહારાજ્ઞી રત્નભૂષા ગોમતીતીરચારિણી. ૧૮.
સ્વકીયા ચ સુખા સ્વાર્થા સ્વભક્તકાર્યસાધિની;
નવલાંગાબલા મુગ્ધા વરાંગા વામલોચના. ૧૯.
અજ્ઞાતયૌવના દીના પ્રભા કાન્તિર્દ્યુતિશ્છવિઃ;
સુશોભા પરમા કીર્તિઃ કુશલા જ્ઞાતયૌવના. ૨૦.
નવોઢા મધ્યગા મધ્યા પ્રૌઢિ પ્રૌઢા પ્રગલ્લભકા;
ધીરા ધીરા ધૈર્યધરા જ્યેષ્ઠા શ્રેષ્ઠા કુલાંગના. ૨૧.
ક્ષણપ્રભા ચંચલાર્ચા વિદ્યુત્ સૌદામિની તડિત્;
સ્વાધીનપતિકા લક્ષ્મીઃ પુષ્ટા સ્વાધીનભર્તૃકા. ૨૨.
કલહાંતરિતા ભીરુરિચ્છા પ્રોત્કંઠિતાકુલા;
કશિપુસ્થા દિવ્યશય્યા ગોવિંદહૃતમાનસા. ૨૩.
ખંડિતા ખંડશોભાઢ્યાં વિપ્રલબ્ધાભિસારિકા;
વિરહાર્તા વિરહિણી નારી પ્રોષિતભર્તૃકા. ૨૪.
માનિની માનદા પ્રાજ્ઞા મંદારવનવાસિની;
ઝંકારિણી ઝણત્કારી રણન્મંજીરનૂપુરા. ૨૫.

મેખલામેખલા કાંચી કાંચની કાંચનામયી;
કંચુકી કંચુકમણિઃ શ્રીકંઠાઢ્યા મહામણિઃ. ૨૬.
શ્રીહારિણી પદ્મહારા મુક્તામુક્તફલાર્ચિતા;
રત્નકંકણકેયૂરા સ્ફુરદંગુલિભૂષણા. ૨૭.
દર્પણા દર્પણીભૂતા દુષ્ટદર્પવિનાશિની;
કંબુગ્રીવા કંબુધરા ગ્રૈવેયકવિરાજિતા. ૨૮.
તાટંકિની દંતધરા હેમકુંડલમંડિતા;
શિખાભૂષા ભાલપુષ્પા નાસામૌકિતકશોભિતા. ૨૯.
મણિભૂમિગતા દેવી રૈવતાદ્રિવિહારિણીઃ
વૃંદાવનગતા વૃન્દા વૃંદારણ્યનિવાસિની. ૩૦.
વૃંદાવનલતા માધ્વી વૃંદારણ્યવિભૂષણા;
સૌન્દર્યલહરી લક્ષ્મીર્મથુરાતીર્થવાસિની. ૩૧.
વિશ્રાંતવાસિની કામ્યા રમ્યા ગોકુલવાસની;
રમણસ્થલશોભાઢ્યા મહાવનમહાનદી. ૩૨.
પ્રણતા પ્રોન્નતા પુષ્ટા ભારતી ભરતાર્ચિતા;
તીર્થરાજગતિર્ગોત્રા ગંગાસાગરસંગમા. ૩૩.
સપ્તાબ્ધિભેદિની લોલા સપ્તદ્વીપગતાબલાત્;
લુંઠતી શૈલભિદ્યન્તી સ્ફુરન્તી વેગવત્તરા. ૩૪.
કાંચની કાંચનીભૂમિઃ કાંચનીભૂમિભાવિતા;
લોકદષ્ટિર્લોકલીલા લોકાલોકાચલાર્ચિતા. ૩૫.
શૈલોદ્ગતા સ્વર્ગગતા સ્વર્ગાર્ચા સ્વર્ગપૂજિતા;
વૃંદાવની વનાધ્યક્ષા રક્ષા કક્ષા તટીપટી. ૩૬.
અસિકુંડગતા કચ્છા સ્વચ્છંદોચ્છલિતાદિજા;
કુહરસ્થા રથપ્રસ્થા પ્રસ્થા શાંતિતરાતુરા. ૩૭.
અંબુચ્છટા સીકરાભા દર્દુરી દાર્દુરી ધરા;
પાપાંકુશા પાપસિંહી પાપદ્રુમકુઠારિણી. ૩૮.
પુણ્યસંધા પુણ્યકીર્તિઃ પુણ્યદા પુણ્યવર્ધિની;
મધોર્વનનદીમુખ્યા તુલાતાલવનસ્થિતા. ૩૯.
કુમુદ્વનનદી કુબ્જા કુમુદાંભોજવર્ધિની;
પ્લવરૂપા વેગવતી સિંહસર્પાદિવાહિની. ૪૦.

બહુલી બહુલા બહ્‌વી બહુલા વનવંદિતા;
રાધા કુંડકલારાધ્યા કૃષ્ણકુંડજલાશ્રિતા. ૪૧.
લલિતા કુંડગા ઘંટા વિશાખા કુંડમંડિતા;
ગોવિંદકુંડનિલયા ગોપકુંડતરંગિણી. ૪૨.
શ્રીગંગા માનસીગંગા કુસુમાંબરભાવિની;
ગોવર્ધિની ગોધનાઢ્યા મયૂરી વરવર્ણિની. ૪૩.
સારસા નીલકંઠાભા કૂજત્કોકિલપોતકી;
ગિરિરાજપ્રસૂર્ભૂરિરાતપત્રાતપત્રિણી. ૪૪.
ગોવર્ધનાંકા ગોદંતા દિવ્યૌષધિનિધિઃ સૃતિઃ;
પારદી પારદમયા નારદી શારદી ભૃતિઃ. ૪૫.
શ્રીકૃષ્ણચરણાંકસ્થા કામાક મવનાંચિતા;
કામાટવી નંદિની ચ નંદગ્રામમહીધરા. ૪૬.
બૃહત્સાનુદ્યુતિઃ પ્રોતા નંદીશ્વરસમન્વિતા;
કાકલી કોકિલમયી ભાંડીરકુશકૌશલા. ૪૭.
લોહાર્ગલિપ્રદાકારા કાશ્મીરવસનાવૃતાઃ
બર્હિષદી શોણપુરી શૂરક્ષેત્રપુરાધિકા. ૪૮.
નાનાભરણશોભાઢ્યા નાનાવર્ણસમન્વિતા;
નાનાનારીકદંબાઢ્યા રંગારંગમહીરુહા. ૪૯.
નાનાલોકગતા વર્ચિર્નાનાજલસમન્વિતા;
સ્રીરત્નરત્નનિલયા લલના રત્નરંજિની. ૫૦.
રંગિની રંગભૂમાઢ્યા રંગા રંગમહીરુહા;
રાજવિદ્યા રાજગુહ્યા જગત્કીર્તિર્ઘનાઘના. ૫૧.
વિલોલઘંટા કૃષ્ણાંગા કૃષ્ણદેહ સમુદ્‌ભવા;
નીલપંકજવર્ણાભા નીલપંકજહારિણી. ૫૨.
નીલાભા નીલપદ્માઢ્યા નીલાંભોરુહવાસિની;
નાગવલ્લી નાગપુરી નાગવલ્લીદલાર્ચિતા. ૫૩.
તાંબૂલચર્ચિતા ચર્ચા મકરન્દમનોહરા;
સકેસરા કેસરિણી કેશપાશાભિશોભિતા. ૫૪.
કજ્જલાભા કજ્જલાક્તા કજ્જલી કલિતાંજના;
અલક્તચરણા તામ્રા બાલા તામ્રીકૃતાંબરા. ૫૫.

સિન્દૂરિતા લિમવાણી સુશ્રીઃ શ્રીખંડમંડિતા;
પાટીરપંકવસના જટામાંસી રુગમ્બરા. ૫૬.
આગર્વ્યગુરુગંધાક્તાતગરાશ્રિતમારુતા;
સુગન્ધિતલરુચિરા કુંતલાલિઃ સકુન્તલા. ૫૭.
શકુંતલાડપાંસુલા ચ પાતિવ્રત્યપરાયણા;
સૂર્યપ્રભા સૂર્યકન્યા સૂર્યદેહસમુદ્ભવા. ૫૮.
કોટિસૂર્યપ્રતીકાશા સૂર્યજા સૂર્યનંદિની;
સંજ્ઞા સંજ્ઞાસુતા સ્વેચ્છા સંજ્ઞામોદપ્રદાયિની. ૫૯.
સંજ્ઞાપુત્રી સ્ફુરચ્છાયા તપતી તાપકારિણી;
સાવાણર્યાનુભવા વેદી વડવા સૌખ્યદાયિની. ૬૦.
શનૈશ્ચરાનુજા કીલા ચંદ્રવંશવિવર્ધિની;
ચંદ્રવંશવધૂશ્ચન્દ્રા ચંદ્રાવલિસહાયિની. ૬૧.
ચંદ્રાવતી ચંદ્રલેખા ચંદ્રકાંતાનુગાંશુકા;
ભૈરવી પિંગલા શંકી લીલાવત્યાગરીમયી. ૬૨.
ધનશ્રી દેવગાંધારી સ્વર્મણિગુણવર્ધિની;
વ્રજમલ્લાર્યંધકારી વિચિત્રા જયકારિણી. ૬૩.
ગાંધારી મંજરી ટોડી ગુર્જર્યા શાવરી જયા;
કર્ણાટી રાગિણી ગૌરી વૈરાટી ગૌરવાટિકા. ૬૪.
ચતુશ્ચન્દ્રા કલાહેરી તૈલંગી વિજયાવતી;
તાલી તલસ્વરા ગાના ક્રિયામાત્રપ્રકાશિની. ૬૫.
વૈશાખી ચાચલા ચારુર્માચારી ઘૂઘટીઘટા;
વૈરાગરી સોરટીશા કૈદારી જલધારિકા. ૬૬.
કામાકરશ્રીકલ્યાણી ગૌડકલ્યાણમિશ્રિતા;
રામસજ્જીવિણી હેલા મંદારી કામરૂપિણી. ૬૭.
સારંગી મારુતી હોઢા સાગરી કામવાદિની;
વૈભાસી મંગલા ચાંદ્રી રાસમંડલમંડના. ૬૮.
કામધેનુઃ કામલતા કામદા કમનીયકા;
કલ્પવૃક્ષસ્થલી સ્થૂલા ક્ષુધા સૌધનિવાસિની. ૬૯.
ગોલોકવાસિની સુભ્રૂર્યષ્ટિભૃદ્દ્વારપાલિકા;
શૃંગારપ્રકારા શૃંગારા સ્વચ્છા શૈવોપકારિકા. ૭૦.

પાર્ષદા સુસખીસેવ્યા શ્રીવૃન્દાવનપાલિકા;
નિકુંજભૃત્ કુંજપુંજા ગુંજાભરણભૂષિતા. ૭૧.
નિકુંજવાસિની પ્રોષ્યા ગોવર્ધનતટીભવા;
વિશાખા લલિતા રામા નીરુજા મધુમાધવી. ૭૨.
એકા નૈકસખી શુકલા સખીમધ્યા મહામના:;
શ્રુતિરૂપા ઋષિરૂપા મૈથિલા: કૌશિલા: સ્રિય:. ૭૩.
અયોધ્યાપુરવાસિન્યો યજ્ઞસીતા: પુલિંદકા:;
રમા વૈકુંઠવાસિન્ય: શ્વેતદ્વીપસખીજના:. ૭૪.
ઊર્ધ્વવૈકુંઠવાસિન્યો દિવ્યાજિતપદાશ્રિતા:;
શ્રીલોકાચલવાસિન્ય: શ્રીસખ્ય: સાગરોદ્ભવા:. ૭૫.
દિવ્યા અદિવ્યા દિવ્યાંગા વ્યાપ્તા સ્રિગુણવૃત્તયા;
ભૂમિગોપ્યો દેવનાર્યો લતા ઔષધિવીરુધ:. ૭૬.
જાલંધર્ય્ય: સિન્ધુસુતા પૃથુબર્હિષ્મતી ભવા;
દિવ્યાંબરા અપ્સરસ: સૌતલા નાગકન્યકા: ૭૭.
પરંધામ પરંબ્રહ્મ પૌરુષા પ્રકૃતિ: પરા;
તટસ્થા ગુણભૂર્ગીતા ગુણાગુણમયી ગુણા. ૭૮.
ચિદ્ઘનાસદસન્માલા દૃષ્ટિર્દશ્યા ગુણાકરી;
મહત્ તત્ત્વમહંકારો મનોબુદ્ધિ: પ્રચેતના. ૭૯.
ચેતોવૃત્તિ: સ્વાંતરાત્મા ચતુર્થી ચતુરત્વરા;
ચતુર્વ્યૂહા ચતુર્મૂર્તિર્વ્યોમ વાયુરદોજલમ્. ૮૦.
મહીશબ્દો રસો ગન્ધ: સ્પર્શો રૂપમનેકધા;
કર્મેન્દ્રિયં કર્મમયી જ્ઞાનં જ્ઞાનેન્દ્રિયં દ્વિધા. ૮૧.
ત્રિધાધિભૂતમધ્યાત્મમધિદૈવમધિસ્થિતમ્;
જ્ઞાનશક્તિ: ક્રિયાશક્તિ: સર્વદેવાધિદેવતા. ૮૨.
તત્ત્વસંધા વિરાડ્મૂર્તિર્ધારણા ધારણામયી;
શ્રુતિ: સ્મૃતિર્વેદમૂર્તિ: સંહિતા ગર્ગસંહિતા. ૮૩.
પારાશરી સૈવ સૃષ્ટિ: પારહંસી વિધાતૃકા;
યાજ્ઞવલ્ક્યી ભાગવતી શ્રીમદ્ભાગવતાર્ચિતા. ૮૪.
રામાયણમયી રમ્યા પુરાણપુરુષપ્રિયા:
પુરાણમૂર્તિ: પુણ્યાંગા શાસ્રમૂર્તિર્મહોન્નતા. ૮૫.

મનીષા ધિષણા બુદ્ધિર્વાણી ધીઃ શેમુષી મતિઃ;
ગાયત્રી વેદસાવિત્રી બ્રાહ્મણી બ્રહ્મલક્ષણા. ૮૬.
દુર્ગા પર્ણા સતી સત્યા પાર્વતી ચંડિકાલિકા;
આર્યા દાક્ષાયણી દાક્ષી દક્ષયજ્ઞવિઘાતિની. ૮૭.
પુલોમજા શચીન્દ્રાણી દેવી દેવવરાર્પિતા;
વાયુના ધારિણી ધન્યા વાયવી વાયુવેગગા. ૮૮.
યમાનુજા સંયમની સંજ્ઞાચ્છાયા સ્ફુરદ્યુતિઃ;
રત્નદેવી રત્નવૃન્દા તારા તરણિમંડલા. ૮૯.
રુચિઃ શાન્તિઃ ક્ષમા શોભા દયા દક્ષા ધૃતિસ્ત્રપા;
તલતુષ્ટિર્વિભાપુષ્ટિઃ સંતુષ્ટિઃ પુષ્ટભાવના. ૯૦.
ચતુર્ભુજા ચારુનેત્રા દ્વિભુજાષ્ટાભુજાબલા;
શંખહસ્તા પદ્મહસ્તા ચક્રહસ્તા ગદાધરા. ૯૧.
નિષંગધારિણી ચર્મખડ્ગપાણિર્ધનુર્ધરા;
ધનુષ્ટંકારિણી યોદ્ધ્રી દૈત્યોદ્ભટવિનાશિની. ૯૨.
રથસ્થા ગરુડારૂઢા શ્રીકૃષ્ણહૃદયસ્થિતા;
વંશીધરા કૃષ્ણવેષા સ્રગ્વિણી વનમાલિની. ૯૩.
કિરીટધારિણી યાના મંદમંદગતિર્ગતિ;
ચંદ્રકોટિ પ્રતીકાશા તન્વી કોમલવિગ્રહા. ૯૪.
ભૈષ્મી ભીષ્મસુતા ભીમા રુક્મિણી રુક્મરૂપિણી;
સત્યભામા જાંબવતી સત્યા ભદ્રા સુદક્ષિણા. ૯૫.
મિત્રવૃન્દા સખીવૃન્દા વૃંદારણ્યધ્વજોર્ધ્વગા;
શૃંગારકારિણી શૃંગા શૃંગભૂઃ શૃંગદા ખગા. ૯૬.
તિતિક્ષેક્ષા સ્મૃતિઃ સ્પર્ધા સ્પૃહા શ્રદ્ધા સ્વનિર્વૃતિઃ;
ઈશા તૃષ્ણાભિદા પ્રીતિર્હિંસા યાંચા કલમાકૃષિઃ. ૯૭.
આશા નિદ્રા યોગનિદ્રા યોગિની યોગદા યુગા;
નિષ્ઠા પ્રતિષ્ઠા શમિતિઃ સત્ત્વપ્રકૃતિરુત્તમા. ૯૮.
તમઃપ્રકૃતિર્દુર્મર્ષી રજઃ પ્રકૃતિ રાનતિઃ;
ક્રિયાઽક્રિયા કૃતિર્ગ્લાનિઃ સાત્ત્વિક્યાધ્યાત્મિકી વૃષા.૯૯.
સેવા શિખામણિર્વૃદ્ધિરાહુતિઃ પિંગલોદ્ભવા;
નાગભાષા નાગભૂષા નાગરી નગરી નગા. ૧૦૦.

નૌર્નૌકા ભવનૌર્ભાવ્યા ભવસાગરસેતુકા;
મનોમયી દારુમયી સૈકતી સિકતામયી. ૧૦૧.
લેખ્યા લેપ્યા મણિમયીપ્રતિહેમવિનિર્મિતા;
શૈલી શૈલભવા શીલા શીકરાભા ચલાચલા. ૧૦૨.
અસ્થિતા સ્વસ્થિતા તૂલીર્વૈદિકી તાંત્રિકી વિધિઃ;
સંધ્યા સંધ્યાભ્રવસના વેદસંધિઃ સુધામયી. ૧૦૩.
સાયંતની શિખા વેધ્યા સૂક્ષ્મા જીવકલાકૃતિઃ;
આત્મભૂતા ભાવિતાણ્વી પહ્વી કમલકર્ણિકા. ૧૦૪.
નિરાજની મહાવિદ્યા કંદલી કાર્યસાધની;
પૂજા પ્રતિષ્ઠા વિપુલા પુનંતી પારલૌકિકી. ૧૦૫.
શુક્લશુક્તિર્મૌક્તિકા ચ પ્રતીતિઃ પરમેશ્વરી;
વિરાજોષ્ણિક્ વિરાટ્વેણી વેણુકા વેણુનાદિની. ૧૦૬.
આવર્તિની વાર્તિકદા વાર્તા વૃતિર્વિમાનગા;
રાસાઢ્યા રાસિની રાસી રાસમંડલવર્તિની. ૧૦૭.
ગોપગોપીશ્વરી ગોપી ગો ગોપાલવંદિતા;
ગોચારિણી ગોપનદી ગોપાનંદપ્રદાયિની. ૧૦૮.
પશવ્યદા ગોપસેવ્ય કોટિશોગો ગણાવૃતા;
ગોપાનુગા ગોપવતી ગોવિન્દપદ પાદુકા. ૧૦૯.
વૃષભાનુસુતા રાધા શ્રીકૃષ્ણવશકારિણી;
કૃષ્ણાપ્રાણાધિકા શશ્વદ્રસિકા રસિકેશ્વરી. ૧૧૦.
અવટોદા તામ્રપર્ણી કૃતમાલા વિહાયસી;
કૃષ્ણ વેણ્યા ભીમરથી તાપી રેવા મહાપગા. ૧૧૧.
વૈયાસકી ચ કાવેરી તુંગભદ્રા સરસ્વતી;
ચંદ્રભાગા વેત્રવતી ઋષિકુલ્યા કકુદ્મિની. ૧૧૨.
ગૌતમી કૌશિકી સિંધુર્બાણગંગાતિસિદ્ધિદા;
ગોદાવરી રત્નમાલા ગંગા મંદાકિની બલા. ૧૧૩.
સ્વર્નદી જાહ્નવી વેલા વૈષ્ણવી મંગલાલયા;
બાલા વિષ્ણુપદી પ્રોક્તા સિંધુસાગરસંગતા. ૧૧૪.
ગંગાસાગરશોભાઢ્યા સામુદ્રી રત્નદા ધુની;
ભાગીરથી સ્વર્ધુની ભૂઃ શ્રીવામનપદચ્યુતા. ૧૧૫.

લક્ષ્મી રમા રમણીયા ભાર્ગવી વિષ્ણુવલ્લભા;
સીતાર્ચિર્જાનકી માતા કલંકરહિતા કલા. ૧૧૬.
કૃષ્ણપાદાબ્જસંભૂતા સર્વા ત્રિપથગામિની;
ધરા વિશ્વંભરાનંતા ભૂમિર્ધાત્રી ક્ષમામયી. ૧૧૭.
સ્થિરા ધરિત્રી ધરણી ઉર્વી શેષફણાસ્થિતા;
અયોધ્યા રાઘવપુરી કૌશિકી રઘુવંશજા. ૧૧૮.
મથુરા માથુરી પંથા યાદવી ધ્રુવપૂજિતા;
મયાયર્બિલ્વનીલાદ્વા ગંગાદ્વારવિનિર્ગતા. ૧૧૯.
કુશાવર્ત્તમયી ધ્રૌવ્યા ધ્રુવમંડલમધ્યગા;
કાશી શિવપુરી શેષા વિંધ્યા વારાણસી શિવા. ૧૨૦.
અવંતિકા દેવપુરી પ્રોજ્જવલોજ્જયિની જિતા;
દ્વારાવતી દ્વારકાભા કુશભૂતા કુશસ્થલી. ૧૨૧.
મહાપુરી સપ્તપુરી નંદિગ્રામસ્થલસ્થિતા;
શાલગ્રામશિલાદિવ્યા શંભલગ્રામમધ્યગા. ૧૨૨.
વંશગોપાલિની ક્ષિપ્રા હરિમંદિરવર્તિની;
બર્હિષ્મતી હસ્તિપુરી શક્રપ્રસ્થનિવાસિની. ૧૨૩.
દાડિમી સૈંધવી જંબૂ: પૌષ્કરી પુષ્કરપ્રસૂ;
ઉત્પલાવર્તગમના નૈમિષ્યનિમિષાદતા. ૧૨૪.
કુરુજાંગલભૂ: કાલિ હૈમવત્યાર્બુદી બુધા;
શૂકરક્ષેત્રવિદિતા શ્વેતવારાહધારિતા. ૧૨૫.
સર્વતીર્થમયી તીર્થા તીર્થાનાં તીર્થકારિણી;
હારિણી સર્વદોષાણાં દાયિની સર્વસંપદાં. ૧૨૬.
વર્ધિની તેજસાં સાક્ષાદ્ ગર્ભવાસનિકૃંતિની;
ગોલોકધામધનિની નિકુંજકુંજમંજરી. ૧૨૭.
સર્વોત્તમા સર્વપુણ્યા સર્વસૌંદર્યશૃંખલા;
સર્વતીર્થોપરિગતા સર્વતીર્થાધિદેવતા. ૧૨૮ (૧૦૦૦)

અથ માહાત્મ્યમ્

નામ્નાં સહસ્રં કાલિંદ્યા: કીર્તિદં કામદં પરં;
મહાપાપહરં પુણ્યમાયુર્વર્ધનમુત્તમમ્. ૧૨૯.

એકવારં પઠેદ્રાત્રૌ ચૌરેભ્યો ન ભયં ભવેત્;
દ્વિવાર પ્રપઠેન્માર્ગે દસ્યુભ્યો ન ભયં ક્વચિત્. ૧૩૦.
દ્વિતીયાયાં સમારભ્ય પઠેત્પૂર્ણાવધિં દ્વિજઃ;
દશવારમિદં ભક્ત્યા ધ્યાત્વા દેવીં કલિંદજાં. ૧૩૧.
રોગી રોગાત્પ્રમુચ્યેત બદ્ધો મુચ્યેત બંધનાત્;
ગુર્વિણીં જનયેત્પુત્રં વિદ્યાર્થી પંડિતો ભવેત્. ૧૩૨.
મોહન સ્તંભનં શશ્વદ્વશીકરણમેવ ચ;
ઉચ્ચાટનં ઘાતનં ચ શોષણં દીપનં તથા. ૧૩૩.
ઉન્માદનં તાપનં ચ નિધિદર્શનમેવ ચ;
યદ્યદ્વાંછતિ ચિત્તેન તત્તત્પ્રાપ્નોતિ માનવઃ. ૧૩૪.
બ્રાહ્મણો બ્રહ્મવર્ચસ્વી રાજન્યો જગતીપતિઃ;
વૈશ્યો નિધિપતિર્ભૂયાચ્છૂદ્રઃ શ્રુત્વા તુ નિર્મલઃ. ૧૩૫.
પૂજાકાલે તુ યો નિત્યં પઠતે ભક્તિભાવતઃ;
લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવાંભસા. ૧૩૬.
શતવારં પઠેન્નિત્યં વર્ષાવધિ તતઃ પરં;
પટલં પદ્ધતિં કૃત્વા સ્તવં ચ કવચં તથા. ૧૩૭.
સપ્તદ્વીપમહીરાજ્યં પ્રાપ્તનુયાન્નાત્ર સંશયઃ. ૧૩૮.
નિષ્કારણં પઠેદ્યસ્તુ યમુનાભક્તિસંયુતઃ;
ત્રૈવર્ગ્યમેત્ય સુકૃતી જીવન્મુક્તો ભવેદિહ. ૧૩૯.
નિકુંજલીલાલલિતં મનોહરં કલિન્દજાકૂલલતાકદંબકં
વૃંદાવનોન્મત્તમિલિંદશબ્દિતં વ્રજેત્ સ ગોલોકમિદં પઠેચ્ચ. ૧૪૦.
ઇતિ શ્રીસૌભરિમાંધાતૃસંવાદે યમુનાસહસ્રનામ સમાપ્તમ્ ।

■

૧૬. અથ શ્રીયમુનાજી કી નામાવલી

(૧) શ્રીયમુનાયૈ નમઃ ।
શ્રીયમુનામહારાણીને નમન હો.
(૨) અષ્ટવિધૈશ્વર્યદાયિકાયૈ નમઃ ।
ભગવત્સેવામાં ઉપયોગી અષ્ટપ્રકારનાં ઐશ્વર્ય (અલૌકિક સામર્થ્ય)ને આપનારાંને નમન હો.
(૩) સુરાસુરસુપૂજિતાયૈ નમઃ ।
સાત્ત્વિક રાજસતામસ ભાવવાળા ભક્તો વડે સારી રીતે પૂજાયેલાંને નમન હો.
(૪) મુકુન્દરતિવર્દ્ધિયૈ નમઃ ।
(મોક્ષ આપનાર) મુકુંદ ભગવાનમાં પ્રીતિ વધારનારાંને નમન હો.
(૫) પદ્મબન્ધુસુતાયૈ નમઃ ।
કમલના સખા એવા સૂર્યની પુત્રીને નમન હો.
(૬) ભુવનપાવિન્યૈ નમઃ ।
જગતને પવિત્ર કરનારાંનેં નમન હો.
(૭) કૃષ્ણતુર્યપ્રિયાયૈ નમઃ ।
શ્રીકૃષ્ણનાં ચતુર્થસ્વામિનીજીને નમન હો.
(૮) અનન્તગુણભૂષિતાયૈ નમઃ ।
અનેક ગુણોથી અથવા અનંત ભગવાનના ગુણોથી યુક્તને નમન હો.
(૯) શિવવિરંચિદેવસ્તુતાયૈ નમઃ ।
મહાદેવજી, બ્રહ્માજી આદિ દેવતાઓ વડે સ્તુતિ કરાયેલાંને નમન હો.
(૧૦) ઘનાઘનનિભાયૈ નમઃ ।
મેઘમંડલ જેવાં શ્યામ સૌન્દર્યયુક્તને નમન હો.

(૧૧) ધ્રુવપરાશરાભીષ્ટદાયૈ નમઃ ।
ધ્રુવજી પરાશરાદિકોને ઇચ્છિત ફળ આપનારાંને નમન હો.

(૧૨) કૃપાજલધિસંશ્રિતાયૈ નમઃ ।
અપાર કરુણાસાગર શ્રીપ્રભુની સાથે સારી રીતે મળેલાંને નમન હો.

(૧૩) સકલગોપગોપીવૃતાયૈ નમઃ ।
સમસ્ત ગોપગોપીજન વ્રજવાસીઓથી યુક્ત(સાથે)ને નમન હો.

(૧૪) હરિપ્રિયાયૈ નમઃ ।
ભગવાન હરિનાં પ્યારાંને નમન હો.

(૧૫) કલિંદજાયૈ નમઃ ।
કલિન્દપર્વતનાં પુત્રીને નમન હો.

(૧૬) અત્યદ્‌ભુતચરિત્રાયૈ નમઃ ।
અત્યંત અદ્‌ભુત ચરિત્રવાળાંને નમન હો.

(૧૭) પયઃપાન દૂરકૃતયમયાતનાયૈ નમઃ ।
કેવળ યમુનાજલનું પાન કરવાથી જ યમયાતના દૂર કરનારને નમન હો.

(૧૮) તનુનવત્વ કારિણ્યૈ નમઃ ।
ભગવલ્લીલોપયોગી નૂતન દેહ કરનારાંને નમન હો.

(૧૯) મુકુન્દપ્રિયાયૈ નમઃ ।
મુકુંદ ભગવાનનાં પ્યારાંને નમન હો.

(૨૦) કમલજાસપત્ન્યૈ નમઃ ।
લક્ષ્મીજીનાં સપત્નીને નમન હો.

(૨૧) પ્રિયાયૈ નમઃ ।
ભગવત્પ્રિયાને નમન હો.

(૨૨) સૂરસુતાયૈ નમઃ ।
સૂર્યપુત્રીને નમન હો.

(૨૩) સકલસિદ્ધિદાત્ર્યૈ નમઃ ।
સકળ સિદ્ધિઓને આપનારાંને નમન હો.

(૨૪) સ્વભાવવિજયકારિકાયૈ નમઃ ।
સ્વભાવને બદલનારાં (દુષ્ટ સ્વભાવને પણ ઉત્તમ કરનારાં)ને નમન હો.

(૨૫) **કૃષ્ણાયૈ નમઃ ।**
'કૃષ્ણા'એ નામવાળાંને નમન હો.

(૨૬) **કૃષ્ણસમ્માયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણના જેવાંને નમન હો.

(૨૭) **કૃષ્ણરૂપાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણના જેવા સ્વરૂપવાળાંને નમન હો.

(૨૮) **કૃષ્ણરસાત્મિકાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણના રસાત્મકરૂપને નમન હો.

(૨૯) **કૃષ્ણલીલામૃતજલાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણજલક્રીડા માટે અમૃતજલવાળાંને નમન હો.

(૩૦) **કૃષ્ણસમ્બન્ધકારિણ્યૈ નમઃ ।**
શ્રીકૃષ્ણનો સંબંધ ધરાવનારાંને નમન હો.

(૩૧) **કૃષ્ણપ્રિયાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણનાં પ્રિયા (સ્વામિનીજી)ને નમન હો.

(૩૨) **કૃષ્ણમુખ્ય રસસંગમદાયિન્યૈ નમઃ ।**
શ્રીકૃષ્ણના મુખ્ય રસ-સંયોગસુખને આપનારાંને નમન હો.

(૩૩) **કૃષ્ણક્રીડાશ્રયાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણની ક્રીડા(લીલા)ના આશ્રયરૂપને નમન હો.

(૩૪) **કૃષ્ણપદવીપ્રાપિકાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણના સ્થાનને પ્રાપ્ત કરાવનારાંને નમન હો.

(૩૫) **કૃષ્ણસ્થિતાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણના સ્થાનને પ્રાપ્ત કરાવનારાંને નમન હો.

(૩૫) **કૃષ્ણસ્થિતાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણમાં સ્થિતને નમન હો.

(૩૬) **કૃષ્ણવાસહૃદયાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણનો નિવાસ જેમના હૃદયમાં છે તેમને નમન હો.

(૩૭) **કૃષ્ણકામુકાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણની ચાહના કરનારાંને નમન હો.

(૩૮) **કૃષ્ણપ્રિયપ્રિયાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણનાં પ્રિયા જે વ્રજભક્તો, તેમને અત્યંત વહાલાંને નમન હો.

(૩૯) કૃષ્ણસ્થાયિભાવસમુદ્‌ભાવાયૈ નમઃ ।
શ્રીકૃષ્ણના સ્થાયિભાવ(રતિ)માંથી ઉદ્‌ભવેલાંને નમન હો.

(૪૦) કૃષ્ણમિલનૈકસ્થાનભૂતાયૈ નમઃ ।
શ્રીકૃષ્ણને મળવાનાં મુખ્ય સ્થાન બનેલાંને નમન હો.

(૪૧) કૃષ્ણસુખાર્થિન્યૈ નમઃ ।
શ્રીકૃષ્ણના સુખની ઇચ્છાવાળાંને નમન હો.

(૪૨) કૃષ્ણગોપીસહચર્યૈ નમઃ ।
શ્રીકૃષ્ણ અને ગોપીઓની સાથે રહેનારાંને નમન હો.

(૪૩) કૃષ્ણસન્માનનવદ્ધિન્યૈ નમઃ ।
શ્રીકૃષ્ણના સન્માનને વધારનારાંને નમન હો.

(૪૪) કૃષ્ણકાર્યપરાયૈ નમઃ ।
પ્રભુના કાર્ય(લીલા)માં તત્પરને નમન હો.

(૪૫) કૃષ્ણલીલાસ્થલવિશોધિકાયૈ નમઃ ।
શ્રીકૃષ્ણનાં લીલાસ્થળો શ્રીવૃંદાવનાદિને શુદ્ધ કરનારાંને નમન હો.

(૪૬) કૃષ્ણક્રીડાકુંકુમાદિયુતાયૈ નમઃ ।
જલવિહારત શ્રીકૃષ્ણના પ્રસાદી કુંકુમ ચંદનાદિથી યુક્તને નમન હો.

(૪૭) કૃષ્ણરસાતુરાયૈ નમઃ ।
શ્રીકૃષ્ણ સંબંધી રસ માટે આતુરને નમન હો.

(૪૮) કૃષ્ણગોપીપૂજ્યદેવ્યૈ નમઃ ।
શ્રીકૃષ્ણને પતિરૂપે પ્રાપ્ત કરવાની ઇચ્છાથી કુમારિકાઓએ જેમનું દેવીરૂપે પૂજન કરેલ છે તેમને નમન હો.

(૪૯) કૃષ્ણવ્રતફલપ્રદાયૈ નમઃ ।
શ્રીકૃષ્ણના માટે વ્રત કરનારાંઓને નમન હો.

(૫૦) કૃષ્ણલીલાર્થમાયાતાયૈ નમઃ ।
શ્રીકૃષ્ણની લીલા માટે જે ભૂતલ ઉપર પધાર્યાં તેમને નમન હો.

(૫૧) કૃષ્ણની રધિસંગતાયૈ નમઃ ।
કૃષ્ણરૂપી આનંદસાગરમાં મળેલાંઓને નમન હો.

(૫૨) કૃષ્ણપાદસ્પર્શકામાયૈ નમઃ ।
કૃષ્ણના ચરણસ્પર્શની ઇચ્છાવાળાંને નમન હો.

(૫૩) **કૃષ્ણમાનસસંશ્રિતાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણના મનમાં વસનારાંને નમન હો.

(૫૪) **કૃષ્ણાસક્તાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણમાં આસક્તિવાળાંને નમન હો.

(૫૫) **કૃષ્ણપ્રીતિપ્રસાધિન્યૈ નમઃ ।**
શ્રીકૃષ્ણમાં પ્રીતિ સાધનારાંને નમન હો.

(૫૬) **કૃષ્ણાંઘ્રિરેણુબહુલાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણના ચરણકમલની રજ જેમાં અધિક છે તેમને નમન હો.

(૫૭) **કૃષ્ણસેવકસન્મુખાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણના સેવકોની સન્મુખ બિરાજમાનને નમન હો.

(૫૮) **સ્વદાસાનાંકૃષ્ણભાવવિરોધિપ્રકૃતિનાશિન્યૈ નમઃ ।**
શ્રીકૃષ્ણવિષયક ભાવ(ભગવદ્ભાવ)થી વિરુદ્ધ એવી પોતાના સેવકોની પ્રકૃતિનો નાશ કરનારાંને નમન હો.

(૫૯) **તરણિતનયાયૈ નમઃ ।**
તરણિ-સૂર્યનાં પુત્રીને નમન હો.

(૬૦) **કૃષ્ણહૃદયંગમાયૈ નમઃ ।**
શ્રીકૃષ્ણના હૃદયંગમ (પ્રિય)ને નમન હો.

(૬૧) **નીલધામાયૈ નમઃ ।**
નીલ (શ્યામ) તેજવાળાંને નમન હો.

(૬૨) **કૃષ્ણજીવનવહાયૈ નમઃ ।**
શ્યામ જલ વહેવડાવનારાંને નમન હો.

(૬૩) **કૃષ્ણમિલનાન્તરાયહારિણ્યૈ નમઃ ।**
કૃષ્ણના મિલનમાં આવતા દોષોને હરનારાંને નમન હો.

(૬૪) **નિજનાથમાર્ગદાયિન્યૈ નમઃ ।**
પોતાના સ્વામી (શ્રીકૃષ્ણ)ને માર્ગ દેનારાંને નમન હો.

(૬૫) **કુમારિકાકામપૂરિકાયૈ નમઃ ।**
(વ્રજ) કુમારિકાઓની કામનાઓ પૂરી કરનારાંને નમન હો.

(૬૬) **ધર્માનુજાયૈ નમઃ ।**
ધર્મ (યમ) રાજાનાં નાનાં બહેનને નમન હો.

(૬૭) મુનિજનસ્તુતાયૈ નમઃ ।
મુનિજનોથી સ્તુતિ કરાયેલાંને નમન હો.

(૬૮) શ્રીગોકુલવાસિન્યૈ નમઃ ।
શ્રીમદ્‌ગોકુલમાં વાસ કરનારાંને નમન હો.

(૬૯) કેલિસલિલાયૈ નમઃ ।
ક્રીડા (શ્રમ) જલરૂપને નમન હો.

(૭૦) મૃદુલવાલુકાયૈ નમઃ ।
કોમલ વેળુવાળાંને નમન હો.

(૭૧) દલિતાંજનચિક્કણાયૈ નમઃ ।
ઘૂંટેલા આંજણ જેવાં ચીકણાંને નમન હો.

(૭૨) ઈન્દીવરસુખસ્પર્શાયૈ નમઃ ।
શ્યામકમલ સરખા સુખદ સ્પર્શવાળાંને નમન હો.

(૭૩) કૃષ્ણવદનપંકજાયૈઃ નમઃ ।
શ્યામ મુખકમલવાળાંને નમન હો.

(૭૪) મદાલસવિલોચનાયૈ નમઃ ।
મદ વડે આળસયુક્ત નેત્રવાળાંને નમન હો.

(૭૫) કંકણાંગદકેયૂરમુદ્રિકાવિલસદ્‌ભુજાયૈ નમઃ ।
કંકણ, બાજુબંધ, પહોંચી, વીંટીથી સુશોભિત ભુજાવાળાંને નમન હો.

(૭૬) મુક્તાહારોલ્લસદ્વક્ષયૈ નમઃ ।
મોતીના હારોથી શોભિત વક્ષસ્થળવાળાંને નમન હો.

(૭૭) પરમાનન્દરૂપિણ્યૈ નમઃ ।
પરમ આનંદરૂપવાળાંને નમન હો.

(૭૮) ગોલોકતટિન્યૈ નમઃ ।
ગોલોકનાં સરિતાને નમન હો.

(૭૯) વૃંદાવનવિનોદિન્યૈ નમઃ ।
વૃંદાવનમાં વિનોદ કરનારાંને નમન હો.

(૮૦) રાસમણ્ડલમણ્ડિતાયૈ નમઃ ।
રાસમંડલથી સુશોભિતને નમન હો.

(૮૧) નિકુંજતલનિવાસિન્યૈ નમઃ ।
નિકુંજના નીચે નિવાસ કરનારાંને નમન હો.

(૮૨) પુષ્પપલ્લવવાહિન્યૈ નમઃ ।
પુષ્પો અને પલ્લવોને વહેવડાવનારને નમન હો.

(૮૩) પરિપૂર્ણતમાયૈ નમઃ ।
પરિપૂર્ણ તમને નમન હો.

(૮૪) પૂર્ણબ્રહ્મપ્રિયાયૈ નમઃ ।
પૂર્ણબ્રહ્મ(શ્રીકૃષ્ણ)નાં પ્રિયાને નમન હો.

(૮૫) પરાયૈ નમઃ ।
પરા (સર્વોત્કૃષ્ટ સ્વરૂપવાળાં)ને નમન હો.

(૮૬) નિકુંજદ્વારનિર્ગતાયૈ નમઃ ।
નિકુંજદ્વારથી નીકળેલાંને નમન હો.

(૮૭) રત્નબદ્ધોભયતટ્યૈ નમઃ ।
રત્નોમાંથી બાંધેલ બન્ને તટવાળાંને નમન હો.

(૮૮) હંસપદ્માદિસંકુલાયૈ નમઃ ।
હંસો, કમલો વગેરેથી વ્યાપ્તને નમન હો.

(૮૯) બ્રહ્માણ્ડવ્યાપિન્યૈ નમઃ ।
બધા બ્રહ્માંડમાં વ્યાપેલાંને નમન હો.

(૯૦) ગોલોકવાસિન્યૈ નમઃ ।
ગોલોકમાં વાસ કરનારાંને નમન હો.

(૯૧) વૃંદાવનવિહારિણ્યૈ નમઃ ।
વૃંદાવનમાં વિહાર કરનારાંને નમન હો.

(૯૨) સપ્તસમુદ્રભેદિન્યૈ નમઃ ।
સાત સમુદ્રોને ભેદનારાંને નમન હો.

(૯૩) ગોવિન્દકુંડનિલયાયૈ નમઃ ।
ગોવિંદકુંડમાં નિવાસ કરનારાંને નમન હો.

(૯૪) શ્રીકૃષ્ણદેહસમુદ્ભવાયૈ નમઃ ।
શ્રીકૃષ્ણના શ્રીઅંગથી પ્રગટેલાંને નમન હો.

(૯૫) શ્રીકૃષ્ણવામાંસભૂતાયૈ નમઃ ।
શ્રીકૃષ્ણના ડાબા સ્કંધરૂપને નમન હો.

(૯૬) રસિકાયૈ નમઃ ।
રસિકાને નમન હો.

(૯૭) રસિકેશ્વર્યૈ નમઃ ।
રસિકની સ્વામિનીને નમન હો.

(૯૮) સર્વતીર્થમધ્યૈ નમઃ ।
બધાં તીર્થસ્વરૂપાને નમન હો.

(૯૯) ગોલોકધામધનિન્યૈ નમઃ ।
ગોલોકધામરૂપ ધનવાળાંને નમન હો.

(૧૦૦) સર્વોત્તમાયૈ નમઃ ।
સર્વોત્તમ સ્વરૂપવાળાંને નમન હો.

(૧૦૧) સર્વપુણ્યાયૈ નમઃ ।
બધાં પુણ્યસ્વરૂપવાળાંને નમન હો.

(૧૦૨) સર્વસૌન્દર્યશૃંખલાયૈ નમઃ ।
બધાં સૌંદર્યનાં શૃંખલારૂપને નમન હો.

(૧૦૩) સર્વતીર્થોપરિગતાયૈ નમઃ ।
બધાં તીર્થોથી ઉપર રહેલાંને નમન હો.

(૧૦૪) સર્વતીર્થાધિદેવતાયૈ નમઃ ।
બધાં તીર્થોનાં અધિદેવતારૂપને નમન હો.

(૧૦૫) શ્યામાયૈ નમઃ ।
શ્યામા સ્વરૂપાને નમન હો.

(૧૦૬) અમ્ભોજનેત્રાયૈ નમઃ ।
કમલ સરખાં નેત્રવાળાંને નમન હો.

(૧૦૭) રાધાસખ્યૈ નમઃ ।
શ્રીરાધાજીનાં સખીને નમન હો.

(૧૦૮) માર્તંડતનુજાયૈ નમઃ ।
માર્તંડ(સૂર્ય)નાં પુત્રીને નમન હો.

■

૭. શ્રીયમુનાજી અષ્ટોત્તરશતનામાનિ

૧. શ્રીયમુનાયે નમઃ ।
૨. તરણિતનયાયૈ નમઃ ।
૩. કલિંદકન્યાયૈ નમઃ ।
૪. ધર્માનુજાયૈ નમઃ ।
૫. સરસતાયૈ નમઃ ।
૬. ધ્રુવપરાશરાભીષ્ટદાયૈ નમઃ ।
૭. મુકુન્દરતિવર્દ્ધિન્યૈ નમઃ ।
૮. ભુવંભુવનપાવન્યૈ નમઃ ।
૯. તવચરિત્રમત્યદ્ભુતાયૈ નમઃ ।
૧૦. વિશુદ્ધમથુરાતટે સ્થિતાયિન્યૈ નમઃ ।
૧૧. નિજનાથમાર્ગદાયૈ નમઃ ।
૧૨. કુમારિકામપૂરિકાયૈ નમઃ ।
૧૩. તટગતાનેકશુકસારિકાયૈ નમઃ ।
૧૪. મુનિજનસ્તુતાયૈ નમઃ ।
૧૫. શ્રીગોકુલસુખવાસિન્યૈ નમઃ ।
૧૬. કેલિઅતિલાયૈ નમઃ ।
૧૭. વ્રજયુવતિસંગવિહારિન્યૈ નમઃ ।
૧૮. મૃદુલવાલુકાયૈ નમઃ ।
૧૯. શ્રીકૃષ્ણાયૈ નમઃ ।
૨૦. શ્રીકૃષ્ણસમાનાયૈ નમઃ ।
૨૧. શ્રીકૃષ્ણરૂપાયૈ નમઃ ।
૨૨. અતિસુંદરાયૈ નમઃ ।
૨૩. ઈન્દુનીલમણિસ્વરૂપાયૈ નમઃ ।
૨૪. દલિતાન્જનચિકણાયૈ નમઃ ।
૨૫. ઈન્દીવરસુખસ્પર્શાયૈ નમઃ ।
૨૬. આપીનદયાયૈ નમઃ ।
૨૭. હરિન્વદનપંકયૈ નમઃ ।
૨૮. મદાલસ વિલોચનાયૈ નમઃ ।
૨૯. શ્રીકૃષ્ણ વામસંભૂતાયૈ નમઃ ।
૩૦. નિકુંજતલયાશય્યૈ નમઃ ।
૩૧. નાસાપુટસુંદરાયૈ નમઃ ।
૩૨. દીર્ઘોમીવેગ ગંભીરાયૈ નમઃ ।
૩૩. પરિપૂર્ણતયાયૈ નમઃ ।
૩૪. પૂર્ણબ્રહ્મપ્રિયાયૈ નમઃ ।
૩૫. નિકુંજદ્વારનિર્ગતાયૈ નમઃ ।
૩૬. મંદગતિકાયૈ નમઃ ।
૩૭. શ્રીબિરજાયૈ નમઃ ।
૩૮. અનેકબ્રહ્માન્ડતાયૈ નમઃ ।
૩૯. બ્રહ્મદેવસમાંકુલાયૈ નમઃ ।
૪૦. વૈકુંઠપરિખભૂતાયૈ નમઃ ।
૪૧. બ્રહ્મલોકગતાયૈ નમઃ ।
૪૨. મેરુમાલાયૈ નમઃ ।
૪૩. મહોજ્વલાયૈ નમઃ ।
૪૪. ગણ્ડશૈલવિભેદિન્યૈ નમઃ ।
૪૫. માર્તણ્ડતનુજાયૈ નમઃ ।
૪૬. યમસ્વશાયૈન્યૈ નમઃ ।
૪૭. મંદહાસ્યૈ નમઃ ।
૪૮. મુક્તહારોઈવવક્ષસ્થાલાયૈ નમઃ ।
૪૯. કર્પૂરરાગકસ્તુરી કુમકુમાતાંગ ઘુસારાયૈ નમઃ ।
૫૦. નખચન્દ્રજિતાશેષે દર્પણેન્દુમણિપ્રલાયૈ નમઃ ।
૫૧. શ્રીકૃષ્ણવલ્લભાયૈ નમઃ ।
૫૨. શ્રીકૃષ્ણપ્રાણપ્રિયાયૈ નમઃ ।
૫૩. શ્રીકૃષ્ણરસદાયિન્યૈ નમઃ ।
૫૪. શ્રીકૃષ્ણરસાત્મિકાયૈ નમઃ ।

૫૫. પુષ્ટિફલદાયિકાયૈ નમઃ ।
૫૬. દર્શનમાત્રાન્દદાયિન્યૈ નમઃ ।
૫૭. ભવસાગરતારિકાયૈ નમઃ ।
૫૮. શ્રીકૃષ્ણાઙ્ઘ્રિરેણુ બહુલાયૈ નમઃ ।
૫૯. શ્રીકૃષ્ણપ્રીતિપ્રસાદિન્યૈ નમઃ ।
૬૦. શ્રીકૃષ્ણસ્યાવિર્ભાવસમુદ્રતાયૈ નમઃ ।
૬૧. રાસલીલાવિશારદાયૈ નમઃ ।
૬૨. શરણાગતપાલિકાયૈ નમઃ ।
૬૩. શ્રીકૃષ્ણસત્તાયૈ નમઃ ।
૬૪. શ્રીપતિતપાવન્યૈ નમઃ ।
૬૫. શ્રીકૃષ્ણક્રીડાપ્રિયાયૈ નમઃ ।
૬૬. શ્રીકૃષ્ણમાનસાશ્રિતાયૈ નમઃ ।
૬૭. સર્વદોષનાસિન્યૈ નમઃ ।
૬૮. શ્રીકૃષ્ણવ્રતફલદાયિન્યૈ નમઃ ।
૬૯. શ્રીબ્રહ્માદિદુર્લભચરણાયૈ નમઃ ।
૭૦. શ્રીશરણાગતપાવિકાયૈ નમઃ ।
૭૧. શ્રીકૃષ્ણસેવક સન્મુખાયૈ નમઃ ।
૭૨. બ્રહ્મસંબંધ શ્રવણમાત્રાર્તિદારિણ્યૈ નમઃ ।
૭૩. શ્રીસકલસિદ્ધિહેતુરૂપાયૈ નમઃ ।
૭૪. તટસ્થનવકાનનાયૈ નમઃ ।
૭૫. સુરાસુરપૂજિતાયૈ નમઃ ।
૭૬. સ્મરપિતુશ્રીધારિણ્યૈ નમઃ ।
૭૭. શ્રીપદ્મબંધોસુતાયૈ નમઃ ।
૭૮. શ્રીભુવનપાવન્યૈ નમઃ ।
૭૯. શ્રીમૃદુલવાલુકાયૈ નમઃ ।
૮૦. અનુગુણભૂષિતાયૈ નમઃ ।
૮૧. શિવવિરંચીદેવસ્તુતાયૈ નમઃ ।
૮૨. ઘનાઘનનિભાયૈ નમઃ ।
૮૩. ધ્રુવપરાશરાભીષ્ટદાયિણ્યૈ નમઃ ।
૮૪. વિશુદ્ધમથુરાતટાયૈ નમઃ ।
૮૫. સકલગોપગોપીવૃતાયૈ નમઃ ।
૮૬. કૃપાજલધિસંશ્રિતાયૈ નમઃ ।
૮૭. સર્વોદ્ધારદક્ષાયૈ નમઃ ।
૮૮. અલૌકિકફલદાયૈ નમઃ ।
૮૯. લીલારસદાનકર્ત્ર્યૈ નમઃ ।
૯૦. સપ્તસાગરભેદિન્યૈ નમઃ ।
૯૧. ભ્રાતૃભવનશૂન્યકારિણ્યૈ નમઃ ।
૯૨. સર્વદોષનાશિન્યૈ નમઃ ।
૯૩. શ્રીકૃષ્ણતુર્યપ્રિયાયૈ નમઃ ।
૯૪. શ્રીકૃષ્ણપાદસ્પર્શકામાયૈ નમઃ ।
૯૫. શ્રીકૃષ્ણક્રીડાપ્રિયાયૈ નમઃ ।
૯૬. આપીનહૃદયાયૈ નમઃ ।
૯૭. શ્રીકૃષ્ણવદનપંકજાયૈ નમઃ ।
૯૮. શ્રીકૃષ્ણગોપીપૂજ્યદૈત્યૈ નમઃ ।
૯૯. શ્રીકૃષ્ણલીલામૃતજલાયૈ નમઃ ।
૧૦૦. શ્રીકૃષ્ણલીલાસ્થલ
વિશોધકારિણ્યૈ નમઃ ।
૧૦૧. મન્મનોરથપૂરિકાયૈ નમઃ ।
૧૦૨. વૃન્દારણ્યનિવાસિન્યૈ નમઃ ।
૧૦૩. શ્રીગોવર્ધનાંકાયૈ નમઃ ।
૧૦૪. રમણસ્થલશોભાદાયિકાયૈ નમઃ ।
૧૦૫. તાલવનસ્થિતાયૈ નમઃ ।
૧૦૬. પાયદ્રુકુઠારિણ્યૈ નમઃ ।
૧૦૭. શ્રીકૃષ્ણકુંડજલાશ્રિતાયૈ નમઃ ।
૧૦૮. સંજ્ઞામોદપ્રદાયિન્યૈ નમઃ ।

■



જમુના સી નાહિ, કોઉ ઓર દાતા ।
જોઈ ઇનકી સરન, જાત હૈ દૌરિકેં,
તાહિકોં તિહિ છિન, કરિ સનાથા ।।૧।।
એહિ ગુનગાન, રસખાન રસના એક,
સહસ્ર રસના, ક્યોં ન દઈ બિધાતા ।
'ગોવિંદ' બલિ, તન મન ધન વારનેં,
સબનિ કો જીવન, ઇનહી કે હાથા ।।૨।।



મુદ્રક : પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા.